કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત

શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસનમ્

(લઘુવૃતિ વિવરણ)

ભાગ–૮

(અધ્યાય–૪ : પાદ–૧,૨)

આખ્યાત પ્રકરણ

: સંપાદિકા :

પૂ.સા. પરમયશાશ્રીજી

: પ્રકાશક :

આ. શ્રી વિજયનીતિસૂરિ જૈન

તત્ત્વજ્ઞાન પાઠશાળા –અમદાવાદ

ચિત્રકૂટ-રૈવતાદિ તીર્થોદ્ધારક
પ. પૂ. આચાર્ય ભગવંત
શ્રી નીતિસૂરીશ્વરજી મ.સા.

ગચ્છાધિપતિ શાસનપ્રભાવક
પ. પૂ. આચાર્ય ભગવંત
શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.

પૂ.સા. શ્રી મહિમાશ્રીજી મ.સા.

પૂ.સા. શ્રી નિરુપમાશ્રીજી મ.સા.

પૂ.સા. શ્રી કલ્પલતાશ્રીજી મ.સા.

॥ ૐ ર્હ્રીં અર્હં શ્રી સીમંધરસ્વામિને નમઃ ॥
॥ શાસનપતિ શ્રી મહાવીરાય નમઃ ॥ ॥ શ્રી ગૌતમસ્વામીને નમઃ ॥
॥ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યાય નમઃ ॥ ॥ નમો નમો ગુરુ શ્રીનીતિસૂરયે ॥
॥ શ્રી નીતિ-હર્ષ-મહેન્દ્ર-મંગલપ્રભ-અરિહંતસિદ્ધ-હેમપ્રભસૂરિગુરુભ્યો નમઃ ॥

કલિકાલસર્વજ્ઞ-શ્રીહેમચંદ્રાચાર્ય-વિરચિત

શ્રી-સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન લઘુવૃત્તિ વિવરણ

ભાગ-૮

અધ્યાય-૪, પાદ-૧ અને ૨
આખ્યાત પ્રકરણ

: દિવ્યકૃપાધારા :
ગિરનારાદિ તીર્થોદ્ધારક પ.પૂ.આ.ભ.
શ્રીમદ્વિજય **નીતિસૂરીશ્વરજી મ.સા.**

: આશીર્વાદધારા :
જીરાવલા તીર્થ પ્રતિષ્ઠાચાર્ય-રાયણવૃક્ષ ક્ષીરાભિષિક્ત
ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રીમદ્વિજય હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.**

: પ્રેરક :
પ.પૂ.આ.ભ. શ્રીમદ્વિજય મુક્તિનિલયસૂરીશ્વરજી મ.સા.
પ.પૂ.પં.શ્રી હેમનિલયવિજયજી મ.સા.

: સંપાદિકા :
પૂ.સા.શ્રી પરમયશાશ્રીજી

: પ્રકાશક :
આ.શ્રી વિજય નીતિસૂરિ જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા
અમદાવાદ

● પ્રકાશન : વિ.સં. ૨૦૭૯ ● ઈ.સ. 2023

સુરત

● આ. શ્રી વિજય નીતિસૂરિ આરાધના ભવન
C/o. જીતુભાઈ ઝવેરી, કતારગામ, સુરત (M) 93745 14860

● રાજુભાઈ બી. શેઠ
કલ્પવૃક્ષ જ્વેલર્સ, 176, કુબેરનગર-1, કતારગામ દરવાજા, સુરત
ફોન : 0261-2534863/64 (M) 94268 54714

અમદાવાદ

● આ. શ્રી વિજય નીતિસૂરિ આરાધના ભવન
લુહારની પોળ, માણેકચોક, અમદાવાદ
(M) 93740 51080, પેઢી : 079-2214 0494

● ઉપેન્દ્રભાઈ એચ. શાહ
ઈ-19, આયોજનનગર સોસાયટી, શ્રેયસ રેલ્વે ક્રોસીંગ પાસે,
નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-7
(M) 93270 13814

● દીપકભાઈ જીતમલજી બાગરેચા
ડી-104, મલ્લિનાથ એપાર્ટમેન્ટ, જૈન કોલોની સામે,
શાહીબાગ, અમદાવાદ
(M) 93740 51080 (રહે.) 079-3042 3313

પાટણ

● આ. શ્રી વિજય નીતિસૂરિ તત્ત્વજ્ઞાન પાઠશાળા
સાગર ઉપાશ્રય બહાર, ઘીવટો, પાટણ (ઉ.ગુ.)
(M) 94270 60603 - વિક્રમભાઈ

મુંબઈ

● સંજયભાઈ શાહ (એસ.આર. ક્રિએશન)
227/G, ઝવેરબાગ, પહેલે માળ, ઓફિસ નં. 16,
નરનારાયણ વાડી, કાલબાદેવી રોડ, મુંબઈ-400002
(M) 98202 29419

મુદ્રક : જય જિનેન્દ્ર ગ્રાફિક્સ (નીતિનભાઈ-જય જિનેન્દ્ર)
30, સ્વાતિ સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ
જય જિનેન્દ્ર : 98250 24204 ● કુશ : 99256 17992

સાદર સમર્પણ

જેના શાસનનાં કારણે જ્ઞાનનું મહત્ત્વ મળ્યું
તેવા **શ્રી મહાવીરપ્રભુ**

જેના વડે જ્ઞાનને પામી શકાય તેવી ભાષાની પ્રાપ્તિ થઈ
તેવા કલિકાલસર્વજ્ઞ
શ્રી હેમચંદ્રાચાર્યજી ભગવંત

જેમની કૃપાનાં કારણે ભાષાને યત્કિંચિત્ સમજી શક્યા
તેવા ગચ્છાધિપતિ
શ્રીમદ્વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા

વાત્સલ્ય દ્વારા વૈરાગ્યનું સિંચન કરીને રત્નત્રયીને
વૃદ્ધિંગત બનાવનાર
પૂ.સા. શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.

જ્ઞાનગંગાનું અમૃતપાન કરાવનાર
પૂ.સા. શ્રી કલ્પલત્તાશ્રીજી મ.સા.નાં
ચરણકમલમાં

સાદર સમર્પણ

''युष्मदीयं युष्मभ्यं समर्पयामि''

ગિરનાર, ચિત્તોડ, તારંગા જેવા અનેક પ્રાચીન તીર્થોદ્ધારક
પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય **નીતિસૂરીશ્વરજી મહારાજા** દ્વારા
કરાએલ ગિરનાર તીર્થોદ્ધાર શતાબ્દી વર્ષ અનુમોદનાર્થે
નિકટભવ મોક્ષગામી ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય
હેમપ્રભસૂરીશ્વરજી મહારાજાના સદુપદેશથી
શ્રી આદિનાથ તપાગચ્છ શ્વેતામ્બર જૈન સંઘ
આચાર્ય શ્રી વિજય નીતિસૂરિ આરાધના ભવન
કતારગામ, સુરત
તથા
પૂ.સા. શ્રી **નિરૂપમાશ્રીજી** મ.સા.ની પ્રેરણાથી
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ મૂ.પૂ.જૈન સંઘ
આયોજનનગર (અમદાવાદ)ની
બહેનોનાં જ્ઞાનદ્રવ્યમાંથી...

ગિરનાર તીર્થોદ્ધારક પરમ પૂજ્ય આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજય નીતિસૂરીશ્વરજી મહારાજાનું

જીવનદર્શન

સામાન્ય વ્યક્તિત્ત્વનું સર્જન સમય કરે છે. વિરલ વ્યક્તિત્ત્વ તો સમયનું સર્જન કરે છે. અખંડ વહેતો કાળખંડ હવે એમના નામથી ઓળખાણ પામે છે. એવા જ એક મહાપુરૂષ ગિરનાર તીર્થોદ્ધારક પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય **નીતિસૂરીશ્વરજી મહારાજા.**

વિદ્વાન, ગીતાર્થ, શાસનસમર્પિત અને પુણ્યપ્રભાવક આ મહાપુરુષના જીવન-કવનને ત્રણ શબ્દોમાં વર્ણવવું હોય તો તે છે - **પોથી, પંડિત અને પ્રતિમા.**

પોથી : પૂજ્યશ્રીને જ્ઞાન સાથે અનહદ લગાવ હતો. પોતાના સાધુઓને સાત-સાત કલાક વાચના આપવી, પ્રાચીન જ્ઞાનભંડારોનાં જીર્ણોદ્ધાર કરવા, પોતે પણ સતત અધ્યયન-અધ્યાપનમાં વ્યસ્ત રહેવું એ પૂજ્યશ્રીના પોથી (જ્ઞાન) પ્રેમનું ઉદાહરણ છે.

પંડિત : દીર્ઘદૃષ્ટા પૂજ્યશ્રી સમજતા હતા કે માત્ર સાધુ સંસ્થા જ જૈનશાસનનાં બધાં અંશો સુધી નહિ પહોંચી શકે. શાસનસમર્પિત પંડિતોની એના માટે અનિવાર્ય જરૂરત રહેશે. એટલે એમને તેજસ્વી બાળકો અને આશાસ્પદ યુવા પંડિતોને તૈયાર કરવામાં ખંતપૂર્વક પ્રયત્ન આદર્યો. એની ફળશ્રુતિ પણ બહુ જ ભવ્ય પ્રાપ્ત થઈ. પંન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.નાં વિદ્યાગુરુ પંડિતવર્ય શ્રી

પ્રભુદાસ બેચરદાસ, પંડિતવર્ય શ્રી ભગવાનદાસ હરખચંદ એવા મૂર્ધન્ય પંડિતો પ્રભુશાસનને પૂજ્યશ્રીની કૃપાથી પ્રાપ્ત થયા.

પ્રતિમા : આ મહાપુરૂષે નવનિર્માણ કરવા જીર્ણોદ્ધાર ઉપર વધુ લક્ષ્ય આપ્યું. શ્રી ગિરનારજી, ચિત્તોડ, તારંગા જેવા પ્રાચીન તીર્થોનાં સ્થાપત્યનો એવી રીતે જીર્ણોદ્ધાર કરાવ્યો કે તે તીર્થોની ઊર્જાને પૂજ્યશ્રીએ જીવંત રાખી આપણા ઉપર ઉપકાર વરસાવ્યો છે.

જન્મ : સં. ૧૯૩૦, પોષ સુદ-૧૧, વાંકાનેર
દીક્ષા : સં. ૧૯૪૯, અષાઢ સુદ-૧૧, મહેરવાડા
વડીદીક્ષા : સં. ૧૯૫૦, મહા સુદ-૪, સીમોર
ગણિપદ : સં. ૧૯૬૧, માગસર સુદ-૫, સુરત
પંન્યાસપદ : સં. ૧૯૬૨, કારતક વદ-૧૧, પાલીતાણા
આચાર્યપદ : સં. ૧૯૭૬, માગસર સુદ-૧૧, અમદાવાદ
કાળધર્મ : ૧૯૯૮, પોષ વદ-૩, એકલિંગજી (ઉદેપુર)

- સ્વહસ્તે દીક્ષા ગ્રહણ કરી જગતના જવાહીર બન્યા.
- બ્રહ્મનિષ્ઠ ગુરુદેવે અનેકને બ્રહ્મચારી-વ્રતધારી બનાવ્યા.
- અનેક રાજા-મહારાજા-નવાબને પ્રતિબોધ કર્યા.
- ૧ કરોડ સૂરિમંત્ર સાધના દ્વારા જિનશાસનની અદ્‌ભુત સેવા કરી.
- જૂનાગઢ-રાધનપુર-ચિત્તોડ જેવા અનેક સ્થળે ગુરુકુળ સ્થાપ્યા.
- સ્વસમુદાય-પરસમુદાયના અનેક મહાત્માઓને યોગોદ્વહન કરાવ્યા. પદવી પ્રદાન કરી.
- વચનસિદ્ધપુરુષના વચનથી સિદ્ધિ મળતી.
- ૯ સ્થાનકવાસી સંપ્રદાયના ૩૫ વર્ષ જેવા પર્યાયી સાધુને સંવેગીદીક્ષા આપી સત્યમાર્ગે લાવ્યા.

સદ્‌ગુરુ વચનામૃત

અધ્યાત્મ માર્ગની આધારશિલા છે : સ્વાનુભૂતિની અનન્ય ઝંખના. 'હું કોણ છું'નો જવાબ જ્યાં સુધી મુમુક્ષુને નથી મળતો, ત્યાં સુધી એ જંપીને બેસી નથી શકતો. પણ અધ્યાત્મની કેડીઓ અદીઠ છે, ગુહ્ય છે. સદ્‌ગુરુનાં ઈશારા વિના એમને જાણવી અશક્યપ્રાયઃ છે.

આપણા સદ્‌ભાગ્યે આપણે ત્યાં એવા બહુ બધા અનુભૂતિવાન મહાપુરૂષો થયા છે. જેમણે 'भव्यजनहिताय' અનુભવરસને શબ્દોમાં કંડારવાનો પ્રયત્ન કર્યો છે. પણ એ ગ્રંથો, જેમાં આ અનુભવ માર્ગનાં સંકેતો છે, મહદંશે સંસ્કૃત અને પ્રાકૃતમાં નિબદ્ધ છે.

એટલે મુમુક્ષુએ સંસ્કૃતમાં સજ્જતા કેળવવી અત્યંત આવશ્યક બની જાય છે. સંસ્કૃતમાં પારંગત થવા માટે વ્યાકરણનું અધ્યયન અનિવાર્ય છે. **કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય** ભગવંતે એના માટે જ **"શ્રી સિદ્ધહેમ વ્યાકરણ"** જેવા સાંગોપાંગ સંપૂર્ણ વ્યાકરણની રચના કરી છે.

પરંતુ એ વ્યાકરણમાં સેંકડો નહીં પણ હજારો સૂત્રોમાં મંદગતિ છાત્ર ક્યારેક અટવાઈ પણ જાય છે. અને થાકીને વ્યાકરણ ભણવાનું જ મૂકી દે. એવું ન થાય એ માટે પૂ.સા.શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.નાં શિષ્યા પૂ.સા.શ્રી આર્યયશા મ.સા.એ ભણતી વખતે નોટ્સ બનાવી હતી. તેને છપાવવાનું આ કાર્ય વ્યાકરણ પઠન-પાઠન પરંપરાની સેવા છે. પૂર્વે પણ આવી પુસ્તકો છપાઈ છે. જેમાં નિયમો, સાધનિકાઓને ગુજરાતીમાં સરળ રીતે બતાવ્યા છે, તો'ય ભિન્ન-ભિન્ન કક્ષાનાં વિદ્યાર્થીઓ માટે ભિન્ન-ભિન્ન આયામ, ભિન્ન દૃષ્ટિથી આલેખાયેલ પુસ્તકો વધુ સહાયક બની શકે છે. પ્રભુની અનહદ કૃપાને ઝીલવા અને એમનાં શબ્દ સામ્રાજ્યમાં પ્રવેશવા માટેની ઝંખના ધરાવતા મુમુક્ષુઓ, જિજ્ઞાસુઓને આ પુસ્તક યત્કિંચિત્ પણ મદદરૂપ થાય તો પ્રકાશન સફળ છે.

સાધ્વીજી મ.સા.ની સરસ મહેનત બદલ અનુમોદના. પંડિતવર્ય શ્રી ચંદ્રકાંતભાઈ, ચિરાગભાઈ આદિને સાથ-સહકાર માટે ધન્યવાદ.

- હેમપ્રભસૂરિનાં ધર્મલાભ.

प्रास्तविकम्

સંસ્કૃત શબ્દની વ્યુત્પત્તિ મજાની છે : સંસ્કાર કરેલ... આ ભાષા સેંકડો નહીં પરંતુ ક્રોડો વર્ષનાં ઋષિ-મહર્ષિ ભગવંતોના અનુભવમાંથી જન્મી છે. એના એક-એક શબ્દમાં સાધના અને સાધનાનાં માર્ગો હૃદયસ્થ (છુપાયેલા) છે.

એક ઉદાહરણ લઈએ - નિરામયતા તંદુરસ્તી માટે સંસ્કૃત ભાષા શબ્દ વાપરે છે : સ્વસ્થતા, કેટલો મજાનો શબ્દ - સ્વ-સ્થ. જો તમે તમારી અંદર હો તો સ્વસ્થ, નહીં તો અસ્વસ્થ.

બીજું કંઈક જોઈએ - સંસ્કૃત ભાષા પોતાનો ધાતુકોષ (ક્રિયાવાચક શબ્દો) ઉઘાડતા કહે છે : ભૂ-આદિ ધાતુઓ, હવે 'ભૂ' ધાતુને પ્રારંભમાં રાખવાનું કોઈ કારણ દેખાતું નથી. જો એકાક્ષર કે લઘુમાત્રા જેવા દૃષ્ટિકોણ નિહાળીએ તો કૃ, પૂ જેવા સંખ્યાબંધ ધાતુઓ છે જ. તો'ય સંસ્કૃત તો કહેશે ભ્વાદિ (ભૂ-આદિ).

કેમકે આ ભાષા જાણે છે કે, બાકી બધા ધાતુઓ કુત્રિમ છે, સ્વરુપ (આત્મસ્વરુપ) માટે આગંતુક છે. કારણિક છે. જ્યારે ભૂ=હોવું નિત્ય છે, સહજ છે, નૈસર્ગિક છે. આ જ મજા છે આ ભાષાની.

આ ભાષાના એવા તો કેટલાંય રહસ્યો સુધી પહોંચવાની ચાવી છે વ્યાકરણ. અથવા તો અસંખ્ય મહર્ષિઓનાં હૃદયપર્યંત જતો માર્ગ છે વ્યાકરણ.

આ વ્યાકરણનાં અધ્યયનને સુગમ અને સરલ બનાવવા માટે સાધ્વીજી ભગવંતે સરસ મહેનત કરી છે. પૂર્વનાં સંસ્કરણોની ખૂટતી પ્રતિઓ કાર્યની લોકપ્રિયતાને સૂચવે છે.

છતાંય ટેકણલાકડી એ ટેકણલાકડી જ છે. આ પુસ્તક રમ્ય છે પણ જેમાંથી આ રમ્યતા પ્રકટી છે એ બૃહદ્‌વૃત્તિ, ન્યાસ આદિ પ્રત્યે દુર્લક્ષ ન લેવાય એની તકેદારી વિદ્યાર્થી માટે અનિવાર્ય છે. યાદ રાખવું -

There are no shortcurts for success.

ગચ્છાધિપતિ પ.પૂ.આ.શ્રી વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજાની આશિષવૃષ્ટિ અને ગુરુ મ.સા. પ.પૂ.આ. શ્રી વિજય મુક્તિનિલયસૂરીશ્વરજી મહારાજાનો સુચારુ માર્ગદર્શન આ પુસ્તકશ્રેણિની નીંવ છે, એને પણ અત્યારે સ્મરું છું.

પૂ.પં.પ્ર.શ્રી હેમનિલયવિજયજી મ.સા.

પ્રકાશકીય નિવેદન...

શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન સમુદ્ર જેવો છે. મરજીવા બનીને ડુબકી લગાવો તો મોતી હાથમાં આવે જ. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ભગવંતની આ અનુપમ કૃતિ ઉપર આજ સુધી અનેક ટીકાઓ, વિવેચન પ્રકાશિત થયા છે અને થતાં રહેશે. આ જ આ મહાગ્રંથની શોભા પણ છે.

એ જ પાવન પરંપરામાં એક મણકો આ પ્રકાશનથી ઉમેરાઈ રહ્યો છે. ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય શ્રી વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાનુવર્ત્તિની પૂ.સા.શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.નાં પ્રશિષ્યા પૂ.સા.શ્રી આર્યયશાશ્રીજી મ.સા.નાં પ્રશિષ્યા પૂ.સા.શ્રી પરમયશાશ્રીજી મ.સા. એ ખૂબ જહેમત અને ખંતપૂર્વક આ બાલભોગ્ય છતાંય વિદ્વત્માન્ય વિવેચન તૈયાર કર્યું છે.

આ વિવેચન શ્રી સિદ્ધહેમના પ્રેમીજનોને અંતઃસંતોષ આપનાર બનશે. અમારી સંસ્થા આ ગ્રંથનું પ્રકાશન કરતાં ગૌરવ અનુભવે છે.

આ ગ્રંથના પ્રકાશનમાં **શ્રી આદિનાથ તપાગચ્છ શ્વેતામ્બર જૈન સંઘ** આચાર્ય શ્રી વિજય નીતિસૂરિ આરાધના ભવન કતારગામ-સુરતનાં જ્ઞાનનિધિમાંથી તથા **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ મૂ.પૂ.જૈન સંઘ,** આયોજનનગર, અમદાવાદની બહેનોએ સ્વકીય જ્ઞાનદ્રવ્યમાંથી લાભ લીધો છે. તેઓના અમે ઋણી છીએ.

લિ.
આ.શ્રી વિજય નીતિસૂરિ
જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા
અમદાવાદ

વિ.સં.૨૦૭૮
ચૈત્ર સુદ-૫

સંપાદકીય નિવેદન...

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય ભગવંતે શ્રીસિદ્ધરાજ જયસિંહની વિનંતીથી માત્ર એક વર્ષમાં જ સવા લાખ શ્લોક પ્રમાણ જે શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનની રચના કરી, તે ખરેખર અદ્વિતીય છે. આ સમુદ્ર એવો છે કે, જેનાં પેટાળમાં અઢળક રત્નો ભર્યા છે. મરજીવા બનીને તે રત્નોને પામવાનો જે યત્કિંચિત્ પ્રયાસ થયો છે. તેનાં પરિણામ સ્વરૂપે આઠમો ભાગ પ્રકાશિત થઈ રહ્યો છે. જે ખરેખર તત્ત્વત્રયીની કૃપા વિના શક્ય જ નથી.

આ ગ્રંથની વિવેચનયાત્રા, વિવરણની સામાન્ય વિશેષતાઓ, ધન્યવાદ, ઋણસ્વીકાર, સંદર્ભગ્રંથ સૂચિ વિ. પ્રથમ ભાગમાં જણાવેલ છે. જેની નૂતન વાચક વર્ગે ખાસ મુલાકાત લેવી.

તથા આ ભાગનાં પરિશિષ્ટ-૧માં यङ्लुबन्त માં સૂત્રની પ્રવૃત્તિ-નિવૃત્તિની સંભાવના દર્શાવતું કોષ્ટક પરિશિષ્ટ-૨માં વિવેચન અંતર્ગત ન્યાયનાં અર્થ તેમજ, પરિશિષ્ટ-૩માં વિવેચન અંતર્ગત વિશેષતા અને જિજ્ઞાસાનાં સંદર્ભસ્થાનો દર્શાવેલ છે. પરિશિષ્ટ-૪ અને ૫ માં અનુક્રમે અકારાદિક્રમે પ્રકરણ અંતર્ગત સૂત્રાવલિ અને ઉદાહરણાવલિ દર્શાવેલ છે.

અત્યંત સહકાર આપનાર પંડિતવર્ય શ્રી ચિરાગભાઈ, તથા પંડિતવર્ય શ્રી અક્ષયભાઈ અને શીઘ્રાતિશીઘ્ર સુંદર રીતે મુદ્રણ કરી આપનાર જય જિનેન્દ્ર ગ્રાફિક્સ (નિતીનભાઈ-જય જિનેન્દ્ર) ને ખૂબ ખૂબ ધન્યવાદ. જિનાજ્ઞા વિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો

"मिच्छा मि दुक्कडम्"

द. निरुपम-कल्प-आर्य-सौरभ शिशु
सा. परमयशाश्री

વિષયાનુક્રમ

ક્રમ	વિષય	પૃષ્ઠ ક્ર.
૧.	ધાતુનાં દ્વિત્વનું વિધાન (૪.૧.૧)	૧
૨.	ધાતુનાં આદ્ય દ્વિતીયાદિ અંશનું દ્વિત્વ (૪.૧.૨ થી ૧૪)	૬
૩.	સકારાદિ સન્ પર છતાં ધાતુનાં વિવિધ આદેશ (૪.૧.૧૬ થી ૨૨)	૨૨
૪.	પરોક્ષામાં સ્વરનું એત્ત્વ (૪.૧.૨૩ થી ૨૯)	૩૧
૫.	પરોક્ષામાં સ્વરનાં એત્ત્વનો નિષેધ (૪.૧.૩૦)	૪૪
૬.	હિ પ્રત્યય પર છતાં સ્વરનું એત્ત્વ (૪.૧.૩૧)	૪૫
૭.	પરોક્ષામાં દે ધાતુનો દિગ્ (૪.૧.૩૨)	૪૬
૮.	ङ પર છતાં ણ્યન્ત પા ધાતુનો પિબ્ (૪.૧.૩૩)	૪૬
૯.	દ્વિત્વ થયે છતે પૂર્વ-અપર વર્ણનાં વિવિધ આદેશ (૪.૧.૩૪ થી ૭૧)	૪૭
૧૦.	વ્યૃત્નું વિધાન (૪.૧.૭૨, ૭૫, ૭૮-૯૦)	૧૦૫,૧૦૮,૧૧૧
૧૧.	વ્યૃત્નો નિષેધ (૪.૧.૭૩, ૭૪, ૭૬, ૭૭)	૧૦૬,૧૦૭,૧૦૯
૧૨.	પ્યાય્નો પી આદેશ (૪.૧.૯૧ થી ૯૩)	૧૨૬
૧૩.	સ્ફાય્નો સ્ફી આદેશ (૪.૧.૯૪)	૧૨૯

ક્રમ	વિષય	પૃષ્ઠ ક્ર.
૧૪.	સ્ત્યૈનો સ્તી આદેશ (૪.૧.૯૫ થી ૯૬)	૧૩૦
૧૫.	શ્યૈનો શી આદેશ (૪.૧.૯૭ થી ૯૯)	૧૩૧
૧૬.	શ્રૈ, શ્રપ્નો શૃ આદેશ (૪.૧.૧૦૦, ૧૦૧)	૧૩૪
૧૭.	દીર્ઘનું વિધાન (૪.૧.૧૦૩ થી ૧૦૭)	૧૩૮
૧૮.	ધાતુમાં શૂટ્નું વિધાન (૪.૧.૧૦૮ થી ૧૦૯)	૧૪૪
૧૯.	ધાતુનાં ચ્છ્ અને વ્નો લોપ (૪.૧.૧૧૦)	૧૫૦
૨૦.	ધાતુનાં ચ્ અને જ્નાં ક્ અને ગ્નું વિધાન (૪.૧.૧૧૧)	૧૫૧
૨૧.	ધાતુનાં ચ્ અને જ્ નાં ક્ અને ગ્નો નિષેધ (૪.૧.૧૧૩ થી ૧૧૯)	૧૫૪
૨૨.	ભુજ-ન્યુબ્જ નિપાતન (૪.૧.૧૨૦)	૧૬૦
૨૩.	વીરુત્-ન્યગ્રોધ નિપાતન (૪.૧.૧૨૧)	૧૬૦
૨૪.	અભ્યાસ-૧	૧૬૨
૪.૨		
૧.	સન્ધ્યક્ષરાન્ત ધાતુથી આત્નું વિધાન (૪.૨.૧; ૪ થી ૧૩)	૧૬૩
૨.	સન્ધ્યક્ષરાન્ત ધાતુથી આત્નો નિષેધ (૪.૨.૨, ૩)	૧૬૪
૩.	ણિ પરવાળાં વિવિધ પ્રત્યયથી થતાં વિધાન (૪.૨.૧૪ થી ૪૧)	૧૭૫
૪.	સ્વરાદિ પ્રત્યય પર છતાં ઉપાન્ત્યનો ઋત્ (૪.૨.૪૨, ૪૩)	૨૧૫
૫.	વિવિધ પ્રત્યય પર છતાં ઉપાન્ત્યનો લુક્ (૪.૨.૪૪ થી ૫૨)	૨૧૮
૬.	નિપાતન પ્રયોગો (૪.૨.૫૩, ૫૪)	૨૨૯

ક્રમ	વિષય	પૃષ્ઠ ક્ર.
૭.	મ્ વગેરેનાં લુક્નું વિધાન (૪.૨.૫૫ થી ૫૮)	૨૩૧
૮.	મ્ વગેરેનો લોપ અને દીર્ઘનો નિષેધ (૪.૨.૫૯)	૨૩૬
૯.	ન્કારનાં આત્નું વિધાન (૪.૨.૬૦ થી ૬૩)	૨૩૭
૧૦.	તિક્ પર છતાં ન્કારનાં લોપ, આત્નું વિધાન (૪.૨.૬૪)	૨૪૨
૧૧.	વર્ગનાં પાંચમા અક્ષરનાં આત્નું વિધાન (૪.૨.૬૫)	૨૪૩
૧૨.	ધાતુનાં વિવિધ આદેશ (૪.૨.૬૬ થી ૬૭)	૨૪૪
૧૩.	ક્ત વગેરેનાં ન, મ્ વગેરેનું વિધાન (૪.૨.૬૮ થી ૭૮)	૨૪૫
૧૪.	નિપાતન પ્રયોગ (૪.૨.૭૯ થી ૮૨, ૮૪)	૨૬૧,૨૬૬
૧૫.	હિનાં ધિનું વિધાન (૪.૨.૮૩)	૨૬૫
૧૬.	હિ, ઉ પ્રત્યયનો લોપ (૪.૨.૮૫ થી ૮૭)	૨૬૭
૧૭.	કૃનાં અનાં ઉનું વિધાન (૪.૨.૯૦)	૨૭૪
૧૮.	અન્નો પુસ્ આદેશ (૪.૨.૯૧ થી ૯૩)	૨૭૫
૧૯.	અન્ત્નાં ન્નાં લોપનું વિધાન (૪.૨.૯૪, ૯૫)	૨૮૦
૨૦.	આનો લોપ (૪.૨.૯૬, ૧૦૨)	૨૮૨
૨૧.	વ્યંજનાદિ અવિત્શિત્ પર છતાં આનો ઈ વગેરે (૪.૨.૯૭ થી ૯૯)	૨૮૩
૨૨.	ધાતુનાં ઓનો લોપ (૪.૨.૧૦૩)	૨૮૮
૨૩.	અત્યાદિ શિત્ પર છતાં વિવિધ વિધાન (૪.૨.૧૦૪ થી ૧૧૦)	૨૮૯
૨૪.	દીર્ઘનું વિધાન (૪.૨.૧૧૧, ૧૧૨)	૨૯૮

ક્રમ	વિષય	પૃષ્ઠ ક્ર.
૨૫.	अना आनुं विधान (૪.૨.૧૧૩)	૩૦૦
૨૬.	आत्मनेपद अन्तनो आदेश (૪.૨.૧૧૪ थी ૧૧૬)	૩૦૧
૨૭.	तिवादिना स्थाने णवादिनुं विधान (૪.૨.૧૧૭, ૧૧૮)	૩૦૩
૨૮.	तु-हिनो तातङ् आदेश (૪.૨.૧૧૯)	૩૦૬
૨૯.	णव् नो औ आदेश (૪.૨.૧૨૦)	૩૦૭
૩૦.	आताम् वगेरे प्रत्ययना आनो इ (૪.૨.૧૨૧)	૩૦૮
૩૧.	सप्तमीना यानो इ (૪.૨.૧૨૨)	૩૦૯
૩૨.	सप्तमीना याम्नो इयम् अने युस्नो इयुस् (૪.૨.૧૨૩)	૩૦૯
૩૩.	अभ्यास-૨	૩૧૧
૩૪.	अभ्यास-૩	૩૧૨
૩૫.	परिशिष्ट-૧ यङ्लुबन्तमां सूत्र प्रवृत्ति-निवृत्तिनी संभावना दर्शावतुं कोष्टक.	૩૧૪
૩૬.	परिशिष्ट-૨ न्यायनां अर्थ	૩૨૬
૩૭.	परिशिष्ट-૩ संदर्भस्थानो.	૩૩૦
૩૮.	अन्यमतनां संदर्भस्थानो.	૩૩૮
૩૯.	परिशिष्ट-૪ अकारादि क्रमे सूत्रावलि.	૩૪૦
૪૦.	परिशिष्ट-૫ अकारादिक्रमे उदाहरणावलि.	૩૪૫

સંકેતસૂચિ

અ.અ.સૂ.	:	અન્વય અનુવૃત્તિ સૂત્ર
સ.	:	સમાસ
ઉદા.	:	ઉદાહરણ
પ્ર.ઉદા.	:	પ્રતિ ઉદાહરણ
વિ.	:	વિશેષતા
જિ.	:	જિજ્ઞાસા
સમા.	:	સમાધાન
શ્લો.	:	શ્લોક
પ્ર.	:	પ્રથમા વિભક્તિ
દ્વિ.	:	દ્વિતીયા વિભક્તિ
તૃ.	:	તૃતીયા વિભક્તિ
ચ.	:	ચતુર્થી વિભક્તિ
પં.	:	પંચમી વિભક્તિ
ષ.	:	ષષ્ઠી વિભક્તિ
સ.	:	સપ્તમી વિભક્તિ
સં.	:	સંબોધન
એ.વ.	:	એકવચન
દ્વિ.વ.	:	દ્વિવચન
બ.વ.	:	બહુવચન
પરસ્મૈ.	:	પરસ્મૈપદ
આત્મને.	:	આત્મનેપદ
ન્યાય.	:	ન્યાય
સં.સૌ.	:	સંગ્રહ સૌરભ. (પરિશિષ્ટ પુસ્તિકા)
મ.વૃ.	:	મધ્યમવૃત્તિ
બૃ.વૃ.	:	બૃહદ્વૃત્તિ
બૃ.ન્યા.	:	બૃહન્ન્યાસ
લ.ન્યા.	:	લઘુન્યાસ

॥ ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः ॥
॥ श्री पंचासरा पार्श्वनाथाय नमः ॥

चतुर्थेऽध्याये प्रथमः पादः

आख्यात प्रकरणम्

द्विर्धातुः परोक्षा-ङे, प्राक् तु स्वरे स्वरविधेः ४.१.१

अ.अ.सू. : परोक्षा-ङे धातुः द्विः, स्वरे तु स्वरविधेः प्राक् ।

અર્થ : પરોક્ષાનાં પ્રત્યય અને ङ પ્રત્યય પર છતાં ધાતુ દ્વિત્વ પામે છે. પણ સ્વરાદિ પ્રત્યય પર છતાં સ્વર સંબંધી કાર્યની પૂર્વે દ્વિત્વ થાય છે. (પછી સ્વરનું કાર્ય થાય છે.)

સ. : (૧) **परोक्षा-ङे** = परोक्षा च ङश्चेति परोक्षा-ङम्, तस्मिन्निति।
(૨) **स्वरविधेः** = स्वरस्य विधिरिति स्वरविधिः, तस्मादिति।

ઉદા. (૧) **पपाच** = તેણે રાંધ્યું. (डुपचींष् पाके-८९२)
- ક્રિયાર્થો०૩.૩.૩થી પચ્ને **धातु**સંજ્ઞા.
- પરોક્ષે ૫.૨.૧૨થી **परोक्षा**ની પ્રાપ્તિ.

- અહીં ઉદા.ગત સાધનિકામાં '●' નિશાનવાળાં સૂત્રો વારંવાર પુનરાવર્તિત થતાં હોવાથી તેમજ પ્રસિદ્ધ અને સામાન્ય હોવાથી આખ્યાત પ્રકરણની આગામી સાધનિકામાં દર્શાવવામાં આવશે નહીં.

- परोक्षा-णव्०३.३.१२थी णव् वगेरेने **परोक्षा** संज्ञा.
- शेषात्०३.३.१००थी **परस्मैपद**नी प्राप्ति.
- नवाऽऽद्यानि०३.३.१९थी णव् वगेरे नवने **परस्मैपद** संज्ञा.
- त्रीणि-त्रीण्य०३.३.१७थी प्रथम पुरुष बोधक प्रत्यय तथा,
- एक-द्वि०३.३.१८थी એ.व.नो प्राप्ति थतां पच्+**णव्**
  आ सूत्रथी द्वित्व→**पच्**पच्+अ
  व्यञ्जनस्या०४.१.४४थी च्नो लोप→पपच्+अ
- वृद्धिरादै०३.३.१थी आ ने **वृद्धि**संज्ञा.
  ञ्णिति ४.३.५०थी **वृद्धि**नी प्राप्ति.
- आसन्नः ७.४.१२०थी अनो आ→**पपाच**
- तदन्तं०१.१.२०थी पपाचने **पदसंज्ञा.**

(२) **अचकमत** = तेणे ઇચ્છા કરી. (कमूङ् कान्तौ-७८९)
अद्यतनी ५.२.४ वगेरेथी त→कम्+**त**
णि-श्रि०३.४.५८थी ङ→कम्+**अ**+त
आ सूत्रथी द्वित्व→**कम्**कम्+अ+त
व्यञ्जनस्या०४.१.४४थी म्नो लोप→ककम्+अ+त
कङश्चञ् ४.१.४६थी क्नो च्→**च**कम्+अ+त
ञ्णिति ४.३.५०थी वृद्धि→च**का**म्+अ+त
अमोऽकम्यमि०४.२.२६थी ह्रस्व→च**क**मत
अड् धातो०४.४.२९थी अट् आगम→**अ**चकमत।

प्र.ઉદા. (१) धातुरिति किम्? प्राशिश्रियत् = तेणे આશ્રય કર્યો.
(श्रिग् सेवायाम्-८८३)
अद्यतनी ५.२.४ वगेरेथी दि→प्र+श्रि+**त्**
णि-श्रि०३.४.५८थी ङ→प्र+श्रि+**अ**+त्

न प्रादि०३.३.४थी प्र ने धातुसंज्ञानो **निषेध**.

आ सूत्रथी मात्र श्रिनुं द्वित्व→प्र+**श्रि**श्रि+अ+त्

व्यञ्जनस्या०४.१.४४थी र्नो लोप→प्र+**शि**श्रि+**अ**+त्

संयोगात् २.१.५२थी इनो इय्→प्र+शि**श्रिय्**+अ+त्

अड् धातो०४.४.२९थी अट् आगम→प्र+**अ**+शिश्रियत्

समानानां०१.२.१थी दीर्घ→**प्रा**शिश्रियत्।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ધાતુને વિશે થાય છે. જ્યારે અહીં પ્ર વગેરે ઉપસર્ગ હોવાથી તેનું દ્વિત્વ થયું નહીં.

❁ **प्रागिति किम्? चक्रतुः** = બે જણાએ કર્યું.

परोक्षे ५.२.१२ वगेरेथी अतुस्→कृ+**अतुस्**

आ सूत्रथी द्वित्व→**कृ**कृ+अतुस्

ऋतोऽत् ४.१.३८थी ऋनो अ→**क**कृ+अतुस्

कङश्चञ् ४.१.४६थी क्नो च्→**च**कृ+अतुस्

इवर्णादे०१.२.२१थी ऋनो र्→चक्र**तुस्**

पदसंज्ञा वगेरे थतां→चक्र**तुः**।

★ આ સૂત્રથી સ્વરવિધિની પૂર્વે દ્વિત્વ કરવાનું વિધાન હોવાથી અહીં પૂર્વે દ્વિત્વ અને પછી ઋનો र् થયો છે.

(२) **स्वर इति किम्? जेघ्रीयते** = તે વારંવાર સૂંઘે છે.

(घ्रां गन्धोपादाने-३)

व्यञ्जनादेरेक०३.४.९थी यङ्→घ्रा+**य**

घ्रा-ध्मो०४.३.९८थी आनो ई→**घ्री**+य

सन्यङ०४.१.३थी द्वित्व→**घ्री**घ्री+य

व्यञ्जनस्या०४.१.४४थी र्नो लोप→घीघ्री+य

द्वितीय-तुर्ययोः०४.१.४२थी घ्नो ग्→**गीघ्रीय**
गहोर्जः ४.१.४०थी ग्नो ज्→**जीघ्रीय**
आ-गुणा०४.१.४८थी गुण→**जेघ्रीय**
सति ५.२.१९ वगेरेथी ते→जेघ्रीय+**ते**

- कर्त्तर्यनद्०३.४.७१थी शव्→जेघ्रीय+**अ**+ते
- लुगस्यादे०२.१.११३थी अनो लोप→जेघ्रीयते।

★ આ સૂત્રમાં સ્વરાદિ પ્રત્યય પર છતાં દ્વિત્વની વિધિ પ્રથમ કરવાનું વિધાન છે. જ્યારે અહીં યઙ્ વ્યંજનાદિ પ્રત્યય હોવાથી પ્રથમ સ્વરવિધિ થઈ છે. અને ત્યારબાદ દ્વિત્વ થયેલ છે.

(૩) **स्वरविधेरिति किम् ? शुशाव** = તે વધ્યો.
(ट्वोश्वि-गति०९९७)
परोक्षे ५.२.१२ वगेरेथी णव्→श्वि+**अ**
वा परोक्षा ४.१.९०थी विनो उ→**शु**+अ
दीर्घमवोऽ०४.१.१०३थी दीर्घ→**शू**+अ
आ सूत्रथी द्वित्व→**शूशू**+अ
ह्रस्वः ४.१.३९थी ह्रस्व→**शुशू**+अ
नामिनोऽ०४.३.५१थी वृद्धि→**शुशौ**+अ
ओदौतोऽ०१.२.२४थी आव्→**शुशाव**।

★ આ સૂત્રમાં સ્વરવિધિની પૂર્વે દ્વિત્વનું વિધાન છે. જ્યારે અહીં વ્યંજનવિધિ હોવાથી આ સૂત્રથી વ્યંજનવિધિની પૂર્વે દ્વિત્વ થયું નહીં.

વિશેષતા :

(૧) **प्राक् तु स्वरे स्वरविधेरिति आद्विर्वचनमधिकारः** = અહીં સૂત્રગત પ્રાક્ તુ...નો અધિકાર જ્યાં સુધી દ્વિત્વનો અધિકાર છે, ત્યાં સુધી જાણવો.

(૨) અહીં પરોક્ષાનાં પ્રત્યય પર છતાં દ્વિત્વાદિ વિધિ કરવાનો નિર્દેશ છે. તેથી પરોક્ષાનાં આદેશભૂત આમ્ પ્રત્યય પર છતાં પણ સ્થાનીવાઽવર્ણ૦૭.૪.૧૦૯ પરિભાષાનુસારે આ સૂત્રની દ્વિત્વાદિ પ્રવૃત્તિ આમ્ પ્રત્યય પર છતાં પણ થઈ શકે છે. પરંતુ વેત્તેઃ કિત્ ૩.૪.૫૧ સૂત્રમાં જણાવ્યાનુસારે આમ્ પ્રત્યય પરોક્ષાનો આદેશ હોવા છતાં પણ તદ્રૂપે ન ગણાતાં તેનાં વિષયમાં આ સૂત્ર-નિર્દિષ્ટ દ્વિત્વાદિ પ્રવૃત્તિ કરવી નહીં. જેમકે, દયાઞ્ચક્રે, વિદાંચકાર વગેરે.

(૩) અહીં સૂત્રગત પ્રાક્ તુ સ્વરે સ્વરવિધેઃ વિધાનાનુસારે દ્વિત્વ નિમિત્તક સ્વરાદિ પ્રત્યય પર છતાં જ સ્વરવિધિ થવી જોઈએ. જ્યાં દ્વિત્વ નિમિત્તક અને સ્વર નિમિત્તક પ્રત્યય ભિન્ન હશે, ત્યાં પૂર્વે સ્વરવિધિ અને પછી દ્વિત્વવિધિ પણ થઈ શકે છે. જેમકે, (तुंक् वृत्ति-हिंसा०१०७९) तितवनीयिषतीति

अनट् ५.३.१२४थी अनट्→तु+**अन**

नामिनो गुणो०४.३.१थी गुण→**तो**+अन

ओदौतोऽ०१.२.२४थी अव्→**तव**न

तवनमिच्छतीति अर्थमां,

अमाव्ययात्०३.४.२२थी क्यन्→तवन+**य**

क्यनि ४.३.११२थी अ नो ई→तव**नीय**

हवे, तवनीयितुमिच्छतीति अर्थमां,

तुमर्हादि०३.४.२१थी सन्→तवनीय+**स**

आद्योंऽशः०४.१.२थी द्वित्व→**त**तवनीयस

स्ताद्यशितो०४.४.३२थी इट्→ततवनीय+**इस**
अतः ४.३.८२थी अनो लोप→ततवनीयिस
सन्यस्य ४.१.५९थी अनो इ→**ति**ततवनीयिस
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→तितवनीयि**ष**
तिव् वगेरे→तितवनीयिष**ति**।
अहीं तु धातुनुं गुण आदि कार्य अनट् प्रत्यय निमित्तक थाय छे. अने द्वित्व कार्य सन् प्रत्यय निमित्तक थाय छे. आम, स्वरविधि निमित्तक अने द्वित्व निमित्तक प्रत्यय भिन्न होवाथी पूर्वे गुण थईने तवन शब्द बन्या बाद द्वित्वनी प्रवृत्ति करवामां आवे छे.

(४) यद्यपि ग्लै, म्लै आदि धातुओमां द्वित्व निमित्तक प्रत्यय विना पण आत् सन्ध्य०४.२.१ सूत्रथी द्वित्वनी पूर्वे ज आत्त्व रुप स्वरविधि थाय छे. परंतु ते निर्निमित्तक होवाथी तेमां कोई बाध आवतो नथी.
तेमज, द्वित्व थवानी पूर्वे अन्य स्थानी निमित्तनी अपेक्षाओ त्रन्त्यस्व०७.४.४३ सूत्रथी जे लोपादि रुप स्वरविधि ते द्वित्व पूर्वे पण ईच्छाय छे. जेमके, अर्यमाख्यत् इति आरर्यत् वगेरे प्रयोगो पूर्वे णिच् प्रत्यय पर छतां अन्त्य स्वरादिनो लोप थयो छे. अने त्यारबाद द्वित्व थयुं छे.

आद्योंऽश एकस्वरः ४.१.२

अ.अ.सू. : धातोः आद्यः अंशः एकस्वरः परोक्षा-ङे द्विः, स्वरे तु स्वरविधेः प्राक्।

अर्थ : अनेकस्वरी धातुनो आद्य एकस्वरी अंश परोक्षानां प्रत्यय अने ङ प्रत्यय पर छतां द्वित्व थाय छे. पण

સ્વરાદિ પ્રત્યય પર છતાં સ્વર સંબંધી કાર્યની પૂર્વે દ્વિત્વ થાય છે.

સ. : एकस्वरः = एकः स्वरो यस्य स इति।

ઉદા. (૧) **जजागार** = તે જાગ્યો. (जागृक् निद्राक्षये-૧૦૯૩)
परोक्षे ५.२.१२ વગેરેથી णव्→जागृ+**अ**
આ સૂત્રથી આદ્ય એકસ્વરી અંશ जा નું દ્વિત્વ→**जा**जागृ+अ
ह्रस्वः ४.१.३९થી હ્રસ્વ→**ज**जागृ+अ
जागुर्जिणवि ४.३.५२થી ऋ ની વૃદ્ધિ→जजा**गार**।

(૨) **अचकाणत्** = તેણે અવાજ કર્યો. (कण शब्दे-૨૭૦)
प्रयोक्तृ०३.४.२०થી णिग्→कण्+**इ**
ञ्णिति ४.३.५०થી વૃદ્ધિ→**का**णि
अद्यतनी ५.२.४ વગેરેથી दि→काणि+**त्**
णि-श्रि-द्रु०३.४.५८થી ङ→काणि+**अ**+त्
આ સૂત્રથી का નું દ્વિત્વ→**का**काणि+अ+त्
ह्रस्वः ४.१.३९થી હ્રસ્વ→**क**काणि+अ+त्
कङश्चञ् ४.१.४६થી क् નો च्→**च**काणि+अ+त्
णेरनिटि ४.३.८३થી णिग् નો લોપ→चकाणत्
अड् धातोः०४.४.२९થી अट् આગમ→**अ**चकाणत्।

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, પૂર્વસૂત્રથી સંપૂર્ણ ધાતુનાં દ્વિત્વની પ્રાપ્તિ હતી. તેનાં સ્થાને એકસ્વરી આદ્ય અંશને દ્વિત્વ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

सन्-यङश्च ४.१.३

અ.અ.સૂ. : सन्-यङः च धातोः आद्यः एकस्वरः अंशः द्विः, स्वरे तु स्वरविधेः प्राक्।

અર્થ : सन् અને यङ् પ્રત્યયાન્ત ધાતુનો આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ થાય છે. પણ સ્વરાદિ પ્રત્યય પર છતાં સ્વરસંબંધી કાર્યની પૂર્વે દ્વિત્વ થાય છે.

સ. : स्वरादेः = स्वर आदिर्यस्य स इति स्वरादिः, तस्येति।

ઉદા. (૧) **तितिक्षते** = તે ક્ષમા કરે છે. (तिजि क्षमा०-६६७)
सति ५.२.१९ વગેરેથી તે→तिज्+**ते**
गुप्-तिजो०३.४.५थी सन्→तिज्+**स**+ते
આ સૂત્રથી તિનું દ્વિત્વ→**ति**तिज्+स+ते
यज-सृज०२.१.८७थी ज्નો ष्→तितिष्+स+ते
ष-ढोः०२.१.६२थी ष्નો क्→तितिक्+स+ते
नाम्यन्तस्था०२.३.१५थी स्નો ष्→तितिक्ष+ते
शव् વગેરે થતાં→तितिक्षते।

(૨) **पापच्यते** = તે ઘણું રાંધે છે. (डुपचींष् पाके-८९२)
व्यञ्जनादेरेक०३.४.९थी यङ्→पच्+**य**
આ સૂત્રથી દ્વિત્વ→**प**पच्+य
आ-गुणा०४.१.४८थी अનો आ→**पा**पच्य
તે વગેરે થતાં→पापच्यते।

વિશેષતા :

(૧) અહીં સૂત્રગત च કાર પૂર્વસૂત્રમાં જણાવેલ પરોક્ષા અને ङ પ્રત્યયનાં સમુચ્ચય માટે છે. યદ્યપિ આ સૂત્રમાં તેનું પ્રયોજન રહેતું નથી. તેથી સૂત્રાર્થમાં દર્શાવવામાં આવ્યું

નથી. પરંતુ ઉત્તરસૂત્રમાં તેનું ગ્રહણ થતાં પરોક્ષા અને ङ प्रत्यय પર છતાં પણ તેનું કાર્ય થાય છે. અને પ્રોર્ણ્ણુનાવ વગેરે પ્રયોગો સિદ્ધ થાય છે.

स्वरादेर्द्वितीयः ४.१.४

અ.અ.સૂ. : स्वरादेः धातोः द्वितीयः एकस्वरः अंशः द्विः, स्वरे तु स्वरविधेः प्राक्।

અર્થ : દ્વિત્વ પામવાને યોગ્ય ધાતુઓનો દ્વિતીય એકસ્વરી અંશ દ્વિત્વ થાય છે. પણ સ્વરાદિ પ્રત્યય પર છતાં સ્વર સંબંધી કાર્યની પૂર્વે દ્વિત્વ થાય છે.

સ. : स्वरादेः = स्वर आदिर्यस्य स इति स्वरादिः, तस्येति।

ઉદા. (૧) अटिटिषति = તે ફરવાને ઇચ્છે છે. (अट गतौ-૧૯૪)
तुमर्हादि०૩.૪.૨૧થી सन्→अट्+**स**
स्ताद्यशितो०૪.૪.૩૨થી इट्→**अटिस**
આ સૂત્રથી દ્વિતીય અંશનું દ્વિત્વ→**अटिटिस**
नाम्यन्तस्था०૨.૩.૧૫થી स्નો ष्→अटिटि**ष**
तिव् વગેરે થતાં→अटिटिष**ति**।

(૨) अशाश्यते = તે વારંવાર ખાય છે.
(अशश् भोजने-૧૫૫૮)
अट्यर्त्ति०૩.૪.૧૦થી यङ्→अश्+**य**
આ સૂત્રથી દ્વિતીય અંશનું દ્વિત્વ→**अश्यश्य**
व्यञ्जनस्या०૪.૧.૪૪થી य्નો લોપ→अशश्य
आ-गुणा०૪.૧.૪૮થી अનો आ→**अशाश्य**
ते વગેરે થતાં→अशाश्य**ते**।

- **प्राक् तु स्वरे स्वरविधेरित्येव→आटिटत्** =
  તેણે ભમાડ્યો.
  પ્રયોક્તૃ ૩.૪.૨૦થી ણિગ્→અટ્+**इ**
  ञ્ણિતિ ૪.૩.૫૦થી વૃદ્ધિ→**आ**ટિ
  અદ્યતની ૫.૨.૪ વગેરેથી દિ→આટિ+**ત્**
  ણિ-શ્રિ૦૩.૪.૫૮થી ङ→આટિ+**અ**+ત્
  આ સૂત્રથી દ્વિતીય અંશનું દ્વિત્વ→**आटि**ટિ+અ+ત્
  ઉપાન્ત્યસ્યા૦૪.૨.૩૫થી હ્રસ્વ→**अ**ટિટિ+અ+ત્
  સ્વરાદેસ્તાસુ ૪.૪.૩૧થી વૃદ્ધિ→**आ**ટિટિ+અ+ત્
  ણોરનિટિ ૪.૩.૮૩થી ણિગ્નો લોપ→આટિ**ટ**ત્।

★ આ સૂત્રમાં પ્રાક્ તુ૦ નો અધિકાર આવતો હોવાથી સ્વરાદિ ङ પ્રત્યય પર છતાં સૌ પ્રથમ આ સૂત્રથી દ્વિત્વ થાય છે, અને ત્યારબાદ આ નો હ્રસ્વાદેશ થાય છે.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, અરિરિષતિ વગેરે પ્રયોગમાં इट् ઉમેરાય છે, જે આગમ સ્વરૂપે છે. અને જે सन्નું અંગ ગણાય છે. તથા, સૂત્રમાં सन्નતનાં વિધાન હોવાથી **आगमा[1] यद्गुणीभूतास्तद्ग्रहणेन गृह्यन्ते ૨/૧૦** ન્યાયાનુસારે તે ધાતુનાં અંગ સ્વરૂપે જ ગણાતાં કાર્યાપણે રહેલ છે, પણ નિમિત્તપણે નહીં. માટે જ્યારે એકસ્વરી દ્વિતીય અંશ ગ્રહણ કરવામાં આવે છે. ત્યારે તેની સહિત જ દ્વિત્વ થાય છે. તથા અન્ય દ્વિત્વ નિમિત્તક સ્વરાદિ પ્રત્યય ન હોવાથી ત્યાં પહેલાં સ્વરવિધિની પૂર્વે અને

૧. ન્યાયનાં અર્થ માટે પરિશિષ્ટ-૨માં જોવું. અને વિશેષ અર્થ માટે સં.સૌ.માં જોવું.

પછી દ્વિત્વ થાય છે. તેથી ऋનો ગુણ કાર્ય કરીને अरिरिषति ની પ્રાપ્તિ થાય છે.

જિ. : પ્રથમ સૂત્રમાં 'પરોક્ષા અને ङ પ્રત્યય પર છતાં' એ પ્રમાણે સપ્તમીનો નિર્દેશ કર્યો છે. પણ सन्यङ० ४.१.૩ સૂત્રમાં 'सन् અને यङ् પ્રત્યય પર છતાં' એ પ્રમાણે સપ્તમીનો નિર્દેશ ન કરતાં 'सन्नत અને यङन्त ધાતુનો' એ પ્રમાણે ષષ્ઠ્યન્ત નિર્દેશ શા માટે કર્યો?

સમા. : વસ્તુતઃ सन्यङ०४.१.૩ સૂત્ર માટે સપ્તમ્યન્ત કે ષષ્ઠ્યન્ત એમ બંને નિર્દેશમાં સમાન જ પ્રવૃત્તિ થવાની સંભાવના છે. પરંતુ જો આ સૂત્રમાં सन् પ્રત્યય પર છતાં' આવો અર્થ ગ્રહણ કરવામાં આવે તો प्रति+इ+स ઇત્યાદિ અવસ્થામાં सन् પ્રત્યય પર છતાં માત્ર ધાતુનો જ સ્વરાદિ દ્વિતીય અંશ ગ્રહણ થશે, જે વિદ્યમાન જ નથી. જ્યારે અહીં ષષ્ઠ્યન્ત નિર્દેશ દ્વારા 'सन्नत ધાતુનું' એ પ્રમાણે અર્થ ગ્રહણ થતાં प्रतीष એમ સંપૂર્ણ અંગ પ્રાપ્ત થાય છે. જેમાં આ સૂત્ર દ્વારા સ્વરાદિ દ્વિતીય અંશ એવા सનું દ્વિત્વ થાય છે. અને प्रतीषिषति જેવા પ્રયોગો પ્રાપ્ત થાય છે.

न ब-द-नं संयोगादिः ४.१.५

અ.અ.સૂ. : **स्वरादेः धातोः द्वितीयः एकस्वरः अंशः संयोगादिः ब-द-नं न द्विः।**

અર્થ : દ્વિત્વ પામવાને યોગ્ય સ્વરાદિ ધાતુઓનો એકસ્વરી સંયોગવાળાં દ્વિતીય અંશની આદિમાં રહેલાં બ્, દ્ અને ન્નું દ્વિત્વ થતું નથી.

સ. : (૧) **बदनम्** = बश्च दश्च नश्चेति।
(૨) **संयोगादिः** = संयोगस्याऽदिरिति।

ઉદા. (૧) **उब्जिजिषति** = તે સરળ રહેવાને ઇચ્છે છે.
(उब्जत् आर्जवे-૧૩૪૮)
तुमर्हादि०૩.૪.૨૧થી सन्→उब्ज+**स**
स्ताद्यशितो०૪.૪.૩૨થી इट्→उ**ब्जि**स
नाम्यन्तस्था०૨.૩.૧૫થી स्नो ष्→उब्जि**ष**
स्वरादे०૪.૧.૪થી બ્જિનાં દ્વિત્વની પ્રાપ્તિ પરંતુ
આ સૂત્રથી બ્નાં દ્વિત્વનો નિષેધ→उब्+**जि**जिष
(लोकात् ૧.૧.૩થી उब् અંશને પૃથક્ કરવો.)
तिव् વગેરે→उब्जिजिषति।

(૨) **अड्डिडिषति** = તે જોડવાને ઇચ્છે છે.
(अद्ड अभियोगे-૨૫૭)

(૩) **उन्दिदिषति** = તે ભીનું કરવાને ઇચ્છે છે.
(उन्दैप् क्लेदने-૧૪૯)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **संयोगादिरिति किम् ? प्राणिणिषति** =
તે જીવવાને ઇચ્છે છે. (अनक् प्राणने-૧૦૮૯)
तुमर्हादि०૩.૪.૨૧થી सन्→प्र+अन्+**स**
स्ताद्यशितो०૪.૪.૩૨થી इट्→प्र+अन्+**इस**
नाम्यन्तस्था०૨.૩.૧૫થી स्नो ष्→प्र+अनि**ष**
स्वरादे०૪.૧.૪થી દ્વિત્વ→प्र+अ**नि**निष
द्वित्वेऽप्यन्ते०૨.૩.૮૧થી न्नो ण्→प्र+अ**णिणि**ष
समानानां०૧.૨.૧થી દીર્ઘ→**प्रा**णिणिष
तिव् વગેરે→प्राणिणिष**ति**।

★ આ સૂત્રથી સંયોગની આદિમાં રહેલ ન્નાં દ્વિત્વનો નિષેધ થાય છે. જ્યારે અહીં સંયોગ જ નથી. માટે આ સૂત્રથી ન્નાં દ્વિત્વનો નિષેધ થયો નહીં.

अयि रः ४.१.६

અ.અ.સૂ. : स्वरादेः धातोः द्वितीयः एकस्वरः अंशः संयोगादिः रः न द्विः, अयि।

અર્થ : દ્વિત્વ પામવાને યોગ્ય સ્વરાદિ ધાતુઓનાં એકસ્વરી દ્વિતીય અંશનાં સંયોગની આદિમાં રહેલાં ર્નું દ્વિત્વ થતું નથી. પરંતુ ય્ની પૂર્વે તરત જ ર્ ન હોય તો.

સ. : अयि = न य् इति अय्, तस्मिन्निति।

ઉદા. (૧) अर्चिचिषति = તે પૂજા કરવાને ઇચ્છે છે.
(अर्च पूजायाम्-१०४)
तुमर्हादि०३.४.२१थी सन्→अर्च्+**स**
स्ताद्यशितो०४.४.३२थी इट्→अर्च्+**इस**
नाम्यन्तस्था०२.३.१५थी ष्→अर्चि**ष**
स्वरादे०४.१.४थी र्चिनां द्वित्व प्राप्ति परंतु
આ સૂત્રથી ર્નાં દ્વિત્વનો નિષેધ→अर्+**चिचिष**
(लोकात् १.१.३थी अर्ने पृथक् करवो)
तिव् વગેરે→अर्चिचिष**ति**।

પ્ર.ઉદા. अयीति किम्? अरार्यते = તે વારંવાર જાય છે.
(ऋंक् गतौ-११३५)
अट्यर्त्ति०३.४.१०थी यङ्→ऋ+**य**
क्य-यङा०४.३.१०थी गुण→**अर्**+य

स्वरादे०४.१.४थी द्वित्व→अर्यर्य
व्यञ्जनस्या०४.१.४४थी य्नो लोप→अरर्य
आगुणा०४.१.४८थी अनो आ→अरार्य
ते वगेरे→अरार्यते।

★ આ સૂત્રમાં य्नी पूर्वे रहेल र्नुं वर्जन होवाथी अहीं आ सूत्रथी र्नां द्वित्वनो निषेध थयो नहीं.

नाम्नो द्वितीयाद् यथेष्टम् ४.१.७

अ.अ.सू. : स्वरादेः नाम्नः धातोः द्वितीयात् एकस्वरः अंशः द्विः यथेष्टम्, स्वरे तु स्वरविधेः प्राक्।

अर्थ : द्वित्व पामवाने योग्य स्वरादि नाम धातुओनां द्वितीयथी मांडीने एकस्वरी अंश ईच्छामुजब द्वित्व थाय छे. पण स्वरादि प्रत्यय पर छतां स्वरसंबंधी कार्यनी पूर्वे द्वित्व थाय छे.

उदा. अशिश्वीयिषति = घोडानां ईच्छनारने ईच्छे छे.
अश्वमिच्छतीति अर्थमां,
अमाव्ययात्०३.४.२३थी क्यन्→अश्व+**य**
क्यनि ४.३.११२थी ई→अश्वीय
हवे, तुमर्हादि०३.४.२१थी सन्→अश्वीय+**स**
स्ताद्यशितो०४.४.३२थी इट्→अश्वीय+**इस**
अतः ४.३.८२थी अनो लोप→अश्वीयिस
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→अश्वीयिष
ह्रस्वः ४.१.३९थी ह्रस्व→अशिश्वीयिष
तिव् वगेरे→अशिश्वीयिषति

અહીં તૃતીય અને ચતુર્થ અંશનું દ્વિત્વ થતાં અનુક્રમે **अश्वीयिषति** અને **अश्वीयिषिषति** જેવાં પ્રયોગો સિદ્ધ થાય છે.

अन्यस्य ४.१.८

અ.અ.સૂ. : अन्यस्य नाम्नः धातोः एकस्वरः अंशः यथेष्टं द्विः, स्वरे तु स्वरविधेः प्राक्।

અર્થ : સ્વરાદિથી અન્ય = વ્યંજનાદિ નામધાતુનો આદ્ય વગેરે એકસ્વરી અંશ ઇચ્છામુજબ દ્વિત્વ થાય છે. પણ સ્વરાદિ પ્રત્યય પર છતાં સ્વરસંબંધી કાર્યની પૂર્વે દ્વિત્વ થાય છે.

ઉદા. पुपुत्रीयिषति = પુત્રનાં ઇચ્છનારને ઇચ્છે છે.
पुत्रमिच्छतीति અર્થમાં,
अमाव्ययात्०૩.૪.૨૩થી क्यन्→पुत्र+**य**
क्यनि ४.૩.૧૧૨થી ई→पुत्री**य**
तुमर्हादि०૩.૪.૨૧થી सन्→पुत्रीय+**स**
स्ताद्यशितो०४.४.૩૨થી इट्→पुत्रीयि**स**
नाम्यन्तस्था०२.૩.૧૫થી स्नो ष्→पुत्रीयि**ष**
આ સૂત્રથી આદ્ય એકસ્વરી અંશનું દ્વિત્વ→**पु**पुत्रीयिष
तिव् વગેરે→पुपुत्रीयिष**ति**।
અહીં દ્વિતીયાંશ વગેરેનું દ્વિત્વ થતાં અનુક્રમે पु**ति**त्रीयि-षति, पुत्री**यि**यिषति અને पुत्रीयि**षि**षति પ્રયોગો સિદ્ધ થાય છે.

कण्ड्वादेस्तृतीयः ४.१.९

અ.અ.સૂ. : कण्ड्वादेः धातोः एकस्वरः तृतीयः अंशः द्विः, स्वरे तु स्वरविधेः प्राक्।

અર્થ : કણ્ડૂ વગેરે ધાતુઓનો એકસ્વરી તૃતીય અંશ દ્વિત્વ થાય છે. પણ સ્વરાદિ પ્રત્યય પર છતાં સ્વરવિધિની પૂર્વે દ્વિત્વ થાય છે.

સ. : कण्ड्वादेः = कण्डूरादिर्यस्य स इति कण्ड्वादिः, तस्येति।

ઉદા. (૧) **कण्डूयियिषति** = તે ખંજવાળવાને ઇચ્છે છે.
(कण्डूग् गात्रविघर्षणे-૧૯૯૧ (સૌત્ર))
धातोः कण्ड्०૩.૪.૮થી यक्→कण्डू+**य**
तुमर्हादि०૩.૪.૨૧થી सन्→कण्डूय+**स**
स्ताद्यशितो०૪.૪.૩૨થી इट्→कण्डू**यि**स
नाम्यन्तस्था०૨.૩.૧૫થી स्नो ष्→कण्डूयि**ष**
આ સૂત્રથી એકસ્વરી તૃતીય અંશ यिનું દ્વિત્વ→
कण्डू**यि**यिष
तिव् વગેરે→कण्डूयियिष**ति**।

(૨) **असूयियिषति** = તે ઈર્ષ્યા કરવાને ઇચ્છે છે.
(असूग् मानसोपतापे-૧૯૯૮ (સૌત્ર))
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં તૃતીયાંશનો નિર્દેશ કર્યો છે. તેથી તેવું જણાય છે કે, कण्ड्वादि ગણ અંતર્ગત તમામ ધાતુ અનેકસ્વરી છે. માટે તેઓનો आद्योंऽशः૦૪.૧.૨ સૂત્ર દ્વારા આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ થવાનો હતો. પરંતુ હવે તેનો નિષેધ થઈને આ સૂત્ર દ્વારા એકસ્વરી તૃતીય અંશનું દ્વિત્વ થશે.

(૨) **कण्ड्वादि ગણ** : महीङ्, ह्वणिङ्, वेङ्, लाङ्, मन्तु, वल्गु, असु, वेट्, लाट्, लिट्, लोट्, उरस्, उषस्, इरस्,

तिरस्, इयस्, इमस्, अस्, पयस्, संभूयस्, दुवस्, दुरज्, भिषज्, भिष्णुक्, रेखा, लेखा, एला, वेला, केला, खेला, गोधा, मेधा, मगध, इरध, इषुध, कुषुन्भ, सुख, दुःख, अगद, गद्गद, तरण, वरण, उरण, तुरण, पुरण, भुरण, वुरण, भरण, तपुस, तमास, अरर, सपर, समर।

पुनरेकेषाम् ४.१.१०

अ.अ.सू. : एकेषां पुनः द्विः।

अर्थ : કેટલાંક વ્યાકરણકારોનાં મતે દ્વિત્વ કરાયે છતે પુનઃ દ્વિત્વ થાય છે.

ઉદા. सुसोषुपिषते = તે વારંવાર સુવાને ઇચ્છે છે.
(ञिष्वपंक् शये-१०८८)
व्यञ्जनादेरेक०३.४.८थी यङ्→स्वप्+**य**
स्वपेर्यङ्०४.१.८०थी व नो उ→**सु**प्+य
सन्यङ०४.१.३थी द्वित्व→**सु**सुप्य
आ-गुणा०४.१.४८थी गुण→**सो**सुप्य
नाम्यन्तस्था०२.३.१५थी स् नो ष्→सो**षु**प्य
तुमर्हादि०३.४.२१थी सन्→सोषुप्य+**स**
स्ताद्यशितो०४.४.३२थी इट्→सोषुप्य+**इ**स
अतः ४.३.८२थी अ नो लोप→सोषुप्य्+इस
योऽशिति ४.३.८०थी य् नो लोप→सोषुपिस
नाम्यन्तस्था०२.३.१५थी स् नो ष्→सोषुपि**ष**
सन्यङ०४.१.३थी पुनः द्वित्व→**सो**सोषुपिष
ह्रस्वः ४.१.३९थी ह्रस्व→**सु**सोषुपिष
ते वगेरे→सुसोषुपिष**ते**।

પ્ર.ઉદા. **एकेषामिति किम्? सोषुपिषते** =
તે વારંવાર સુવાને ઇચ્છે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ પુનઃ દ્વિત્વ કરવું નહીં.

★ આ સૂત્રમાં અન્ય કેટલાંક વ્યાકરણકારોનો મત દર્શાવેલ છે, તેથી તે સિવાયનાં બીજા કેટલાંક વ્યાકરણકારોનાં મતે દ્વિત્વ ન થતાં ઉપરોક્ત પ્રયોગ સિદ્ધ થાય છે.

यिः सन् वेर्ष्यः ४.१.११

અ.અ.સૂ. : **ईर्ष्यः धातोः यिः सन् वा द्विः, स्वरे तु स्वरविधेः प्राक्।**

અર્થ : દ્વિત્વ પામવાને યોગ્ય ઈર્ષ્ય્ ધાતુનો યિ અથવા સન્ અંશ દ્વિત્વ પામે છે. પણ સ્વરાદિ પ્રત્યય પર છતાં સ્વરવિધિની પૂર્વે દ્વિત્વ થાય છે.

ઉદા. (૧) **ईर्ष्ययिषति/ईर्ष्यिषिषति** = તે ઈર્ષ્યા કરવાને ઇચ્છે છે.
(ईर्ष्य ईर्ष्यायाम्-૪૦૨)
तुमर्हादि०૩.૪.૨૧થી सन्→ईर्ष्य्+**स**
स्ताद्यशितो०૪.૪.૩૨થી इट्→ईर्ष्य्**इ**स
नाम्यन्तस्था०૨.૩.૧૫થી स्नो ष्→ईर्ष्यि**ष**
આ સૂત્રથી यिનું દ્વિત્વ→ईर्ष्य्**ययि**ष
અને, षનું દ્વિત્વ→ईर्ष्यि**षष**
सन्यस्य ૪.૧.૫૯થી अનો इ→ईर्ष्यि**षि**ष
तिव् વગેરે→ईर्ष्ययिष**ति**/ईर्ष्यिषिष**ति**।

हवः शिति ४.१.१२

અ.અ.સૂ. : शिति हवः धातुः द्विः, स्वरे तु स्वरविधेः प्राक्।

અર્થ : શિત્ પ્રત્યયો પર છતાં હુ વગેરે ધાતુઓ દ્વિત્વ પામે છે. પણ સ્વરાદિ પ્રત્યય પર છતાં સ્વરવિધિની પૂર્વે દ્વિત્વ થાય છે.

ઉદા. जुहोति = તે દાન આપે છે. (हुंक् दाना-ऽदनयोः-११३०)
सति ५.२.१९ વગેરેથી તે→हु+**ति**
આ સૂત્રથી દ્વિત્વ→**हुहु**+ति
गहोर्जः ४.१.४०થી ह्નો ज्→**जुहु**+ति
नामिनो गुणो०४.३.१થી ગુણ→**जुहो**ति।

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, हवः પદમાં આદિ શબ્દનો નિર્દેશ ન હોવા છતાં પણ 'हु વગેરે ધાતુઓ' એ પ્રમાણે અર્થ કર્યો છે. તે બ.વ.નું ફળ છે.

चराचर-चलाचल-पतापत-वदावद-घनाघन-पाटूपटं वा ४.१.१३

અ.અ.સૂ. : चराचर-चलाचल-पतापत-वदावद-घनाघन-पाटूपटं (निपात्यन्ते) वा।

અર્થ : અચ્ પ્રત્યય પર છતાં चराचर, चलाचल, पतापत, वदावद, घनाघन અને पाटूपट શબ્દો કરાયેલાં દ્વિત્વાદિવાળાં વિકલ્પે નિપાતન પામે છે.

સ. : चराचर-चलाचल-पतापत-वदावद-घनाघन-पाटूपटम् = चराचरश्च चलाचलश्च पतापतश्च वदावदश्च घनाघनश्च पाटूपटश्चेति।

ઉદા. (૧) **चराचरः/चरः** = ચાલનારો. (चर भक्षणे च-४१०)
अच् ५.१.४९થી अच्→चर्+**अ**
આ સૂત્રથી દ્વિત્વ અને અનો આ→**चरा**चर
પ્રથમા સિ વગેરે→चराचरः।
વિકલ્પે : આ સૂત્રથી નિપાતન ન થાય ત્યારે, **चरः**।

(૨) **चलाचलः/चलः** = ચાલનારો. (चल कम्पने-९७२)

(૩) **पतापतः/पतः** = પડનારો. (पत्लृं गतौ-९६२)

(૪) **वदावदः/वदः** = બોલનારો. (वद व्यक्तायां वाचि-९९८)

(૫) **घनाघनः/घनः** = હણનારો. (हनंक् हिंसा-गत्योः-११००)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ઉદા.૫માં હ્નો घ् કરવો.

(૬) **पाटूपटः/पाटः** = જનારો. (पट गतौ-१९५)
प्रयोक्तृ०३.४.२०થી णिग्→पट्+**इ**
ञ्णिति ४.३.५०થી વૃદ્ધિ→**पा**टि
अच् ५.१.४९થી अच्→पाटि+**अ**
णेरनिटि ४.३.८३થી इનો લોપ→पाट
આ સૂત્રથી દ્વિત્વ, અનો उ અને બીજા પાટનાં આનો અ→पा**टूप**ट
વિકલ્પે : આ સૂત્રથી નિપાતન ન થાય ત્યારે, पाटः।

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો पाटुपटम्નાં સ્થાને पटूपटः પ્રયોગ નિપાતન કરે છે.

चिक्लिद-चक्नसम् ४.१.१४

અ.અ.સૂ. : चिक्लिद-चक्नसं (निपात्येते)।

અર્થ : क प्रत्यय પર છતાં चिक्लिद અને अच् प्रत्यय પર છતાં चक्नस प्रयोग કરાયેલાં द्वित्वादिवाળો निपातन પામે છે.

સ. : चिक्लिद-चक्नसम् = चिक्लिदश्च चक्नसश्चेति।

ઉદા. (૧) चिक्लिदः = ભીનો. (क्लिदौंच् आर्द्रभावे-११९७)
नाम्युपान्त्य०५.१.५४थी क→क्लिद्+**अ**
આ સૂત્રથી द्वित्व निपातन→**क्लि**क्लिद्+अ
व्यञ्जनस्या०४.१.४४थी ल्नो लोप→किक्लिद्+अ
कङश्चञ् ४.१.४६थी क्नो च्→**चि**क्लिद
प्रथमा सि वगेरे→चिक्लिदः।

(૨) **चक्नसम्** = ચળકાટવાળો.
(क्नसूच् ह्वृति-दीप्त्योः-११७०)
આ ઉદા.ની साधनिका पूर्वप्रमाणे જાણવી. પરંતુ अच् ५.१.४९थी अच् प्रत्यय કરવો.

दाश्वत्-साह्वत्-मीढ्वत् ४.१.१५

અ.અ.સૂ. : दाश्वत्-साह्वत्-मीढ्वत् (निपात्यन्ते)।

અર્થ : क्वसु प्रत्यय પર છતાં दाश्वत्, साह्वत् અને मीढ्वत् प्रयोगो નહીં કરાયેલાં द्वित्वादि कार्योवाળાં निपातन પામે છે.

સ. : दाश्वत्-साह्वत्-मीढवत् = दाश्वांश्च साह्वांश्च मीढ्वांश्चेति।

ઉદા. (૧) **दाश्वांसौ** = દાન આપનારાં બે. (दाशृग् दाने-૩૨૨)
तत्र क्वसु०५.२.२थी क्वसु→दाश्+**वस्**
द्विर्धातुः०४.१.४थी प्राप्त **द्वित्वनो** अने
स्क्रसृ०४.४.८१थी प्राप्त **इट् नो**
आ सूत्रथी **निषेध**→दाश्वस्
प्रथमा औ वगेरे→दाश्वांसौ।

(૨) **साह्वांसौ** = સહન કરનારાં બે. (षहि मर्षणे-૯૯૦)
અહીં આ સૂત્રથી ધાતુ આત્મનેપદી હોવા છતાં પરસ્મૈપદસંજ્ઞક **क्वसु प्रत्यय, द्वित्व** તથા **इट् नो अभाव** અને **दीर्घत्व** નિપાતન પામે છે.

(૩) **मीढ्वांसौ** = સિંચનારાં બે. (मिहं सेचने-૬૬૨)
અહીં આ સૂત્રથી ધાતુનાં इ નો દીર્ઘ, ह નો ढ् અને દ્વિત્વ તથા इट् નો અભાવ નિપાતન પામે છે.

ज्ञप्यापो ज्ञीपीप् न च द्विः सि सनि ४.१.१६

અ.અ.સૂ. : ज्ञप्यापः धातोः सि सनि ज्ञीपीप्, न च द्विः।

અર્થ : ज्ञपि અને आप् ધાતુનો सकारादि सन् પ્રત્યય પર છતાં અનુક્રમે ज्ञीप् અને ईप् આદેશ થાય છે. અને તેનો એકસ્વરી અંશ દ્વિત્વ થતો નથી.

સ. : (૧) **ज्ञप्यापः** = ज्ञपिश्च आप् चेति ज्ञप्याप्, तस्येति।
(૨) **ज्ञीपीप्** = ज्ञीप् च ईप् चेति।

ઉદા. (૧) **ज्ञीप्सति** = તે જણાવવાને ઇચ્છે છે.
(ज्ञांश् अवबोधने-૧૫૪૦)

प्रयोक्तृ०३.४.२०थी णिग्→ज्ञा+**इ**
अर्त्ति-री०४.२.२१थी पु आगम→**ज्ञापि**
मारण-तोषण०४.२.३०थी ह्रस्व→**ज्ञपि**
तुमर्हादि०३.४.२१थी सन्→ज्ञपि+**स**
आ सूत्रथी ज्ञीप् आदेश→**ज्ञीप्+स**
तिव् वगेरे→ज्ञीप्**सति**।

(२) **ईप्सति** = તે મેળવવાને ઇચ્છે છે.
(आप्लृंट् व्याप्तौ-१३०७)
तुमर्हादि०३.४.२१थी सन्→आप्+**स**
आ सूत्रथी ईप् आदेश→**ईप्स**
तिव् वगेरे→ईप्**सति**।

प्र.ઉદા. **सीति किम्? जिज्ञपयिषति** = તે જણાવવાને ઇચ્છે છે.
णिग् वगेरे पूर्वप्रमाणे→**ज्ञपि**+**स**
इ-वृध०४.४.४७थी इट्→ज्ञपि+**इ**+स
नामिनो गुणो०४.३.१थी गुण→**ज्ञपे**+इस
एदैतोऽ०१.२.२३थी अय्→**ज्ञपयि**स
सन्यङ०४.१.३थी द्वित्व→**ज्ञ**ज्ञपयिस
व्यञ्जनस्या०४.१.४४थी ञ्नो लोप→**ज**ज्ञपयिस
सन्यस्य ४.१.५९थी अनो इ→**जि**ज्ञपयिस
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→जिज्ञपयि**ष**
तिव् वगेरे→जिज्ञपयिष**ति**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ स्कारादि सन् प्रत्यय પર છતાં થાય છે. જ્યારે અહીં इट् आगम सन्नुं अंग मनातां सन् स्कारादि रहेतो नथी. माटे आ सूत्रथी ज्ञीप् आदेश थयो नहीं.

વિશેષતા :

(૧) અહીં ज्ञप्यापः સ્થાની અને ज्ञीपीप् કાર્યને દર્શાવનાર પદની સંખ્યા અને વચન સમાન હોવાથી **यथा-सङ्ख्यमनुदेशः समानाम् ૧/૧૦** ન્યાયાનુસારે તે બંને વચ્ચે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

(૨) વસ્તુતઃ કોઈપણ ધાતુનો આદેશ કર્યો હોય તો તે આદેશનાં વિધાનસામર્થ્યથી જ દ્વિત્વનો પણ નિષેધ થઈ શકે છે. કારણકે જો દ્વિત્વ અભિપ્રેત જ હોય તો દ્વિત્વ સહિતનો જ આદેશ દર્શાવે. પરંતુ આ સૂત્રમાં આદેશ કર્યા બાદ દ્વિત્વનો જે નિષેધ જણાવ્યો છે. તેનાથી ફલિત થાય છે કે, આગામી કોઈપણ સૂત્રમાં જે ધાતુનો આદેશ દર્શાવ્યો હોય તો ત્યાં આદેશ બાદ દ્વિત્વ વિધિ પણ થઈ શકે છે.

ऋध ईर्त् ૪.૧.૧૭

અ.અ.સૂ. : ऋधः धातोः सि सनि ईर्त्, न च द्विः।

અર્થ : ऋध् ધાતુનો सકારાદિ सन् પ્રત્યય પર છતાં ईर्त् આદેશ થાય છે. અને તેનું દ્વિત્વ થતું નથી.

ઉદા. ईर्त्सति = તે વધવાને ઇચ્છે છે.

(ऋधूच् वृद्धौ-૧૧૮૬)

तुमर्हादि०૩.૪.૨૧થી सन्→ऋध्+**स**

આ સૂત્રથી ईर्त् આદેશ→**ईर्त्स**

तिव् વગેરે→ईर्त्स**ति**।

પ્ર.ઉદા. **सीत्येव→अर्दिधिषति** = તે વધવાને ઇચ્છે છે.

तुमर्हादि०૩.૪.૨૧થી सन्→ऋध्+**स**

इ-वृध०૪.૪.૪૭થી इट्→ऋध्+**इस**

लघोरुपा०૪.૩.૪થી गुण→**अर्धिस**

नाम्यन्तस्था०૨.૩.૧૫થી स्नो ष्→अर्धि**ष**

स्वरादे०૪.૧.૩થી द्वित्व→**अर्धि**धिष

द्वितीय-तुर्ययोः०૪.૧.૪૨થી ध्नो द्→**अर्दि**धिष

तिव् વગેરે→अर्दिधिष**ति**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ सકારાદિ सन् પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં इट् આગમ સહિત सन् હોવાથી તે सકારાદિ નથી. માટે આ સૂત્રથી ईर्त् આદેશ થયો નહીં.

વિશેષતા :

સૂત્રમાં ऋधः એ પ્રમાણે અનુબંધ રહિત ऋध् ધાતુનો નિર્દેશ હોવાથી **निरनुबन्धग्रहणे सामान्येन ૨/૫** ન્યાયાનુસારે દિવાદિ ગણનો ऋधूच्-૧૧૮૬ અને સ્વાદિ ગણનો ऋधूट्-૧૩૦૬ આ બંને ધાતુનું ગ્રહણ થાય છે.

दम्भो धिप्-धीप् ૪.૧.૧૮

અ.અ.સૂ. : दम्भः धातोः सि सनि धिप्-धीप्, न च द्विः।

અર્થ : દમ્ભ્ ધાતુનો सકારાદિ सन् પ્રત્યય પર છતાં धिप् અને धीप् આદેશ થાય છે. અને તેનું દ્વિત્વ થતું નથી.

સ. : धिप्-धीप् = धिप् च धीप् चेति।

ઉદા. (૧) **धिप्सति/धीप्सति** = તે દંભ કરવાને ઇચ્છે છે.
(दम्भूट् दम्भे-૧૩૦૯)

तुमर्हादि०३.४.२१थी सन्→दम्भ्+**स**
आ सूत्रथी धिप् अने धीप्→**धिप्स/धीप्स**
तिव् वगेरे→धिप्स**ति**/धीप्स**ति**।

प्र.उदा. **सीत्येव→दिदम्भिषति** = ते दंभ करवाने ईच्छे छे.
तुमर्हादि०३.४.२१थी सन्→दम्भ्+**स**
इ-वृध०४.४.४७थी इट्→दम्भि**स**
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→दम्भि**ष**
सन्यङ०४.१.३थी द्वित्व→**द**दम्भिष
सन्यस्य ४.१.५९थी इ→**दि**दम्भिष
तिव् वगेरे→दिदम्भिष**ति**।

★ આ સૂત्रनी प्रवृत्ति सकारादि सन् प्रत्यय પર છતां थाय छे. જ्यारे અહીं इट् आगम सहित सन् होवाथी ते सकारादि नथी. माटे आ सूत्रथी धिप्-धीप् आदेश थयो नहीं.

अव्याप्यस्य मुचेर्मोग् वा ४.१.१९

अ.अ.सू. : **अव्याप्यस्य मुचेः धातोः सि सनि मोक् वा, न च द्विः।**

अर्थ : अकर्मक એवा मुच् धातुनो सकारादि सन् प्रत्यय પર છતां मोक् आदेश विकल्पे थाय छे. अने तेनुं द्वित्व थतुं नथी.

स. : **अव्याप्यस्य** = न विद्यते व्याप्यं यस्य स इति अव्याप्यम्, तस्येति।

उदा. (१) **मोक्षति/मुमुक्षति चैत्रः** = चैत्र त्याग करवाने ईच्छे छे. (मुच्लृंती मोक्षणे-१३२०)

तुमर्हादि०३.४.२१थी सन्→मुच्+**स**
आ सूत्रथी मोक् आदेश→**मोक्**+स
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→**मोक्ष**
तिव् वगेरे→मोक्ष**ति**।
विकल्पे : आ सूत्रथी मोक् न थाय त्यारे, मुच्+स
सन्यङ०४.१.३थी द्वित्व→**मु**मुच्+स
च-जः०२.१.८६थी च्नो क्→मुमु**क्**+स
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→मुमु**क्ष**
तिव् वगेरे→मुमुक्ष**ति**।

प्र.उदा.(१) अव्याप्यस्येति किम्? मुमुक्षति वत्सम् =
वाछरडांने त्यागवाने ईच्छे छे.
आ उदा.नी साधनिका पूर्वे दर्शावेल छे.

★ आ सूत्रनी प्रवृत्ति अकर्मक मुच् धातुथी थाय छे. ज्यारे अहीं सकर्मक मुच् धातु छे. माटे आ सूत्रथी मोक् आदेश थयो नहीं.

मि-मी-मा-दामित् स्वरस्य ४.१.२०

अ.अ.सू. : मि-मी-मा-दां धातूनां स्वरस्य सि सनि इत्, न च द्विः।

अर्थ : मि, मी, मा अने दा संज्ञक धातुओनां अन्त्य स्वरनो सकारादि सन् प्रत्यय पर छतां इत् आदेश थाय छे. अने तेनुं द्वित्व थतुं नथी.

स. : मि-मी-मा-दाम् = मिश्च मीश्च माश्च दाश्चेति मिमीमादाः, तेषामिति।

ઉદા. (૧) **मित्सति** = તે ફેંકવાને ઇચ્છે છે. (डुमिंग्ट् प्रक्षेपणे-१२८९)
तुमर्हादि०३.४.२१थी सन्→मि+**स**
આ સૂત્રથી इ નો इत्→**मित्स**
तिव् વગેરે→मित्स**ति**।

(૨) **मित्सते** = તે હણવાને ઇચ્છે છે. (मींग्श् हिंसायाम्-१५१२)

(૩) **मित्सति** = તે માપવાને ઇચ્છે છે.
(मांक् मान-शब्दयोः-११३७)

(૪) **दित्सति** = તે આપવાને ઇચ્છે છે. (दां दाने-७)

(૫) **धित्सति** = તે પોષણ કરવાને ઇચ્છે છે. (ट्धें पाने-२८)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં मि-मी-मा-दाम् એ પ્રમાણે બ.વ. વ્યાપ્તિ માટે દર્શાવ્યું છે. તેથી **निरनुबन्धग्रहणे न सानुबन्धकस्याऽपि १/३२** અને **लक्षण-प्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव १/१५** ઇત્યાદિ ન્યાયનો આશ્રય કરાતો નથી. પણ **निरनुबन्धग्रहणे सामान्येन २/५** આ ન્યાયનો આશ્રય થશે. તેથી, અહીં સૂત્રગત मी પદ દ્વારા मींग्श्-१५१२ અને मींङ्च्-१२४६ એ બંને ધાતુનું તથા, मा પદ દ્વારા मांक्-१०७३, मांङ्क्-११३७ અને मेंङ्-६०३ આ ત્રણે ધાતુનું તેમજ, दा પદ દ્વારા दा સંજ્ઞક છ ધાતુનું ગ્રહણ થાય છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો અદાદિ ગણનાં मा ધાતુથી આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છતાં નથી. તેથી તેઓનાં મતે मिमासति વગેરે પ્રયોગો થાય છે.

रभ-लभ-शक-पदामिः ४.१.२१

अ.अ.सू. : रभ-लभ-शक-पदां धातूनां स्वरस्य सि सनि इः, न च द्विः।

अर्थ : रभ्, लभ्, शक् अने पद् धातुनां स्वरनो सकारादि सन् पर छतां इ थाय छे. अने तेनुं द्वित्व थतुं नथी.

स. : रभ-लभ-शक-पदाम् = रभश्च लभश्च शकश्च पद् चेति रभलभशकपद्, तेषामिति।

उदा. (१) **आरिप्सते** = ते आरंभ करवाने ईच्छे छे.
(रभिं राभस्ये-७८५)
तुमर्हादि०३.४.२१थी सन्→आ+रभ्+**स**
आ सूत्रथी अनो इ→आ+**रि**भ्+स
अघोषे प्रथमो०१.३.५०थी भ्नो प्→आरिप्स
ते वगेरे→आरिप्स**ते**।

(२) **लिप्सते** = ते प्राप्त करवाने ईच्छे छे.
(डुलभिष् प्राप्तौ-७८६)
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

(३) **शिक्षति** = ते सहन करवाने ईच्छे छे.
(शकींच् मर्षणे-१२८०)
तुमर्हादि०३.४.२१थी सन्→शक्+**स**
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→शक्ष्
सन्यस्य ४.१.५९थी अनो इ→**शि**क्ष
तिव् वगेरे→शिक्ष**ति**।

(४) **पित्सति** = ते पडवाने ईच्छे छे. (पत्लृं गतौ-९६२)

(૫) **पित्सते** = તે ચાલવાને ઇચ્છે છે. (पदिंच् गतौ-१२५७)
આ ઉદા.ની સાધનિકા આરિપ્સતે પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. सीत्येव→पिपतिषति = તે પડવાને ઇચ્છે છે.
तुमर्हादि०३.४.२१थी सन्→पत्+**स**
सन्यङ०४.१.३थी द्वित्व→**प**पत्+स
इ-वृध०४.४.४७थी इट्→पप**ति**स
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→पपति**ष**
सन्यस्य ४.१.५९थी अनो इ→**पि**पतिष
तिव् वगेरे→पिपतिष**ति**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ सકારાદિ सन् પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં इट् આગમ સહિત सन् હોવાથી તે सકારાદિ નથી. માટે આ સૂત્રથી સ્વરનો इ થયો નહીં.

વિશેષતા :

અહીં સૂત્રમાં पदाम् એ પ્રમાણે બ.વ.નો નિર્દેશ કર્યો છે. તેથી शक् પદ દ્વારા दिवादि शकींच्-१२८० અને स्वादि शक्लृंट्-१३०० આ બંને ધાતુનું ગ્રહણ થાય છે.

राधेर्वधे ४.१.२२

અ.અ.સૂ. : वधे राधेः धातोः स्वरस्य सि सनि इः, न च द्विः।

અર્થ : હિંસાર્થક राध् ધાતુનાં સ્વરનો सકારાદિ सन् પ્રત્યય પર છતાં इ થાય છે. અને તેનું દ્વિત્વ થતું નથી.

ઉદા. प्रतिरित्सते = તે હણવાને ઇચ્છે છે.
(राधंट् संसिद्धौ-१३०४)
तुमर्हादि०३.४.२१थी सन्→प्रति+राध्+**स**

આ સૂત્રથી અનો इ→प्रति+**रि**ध्+स
अघोषे प्रथमो०१.३.५०थी ध्नो त्→प्रतिरित्स
तिव् वगेरे→प्रतिरित्स**ति**।

प्र.ઉદા. वध इति किम् ? आरिरात्सति =
તે આરાધના કરવાને ઇચ્છે છે.
तुमर्हादि०३.४.२१थी सन्→आ+राध्+**स**
सन्यङ०४.१.३थी द्वित्व→आ+**रा**राध्+स
ह्रस्वः ४.१.३९थी ह्रस्व→आ+**र**राध्+स
सन्यस्य ४.१.५९थी अनो इ→आ+**रि**राध्+स
अघोषे प्रथमो०१.३.५०थी ध्नो त्→आरिरात्**स**
तिव् वगेरे→आरिरात्स**ति**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ વધ અર્થમાં વર્ત્તતાં राध् ધાતુથી થાય છે. જ્યારે અહીં વધ અર્થ નથી. માટે આ સૂત્રથી इ આદેશ થયો નહીં.

વિશેષતા :

અહીં राधेः એ પ્રમાણે અનુબંધ રહિત राध् ધાતુનો નિર્દેશ હોવાથી **निरनुबन्धग्रहणे सामान्येन २/५** ન્યાયાનુસારે દિવાદિ ગણનો राधंच्-११५३ અને તુદાદિ ગણનો राधंट्-१३०४ આ બંને ધાતુનું ગ્રહણ થાય છે. આ વાત આગામી સૂત્રમાં પણ જાણવી.

अवित्परोक्षा-सेट्थवोरेः ४.१.२३

अ.अ.सू. : वधे राधेः धातोः अवित्परोक्षा-सेट्-थवोः स्वरस्य एः, न च द्विः।

અર્થ : હિંસાર્થક राध् ધાતુનાં સ્વરનો પરોક્ષાનાં अवित् પ્રત્યયો અને सेट् એવો थव् પ્રત્યય પર છતાં ए થાય છે. અને તેનું દ્વિત્વ થતું નથી.

સ. : अवित्परोक्षासेट्थवोः = न विदिति अवित्, अविच्चासौ परोक्षा चेति अवित्परोक्षा, सह इटा वर्त्तते सेट्, सेट् चासौ थव् चेति सेट्थव्, अवित्परोक्षा च सेट्थव् चेति अवित्परोक्षासेट्थवौ, तयोरिति।

ઉદા. (૧) **रेधुः** = તેઓએ હિંસા કરી હતી. (राधंट् संसिद्धौ-१३०४)
परोक्षे ५.२.१२ વગેરેથી उस्→राध्+**उस्**
આ સૂત્રથી आ નો ए→**रे**धुस्
પદસંજ્ઞા વગેરે→रेधुः।

(૨) **रेधिथ** = તેં હિંસા કરી હતી.
परोक्षे ५.२.१२ વગેરેથી थव्→राध्+**थ**
स्क्रसृ०४.४.८१थी इट्→राध्+**इथ**
આ સૂત્રથી आ નો ए→**रे**धिथ।

પ્ર.ઉદા. (૧) **अविदिति किम्? अपरराध** = મેં હિંસા કરી હતી.
परोक्षे ५.२.१२ વગેરેથી णव्→अप+राध्+**अ**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→अप+राध्राध्+अ
व्यञ्जनस्या०४.१.४४थी ध् નો લોપ→अपराराध्+अ
ह्रस्वः ४.१.३९थी ह्रस्व→अप**र**राध।

★ આ સૂત્રની પ્રવૃત્તિ अवित् પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં णव् वित् પ્રત્યય છે. માટે આ સૂત્રથી आ નો ए થયો નહીં.

(૨) **वध इत्येव→आरराधतुः** = બે જણાએ આરાધના કરી. આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ અહીં अतुस् પ્રત્યય કરવો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ વધ અર્થમાં વર્ત્તતાં राध् ધાતુથી થાય છે. જ્યારે અહીં વધ અર્થ નથી. માટે આ સૂત્રથી आ નો ए થયો નહીં.

अनादेशादेरेकव्यञ्जनमध्येऽतः ४.१.२४

અ.અ.સૂ. : अवित्परोक्षा-सेट्थवोः अनादेशादेः धातोः एक-व्यञ्जनमध्ये अतः एः, न च द्विः।

અર્થ : પરોક્ષાનાં अवित् પ્રત્યયો અને सेट् એવો थव् પ્રત્યય પર છતાં જે ધાતુનાં આદિ વર્ણનો આદેશ થતો નથી. એવા અસંયુક્ત વ્યંજનની મધ્યમાં રહેલાં સ્વરનો ए થાય છે. અને તેનું દ્વિત્વ થતું નથી.

સ. : (૧) **अनादेशादेः** = आदेश आदिर्यस्य स इति आदेशादिः, न आदेशादिरिति अनादेशादिः, तस्येति।

(૨) **एकव्यञ्जनमध्ये** = एके च ते व्यञ्जने चेति एकव्यञ्जने, एकव्यञ्जनयोः मध्यमिति एकव्यञ्जनमध्यम्, तस्मिन्निति।

ઉદા. (૧) **पेचुः** = તેઓએ રાંધ્યું. (डुपचींष् पाके-८९२)
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી उस्→पच्+**उस्**
આ સૂત્રથી આદેશ ન થાય તેવા પ્ અને ચ્ અસંયુક્ત વ્યંજનની મધ્યે રહેલ अ નો ए→**पे**चुस्
પદસંજ્ઞા વગેરે→पेचुः।

(૨) **पेचिथ** = તેં રાંધ્યું.
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ रेधिथ પ્રમાણે જાણવી. પરંતુ સ્વરનો ए આ સૂત્રથી કરવો.

(૩) **नेमुः** = તેઓ નમ્યાં. (णमं प्रह्वत्वे-३८८)

(૪) **नेमिथ** = તેં નમ્યો.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **अनादेशादेरिति किम् ? बभणतुः** = તે બે ભણ્યા.
(भण शब्दे-२६४)
परोक्षे ५.२.१२ વગેરેથી अतुस्→भण्+**अतुस्**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**भण्**भण्+अतुस्
व्यञ्जनस्या०४.१.४४थी ण्नो लोप→भभण्+अतुस्
द्वितीय-तुर्ययोः०४.१.४२थी भ्नो ब्→**ब**भणतुस्
पदसंज्ञा વગેરે→बभणतुः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ જે ધાતુનાં આદિ વ્યંજનનો આદેશ ન થતો હોય તેવા ધાતુથી થાય છે. જ્યારે અહીં भण् ધાતુનાં भ्નો ब् થાય છે. માટે આ સૂત્રથી अનો ए થયો નહીં.

(૨) **एकव्यञ्जनमध्य इति किम् ? ततक्षिथ** = તેણે છોલ્યું.
(तक्षौ तनूकरणे-५७१)
परोक्षे ५.२.१२ વગેરેથી थव्→तक्ष्+**थ**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**तक्ष्**तक्ष्+थ
व्यञ्जनस्या०४.१.४४थी क्ष्नो लोप→**तत**क्ष्+थ
स्क्रसृवृ०४.४.८१थी इट्→तत**क्षिथ**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ અસંયુક્ત વ્યંજનની મધ્યમાં અ હોય તો થાય છે. જ્યારે અહીં क्ष् સંયુક્ત વ્યંજન છે. માટે આ સૂત્રથી अનો ए થયો નહીં.

(૩) **अत इति किम् ? दिदिवतुः** = તેઓ બે રમ્યા.
(दिवूच् क्रीडाजये०११४४)
આ ઉદા.ની સાધનિકા बभणतुः પ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં અનાં એનું વિધાન છે. જ્યારે અહીં અસંયુક્ત વ્યંજનની મધ્યમાં ઇ છે. માટે આ સૂત્રથી એ થયો નહીં.

(૪) **सेट्थवीत्येव→पपक्थ** = તેં રાંધ્યું.
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી થવ્→પચ્+**થ**
દ્વિર્ધાતુઃ૦૪.૧.૧થી દ્વિત્વ→**પચ્**પચ્+થ
વ્યઞ્જનસ્યા૦૪.૧.૪૪થી ચ્નો લોપ→પપચ્+થ
ચ-જઃ૦૨.૧.૮૬થી ચ્નો ક્→પપ**ક્થ**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સેટ્ થવ્ પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં પચ્ ધાતુને સૃજિ-દૃશિ૦૪.૪.૭૮થી વિકલ્પે ઇટ્ થતી હોવાથી ઇટ્ના અભાવમાં આ સૂત્રથી એ થયો નહીં.

વિશેષતા :

અહીં પૂર્વસૂત્રથી અવિત્પરોક્ષાસેટ્થવોઃ નાં અધિકારને **अर्थवशाद्विभक्तिपरिणामः ૧/૧૩** ન્યાયાનુસારે ષષ્ઠી વિભક્ત્યન્ત દર્શાવીને अनादेशादेः નું વિશેષણ બનાવવામાં આવ્યું છે. તેવું કરવા દ્વારા જે ધાતુઓમાં અવિત્ પરોક્ષા અને સેટ્ થવ્ પ્રત્યય પર છતાં આદેશ થાય છે, તે જ ધાતુઓનું વર્જન કરવું. પણ એ સિવાયનાં અન્ય નિમિત્તથી કે નિર્નિમિત્તે જે ધાતુઓમાં આદિ વ્યંજનનો આદેશ થાય છે, તેવા ધાતુઓનું વર્જન કરવું નહીં. તેથી તેઓમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે. જેમકે, ધાતુમાં પાઠે ધાત્વાદે૦૨.૩.૯૭થી ણ્નો ન્ અને ષહણ્ ધાતુમાં षः सोऽष्ट्यै० ૨.૩.૯૮થી ષ્નો સ્ આદેશ થાય છે. તો પણ તે નિર્નિમિત્તક હોવાથી અર્થાત્ અવિત્ પરોક્ષા અને સેટ્ થવ્ નિમિત્તક નહીં હોવાથી તેઓનાં વિષયમાં આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. જેમકે, નેમુઃ, સેહે।

तृ-त्रप-फल-भजाम् ४.१.२५

अ.अ.सू. : तृ-त्रप-फल-भजां धातूनां स्वरस्य अवित्परोक्षा-सेट्थवोः एः, न च द्विः।

अर्थ : तृ, त्रप्, फल् अने भज् धातुनां स्वरनो परोक्षानां अवित् प्रत्ययो अने सेट् थव् प्रत्यय पर छतां ए थाय छे. अने तेनुं द्वित्व थतुं नथी.

स. : तृ-त्रप-फल-भजाम् = तृश्च त्रपश्च फलश्च भज् चेति तृत्रपफलभजः, तेषामिति।

उदा. (१) **तेरुः** = तेओ तर्या. (तृ प्लवन-तरणयोः-२७)
परोक्षे ५.२.१२ वगेरेथी उस्→तृ+**उस्**
स्कृच्छृतो०४.३.८थी गुण→**तर्**+उस्
आ सूत्रथी अनो ए→**ते**रुस्
पदसंज्ञा वगेरे→तेरुः।

(२) **तेरिथ** = तुं तर्यो.
परोक्षे ५.२.१२ वगेरेथी थव्→तृ+**थ**
स्क्रसृ०४.४.८१थी इट् आगम→तृ+**इथ**
स्कृच्छृतो०४.३.८थी गुण→**तर्**+इथ
आ सूत्रथी अनो ए→**ते**रिथ।

(३) **त्रेपे** = ते शरमायो. (त्रपौषि लज्जायाम्-७६२)
परोक्षे ५.२.१२ वगेरेथी ए→त्रप्+**ए**
आ सूत्रथी अनो ए→**त्रे**पे।

(४) **फेलुः** = ते गयो.
(फल गतौ-९८३)

(५) **फेलिथ** = ते गयो.

(૬) **भेजुः** = તેઓએ સેવા કરી. (भजीं सेवायाम्-८९५)

(૭) **भेजिथ** = તેં સેવા કરી.

★ આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ इट्નું વિધાન सृजि-दृशि०४.४.७८ સૂત્રથી કરવું.

વિશેષતા :

(૧) અહીં तृ (तर्) ધાતુમાં રહેલો अ स्कृच्छृतो०४.३.८ સૂત્ર દ્વારા ગુણ રૂપ છે. त्रप् ધાતુમાં રહેલો अ સંયુક્ત વ્યંજનની મધ્યમાં છે. તથા फल् અને भज् ધાતુ द्वितीय-तुर्ययोः० ४.१.४२થી આદિ વ્યંજનનાં આદેશવાળાં છે. તેથી પૂર્વસૂત્રથી તેમનાં एत्वની પ્રાપ્તિ ન હતી. તેની પ્રાપ્તિ માટે આ સૂત્રનો નિર્દેશ છે.

(૨) અહીં સૂત્રગત બ.વ. દ્વારા फल પદથી **निरनुबन्धग्रहणे सामान्येन** ૨/૫ ન્યાયાનુસારે फल-४२८, फल-९८३ અને ञिफला-४१४ આ ત્રણે ધાતુનું ગ્રહણ થાય છે.

जॄ-भ्रम-वम-त्रस-फण-स्यम-स्वन-राज-भ्राज-भ्रास-भ्लासो वा ४.१.२६

અ.અ.સૂ. : जॄ-भ्रम-वम-त्रस-फण-स्यम-स्वन-राज-भ्राज-भ्रास-भ्लासः धातोः स्वरस्य अवित्परोक्षासेट्थवोः एः वा, न च द्विः।

અર્થ : जॄ, भ्रम्, वम्, त्रस्, फण्, स्यम्, स्वन्, राज्, भ्राज्, भ्रास्, અને भ्लास् ધાતુનાં સ્વરનો પરોક્ષાનાં अवित् પ્રત્યયો અને सेट् थव् પ્રત્યય પર છતાં ए વિકલ્પે થાય છે. અને તેનું દ્વિત્વ થતું નથી.

સ. : **जृ-भ्रम-वम-त्रस-फण-स्यम-स्वन-राज-भ्राज-भ्रास-भ्लासः** = जृश्च भ्रमश्च वमश्च त्रसश्च फणश्च स्यमश्च स्वनश्च भ्राजश्च भ्रासश्च भ्लास् चेति जृभ्रमवमत्रसफणस्यमस्वनराजभ्राजभ्रासभ्लास्, तस्येति।

ઉદા. (૧) **जेरुः/जजरुः** = તેઓ વૃદ્ધ થયા. (जृष् जरसि-११४५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ तेरुः પ્રમાણે જાણવી. પરંતુ अનો ए આ સૂત્રથી વિકલ્પે કરવો.
વિકલ્પે : જ્યારે ए ન થાય ત્યારે, जृ+**उस्**
द्विर्धातुः०४.१.१थी દ્વિત્વ→**जृ**जृ+उस्
ह्रस्वः ४.१.३९थी હ્રસ્વ→**जृ**जृ+उस्
ऋतोऽत् ४.१.३८थी ऋનો अ→**ज**जृ+उस्
स्कृच्छृतो०४.३.८थी ગુણ→जजरु**स्**
પદસંજ્ઞા વગેરે→जजरुः।

(૨) **जेरिथ/जजरिथ** = તું વૃદ્ધ થયો.
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ तेरिथ પ્રમાણે જાણવી. પરંતુ अનો ए આ સૂત્રથી વિકલ્પે કરવો.
વિકલ્પે : આ સૂત્રથી ए ન થાય ત્યારે, जृ+**थ**
स्कृच्छृतो०४.३.८थी ગુણ→**जर्**+थ
स्क्रसृ०४.४.८१थी इट्→जर्+**इथ**
द्विर्धातुः०४.१.१थी દ્વિત્વ→**जर्**जर्+इथ
व्यञ्जनस्या०४.१.४४थी र्નો લોપ→जजरिथ।

(૩) **भ्रेमुः/बभ्रमुः** = તેઓ ભમ્યા. (भ्रमू चलने-९७०)

(૪) **भ्रेमिथ/बभ्रमिथ** = તું ભમ્યો.

(૫) **वेमुः/ववमुः** = તેઓ વમ્યા. (टुवमु उद्गिरणे-९६९)

(૬) **वेमिथ/ववमिथ** = તું વમ્યો.

(૭) **त्रेसुः/तत्रसुः** = તેઓ ભય પામ્યા. (त्रसैच् भये-११७१)

(૮) **त्रेसिथ/तत्रसिथ** = તું ભય પામ્યો.

(૯) **फेणुः/पफणुः** = તેઓ ગયા. (फण गतौ-१०३७)

(૧૦) **फेणिथ/पफणिथ** = તું ગયો.

(૧૧) **स्येमुः/सस्यमुः** = તેઓએ અવાજ કર્યો. (स्यमू शब्दे-३८७)

(૧૨) **स्येमिथ/सस्यमिथ** = તેં અવાજ કર્યો.

(૧૩) **स्वेनुः/सस्वनुः** = તેઓએ અવાજ કર્યો. (स्वन शब्दे-३२७)

(૧૪) **स्वेनिथ/सस्वनिथ** = તેં અવાજ કર્યો.

(૧૫) **रेजुः/रराजुः** = તેઓ શોભ્યા. (राजृग् दीप्तौ-८९३)

(૧૬) **रेजिथ/रराजिथ** = તું શોભ્યો.

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૧૭) **भ्रेजे/बभ्राजे** = તે શોભ્યો. (भ्राजि दीप्तौ-६६१)

પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી ए→भ्राज्+**ए**

આ સૂત્રથી आ નો ए→**भ्रे**जे।

विकल्पे : આ સૂત્રથી ए ન થાય ત્યારે, भ्राज्+**ए**

द्विर्धातुः०४.१.१થી દ્વિત્વ→**भ्राज्**भ्राज्+ए

व्यञ्जनस्या०४.१.४४થી रज् નો લોપ→भाभ्राज्+ए

ह्रस्वः ४.१.३९થી ह्रस्व→**भ**भ्राज्+ए

द्वितीय-तुर्ययोः०४.१.४२થી भ् નો ब्→**ब**भ्राजे।

(૧૮) **भ्रेसे/बभ्रासे** = તે શોભ્યો. (टुभ्रासि दीप्तौ-८४७)

(૧૯) **भ्लेसे/बभ्लासे** = તે શોભ્યો. (टुभ्लासृङ् दीप्तौ-८४८)

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) जृ (जर्) ધાતુમાં રહેલો अ स्कृच्छृतो०४.૩.८ સૂત્ર દ્વારા ગુણ રૂપ છે. भ्रम्, त्रस्, स्यम्, स्वन् ધાતુમાં રહેલો अ સંયુક્ત વ્યંજનની મધ્યમાં છે. वम् ધાતુનું આગામી न शस०४.१.૩૦ સૂત્રમાં વર્જન કરેલ છે. फण् ધાતુ द्वितीय-तुर्ययोः ४.१.४२ સૂત્રથી આદિ વ્યંજનનાં આદેશવાળો છે. તેમજ શેષ राज् વગેરે ધાતુમાં अકાર નથી. માટે अनादेशादेरेक०४.१.२४ સૂત્રથી તેમનાં एत्व ની પ્રાપ્તિ ન હતી. તેની પ્રાપ્તિ માટે આ સૂત્રનો નિર્દેશ છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો वम् ધાતુમાં एत्व ને ઈચ્છતાં નથી. તેથી તેઓનાં મતે ववमिथ પ્રયોગ જ થાય છે.

वा श्रन्थ-ग्रन्थो न्लुक् च ४.१.२७

અ.અ.સૂ. : **श्रन्थ-ग्रन्थः धातोः स्वरस्य अवित्परोक्षासेट्थवोः एः वा, न्लुक् च, न च द्विः।**

અર્થ : શ્રન્થ્ અને ગ્રન્થ્ ધાતુનાં સ્વરનો પરોક્ષાનાં અવિત્ પ્રત્યયો અને સેટ્ थव् પ્રત્યય પર છતાં ए વિકલ્પે થાય છે. અને તેનાં યોગમાં न્ નો લુક્ થાય છે. અને તેનું દ્વિત્વ થતું નથી.

સ. : (૧) **श्रन्थ-ग्रन्थः** = श्रन्थश्च ग्रन्थ् चेति श्रन्थग्रन्थ्, तस्येति।
(૨) **न्लुक्** = नो लुगिति।

ઉદા. (૧) **श्रेथुः/शश्रन्थुः** = તેઓ હર્ષિત થયા. (श्रन्थश् मोचन०१५४६) પરોક्षे ५.२.१२ વગેરેથી उस्→श्रन्थ्+**उस्**

આ સૂત્રથી અનો એ અને ન્નો લોપ→**श्रेथुस्**
પદસંજ્ઞા વગેરે→श्रेथुः।
વિકલ્પે : આ સૂત્રથી એ ન થાય ત્યારે, ग्रन्थ्+**उस्**
द्विर्धातुः૦૪.૧.૧થી દ્વિત્વ→**ग्रन्थ्**ग्रन्थ्+उस्
व्यञ्जनस्या૦૪.૧.૪૪થી રન્થ્નો લોપ→शग्रन्थ्+उस्
પદસંજ્ઞા વગેરે→शग्रन्थुः।

(૨) **श्रेथिथ/शग्रन्थिथ** = તું આનંદ પામ્યો.
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી થવ્→ग्रन्थ्+**थ**
આ સૂત્રથી અનો એ અને ન્નો લોપ→**श्रेथ्**+थ
सृजि-दृशि૦૪.૩.૭૮થી ઇટ્→**श्रेथि**थ।
વિકલ્પે : આ સૂત્રથી એ ન થાય ત્યારે, ग्रन्थ्+थ
सृजि૦૪.૩.૭૮થી ઇટ્→ग्रन्थ्+**इ**थ
દ્વિત્વ વગેરે પૂર્વપ્રમાણે થતાં→शग्रन्थिथ।

(૩) **ग्रेथुः/जग्रन्थुः** = તેઓએ ગૂંથ્યું. (ग्रन्थश् સંદર્ભે-૧૫૪૮)

(૪) **ग्रेथिथ/जग्रन्थिथ** = તેં રચના કરી.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં લ.વૃ.માં સન્નિયોગે પદનાં નિર્દેશ દ્વારા ધાતુનાં સ્વરનો એત્વ અને ન્નો લુક્ એમ બે કાર્ય વચ્ચે સંનિયોગશિષ્ટતા દર્શાવલ છે. તેથી જ્યારે ધાતુનો એત્વ નહીં થાય, ત્યારે ન્નો લોપ પણ થશે નહીં.

(૨) અહીં પૂર્વસૂત્રથી અનુવૃત્ત अवित्परोक्षासेट्थवोः એ પ્રમાણે નિમિત્ત દ્વિવચનમાં છે. અને 'ग्रन्थ्-ग्रन्थः' સ્થાની એ.વ.માં નિર્દિષ્ટ છે. આમ, બંનેનાં વચનભેદ કરવા

દ્વારા ગ્રંથકારશ્રીએ તે બે વચ્ચે **यथासङ्ख्यमनुदेशः समानाम् १/१०** ન્યાયની પ્રવૃત્તિનો નિષેધ દર્શાવેલ છે.

(૩) સૂત્રમાં શ્રન્થ્ અને ગ્રન્થ્ એ પ્રમાણે ધાતુનો નિર્દેશ કરેલો હોવાથી **लक्षण-प्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम् १/१५** ન્યાયાનુસારે લાક્ષણિક શ્રથુઙ-૭૧૭ અને ગ્રથુઙ-૭૧૮ ધાતુને વિશે આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં.

(૪) અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રનિર્દિષ્ટ શ્રન્થ્ અને ગ્રન્થ્ ધાતુમાં રહેલો અ અનેક વ્યંજનની મધ્યમાં હોવાથી અનાદેશાદે૦૪.૧.૨૪થી એત્વની પ્રાપ્તિ ન હતી. તેની પ્રાપ્તિ માટે આ સૂત્રનો નિર્દેશ છે.

दम्भः ૪.૧.૨૮

અ.અ.સૂ. : दम्भः धातोः स्वरस्य अवित्परोक्षासेट्थवोः एः, न्लुक् च, न च द्विः।

અર્થ : દમ્ભ્ ધાતુનાં સ્વરનો પરોક્ષાનાં અવિત્ પ્રત્યયો અને સેટ્ થવ્ પ્રત્યય પર છતાં એ થાય છે. તથા તેનાં યોગમાં ન્નો લોપ થાય છે. અને તેનું દ્વિત્વ થતું નથી.

ઉદા. देभुः = તેઓએ દંભ કર્યો. (दम्भूट् दम्भे-૧૩૦૯)
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી उस्→दम्भ्+**उस्**
આ સૂત્રથી અનો એ અને ન્નો લોપ→**देभुस्**
પદસંજ્ઞા વગેરે→देभुः।

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, દમ્ભ્ ધાતુમાં રહેલો અ અનેક વ્યંજનની મધ્યમાં રહેલો હોવાથી અનાદેશાદે૦૪.૧.

૨૪થી એત્વની પ્રાપ્તિ ન હતી. તેની પ્રાપ્તિ માટે આ સૂત્રનો નિર્દેશ કરેલ છે.

તથા, માત્ર દમ્ભ્ ધાતુનો અધિકાર ઉત્તરસૂત્ર લઈ જવો હોવાથી પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો. અન્યથા **सन्नियोगशिष्टानामेकापायेऽन्यतरस्याप्यपायः** ૧/૩૦ ન્યાયાનુસારે ગ્રન્થ્ વગેરે ધાતુનો અધિકાર પણ ઉત્તરસૂત્રમાં આવે.

(૨) અહીં પૂર્વસૂત્રથી अवित्परोक्षासेट्थवोः નો અધિકાર આવી રહ્યો છે. પણ સેટ્ થવ્ પ્રત્યય પર છતાં આગામી થે વા ૪.૧.૨૯ સૂત્ર પ્રવર્તતું હોવાથી **अपेक्षातोऽधिकारः** ૧/૧૨ ન્યાયાનુસારે અહીં अवित्परोक्षायाम्નું ગ્રહણ કરેલ છે.

थे वा ૪.૧.૨૯

અ.અ.સૂ. : दम्भः धातोः स्वरस्य थे ए: वा, न्लुक् च, न च द्विः ।

અર્થ : દમ્ભ્ ધાતુનાં સ્વરનો થવ્ પ્રત્યય પર છતાં ए વિકલ્પે થાય છે. અને તેનાં યોગમાં ન્નો લોપ થાય છે. અને તેનું દ્વિત્વ થતું નથી.

ઉદા. (૧) **देभिथ/ददम्भिथ** = તેં દંભ કર્યો. (दम्भूट् दम्भे-૧૩૦૯) આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ श्रेथिथ/शश्रन्थिथ પ્રમાણે જાણવી. પરંતુ એત્વ વગેરે કાર્ય આ સૂત્રથી કરવા.

વિશેષતા :

(૧) યદ્યપિ અહીં **निरनुबन्धग्रहणे सामान्येन** ૨/૫ ન્યાયાનુસારે સૂત્રગત થ પદ દ્વારા વર્ત્તમાના અને પરોક્ષા બંનેનાં થનાં ગ્રહણની સંભાવના છે. પરંતુ અહીં પરોક્ષાનો

થવ્ પ્રત્યય જ ગ્રહણ કરવો. કારણકે દમ્ભ્ ધાતુ સ્વાદિ ગણ અંતર્ગત હોવાથી વર્તમાનાનાં થનું ગ્રહણ કરવા જતાં સ્વાદેઃ શ્નુઃ ૩.૪.૭૫ સૂત્ર દ્વારા શ્નુનાં વ્યવધાનની સંભાવના છે.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો ગ્રન્થ્, ગ્રન્થ્ અને દમ્ભ્ ધાતુથી જ્યારે ન્નો લોપ થાય ત્યારે નિત્ય એત્વને ઇચ્છે છે. અને અવિત્ પરોક્ષામાં ન્નો લોપ નિત્ય થાય છે. તેથી તેઓનાં મતે ગ્રેથતુઃ ઇત્યાદિ પ્રયોગો જ થશે. પણ શગ્રન્થુઃ નહીં. જ્યારે ન્નો લોપ નહીં ત્યારે શગ્રન્થિથ ઇત્યાદિ પ્રયોગો થશે.

(૨) અન્ય કેટલાંક વ્યાકરણકારો ન્નાં લોપનાં અભાવમાં પણ નિત્ય એત્વ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે ગ્રેન્થિથ ઇત્યાદિ પ્રયોગો થાય છે.

न शस-दद-वादि-गुणिनः ४.१.३०

અ.અ.સૂ. : शस-दद-वादि-गुणिनः धातोः स्वरस्य एः न।

અર્થ : શસ્, દદ્, વ્કારાદિ અને ગુણવાળાં ધાતુઓનાં સ્વરનો એ થતો નથી.

સ. : शस-दद-वादि-गुणिनः = व् आदिर्येषां ते इति वादयः, गुणो विद्यते येषां ते इति गुणिनः, शसश्च ददश्च वादयश्च गुणिनश्चेति शस-दद-वादि-गुणिन्, तस्येति।

ઉદા. (૧) विशशस्युः = તેઓએ હિંસા કરી. (शसू हिंसायाम्-५४९) પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી उस्→वि+शस्+**उस्**

द्विर्धातुः०४.१.१थी द्वित्व→वि+**शस्**शस्+**उस्**
व्यञ्जनस्या०४.१.४४थी स्नो लोप→विशशसुस्
पदसंज्ञा वगेरे→विशशसुः।

(२) **विशशसिथ** = तें हिंसा करी.
परोक्षे ५.२.१२ वगेरेथी थव्→वि+शस्+**थ**
द्वित्व वगेरे थतां→वि+**श**शस्+थ
स्कसृ०४.४.८१थी इट्→विशश**सि**थ।

(३) **ददे** = तेणे आप्युं. (ददि दाने-७२७)
परोक्षे ५.२.१२ वगेरेथी ए→दद्+**ए**
द्वित्व वगेरे थतां→**ददे**।

(४) **ववले** = तेणे ढांक्युं. (वलि संवरणे-८०७)
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

(५) **विशशरुः** = तेओए हिंसा करी. (शृश् हिंसायाम्-१५३१)

(६) **विशशरिथ** = तें हिंसा करी.
आ उदा.नी साधनिका ४.१.२६ निर्दिष्ट जजरुः अने जजरिथ प्रमाणे जाणवी. उपरोक्त उदा.मां अनादेशादे० ४.१.२४थी प्राप्त एत्वनो आ सूत्र द्वारा निषेध करवो.

हौ दः ४.१.३१

अ.अ.सू. : दः धातोः स्वरस्य हौ एः, न च द्विः।

अर्थ : दा संज्ञक धातुओनां स्वरनो हि प्रत्यय पर छतां ए थाय छे. अने द्वित्व थतुं नथी.

उदा. (१) **देहि** = तुं आप. (दां दाने-७)
प्रैषा-ऽनुज्ञा०५.४.२९थी हि→दा+**हि**
आ सूत्रथी आनो ए→**देहि**।

(૨) **धेहि** = તું ધારણ કર. (डुधांग्क् धारणे-११३९)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં न च द्विः એ પ્રમાણે દ્વિત્વનાં નિષેધનો પણ નિર્દેશ કર્યો છે. તેનાથી પૂર્વે થયેલું દ્વિત્વ પણ નિવર્તન પામે છે. તેથી यङ्लुबन्त માં પણ देहि એ પ્રમાણે જ રૂપ જાણવું.

(૨) સૂત્રમાં हौ એ પ્રમાણે પ્રત્યય વિશેષનો નિર્દેશ કર્યો હોવાથી आशिषि तु०४.२.११९ દ્વારા થતાં તેનાં આદેશભૂત तात्નું ગ્રહણ થશે નહીં. તેથી दत्तात्, धत्तात् ઇત્યાદિ પ્રયોગો સિદ્ધ થાય છે.

देर्दिगि परोक्षायाम् ४.१.३२

અ.અ.સૂ. : देः धातोः परोक्षायां दिगि, न च द्विः।

અર્થ : दे ધાતુનું પરોક્ષાનાં પ્રત્યય પર છતાં दिगि આદેશ થાય છે. અને તેનું દ્વિત્વ થતું નથી.

ઉદા. दिग्ये = તેણે પાલન કર્યું. (देङ् पालने-६०४)
परोक्षे ५.२.१२ વગેરેથી ए→दे+**ए**
આ સૂત્રથી दिगि→**दिगि**+ए
इवर्णादेरस्वे०१.२.२१थी इनो य्→दिग्**ये**।

ङे पिबः पीप्य् ४.१.३३

અ.અ.સૂ. : पिबः धातोः ङे पीप्य्, न च द्विः।

અર્થ : ण्यन्त એવા पा ધાતુનો ङ प्रत्यय પર છતાં पीप्य् આદેશ થાય છે. અને તેનું દ્વિત્વ થતું નથી.

ઉદા. (૧) **अपीप्यत्** = તેણે પીવરાવ્યું. (પાં પાને-૨)
પ્રયોક્તૃ૦૩.૪.૨૦થી णिग्→पा+**इ**
पा-शा૦૪.૨.૨૦થી य् આગમ→**पायि**
અદ્યતની ૫.૨.૪ વગેરેથી द्→पायि+**द्**
णि-श्रि૦૩.૪.૫૮થી ङ→पायि+**अ**+द्
આ સૂત્રથી पीप्य् આદેશ→**पीप्य्**+अ+द्
अड् धातो૦૪.૪.૨૯થી अट् આગમ→**अ**पीप्यद्
विरामे वा ૧.૩.૫૧થી द्નો त्→अपीप्य**त्**।

વિશેષતા :

(૧) અહીં पिबનું ગ્રહણ હોવાથી અદાદિ સંબંધી पा ધાતુનું તેમજ, લુપ્ત થયેલાં तिव् પ્રત્યયવાળો નિર્દેશ હોવાથી **तिवाशवानुबन्धेन, निर्दिष्टं यद्गणेन च૦૧/૧૮** ન્યાયાનુસારે यङ्लुबन्तમાં આ સૂત્રની પ્રવૃત્તિનો નિષેધ થાય છે. જેમકે, अपापयत्।

अङे हि-हनो हो घः पूर्वात् ૪.૧.૩૪

અ.અ.સૂ. : हि-हनः धातोः अङे पूर्वात् हः घः।

અર્થ : हि અને हन् ધાતુથી ङ સિવાયનાં પ્રત્યય પર છતાં દ્વિત્વ થયે છતે પૂર્વથી પર રહેલાં હ્નો घ् થાય છે.

સ. : (૧) **अङे** = न ङ इति अङम्, तस्मिन्निति।
(૨) **हि-हनः** = हिश्च हन् चेति हिहन्, तस्येति।

ઉદા. (૧) **प्रजिघाय** = તેણે મોકલ્યો. (હિંટ્ गति૦૧૨૯૫)
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી णव्→प्र+हि+**अ**
द्विर्धातुः૦૪.૧.૧થી દ્વિત્વ→प्र+**हिहि**+अ

गहोर्जः ४.१.४०थी ह्नो ज्→प्र+**जि**हि+अ
नामिनोऽ०४.३.५१थी वृद्धि→प्र+जि**है**+अ
एदैतोऽ०१.२.२३थी आय्→प्रजि**हाय**
आ सूत्रथी ह्नो घ्→**प्रजिघाय**।

(२) **जंघन्यते** = ते वारंवार हणे छे.
(हनंक् हिंसा-गत्योः-११००)
व्यञ्जनादेरेक०३.४.९थी यङ्→हन्+**य**
सन्यङ०४.१.३थी द्वित्व→**हह**न्+य
गहोर्जः ४.१.४०थी ह्नो ज्→**ज**हन्+य
मुरतोऽनुना०४.१.५१थी मु आगम→ज**म्**हन्+य
तौ मु-मो०१.३.१४थी अनुस्वार→**जं**हन्+य
आ सूत्रथी ह्नो घ्→जं**घन्य**
ते वगेरे थतां→जंघन्य**ते**।

प्र.उदा. **अङ इति किम्? प्राजीहयत्** = तेणे मोकलाव्युं.
प्रयोक्तृ०३.४.२०थी णिग्→प्र+हि+**इ**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→प्र+**है**+इ
एदैतोऽ०१.२.२३थी आय्→प्र+**हायि**
अद्यतनी ५.२.४ वगेरेथी द्→प्र+हायि+**द्**
णि-श्रि०३.४.५८थी ङ→प्रहायि+**अ**+द्
आद्योंऽशः०४.१.२थी द्वित्व→प्र+**हा**हायि+अ+द्
ह्रस्वः ४.१.३९थी ह्रस्व→प्र+**ह**हायि+अ+द्
उपान्त्यस्या०४.२.३५थी धातुनो स्वर ह्रस्व→प्र+हहयि+अ+द्
सन्यस्य ४.१.५९थी अनो इ→प्र+**हि**हयि+अ+द्
लघोर्दीर्घो०४.१.६४थी दीर्घ→प्र+**ही**हयि+अ+द्
गहोर्जः ४.१.४०थी ह्नो ज्→प्र+**जी**हयि+अ+द्

णेरनिटि ४.३.८३थी णिग्नो लोप→प्रजीहयद्
अड् धातो०४.४.२९थी अट् आगम→**प्रा**जीहयद्
विरामे वा १.३.५१थी द्नो त्→प्राजीहय**त्**।

★ આ સૂત્રમાં ङ प्रत्ययनुं वर्जन होवाथी अहीं आ सूत्रथी धातुनां ह्नो घ् थयो नहीं.

विशेषता :

(१) અહીં अङे એ પ્રમાણે સપ્તમીનો નિર્દેશ હોવાથી सप्तम्या पूर्वस्य ७.४.१०५ પરિભાષાનુસારે અનંતર પૂર્વે રહેલાં हि, हन् धातुनुं ज ग्रहण थशे. तेथी हननीयितुमिच्छतीति जिहननीयिषति ઇત્યાદિ વ્યવધાન-વાળાં પ્રયોગોમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં.

(२) અહીં સૂત્રમાં अङे એ પ્રમાણે पर्युदासनञ्नो निर्देश कर्यो छे. तेथी तद्भिन्नतत्सदृशतया सूत्रनां विषय तरीके ङ सिवायनां पण धातुथी थतां अन्य प्रत्ययोनुं ग्रहण करवुं, पण अन्य (नाम वगेरे)थी थतां प्रत्ययोनुं नहीं. हननीयितुमिच्छतीति ઇત્યાદિ પ્રયોગમાં द्वित्व निमित्तक सन् प्रत्यय तो छे. पण हि-हन् पदनी अनंतर परमां नामधातु संबंधी य प्रत्यय छे. माटे आ सूत्रनी प्रवृत्ति थशे नहीं. ज्यारे प्रजिघायियिषति वगेरे प्रयोगोमां अनंतर परमां धातु संबंधी णि प्रत्यय छे. तेथी आ सूत्रनी प्रवृत्ति थाय छे.

(३) સૂત્રમાં पूर्वात् पदनुं ग्रहण कर्युं छे. जे पूर्व अंगने जणावे छे. अने ते पूर्व अंग द्वित्वमां ज संभवे छे. तेथी पूर्वसूत्रथी आवतो न च द्विः अधिकार अहीं निवृत्त थयेलो जाणवो.

जेर्गिः सन्-परोक्षयोः ४.१.३५

અ.અ.સૂ. : सन्-परोक्षयोः जेः धातोः पूर्वात् गिः।

અર્થ : सन् અને પરોક્ષાનાં પ્રત્યયો પર છતાં जि ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વથી પર રહેલા जिનો गि આદેશ થાય છે.

સ. : सन्-परोक्षयोः = सन् च परोक्षा चेति सन्परोक्षे, तयोरिति।

ઉદા. (૧) जिगीषति = તે જીતવાને ઇચ્છે છે. (जिं अभिभवे-८)

तुमर्हादि०३.४.२१થી सन्→जि+**स**

सन्यङ०४.१.३થી દ્વિત્વ→**जि**जि+स

આ સૂત્રથી ધાતુનાં जिનો गि→जि**गि**+स

नाम्यन्तस्था०२.३.१५થી स्નો ष्→जिगि**ष**

स्वर-हन०४.१.१०४થી દીર્ઘ→जि**गी**ष

तिव् વગેરે→जिगी**षति**।

(૨) विजिग्ये = તેણે જીત્યું.

परोक्षे ५.२.१२ વગેરેથી ए→वि+जि+**ए**

દ્વિત્વ વગેરે થતાં→वि+जि**गि**+ए

इवर्णादेरस्वे०१.२.२१થી इનો य्→विजि**ग्ये**।

વિશેષતા :

સૂત્રમાં जेः એ પ્રમાણે जि ધાતુનો નિર્દેશ કર્યો છે. ત્યાં **लक्षण-प्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम् १/१५** ન્યાયાનુસારે जिं-८ એ પ્રમાણે પ્રતિપદોક્ત जि ધાતુનું જ ગ્રહણ થશે. પણ ज्या-व्यधे०४.१.७१થી થતાં ज्यांश-१५२४ ધાતુનાં લાક્ષણિક જિનું ગ્રહણ થશે નહીં. જેમકે, जिज्यतुः।

चेः किर्वा ४.१.३६

अ.अ.सू. : सन्-परोक्षयोः चेः धातोः पूर्वात् किः वा।

अर्थ : सन् अने परोक्षानां प्रत्ययो पर छतां चि धातुनुं द्वित्व थये छते पूर्वथी पर रहेलां चिनो कि आदेश विकल्पे थाय छे.

उदा. (१) चिकीषति/चिचीषति = ते एकठुं करवाने ईच्छे छे. (चिंगट् चयने-१२९०)

(२) **चिक्ये/चिच्ये** = तेणे एकठुं कर्युं.

आ उदा.नी साधनिका पूर्वसूत्र निर्दिष्ट विजिगीषति वगेरे प्रमाणे जाणवी. परंतु अहीं आ सूत्रथी चिनो कि आदेश विकल्पे करवो.

पूर्वस्याऽस्वे-स्वरे योरियुव् ४.१.३७

अ.अ.सू. : धातोः पूर्वस्य योः अस्वे स्वरे इयुव्।

अर्थ : धातुनुं द्वित्व थये छते पूर्व संबंधी इकार अने उकारनो अस्वस्वर पर छतां अनुक्रमे इय् अने उव् आदेश थाय छे.

स. : (१) योः = इश्च उश्चेति यु, तस्येति।

(२) **इयुव्** = इय् च उव् चेति।

उदा. (१) इयेष = तेणे ईच्छा करी. (इषत् इच्छायाम्-१४१९)

परोक्षे ५.२.१२ वगेरेथी णव्→इष्+**अ**

द्विर्धातुः०४.१.१थी द्वित्व→**इष्**इष्+अ

व्यञ्जनस्या०४.१.४४थी ष्नो लोप→इइष्+अ

लघोरुपा०४.३.४थी गुण→इ**ए**ष
आ सूत्रथी इ नो इय्→**इये**ष।

(२) **अरियर्त्ति** = ते वारंवार गमन करे छे. (ऋंक् गतौ-११३५)
अट्यर्त्ति०३.४.१०थी यङ्→ऋ+**य**
सन्यङ०४.१.३थी द्वित्व→**ऋ**ऋ+य
ऋतोऽत् ४.१.३८थी ऋ नो अ→**अ**ऋ+य
बहुलं०३.४.१४थी यङ् नो लोप→अऋ
रिरौ च०४.१.५६थी रि आगम→अ**रि**+ऋ
आ सूत्रथी इ नो इय्→अ**रिय्**+ऋ
तिव् वगेरे→अरिय**र्त्ति**।

(३) **उवोष** = तेणे बाळ्युं. (उषू दाहे-५२९)

★ आ उदा.नी साधनिका इयेष प्रमाणे जाणवी. परंतु आ सूत्रथी उ नो उव् करवो.

प्र.उदा.(१) **अस्व इति किम्? ईषतुः** = ते बे जणाओ ईच्छा करी.
परोक्षे ५.२.१२ वगेरेथी अतुस्→इष्+**अतुस्**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**इष्**इष्+अतुस्
व्यञ्जनस्या०४.१.४४थी ष् नो लोप→इइष्+अतुस्
समानानां०१.२.१थी दीर्घ→**ई**षतुस्
पदसंज्ञा वगेरे→ईषतुः।

★ आ सूत्रनी प्रवृत्ति अस्व स्वर पर छतां थाय छे. ज्यारे अहीं परमां अस्व स्वर नथी. माटे आ सूत्रथी इ नो इय् थयो नहीं.

(२) **स्वर इति किम्? इयाज** = तेणे यज्ञ कर्यो.
(यजीं देवपूजा०९९१)

परोक्षे ५.२.१२ वगेरेथी णव्→यज्+**अ**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**यज्**यज्+अ
व्यञ्जनस्या०४.१.४४थी ज्नो लोप→ययज्+अ
यजादि-वश०४.१.७२थी य्वृत्→**इ**यज्+अ
ञ्णिति ४.३.५०थी वृद्धि→इ**या**ज।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સ્વર પર છતાં થાય છે. જ્યારે અહીં પરમાં સ્વર નથી. માટે આ સૂત્રથી इनो इय् थयो नहीं.

विशेषता :

(१) અહીં સૂત્રમાં य्वोः એ પ્રમાણે સ્થાની અને इयुव् એ પ્રમાણે કાર્ય દર્શાવનાર પદની સંખ્યા અને વચન સમાન છે. તેથી **यथासङ्ख्यमनुदेशः समानाम् १/१०** ન્યાયાનુસારે તે બંને વચ્ચે અનુક્રમ જાણવો.

(२) અહીં ऋ ધાતુનાં यङ्लुबन्तनાં પ્રયોગમાં દ્વિત્વ થયે છતે रिरौ च०४.१.५६થી रि, री આગમ થતાં अरि+र्+ति એ અવસ્થામાં પૂર્વે રહેલાં रि આગમનાં इनो પણ આ સૂત્રથી इय् આદેશ થાય છે. તેથી अरिर्यात्ति વગેરે પ્રયોગો સિદ્ધ થાય છે.

જિ. : અહીં इयेष જેવા પ્રયોગોમાં ગુણથી પ્રાપ્ત થયેલ અસ્વ સ્વર પર છતાં આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. પરંતુ ગુણ બહિરંગ કાર્ય છે. અને આ સૂત્રની પ્રવૃત્તિ અંતરંગ કાર્ય છે. તેથી **असिद्धं बहिरङ्गमन्तरङ्गे १/२०** ન્યાયાનુસારે ગુણ અસિદ્ધ થતાં અસ્વ સ્વર રહેતો નથી. તો ત્યાં આ સૂત્રની પ્રવૃત્તિ કેવી રીતે થાય?

સમા. : વસ્તુતઃ અહીં ગુણ થતાં इ+एष આ અવસ્થા પ્રાપ્ત થાય છે. જેમાં इ અને ए એમ બે સ્વર અનંતર ઉપસ્થિત થાય છે. તેથી ત્યાં **स्वराऽऽनन्तर्ये १/२१** ન્યાયાનુસારે **असिद्धं० १/२०** ન્યાયની પ્રવૃત્તિ થતી નથી. માટે આ સૂત્રની પ્રવૃત્તિ થવામાં પણ કોઈ આપત્તિ આવતી નથી.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો रि વગેરે આગમનાં इનો इय् ઇચ્છતાં નથી. તેથી તેઓનાં મતે અર્યર્ત્તિ જેવા પ્રયોગો થાય છે.

ऋतोऽत् ४.१.३८

અ.અ.સૂ. : धातोः पूर्वस्य ऋतः अत्।

અર્થ : ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વનાં ऋનો अ થાય છે.

ઉદા. चकार = તેણે કર્યું. (डुकृंग् करणे-८८८)
परोक्षे ५.२.१२ વગેરેથી णव्→कृ+**अ**
द्विर्धातुः०४.१.१થી દ્વિત્વ→**कृ**कृ+अ
આ સૂત્રથી ऋનો अ→**क**कृ+अ
कङश्चञ् ४.१.४६થી क्નો च्→**च**कृ+अ
नामिनोऽ०४.३.५१થી વૃદ્ધિ→**चकार**।

વિશેષતા :

અહીં સૂત્રનિર્દિષ્ટ ऋत् અને अत् બંને પદમાં રહેલ त्કાર ઉચ્ચારણ માટે જાણવો.

ह्रस्वः ४.१.३९

અ.અ.સૂ. : धातोः पूर्वस्य (स्वरस्य) ह्रस्वः।

અર્થ : ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વનાં સ્વરનો હ્રસ્વાદેશ થાય છે.

ઉદા. **पपौ** = તેણે પીધું. (पां पाने-२)
परोक्षे ५.२.१२ વગેરેથી णव्→पा+**अ**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**पा**पा+अ
આ સૂત્રથી હ્રસ્વ→**प**पा+अ
आतो णव०४.२.१२०थी औ→पपा+**औ**
ऐदौत्०१.२.१२थी औ→पपौ।

વિશેષતા :

અહીં સૂત્રમાં કાર્ય તરીકે ह्रस्वः નો નિર્દેશ હોવાથી **स्वरस्य ह्रस्व-दीर्घ-प्लुताः १/४** ન્યાયાનુસારે સ્વરનો જ હ્રસ્વાદેશ થાય છે.

गहोर्जः ४.१.४०

અ.અ.સૂ. : धातोः पूर्वयोः गहोः जः।

અર્થ : ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વમાં રહેલાં ગ્ અને હ્નો જ્ આદેશ થાય છે.

સ. : गहोः = गश्च ह् चेति गहौ, तयोरिति।

ઉદા. (૧) **जगाम** = તે ગયો. (गम्लृं गतौ-३९६)
परोक्षे ५.२.१२ વગેરેથી णव्→गम्+**अ**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**गम्**गम्+अ
व्यञ्जनस्या०४.१.४४थी म्નો લોપ→गगम्+अ
આ સૂત્રથી ग्નો ज्→**ज**गम्+अ
ञ्णिति ४.३.५०थी वृद्धि→ज**गाम**।

(૨) **जहास** = તે હસ્યો. (हसे हसने-५४५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

द्युतेरिः ४.१.४१

अ.अ.सू. : द्युतेः धातोः पूर्वस्य (स्वरस्य) इः।

અર્થ : द्युत् ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વનાં સ્વરનો इ થાય છે.

ઉદા. **दिद्युते** = તે શોભ્યો. (द्युति दीप्तौ-૧૩૭)
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી ए→द्युत्+**ए**
द्विर्धातुः०૪.૧.૧થી દ્વિત્વ→**द्युत्**द्युत्+ए
व्यञ्जनस्या०૪.૧.૪૪થી य्, त्નો લોપ→दुद्युत्+ए
આ સૂત્રથી उનો इ→**दि**द्युते।

द्वितीय-तुर्ययोः पूर्वौ ४.१.४२

अ.अ.सू. : धातोः पूर्वयोः द्वितीय-तुर्ययोः पूर्वौ।

અર્થ : ધાતુનું દ્વિત્વ થયે છતે ધાતુની પૂર્વે રહેલાં વર્ગનાં બીજા અને ચોથા વ્યંજનનો અનુક્રમે તે વર્ગમાં તેની અનંતર પૂર્વનો = પહેલો અને ત્રીજો વ્યંજન થાય છે.

સ. : द्वितीय-तुर्ययोः = द्वितीयश्च तुर्यश्चेति द्वितीय-तुर्यौ, तयोरिति।

ઉદા. (૧) **चखान** = તેણે ખોદ્યું. (खनूग् अवदारणे-૯૧૩)
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી णव्→खन्+**अ**
द्विर्धातुः०૪.૧.૧થી દ્વિત્વ→**खन्**खन्+अ
व्यञ्जनस्या०૪.૧.૪૪થી न्નો લોપ→खखन्+अ
આ સૂત્રથી ख्નો क्→**क**खन्+अ
कडश्चञ्०૪.૧.૪૬થી क्નો च्→**च**खन्+अ
ञ्णिति ૪.૩.૫૦થી વૃદ્ધિ→च**खा**न।

(૨) **जझाम** = તે જમ્યો. (झमू अदने-૩૮૩)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં દ્વિતીય-તુર્યયોઃ સ્થાની અને પૂર્વૌ કાર્ય આ બે પદ દ્વારા પ્રાપ્ત થતી પ્રકૃતિની સંખ્યા અને વચન સમાન છે. માટે **यथासङ्ख्यमनुदेशः समानाम् १/१०** ન્યાયાનુસારે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

तिर्वा ष्ठिवः ४.१.४३

અ.અ.સૂ. : ष्ठिवः धातोः पूर्वस्य तिः वा।

અર્થ : ષ્ઠિવ્ ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વનાં વર્ણનો त् આદેશ વિકલ્પે થાય છે.

ઉદા. तिष्ठेव/टिष्ठेव = તેં થૂંક્યો. (ષ્ઠિવૂ निरसने-११६७)

પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી णव्→ष्ठिव्+**अ**

द्विर्धातुः०४.१.१थી દ્વિત્વ→**ष्ठिव्**ष्ठिव्+अ

व्यञ्जनस्या०४.१.४४થી व्નો લોપ→ष्ठिष्ठिव्+अ

अघोषे शिटः ४.१.४५થી ष्નો લોપ→ठिष्ठिव्+अ

लघोरुपा०४.३.४થી ગુણ→ठिष्ठेव

આ સૂત્રથી ठ्નો त्→**तिष्ठेव**

વિકલ્પે : આ સૂત્રથી त् ન થાય ત્યારે→ठिष्ठेव

द्वितीय-तुर्ययोः०४.१.४२થી ठ्નો ट्→**टिष्ठेव**।

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં જે તિ આદેશ જણાવ્યો છે. એમાં इકાર માત્ર ઉચ્ચારણ માટે જાણવો. તેથી જ્યારે ષ્ઠિવ્ ધાતુ इ-वृध०४.४.४७ સૂત્ર દ્વારા વેટ્ થતાં વિકલ્પે इट્ વિનાનો થાય છે. ત્યારે तुष्ठ्यूषति/टुष्ठ्यूषति ઇત્યાદિ

પણ પ્રયોગો સિદ્ધ થાય છે, પણ તિષ્ઠ્યૂષતિ જેવાં અનિષ્ટ પ્રયોગો થતાં નથી.

(૨) અહીં સૂત્રમાં ષ્ઠિવ્ ધાતુનાં ઠ્નો ત્ કરવાનો નિર્દેશ છે. તેથી એ વાત સ્પષ્ટ થાય છે કે, ષ્ઠિવ્માં રહેલ ષ્ તે ઠ્કાર પરવાળો છે, પણ થ્કાર પરવાળો નથી. જો તે થ્કાર પરવાળો હોત તો દ્વિત્વ પ્રક્રિયામાં અઘોષે શિટઃ ૪.૧.૪૫ સૂત્ર દ્વારા મૂર્ધન્ય ષ્નો લોપ થતાં **निमित्ताभावे नैमित्तिकस्याऽप्यभावः ૧/૨૯** ન્યાયાનુસારે ઠ્નો ત્ થઈને દ્વિતીય-તુર્યયોઃ૦૪.૧.૪૨થી ત્ થવાની પ્રાપ્તિ હતી. જેનો વિકલ્પ કરીને આ સૂત્રની પ્રવૃત્તિ થઈ શકત, પણ તેવું કર્યું નથી. અને આનાથી એમ પણ ફલિત થાય છે કે, ષ્ઠાં, ષ્ટ્યૈ, વગેરે ધાતુમાં રહેલો મૂર્ધન્ય ષ, તવર્ગ પરવાળો છે. તેથી **निमित्ताभावे०૧/૯** ન્યાયાનુસારે તસ્થૌ, તષ્ઠ્યૌ ઇત્યાદિ રૂપની પ્રાપ્તિ થાય છે.

व्यञ्जनस्याऽनादेर्लुक् ૪.૧.૪૪

અ.અ.સૂ. : धातोः पूर्वस्य अनादेः व्यञ्जनस्य लुक्।

અર્થ : ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વનાં અનાદિ વ્યંજનનો લોપ થાય છે.

સ. : अनादेः = न आदिरिति अनादिः, तस्येति।

ઉદા. जग्ले = તે દુઃખી થયો. (ग्लैं हर्षक्षये-૩૧)
આત્ સન્ધ્ય૦૪.૨.૧થી ઐનો આ→**ग्ला**
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી એ→ग्ला+**ए**

द्विर्धातुः०४.१.१थी द्वित्व→**ग्लाग्**ला+ए
आ सूत्रथी ल्नो लोप→**गाग्**ला+ए
ह्रस्वः ४.१.३९थी ह्रस्व→**ग**ग्ला+ए
गहोर्जः ४.१.४०थी ग्नो ज्→**ज**ग्ला+ए
इडेत्पुसि०४.३.९४थी आनो लोप→जग्**ले**।

प्र.उदा. अनादेरिति किम्? आदेर्मा भूत्→पपाच = तेणे रांध्युं.
परोक्षे ५.२.१२ वगेरेथी णव्→पच्+**अ**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**पच्**पच्+अ
आ सूत्रथी च्नो लोप→पपच्+अ
ञ्णिति ४.३.५०थी वृद्धि→प**पा**च।

★ आ सूत्रथी अनादि व्यंजननो लोप थाय छे. पण आदि एवा प्नो लोप थतो नथी.

विशेषता :

(१) अहीं ऋच्छ्-१३४२, ऊच्छ्-१३४४ वगेरे केटलांक धातुओमां स्वरेभ्यः १.३.३० सूत्रथी द्वित्व थयेल अने अघोषे प्रथमो०१.३.५०थी प्राप्त थयेल च्नुं पुनः द्वित्व थतां तेनां अनादि व्यंजन રૂप ५२ छ्नो आ सूत्रथी लोप थाय छे. तेथी **निमित्ताभावे० १/२९** न्यायानुसारे पुनः च्नो छ् थाय छे. अने द्वितीय-तुर्ययोः०४.१.४२थी छ्नो च् थाय छे. तेथी ऋचिच्छिषति, उचिच्छिषति जेवां प्रयोगो प्राप्त थाय छे.

अन्य मत :

केटलांक व्याकरणकारोनां मते पूर्वनां चिनो ति आदेश थाय छे. तेथी तेओनां मते ऋतिच्छिषति प्रयोग थाय छे.

अघोषे शिटः ४.१.४५

अ.अ.सू. : धातोः पूर्वस्य अघोषे शिटः लुक्।

અર્થ : ધાતુનું દ્વિત્વ થયે છતે ધાતુ સંબંધી જ અઘોષ વ્યંજન પર છતાં પૂર્વનાં શિટ્‌વર્ણનો લોપ થાય છે.

ઉદા. (૧) **चुश्च्योत** = તે ચ્યવ્યો. (श्च्युत् क्षरणे-२८३)
परोक्षे ५.२.१२ વગેરેથી णव्→श्च्युत्+**अ**
द्विर्धातुः०४.१.१થી દ્વિત્વ→**श्च्युत्**श्च्युत्+अ
व्यञ्जनस्या०४.१.४४થી य्‌નો લોપ→श्चु+श्च्युत्+अ
આ સૂત્રથી श्‌નો લોપ→चुश्च्युत्+अ
लघोरुपा०४.३.४થી ગુણ→चुश्च्**योत**।

પ્ર.ઉદા. अघोष इति किम्? सस्नौ = તેણે સ્નાન કર્યું.
(ष्णांक् शौचे-१०६४)
परोक्षे ५.२.१२ વગેરેથી णव्→स्ना+**अ**
द्विर्धातुः०४.१.१થી દ્વિત્વ→**स्ना**स्ना+अ
व्यञ्जनस्या०४.१.४४થી न्‌નો લોપ→सस्ना+अ
आतो णव०४.२.१२०થી णव्‌નો औ→सस्ना+**औ**
ऐदौत्०१.२.१२થી औ→सस्**नौ**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ પરમાં અઘોષ વ્યંજન હોય તો થાય છે. જ્યારે અહીં પરમાં ઘોષવાન્ વ્યંજન છે. માટે આ સૂત્રથી શિટ્ એવા સ્‌નો લોપ થયો નહીં.

વિશેષતા :

અહીં પૂર્વસૂત્રથી અનાદિ વ્યંજન રૂપ અઘોષ વ્યંજનનો જ લોપ થવાની પ્રાપ્તિ હતી. પણ આ સૂત્ર દ્વારા તેનો નિષેધ

કરીને તેની પૂર્વે રહેલાં શિટ્નો લોપ કરવામાં આવે છે. તેથી આ સૂત્ર વ્યઞ્જનસ્યા૦ ૪.૧.૪૪નું અપવાદ સૂત્ર છે.

क-ङश्च-ञ् ૪.૧.૪૬

અ.અ.સૂ. : धातोः पूर्वस्य क-ङः च-ञ्।

અર્થ : ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વનાં ક્ અને ઙ્નો અનુક્રમે ચ્ અને ઞ્ થાય છે.

સ. (૧) **क-ङः** = कश्च ङ् चेति क-ङ्, तस्येति।
(૨) **चञ्** = चश्च ञ् चेति।

ઉદા. (૧) **चकार** = તેણે કર્યું. (डुकृंग् करणे-८८८)
આ ઉદા.ની સાધનિકા ૪.૧.૩૮માં દર્શાવેલ છે.

(૨) **जुङुवे** = તેણે અવાજ કર્યો. (डुङ् शब्दे-५९३)
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી એ→ડુ+**ए**
દ્વિર્ધાતુઃ૦૪.૧.૧થી દ્વિત્વ→**डुङु**+એ
આ સૂત્રથી ઙ્નો ઞ્→**जुङु**+એ
ધાતોરિવર્ણો૦૨.૧.૫૦થી ઉનો ઉવ્→**जुङुवे**।

વિશેષતા :

અહીં कङः સ્થાની અને चञ् કાર્ય દર્શાવનાર પદની સંખ્યા અને વચન સમાન હોવાથી **यथासङ्ख्यमनुदेशः समानाम् ૧/૧૦** ન્યાયાનુસારે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

न कवतेर्यङः ૪.૧.૪૭

અ.અ.સૂ. : यङः कवतेः धातोः पूर्वस्य क-ङः च-ञ् न।

અર્થ : યઙ પ્રત્યયાન્ત કૂ ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વનાં ક્નો ચ્ થતો નથી.

ઉદા. (૧) **कोकूयते खरः** = તે વારંવાર અવાજ કરે છે.
(कुङ् શબ્દે-૫૯૦)
व्यञ्जनादेरेक०૩.૪.૯થી यङ्→कु+**य**
सन्यङ०૪.૧.૩થી દ્વિત્વ→**कु**कु+य
आ-गुणा०૪.૧.૪૮થી ગુણ→**को**कुय
दीर्घमवो०૪.૩.૧૦૮થી દીર્ઘ→को**कू**य
कङ०૪.૧.૪૬થી પ્રાપ્ત क્નાં च્નો આ સૂત્રથી **નિષેધ**.
તે વગેરે થતાં→कोकूयते।

પ્ર.ઉદા.(૧) **कवतेरिति किम्? चोकूयते** = તે અવાજ કરે છે.
(कुंक् શબ્દે-૧૦૮૬)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ભ્વાદિ कु ધાતુથી થાય છે. જ્યારે અહીં અદાદિ સંબંધી कु ધાતુ છે. માટે આ સૂત્રથી क્નાં च્નો નિષેધ થયો નહીં.

(૨) **यङ इति किम्? चुकुवे** = તેણે અવાજ કર્યો.
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ जुकुवे પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ यङ् પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં यङ् પ્રત્યય પરમાં નથી. માટે આ સૂત્રથી क્નાં च્નો નિષેધ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં कवति એ પ્રમાણે शव् પ્રત્યય સહિત નિર્દેશ કર્યો છે. તેથી, कौति અને कुवति રૂપવાળાં અનુક્રમે અદાદિ અને તુદાદિ સંબંધી कु-૧૦૮૬, ૧૪૬૨ ધાતુનો વ્યવચ્છેદ થાય છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, ઉપરોક્ત ત્રણે કૂ ધાતુનો ધાતુપાઠમાં શબ્દ માત્ર જ અર્થ હોતે છતે પણ અર્થ વિશેષની દૃષ્ટિએ ભેદ છે, તે આ પ્રમાણે છે : જેમ ધાવ્ અને ગમ્ ધાતુ ગત્યર્થક હોવા છતાં પણ તેમાં ભેદ છે. તેમ ભ્વાદિ સંબંધી કુ-૫૯૦ ધાતુ 'અવ્યક્ત અવાજ કરવો' અર્થમાં છે. તુદાદિ સંબંધી કુ-૧૪૬૨ ધાતુ 'દુઃખી સ્વરે અવાજ કરવો' અર્થમાં છે. અને અદાદિ સંબંધી કુ-૧૦૮૬ ધાતુ માત્ર 'અવાજ કરવો' અર્થમાં છે.

(૩) સૂત્રમાં કવતેઃ એ પ્રમાણે કુ ધાતુનો તિવ્ પ્રત્યય સહિત નિર્દેશ હોવાથી **તિવાશવાનુબન્ધેન૦૧/૧૮** ન્યાયાનુસારે યઙ્લુબન્તમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. જેમ કે, चोकवीति।

અન્ય મત :

અન્ય કેટલાંક વ્યાકરણકારો યઙ્લુબન્તમાં પણ પ્રતિષેધ ઇચ્છે છે. તેથી તેમનાં મતે कोकवीति રૂપ પ્રાપ્ત થાય છે.

આ-ગુણાવન્યાદેઃ ૪.૧.૪૮

અ.અ.સૂ. : યङः धातोः पूर्वस्य आ-गुणौ, अन्यादेः।

અર્થ : યङન્ત ધાતુનું દ્વિત્વ થયે છતે नी, मु, रि વગેરે આગમવાળાં પ્રયોગને છોડીને પૂર્વનાં સ્વરનો આ અને ગુણ થાય છે.

સ. : (૧) **आ-गुणौ** = आश्च गुणश्चेति।

(૨) **अन्यादेः** = नीरादिर्येषां ते इति न्यादयः, न न्यादयो यस्य स इति अन्यादिः, तस्येति।

ઉદા. (૧) **पापच्यते** = તે વારંવાર રાંધે છે. (डुपचींष् पाके-૮૯૨)
व्यञ्जनादेरेक०૩.૪.૯થી यङ्→पच्+**य**
सन्यङ०૪.૧.૩થી द्वित्व→**प**पच्+य
આ સૂત્રથી अનો आ→**पा**पच्य
તે વગેરે થતાં→पापच्य**ते**।

(૨) **लोलूयते** = તે વારંવાર લણે છે. (लूगश् छेदने-૧૫૧૯)
व्यञ्जनादेरेक०૩.૪.૯થી यङ्→लू+**य**
सन्यङ०૪.૧.૩થી द्वित्व→**लू**लू+य
આ સૂત્રથી ऊનો ગુણ→**लो**लूय
તે વગેરે થતાં→लोलूय**ते**।

પ્ર.ઉદા. **अन्यादेरिति किम् ?**

(૧) **वनीवच्यते** = તે ખરાબ રીતે ઠગે છે. (वञ्चू गतौ-૧૦૬)
गत्यर्थात्०૩.૪.૧૧થી यङ्→वञ्च्+**य**
सन्यङ०૪.૧.૩થી द्वित्व→**व**वञ्च्+य
नो व्यञ्जनस्या०૪.૨.૪૫થી ञ्नो लोप→ववच्य
वञ्च-स्रंस०૪.૧.૫૦થી नी આગમ→व**नी**वच्य
તે વગેરે થતાં→वनीवच्य**ते**।

(૨) **यंयम्यते** = તે વારંવાર અટકે છે. (यमूं उपरमे-૩૮૬)
व्यञ्जनादेरेक०૩.૪.૯થી यङ्→यम्+**य**
सन्यङ०૪.૧.૩થી द्वित्व→ययम्+य
मुरतोऽनुना०૪.૧.૫૧થી मु આગમ→य**म्**यम्+य
तौ मु-मो०૧.૩.૧૪થી અનુસ્વાર→**यं**यम्य
તે વગેરે થતાં→यंयम्यते।

★ આ સૂત્રમાં नी વગેરે આગમવાળાં પ્રયોગોનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી ई વગેરેનો ગુણ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, આ સૂત્રથી થતો આ અને ગુણ યઙ્ નિમિત્તક નથી. તેથી યઙ્લુબન્તમાં પણ તેની પ્રાપ્તિ થશે. જેમકે, **બો**ભવીતિ।

(૨) યદ્યપિ અહીં હ્રસ્વઃ ૪.૧.૩૯ સૂત્રથી હ્રસ્વ થવાની પણ પ્રાપ્તિ છે. પરંતુ જો તેનો બાધ કરવામાં ન આવે તો આ સૂત્ર જ વ્યર્થ જવાની આપત્તિ આવે. તેથી અહીં નિર્દિષ્ટ આકાર, ગુણ વગેરેનાં વિધાનથી જ હ્રસ્વઃ ૪.૧.૩૯ સૂત્રનો બાધ થાય છે. તેવું આગામી વઞ્ચ-સ્રંસ૦૪.૧.૫૦ સૂત્રમાં પણ જાણવું.

જિ. : અહીં સૂત્રમાં ની વગેરે આગમોનું વર્જન કરીને અન્ય સ્વરોનાં આકાર અને ગુણનો નિર્દેશ કર્યો છે. પરંતુ તે ની વગેરે આગમોની ઉપસ્થિતિમાં તે પોતે જ બાધક થઈને આ સૂત્રની પ્રવૃત્તિનો નિષેધ કરે છે. તો અહીં અન્યાદેઃ પદ દ્વારા વર્જન કરવાનું પ્રયોજન શું ?

સમા. : તમારી વાત સાચી છે, અહીં સૂત્રમાં અન્યાદેઃ પદનો નિર્દેશ કરવા દ્વારા ગ્રંથકારશ્રી જણાવે છે કે, ક્યારેય પણ દ્વિત્વ-ભૂત પ્રયોગમાં પૂર્વનાં વર્ણનો વિકાર થયો હોય તો તે દ્વિત્વ અંતર્ગત અન્ય પ્રક્રિયાઓનો બાધક થતો નથી. તેથી અચીકરત્ ઇત્યાદિ પ્રયોગોમાં લઘોર્દીર્ઘો૦ ૪.૧.૬૪થી અને અસમાનલોપે૦૪.૧.૬૩થી થતાં સન્વત્ કાર્યનો બાધ થતો નથી. તે જણાવવાં જ ન્યાયસંગ્રહમાં **દ્વિત્વે સતિ પૂર્વસ્ય વિકારેષુ બાધકો ન બાધકઃ ૨/૨૪** ન્યાય જણાવ્યો છે.

न हाको लुपि ४.१.४९

અ.અ.સૂ. : हाकः धातोः यङः लुपि पूर्वस्य आः न।

અર્થ : हा ધાતુનું દ્વિત્વ થયે છતે यङ્ પ્રત્યયનો લોપ થતાં પૂર્વનાં સ્વરનો आ થતો નથી.

ઉદા. (૧) **जहेति** = તે વારંવાર ત્યાગ કરે છે. (ओहांक् त्यागे-११३१)
व्यञ्जनादेरेक०३.४.८थी यङ्→हा+**य**
बहुलं०३.४.१४थी य નો લોપ→हा
सन्यङ०४.१.३थी द्वित्व→**हाहा**
ह्रस्वः ४.१.३८थी ह्रस्व→**हहा**
गहोर्जः ४.१.४०थी ह् નો ज्→**जहा**
यङ-तुरु०४.३.६४थी ई आगम→जहा+**ई**
अवर्णस्ये०१.२.६थी ए→**जहे**
तिव् વગેરે થતાં→जहे**ति**।

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો દ્વિત્વ થયે છતે આ સૂત્રની પ્રવૃત્તિ ન કરતાં દીર્ઘપણું ઇચ્છે છે. જેમકે, जाहित्वा, जाहाति।

वञ्च-स्रंस-ध्वंस-भ्रंश-कस-पत-पद-स्कन्दोऽन्तो नीः ४.१.५०

અ.અ.સૂ. : यङः वञ्च-स्रंस-ध्वंस-भ्रंश-कस-पत-पद-स्कन्दः धातोः पूर्वस्य अन्तः नी।

અર્થ : यङ् પ્રત્યયાન્ત वञ्च्, स्रंस्, ध्वंस्, भ्रंश्, कस्, पत्, पद् અને स्कन्द् ધાતુઓનાં પૂર્વ અવયવને અન્તે नी આગમ થાય છે.

સ. : **वञ्च-स्रंस-ध्वंस-भ्रंश-कस-पत-स्कन्दः** = वञ्चश्च स्रंसश्च ध्वंसश्च भ्रंशश्च कसश्च पतश्च पदश्च स्कन्दश्चेति वञ्च-स्रंस-ध्वंस-भ्रंश-कस-पत-पद-स्कन्द्, तस्येति।

ઉદા. (૧) **वनीवच्यते** = તે ખરાબ રીતે ઠગે છે. (वञ्चू गतौ-૧૦૬) આ ઉદા.ની સાધનિકા ૪.૧.૪૮માં દર્શાવેલ છે.

(૨) **सनीस्त्रस्यते** = તે વારંવાર નીચે પડે છે. (स्त्रसूङ् अवस्रंसने-૯૫૩)

(૩) **दनीध्वस्यते** = તે ખરાબ રીતે જાય છે. (ध्वंसूङ् गतौ-૯૫૪)

(૪) **बनीभ्रश्यते** = તે વારંવાર નાશ પામે છે. (भ्रशूङ् अवस्रंसने-૯૫૪)

(૫) **चनीकस्यते** = તે ખરાબ રીતે જાય છે. (कस गतौ-૯૮૭)

(૬) **पनीपत्यते** = તે વક્ર રીતે પડે છે. (पत्लृं गतौ-૯૬૨)

(૭) **पनीपद्यते** = તે વક્ર રીતે જાય છે. (पदींच् गतौ-૧૨૫૦)

(૮) **चनीस्कद्यते** = તે વક્ર રીતે જાય છે. (स्कन्दृं गति०૩૧૯) આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ અનાદિ વ્યંજનનો લોપ વગેરે કાર્યો યથાયોગ્ય કરવા.

વિશેષતા :

અહીં દ્યુતાદિ સંબંધી ધ્વંસ્ ધાતુનાં સાહચર્યથી સ્રંસ્ ધાતુ પણ દ્યુતાદિ સંબંધી જ લેવો. પણ ભ્વાદિ સંબંધી અન્ય સ્રંસૂઙ્ પ્રમાદે-૮૪૪ ધાતુનું ગ્રહણ કરવું નહીં. તેનું તો सास्रस्यते રૂપ જ થાય છે.

તેમજ, ભ્વાદિ ધ્વંસ્નાં સાહચર્યથી ભ્રંશ્ ધાતુ પણ ભ્વાદિ સંબંધી જ લેવો. પણ દિવાદિ સંબંધી ભ્રંશૂચ્-૧૨૦૫ નહીં. તેનું તો बाभ्रश्यते એવું જ રૂપ થાય છે.

मुरतोऽनुनासिकस्य ४.१.५१

અ.અ.સૂ. : अतः अनुनासिकस्य यङः धातोः पूर्वस्य अन्तः मुः।

અર્થ : અકારથી પર અનુનાસિક છે અન્તે જેને એવા યङન્ત ધાતુઓનું દ્વિત્વ થયે છતે પૂર્વનાં અવયવને અન્તે મુ આગમ થાય છે.

ઉદા. **बम्भण्यते** = તે વારંવાર ભણે છે. (भण शब्दे-२६४)
व्यञ्जनादेरेक०३.४.९थी यङ्→भण्+**य**
सन्यङ०४.१.३थी द्वित्व→**भ**भण्+य
द्वितीय-तुर्ययोः०४.१.४२थी भ्नो ब्→**ब**भण्+य
આ સૂત્રથી म् આગમ→**बम्**भण्य
તે વગેરે થતાં→बम्भण्यते।

પ્ર.ઉદા. (૧) अत इति किम् ? तेतिम्यते = તે ઘણું ભીનું કરે છે. (तिम आर्द्रभावे-११६०)
व्यञ्जनादेरेक०३.४.९थी यङ्→तिम्+**य**
सन्यङ०४.१.३थी द्वित्व→**ति**तिम्+य
आ-गुणा०४.१.४८थी गुण→**ते**तिम्य
તે વગેરે થતાં→तेतिम्य**ते**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ અકાર પર અનુનાસિકવાળાં ધાતુથી થાય છે. જ્યારે અહીં અનુનાસિક અકારથી પર નથી. માટે આ સૂત્રથી મુ આગમ થયો નહીં.

(૨) **अनुनासिकेति किम् ? पापच्यते** = તે વારંવાર રાંધે છે. આ ઉદા.ની સાધનિકા ૪.૧.૪૮માં દર્શાવેલ છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અનુનાસિક અંતવાળાં ધાતુથી થાય છે. જ્યારે અહીં અનુનાસિક-અંતવાળો ધાતુ નથી. માટે આ સૂત્રથી મુ આગમ થયો નહીં.

વિશેષતા :

અહીં સૂત્રમાં અનુનાસિક અંતવાળાં ધાતુનું ગ્રહણ કરવામાં આવ્યું છે. તેથી ય, લ્, વ્ પણ જ્યારે અનુનાસિક તયા ગ્રહણ થશે. ત્યારે तयँ् વગેરે र्यँ्, र्लँ् અને र्वँ् અંતવાળાં ધાતુઓ પણ આ સૂત્રનો વિષય બનશે. જેમકે, तन्तर्य्यते વગેરે. પરંતુ એ જ ધાતુમાં જ્યારે અનનુનાસિક य्, ल् અને व्નો પ્રયોગ કરવામાં આવશે ત્યારે આ સૂત્ર લાગશે નહીં. જેમકે, **ता**तय्यते।

जप-जभ-दह-दश-भञ्ज-पशः ४.१.५२

અ.અ.સૂ. : यङः जप-जभ-दह-दश-भञ्ज-पशः धातोः पूर्वस्य अन्तः मुः।

અર્થ : यङ् પ્રત્યયાન્ત जप्, जभ्, दह्, दश्, भञ्ज् અને पश् ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વનાં અવયવને અન્તે मु આગમ થાય છે.

સ. : जप-जभ-दह-दश-भञ्ज-पशः = जपश्च जभश्च दहश्च दशश्च भञ्जश्च पश् चेति जप-जभ-दह-दश-भञ्ज-पश्, तस्येति।

ઉદા. (૧) **जञ्जप्यते** = તે નિંદિત રીતે જાપ કરે છે.
(जप मानसे०३३८)
गृ-लुप०३.४.१२થી यङ्→जप्+**य**
सन्यङ०४.१.३થી દ્વિત્વ→**ज**जप्य
આ સૂત્રથી मु આગમ→ज**म्**+जप्य
तौ मु-मो०१.३.१४થી म्નો ञ्→ज**ञ्**जप्य
તે વગેરે થતાં→जञ्जप्य**ते**।

(૨) **जञ्जभ्यते** = તે નિંદિત રીતે સંભોગ કરે છે.
(जभ मैथुने-३७९)

(૩) **दन्दह्यते** = તે નિંદિત રીતે બળે છે. (दहं भस्मीकरणे-५५२)

(૪) **दन्दश्यते** = તે નિંદિત રીતે ડંખે છે. (दशं दशने-४९६)

(૫) **बम्भज्यते** = તે વારંવાર ભાંગે છે.
(भञ्जोंप् आमर्दने-१४८६)

(૬) **पम्पश्यते** = તે વારંવાર સ્પર્શ કરે છે.
(पशी बाधन०६२ (सौत्र))
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ दंश અને भञ्ज् ધાતુમાં नोऽव्यञ्जनस्या०४.२.४५થી न्નો લોપ કરવો. અને जभ्, दह्, दश् ધાતુમાં गृ-लुप-सद० ३.४.१२થી यङ् કરવો.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં दंश् ધાતુનો दशः એ પ્રમાણે અનુસ્વાર રહિત નિર્દેશ કર્યો છે. તેથી यङ्लुबन्तમાં પણ दंश् ધાતુનાં न्નો લોપ થાય છે. તેથી दंदशीति પ્રયોગ થશે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો यङ्लुबन्तમાં न्નો લોપ ઇચ્છતાં નથી. તેથી તેઓનાં મતે दंदंशीति પ્રયોગ થાય છે.

चर-फलाम् ४.१.५३

અ.અ.સૂ. : यङः चर-फलां धातूनां पूर्वस्य अन्तः मुः।

અર્થ : यङ् પ્રત્યયાન્ત चर् અને फल् ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વનાં અવયવને અન્તે मु આગમ થાય છે.

સ. : चर-फलाम् = चरश्च फलौ चेति चरफलः, तेषामिति।

ઉદા. (૧) **चञ्चूर्यते** = તે ખરાબ રીતે ચાલે છે. (चर भक्षणे च-४१०)
गृ-लुप०૩.૪.૧૨થી यङ्→चर्+**य**
सन्यङ०૪.૧.૩થી द्वित्व→**च**चर्+य
આ સૂત્રથી मु આગમ→**चम्**चर्य
ति चोपान्त्या०૪.૧.૫૪થી उ→चम्+**चु**र्य
भ्वादेर्नामिनो०૨.૧.૬૩થી દીર્ઘ→चम्+**चू**र्य
तौ मु-मो०૧.૩.૧૪થી म्नो ञ्→च**ञ्चू**र्य
તે વગેરે થતાં→चञ्चूर्यते।

(૨) **पम्फुल्यते** = તે ઘણો સફળ થાય છે. (फल निष्पत्तौ-४२८)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ यङ् પ્રત્યય व्यञ्जनादेरेक०૩.૪.૯થી કરવો.

વિશેષતા :

સૂત્રમાં चर-फलाम् એ પ્રમાણે બ.વ.નો નિર્દેશ હોવાથી અહીં फल-४२८, फल-९८३, ञिफला-४१४ એ પ્રમાણે ત્રણ ધાતુનું ગ્રહણ થાય છે.

ति चोपान्त्याऽतोनोदुः ૪.૧.૫૪

અ.અ.સૂ. : यङः चर-फलां धातूनां उपान्त्यऽतः ति उः, अनोत् च।

અર્થ : यङ् પ્રત્યયાન્ત चर् અને फल् ધાતુનાં ઉપાન્ત્ય અનો त्કારાદિ પ્રત્યય પર છતાં उ થાય છે. અને તે उનો ओ થતો નથી.

સ. : (૧) **उपान्त्याऽतः** = उपान्त्य श्चासौ अच्चेति उपान्त्यात्, तस्येति।
(૨) **अनोत्** = न ओत् इति।

ઉદા. (૧) **चञ्चूर्यते** = તે ખરાબ રીતે ચાલે છે. (चर भक्षणे-च-४१०)

(૨) **पम्फुल्यते** = તે ઘણો સફળ થાય છે. (फल निष्पत्तौ-४२८)

આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્રમાં દર્શાવેલ છે.

(૩) **चूर्त्तिः** = જવું.

श्वादिभ्यः ૫.૩.૯૨થી क्ति→चर्+**ति**

આ સૂત્રથી अનો उ→**चु**र्ति

भ्वादेर्नामिनो०૨.૧.૬૩થી उ दीर्घ→**चू**र्ति

પ્રથમા સિ વગેરે→चूर्त्तिः।

(૪) **प्रफुल्तिः** = ખીલવું.

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ क्ति પ્રત્યય સ્ત્રિયાં क्तिः ૫.૩.૯૧થી લગાડવો.

પ્ર.ઉદા. (૧) **अत इति किम् ?**

(a) **चञ्चार्यते** = તે નિંદિત રીતે ચલાવે છે.

प्रयोक्तृ०૩.૪.૨૦થી णिग्→चर्+**इ**

ञ्णिति ૪.૩.૫૦થી વૃદ્ધિ→**चा**रि

હવે, चारयतीति क्विप् અર્થમાં,

क्विप् ૫.૧.૧૪૮થી क्विप्→चारि+**०**

णेरनिटि ૪.૩.૮૩થી णिग्નો લોપ→चार्

હવે, चारिवाऽऽचरतीति અર્થમાં,

कर्तुः०૩.૪.૨૫થી क्विप्→चार्+**०**

एकदेशविकृत०૧/૭ ન્યાયાનુસારે, चार्ને चर् માનીને

गृ-लुप-सद०૩.૪.૧૨થી यङ्→चार्+**य**

सन्यङ०૪.૧.૩થી દ્વિત્વ→**चा**चार्य

चर-फलाम् ૪.૧.૫૩થી मु આગમ→चा**म्**चार्य

ह्रस्वः ૪.૧.૩૯થી ह्रस्व→**च**म्चार्य

तौ मु-मो०१.३.१४थी म्नो ञ्→चञ्चार्य
ते वगेरे थतां→चञ्चार्यते।

(b) **पम्फाल्यते** = તે વારંવાર ખીલાવે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉપાન્ત્યમાં અ હોય તેવા चर् અને फल् ધાતુથી થાય છે. જ્યારે અહીં ઉપાન્ત્યમાં આ હોવાથી આ સૂત્રથી उ થયો નહીં.

★ **अनोदिति किम् ?**

(a) **चञ्चूर्त्तिः** = તે ખરાબ રીતે ચાલે છે.

(b) **पम्फुल्तिः** = તે વારંવાર ખીલે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ बहुलं०३.४.१४થી यङ्नો લોપ કરવો.

★ આ સૂત્રમાં लघोरुपा०४.३.४થી પ્રાપ્ત ગુણ(ओ)નું વર્જન હોવાથી અહીં અનંતર પરમાં तिव् હોવા છતાં ગુણ થયો નહીં.

વિશેષતા :

જિ. : અહીં પ્ર.ઉદા.ગત चञ्चार्यते, पम्फाल्यते પ્રયોગમાં चारयति, फालयति इति क्विप् એ પ્રમાણે चारि, फालि ધાતુ છે. જ્યારે અહીં સૂત્રમાં તો चर् અને फल् ધાતુનું ગ્રહણ કર્યું છે. તેથી ત્યાં આ સૂત્રની પ્રાપ્તિ જ ન હતી. તો પ્ર.ઉદા.માં તેનો નિર્દેશ શા માટે કર્યો ?

સભા. : અહીં **एकदेशविकृतमनन्यवत् १/७** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી चारि, फालि બંને चर् અને फल् સ્વરૂપે નથી પરંતુ તેઓ એકદેશ વિકૃત क्विप् પ્રત્યયાન્ત રૂપો જ છે. તેથી તેઓનું પણ આ સૂત્રમાં ગ્રહણ થવાની પ્રાપ્તિ છે.

ऋमतां रीः ४.१.५५

अ.अ.सू. : यङः ऋमतां धातोः पूर्वस्य अन्तः रीः।

अर्थ : यङ् प्रत्ययान्त ऋकारवाळां धातुओनुं द्वित्व थये छते पूर्वनां अवयवने अन्ते री आगम थाय छे.

उदा. नरीनृत्यते = ते वारंवार नाचे छे. (नृतैच् नर्त्तने-११५२)
व्यञ्जनादेरेक०३.४.८थी यङ्→नृत्+**य**
सन्यङ०४.१.३थी द्वित्व→**नृ**नृत्+य
ऋतोऽत् ४.१.३८थी ऋनो अ→**न**नृत्+य
आ सूत्रथी री आगम→**नरी**नृत्य
ते वगेरे थतां→नरीनृत्य**ते**।

विशेषता :

(१) अहीं सूत्रमां ऋमताम् એ प्रमाणे ऋकारवाळां धातुओनुं ग्रहण कर्युं छे. तेथी **लक्षण-प्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम् १/१५** न्यायानुसारे प्रतिपदोक्त એटले के कोईपण वर्णनां विकार स्वरूपे न थयेल तेवा ऋनुं ग्रहण थवानुं छे. पण सूत्रगत ब.व. द्वारा लाक्षणिक ऋनुं पण ग्रहण थशे. जेमके, प्रच्छं त्-१३४७ परीपृच्छयते।

(२) अहीं कृ, हृ जेवां केटलांक ऋकारान्त धातुओमां ऋतो री०४.३.१०९ सूत्रथी ऋनो री आदेश थतां द्वित्व थये छते ऋकारत्व रहेतुं नथी. माटे त्यां आ सूत्रथी री आगम पण थतो नथी. जेमके, चेक्रीयते।

जि. : अहीं भृ.वृ. वगेरेमां चलीक्लृप्यते वगेरे प्रयोगो आप्यां छे. परंतु त्यां तो द्वित्वनी पूर्वे ज ऋरलृलम्० २.३.९९थी ऋनो लृ थाय छे. ज्यारे सूत्रमां तो ऋमताम् એ प्रमाणे

ऋकारनुं જ ગ્રહણ કર્યું છે. તો ત્યાં આ સૂત્રની પ્રવૃત્તિ કેવી રીતે થઈ?

સમા. : અહીં **ऋकारापदिष्टं कार्यं लृकारस्याऽपि ૨/૧૪** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. એ ન્યાય દ્વારા ઋકાર માટે જણાવાયેલ કાર્ય તેનાં જ આદેશભૂત લૃકારને પણ થાય છે. અહીં चलीक्लृप्यते વગેરેમાં પણ ऋर-लृलं० ૨.૩.૯૯થી ऋનાં સ્થાને જ लृ થયેલ છે. તેથી ત્યાં આ સૂત્રની પ્રવૃત્તિ થવામાં બાધ આવતો નથી.

रि-रौ च लुपि ૪.૧.૫૬

અ.અ.સૂ. : यङः लुपि ऋमतां धातूनां पूर्वस्य अन्तः, रिरौ च (रीः)।

અર્થ : યङ્લુબન્ત એવા ઋકારવાળાં ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વનાં અવયવને અન્તે रि, र् અને री આગમ થાય છે.

સ. : रिरौ = रिश्च र् चेति।

ઉદા. चरिकर्त्ति/चर्कर्त्ति/चरीकर्त्ति = તે વારંવાર છેદે છે.

(कृतैत् छेदने-૧૩૨૫)

व्यञ्जनादेरेक०૩.૪.૯થી यङ्→कृत्+**य**

सन्यङ०૪.૧.૩થી દ્વિત્વ→**कृ**कृत्+य

ऋतोऽत् ૪.૧.૩૮થી ऋનો अ→**क**कृत्+य

कङ्ङ्यञ् ૪.૧.૪૬થી क्નો च्→**च**कृत्+य

बहुलं०૩.૪.૧૪થી यङ्નો लोप→चकृत्

આ સૂત્રથી रि, री અને र् આગમ→**चरि**कृत्/**चरी**कृत्/**चर्**कृत्

तिव् વગેરે થતાં→चरि**कर्त्ति**/चरीकर्त्ति/चर्कर्त्ति।

વિશેષતા :

(૧) યદ્યપિ અહીં રિરૌનાં ગ્રહણથી રીની અનુવૃત્તિ અટકી જાય છે. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति** ૨/૬૧ ન્યાયાનુસારે પ્રથમાન્ત રિરૌનાં સજાતીય રીનું અનુકર્ષણ થાય છે. તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते** ૨/૬૨ ન્યાયાનુસારે રીનો અધિકાર ઉત્તરસૂત્રમાં જશે નહીં.

निजां शित्येत् ૪.૧.૫૭

અ.અ.સૂ. : निजां धातूनां शिति पूर्वस्य एत्।

અર્થ : निज् વગેરે ધાતુઓનું शित् પ્રત્યય પર છતાં દ્વિત્વ થયે છતે પૂર્વનાં સ્વરનો ए થાય છે.

ઉદા. (૧) **नेनेक्ति** = તે પોષણ કરે છે. (णिजृंकी शौचे-૧૧૪૧)
वर्तमाना०૩.૩.૬થી तिव्→निज्+**ति**
एताः शितः ૩.૩.૧૦થી तिव्ને **शित्** સંજ્ઞા
हवः शिति ૪.૧.૧૨થી દ્વિત્વ→**निज्**निज्+ति
व्यञ्जनस्या०૪.૧.૪૪થી ज्નો લોપ→निनिज्+ति
આ સૂત્રથી इનો ए→**ने**निज्+ति
लघोरुपा०૪.૩.૪થી ગુણ→**नेने**ज्+ति
च-जः०૨.૧.૮૬થી ज्નો ग्→नेनेग्+ति
अघोषे प्रथमो०૧.૩.૫૦થી ग्નો क्→नेने**क्ति**।

(૨) **वेवेक्ति** = તે જુદો થાય છે. (विजृंकी पृथग्भावे-૧૧૪૨)

(૩) **वेवेष्टि** = તે વ્યાપે છે. (विष्लृंकी व्याप्तौ-૧૧૪૩)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **शितीति किम् ? निनेज** = તેણે સાફ કર્યું.

परोक्षे ५.२.१२थी णव्→निज्+**अ**

द्विर्धातुः०४.१.१थी द्वित्व→**निज्**निज्+अ

व्यञ्जनस्या०४.१.४४थी ज्नो लोप→निनिज्+अ

लघोरुपा०४.३.४थी गुण→**निनेज**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ शित् પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં शित् પ્રત્યય ન હોવાથી આ સૂત્રથી પૂર્વનાં અવયવનો ए થયો નહીં.

વિશેષતા :

અહીં સૂત્રમાં निजाम् એ પ્રમાણે બ.વ. દ્વારા અદાદિ ગણનાં અન્તે જણાવેલાં निज्, विज् અને विष् એમ ત્રણ ધાતુનું ગ્રહણ થાય છે.

पृ-भृ-मा-हाङामिः ४.१.५८

અ.અ.સૂ. : पृ-भृ-मा-हाङां धातूनां शिति पूर्वस्य इः।

અર્થ : पृ, ऋ, भृ, मा અને हा ધાતુનું દ્વિત્વ થયે છતે शित् પ્રત્યય પર છતાં પૂર્વનાં સ્વરનો इ આદેશ થાય છે.

સ. : पृ-भृ-मा-हाङाम् = पृश्च ऋश्च भृश्च माश्च हाङ् चेति पृभृमाहाङः, तेषामिति।

ઉદા. (૧) **पिपर्त्ति** = તે પાલન કરે છે. (पॄंक् पालन०११३४)

सति ५.२.१९ વગેરેથી तिव्→पृ+**ति**

हवः शिति ४.१.१२थी द्वित्व→**पृ**पृ+ति

ऋतोऽत् ४.१.३८थी ऋનો अ→**प**पृ+ति

लघोरुपा०४.३.४थी गुण→**पपर्ति**

આ સૂત્રથી अનો इ→**पि**पर्ति।

(૨) **इयर्त्ति** = તે જાય છે. (ऋंक् गतौ-११३५)
પૂર્વ પ્રમાણે તિવ્ વગેરે થતાં→इ+**अर्त्ति**
पूर्वस्याऽस्वे०४.१.३७થી इનો इय्→**इय**र्त्ति।

(૩) **बिभर्त्ति** = તે ભરણ-પોષણ કરે છે.
(टुडुभृंग्क् पोषणे-११४०)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૪) **मिमीते** = તે માપે છે. (मांङ्क् मान-शब्दयोः-११३७)
પૂર્વ પ્રમાણે તે વગેરે થતાં→ममा+**ते**
આ સૂત્રથી अનો इ→**मि**मा+ते
एषामीर्व्य०४.२.८७થી आનો ई→मि**मी**ते।

(૫) **जिहीते** = તે જાય છે. (ओहांङ्क् गतौ-११३६)

★ આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ गहोर्जः ४.१.४०થી हનો ज् કરવો.

પ્ર.ઉદા. (૧) **हाङिति किम्? जहाति** = તે ત્યાગ કરે છે.
(ओहांक् त्यागे-११३१)
આ ઉદા.ની સાધનિકા जिहीते પ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી अનો इ અને एषामी०४.२.८७થી आનો ई કરવો નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ङ् ઈત્વાળાં हा ધાતુથી થાય છે. જ્યારે અહીં ङ् ઈત્વાળો हा ધાતુ નથી. માટે આ સૂત્રથી પૂર્વનાં अનો इ થયો નહીં.

(૨) **शितीत्येव→पपार** = તેણે પાલન કર્યું.
परोक्षे ५.२.१२થી णव्→पृ+**अ**
द्विर्धातुः०४.१.१થી द्वित्व→**पृ**पृ+अ

ऋतोऽत्०४.१.३८थी ऋनो अ→**प**पृ+अ
लघोरुपा०४.३.४थी वृद्धि→**पपार**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ શિત્ પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં અશિત્ એવો પરોક્ષાનો પ્રત્યય છે. માટે આ સૂત્રથી પૂર્વનાં અનો ઇ થયો નહીં.

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, શિત્ પ્રત્યય પર છતાં જ આ સૂત્રની પ્રવૃત્તિ ઈષ્ટ છે. તેથી પર્પર્ત્તિ, પરીપર્ત્તિ એ પ્રમાણે યङન્ત પ્રયોગમાં ઇકાર થશે નહીં.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો જુહોત્યાદિ ગણ અંતર્ગત પૃ ધાતુમાં દીર્ઘ ॠ માને છે. તેથી તેઓનાં મતનો સંગ્રહ કરવા માટે પૃશ્ચ ॠશ્ચેતિ પૃ એ પ્રમાણે વિગ્રહ જાણવો. અને આ વાત જણાવવા માટે જ સૂત્રમાં પૃ-ભૃ-મા-હાङામ્ એ પ્રમાણે બ.વ.નો પણ નિર્દેશ કર્યો છે.

सन्यस्य ४.१.५९

અ.અ.સૂ. : धातोः पूर्वस्य अस्य सनि इः।

અર્થ : ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વનાં અનો સન્ પ્રત્યય પર છતાં ઇ થાય છે.

ઉદા. (૧) पिपक्षति = તે રાંધવાને ઇચ્છે છે. (डुपचींष् पाके-८९२)
तुमर्हादि०३.४.२१थी सन्→पच्+**स**
सन्यङ०४.१.३थी द्वित्व→**प**पच्+स
આ સૂત્રથી અનો ઇ→**पि**पच्+स

चजःकगम् २.१.८६थी च्नो क्→पिपक्+**स**
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→पिपक्ष
तिव् वगेरे थतां→पिपक्ष**ति**।

प्र.उदा. अस्येति किम्? पापचिषते = ते वारंवार रांधवाने ईच्छे छे.
व्यञ्जनादेरेक०३.४.९थी यङ्→पच्+**य**
सन्यङ०४.१.३थी द्वित्व→**प**पच्+य
आ-गुणा०४.१.४८थी अनो आ→**पा**पच्य
तुमर्हादि०३.४.२१थी सन्→पापच्य+**स**
स्ताद्यशितो०४.४.३२थी इट्→पापच्य+**इस**
अतः ४.३.८२थी अनो लोप→पापच्य्+इस
योऽशिति ४.३.८०थी य्नो लोप→पापचिस
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→पापचि**ष**
ते वगेरे थतां→पापचिष**ते**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ अने विशे थाय छे. જ્યારે અહીં પૂર્વમાં अ नथी. माटे आ सूत्रथी इ थयो नहीं.

ओर्जा-ऽन्तस्था-पवर्गेऽवर्णे ४.१.६०

अ.अ.सू. : धातोः पूर्वस्य ओः अवर्णे जान्तस्था-पवर्गे सनि इः।

अर्थ : धातुनुं द्वित्व थये छते पूर्वनां उनो, अ वर्ण छे अन्ते जेने એવા ज्, अन्तस्था अने प् वर्ग પરમાં होते छते इ थाय छे.

स. : जान्तस्थापवर्गे = जश्च अन्तस्था च पवर्गश्चेति जान्त-स्थापवर्गः, तस्मिन्निति।

उदा. (१) जिजावयिषति = ते मोकलवाने ईच्छे छे.
(जुं गतौ-१९९० (सौत्र))

प्रयोक्तृ०३.४.२०थी णिग्→जु+**इ**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→**जौ**+इ
ओदौतोऽ०१.२.२४थी आव्→**जावि**
तुमर्हादि०३.४.२१थी सन्→जावि+**स**
णौ यत्कृतं कार्यं तत्सर्वं स्थानीवद्भवति २/३५ न्यायानुसारे,
सन्यङ०४.१.३थी द्वित्व→**जु**जावि+स
आ सूत्रथी उनो इ→**जि**जावि+स
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→जिजाविष
तिव् वगेरे थतां→जिजाव**यिषति**।

(२) **यियविषति** = ते मिश्रण करवाने ઇच्छे छे.
(युक् मिश्रणे-१०८०)
तुमर्हादि०३.४.२१थी सन्→यु+**स**
इ-वृध०४.४.४७थी इट्→यु+**इ**स
सन्यङ०४.१.३थी द्वित्व→**यु**यु+इस
नामिनो०४.३.१थी गुण→**यो**यो+इस
ओदौतोऽ०१.२.२४थी अव्→**यव्**यव्+इस
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→यु**यविष**
आ सूत्रथी उनो इ→**यि**यविष
तिव् वगेरे थतां→यियविष**ति**।

(३) **यियावयिषति** = ते मिश्रण करावववाने ઇच्छे छे.

(४) **रिरावयिषति** = ते अवाज करावववाने ઇच्छे छे.
(रुं शब्दे-१०८५)

(५) **लिलावयिषति** = ते लणावववाने ઇच्छे छे.
(लूग्श् छेदने-१५१९)
आ उदा.नी साधनिका जिजावयिषति प्रमाणे जाणवी.

(૬) **पिपविषते** = તે પવિત્ર કરવાને ઇચ્છે છે.
(पूङ् पवने-૬૦૦)
આ ઉદા.ની સાધનિકા यियविषति પ્રમાણે જાણવી.

(૭) **पिपावयिषति** = તે પવિત્ર કરાવવાને ઇચ્છે છે.

(૮) **मिमावयिषति** = તે બંધાવવાને ઇચ્છે છે.
(मूङ् बन्धने-૬૦૧)

પ્ર.ઉદા. (૧) **जान्तस्थापवर्गादिति किम् ? जुहावयिषति** =
તે સ્પર્ધા કરાવવાને ઇચ્છે છે.
(ह्वेंग् स्पर्धा-शब्दयोः-૯૯૪)
आत् सन्ध्य०૪.૨.૧થી आ→**ह्वा** ધાતુ.
प्रयोक्तृ०૩.૪.૨૦થી णिग्→ह्वा+**इ**
तुमर्हादि०૩.૪.૨૧થી सन्→ह्वा+इ+**स**
णौ ङसनि ૪.૧.૮૮થી वा નો उ→**हु**+इ+स
दीर्घमवो૩०૪.૧.૧૦૩થી દીર્ઘ→**हू**+इ+स
પૂર્વપ્રમાણે દ્વિત્વ વગેરે થતાં→જુહાવ**યિષતિ**

★ આ સૂત્રની પ્રવૃત્તિ उથી પર જ્, अन्तस्था અને પ વર્ગ હોતે છતે થાય છે. જ્યારે અહીં ह् છે. માટે આ સૂત્રથી उનો इ થયો નહીં.

(૨) **अवर्ण इति किम् ? बुभूषति** = તે થવાને ઇચ્છે છે.
(भू सत्तायाम्-૧)
तुमर्हादि०૩.૪.૨૧થી सन्→भू+**स**
सन्यङ०૪.૧.૩થી દ્વિત્વ→**भू**भू+स
ह्रस्वः ૪.૧.૩૯થી હ્રસ્વ→**भु**भू+स
द्वितीय-तुर्ययो०૪.૧.૪૨થી भ્ નો બ્→**बु**भूस

नाम्यन्तस्था०२.३.१५थी स्‌नो ष्‌→बुभूष**ष**
तिव् वगेरे→बुभूष**ति**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ અવર્ણ અન્તે હોય તેવા ધાતુથી થાય છે. જ્યારે અહીં અન્તે અવર્ણ નથી. માટે આ સૂત્રથી उनो इ થયો નહીં.

વિશેષતા :

જિ. : અહીં અણ્યન્ત ધાતુમાં पिपविषते અને यियविषति માત્ર બે ધાતુનાં પ્રયોગો જ સિદ્ધ થાય છે. તથા ણ્યન્ત ધાતુનાં વિષયમાં વૃદ્ધિ-अव् આદેશ-દ્વિત્વ આદિ કાર્ય થતાં પૂર્વનાં અવયવમાં उકારાન્તતા સંભવતી નથી. અને તેથી सन्यस्य ४.१.५९ સૂત્રથી જ इકાર આદેશ થવાની પ્રાપ્તિ છે. માટે पिपविषते અને यियविषति જેવા ણ્યન્ત ધાતુનાં પ્રયોગમાં જ इત્વ થાય તે માટે ओः पयेऽवर्णे આટલું સૂત્ર પણ પર્યાપ્ત હતું. તો નિષ્કારણ ગૌરવ શા માટે કર્યું ?

સમા. : તમારી વાત સાચી છે. પરંતુ ણ્યન્ત પ્રયોગોમાં **णौ यत्कृतं कार्यं तत्सर्वं स्थानीवद् भवति ૨/૩૫** ન્યાયાનુસારે णिग् પ્રત્યય પર છતાં ગુણ-વૃદ્ધિ આદિ કાર્ય સ્થાનીવત્ થાય છે. તેથી વૃદ્ધિ આદિ કાર્ય કર્યા પછી પણ મૂળ ધાતુનું જ દ્વિત્વ થતાં પૂર્વનો અવયવ उકારાન્તપણે સંભવે છે. તેથી सन्यस्य ४.१.५९ સૂત્રની પ્રવૃત્તિ ન થતાં આ સૂત્રની આવશ્યકતા રહે છે. અને જો ओः पयेऽवर्णे આટલાં જ સૂત્રનો નિર્દેશ કરવામાં આવે તો जिजावयिषति જેવા પ્રયોગોમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. માટે અહીં દર્શાવેલ સૂત્ર યોગ્ય જ છે.

श्रु-स्रु-द्रु-प्रु-प्लु-च्योर्वा ४.१.६१

અ.અ.સૂ. : श्रु-स्रु-द्रु-प्रु-प्लु-च्योः धातोः सनि पूर्वस्य ओः अवर्णे जान्तस्थापवर्गे इः वा।

અર્થ : શ્રુ, સ્રુ, દ્રુ, પ્રુ, પ્લુ અને ચ્યુ ધાતુનું દ્વિત્વ થયે છતે સન્ પ્રત્યય પર છતાં પૂર્વનાં ઉનો, અવર્ણ અન્તે છે જેને એવી અન્તસ્થા પરમાં હોતે છતે ઇ વિકલ્પે થાય છે.

સ. : श्रु-स्रु-द्रु-प्रु-प्लु-च्योः = श्रुश्च स्रुश्च द्रुश्च प्रुश्च प्लुश्च च्युश्चेति श्रुस्रुद्रु प्रुप्लुच्यु, तस्येति।

ઉદા. (૧) **शिश्रावयिषति/शुश्रावयिषति** =
તે સંભળાવવાને ઇચ્છે છે. (श्रुंट् श्रवणे-૧૨૯૬)

(૨) **सिस्रावयिषति/सुस्रावयिषति** =
તે ટપકાવવાને ઇચ્છે છે. (स्रुं गतौ-૧૫)

(૩) **दिद्रावयिषति/दुद्रावयिषति** =
તે પ્રવાહી કરાવવાને ઇચ્છે છે. (द्रुं गतौ-૧૩)

(૪) **पिप्रावयिषति/पुप्रावयिषति** =
તે ગતિ કરાવવાને ઇચ્છે છે. (प्रुङ् गतौ-૫૯૭)

(૫) **पिप्लावयिषति/पुप्लावयिषति** =
તે ગતિ કરાવવાને ઇચ્છે છે. (प्लुङ् गतौ-૫૯૮)

(૬) **चिच्यावयिषति/चुच्यावयिषति** =
તે ગતિ કરાવવાને ઇચ્છે છે. (च्युङ् गतौ-૫૯૪)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ઉનો ઇ આ સૂત્રથી વિકલ્પે કરવો.

વિશેષતા :

(૧) અહીં પૂર્વસૂત્રથી जान्तस्थापवर्गेऽवर्णे એ પ્રમાણે સંપૂર્ણ પદનો અધિકાર આવે છે. પરંતુ શ્રુ વગેરે ધાતુઓમાં અન્તસ્થા અન્તત્વ જ સંભવતું હોવાથી **अपेक्षातोऽधिकारः ૧/૧૨** ન્યાયાનુસારે અન્તસ્થાનો જ નિર્દેશ ટીકામાં કરેલ છે. પણ જ્ અને પ્ વર્ગનો નહીં.

જિ. : અહીં સૂત્રાર્થમાં પૂર્વનાં સ્વરની અનંતર પરમાં अ વર્ણાન્ત અન્તસ્થાનો નિર્દેશ કર્યો છે. પરંતુ શિશ્રાવયિષતિ વગેરે પ્રયોગોમાં તો શ્ વગેરે વર્ણોનું વ્યવધાન છે. તો આ સૂત્રની પ્રવૃત્તિ શી રીતે થાય?

સમા. : તમારી વાત સાચી છે, પરંતુ જો એ વ્યવધાનને બાધક ગણવામાં આવે તો આ સૂત્રનો નિર્દેશ જ વ્યર્થ જવાની આપત્તિ આવે. તેથી **येन नाऽव्यवधानं तेन व्यवहितेऽपि स्यात् ૨/૧૩** ન્યાયાનુસારે આ સૂત્રનાં વિધાન સામર્થ્યથી જ અહીં એ વ્યવધાનનો પણ આશ્રય લેવામાં આવે છે. અને શિશ્રાવયિષતિ વગેરે પ્રયોગોમાં વ્યવધાન હોવા છતાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ કરવામાં આવે છે.

स्वपो णावुः ૪.૧.૬૨

અ.અ.સૂ. : **स्वपः धातोः पूर्वस्य णौ उः ।**

અર્થ : સ્વપ્ ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વનાં અવયવનો णि પ્રત્યય પર છતાં उ થાય છે.

ઉદા. सुष्वापयिषति = તે સુવાડવાને ઇચ્છે છે. (જિષ્વપંક્ શયે-૧૦૮૮) પ્રયોક્તૃ૦૩.૪.૨૦થી णिग्→स्वप्+**इ**

ञ्णिति ४.३.५०थी वृद्धि→**स्वा**पि
तुमर्हादि०३.४.२१थी सन्→स्वापि+**स**
सन्यङ०४.१.३थी द्वित्व→**स्वा**स्वापि+स
व्यञ्जनस्या०४.१.४४थी व्नो लोप→सास्वापि+स
आ सूत्रथी आनो उ→**सु**स्वापि+स
स्ताद्यशितो०४.४.३२थी इट्→सुस्वापि+**इस**
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→सुस्वापि+**इष**
णि-स्तोरेव०२.३.३७थी धातुनां स्नो ष्→सुष्वापि+इष
तिव् वगेरे→सुष्वापयिषति।

प्र.उदा. (१) **णाविति किम्? सिष्वापकीयिषति** =
ઊંઘનારને ઇચ્છનારની ઇચ્છા કરે છે.
णक-तृचौ ५.१.४८थी णक→स्वप्+**अक**
ञ्णिति ४.३.५०थी वृद्धि→**स्वा**पक
હવે, स्वापकमिच्छतीति અર્થમાં,
अमाव्ययात्०३.४.२३थी क्यन्→स्वापक+**य**
क्यनि ४.३.११२थी दीर्घ ई→स्वाप**की**य
तुमर्हादि०३.४.२१थी सन्→स्वापकीय+**स**
सन्यङ०४.१.३थी द्वित्व→**स्वा**स्वापकीय+स
व्यञ्जनस्या०४.१.४४थी व्नो लोप→सास्वापकीय+स
ह्रस्वः ४.१.३९थी ह्रस्व→**सु**स्वापकीय+स
सन्यस्य ४.१.५९थी अनो इ→**सि**स्वापकीय+स
स्ताद्यशितो०४.४.३२थी इट्→सिस्वापकीय+**इस**
अतः ४.३.८२थी अनो लोप→सिस्वापकीयिस
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→सिस्वापकीयि**ष**

णि-स्तो०२.३.३७थी धातुनां स्नो ष्→सिष्**वा**पकीयि**ष** तिव् वगेरे→सिष्वापकीयिष**ति**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ णि પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં णि પ્રત્યય પરમાં નથી. માટે આ સૂત્રથી અન્ત્ય સ્વરનો उ થયો નહીં.

(२) **स्वपो णाविति किम्? सिष्वापयिषति** =
તે ઊંઘવાને ઇચ્છે છે.
भावा-ऽकर्त्रोः ५.३.१८थी घञ्→स्वप्+**अ**
ञ्णिति ४.३.५०थी वृद्धि→**स्वा**प
હવે, स्वापं करोतीति અર્થમાં,
णिञ्बहुलं०३.४.४२थी णिच्→स्वाप+**इ**
त्रन्त्यस्वरादेः ७.४.४३थी अनो लोप→स्वा**पि**
तुमर्हादि०३.४.२१थी सन्→स्वापि+**स**
अन्यस्य ४.१.८थी द्वित्व→**स्वा**स्वापि+स
व्यञ्जनस्या०४.१.४४थी व्नो लोप→**सा**स्वापि+स
ह्रस्व वगेरे कार्य पूर्वप्रमाणे थतां→**सिष्वापयिषति**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ स्वप् ધાતુથી णि પ્રત્યય પર છતાં થાય છે. અહીં स्वाप નામથી પર णि પ્રત્યય છે. માટે આ સૂત્રથી उ થયો નહીં.

(३) **स्वपो णौ सति द्वित्व इति किम्? सोषोपयिषति** =
વારંવાર ઊંઘાડવાની ઇચ્છા કરે છે.
व्यञ्जनादेरेक०३.४.९थी यङ्→स्वप्+**य**
बहुलं०३.४.१४थी यङ्नो लोप→स्वप्
प्रत्ययलोपेऽपि प्रत्ययलक्षणं कार्यं विज्ञायते ३/९ ન્યાયાનુસારે,

स्वपेर्यङ०४.१.८०थी व्‌नो उ→**सु**प्
सन्यङ०४.१.उथी द्वित्व→**सु**सुप्
आगुणा०४.१.४८थी गुण→**सो**सुप्
प्रयोक्तृ०उ.४.२०थी णिग्→सोसुप्+**इ**
तुमर्हादि०उ.४.२१थी सन्→सोसुप्+इ**स**
स्ताद्यशितो०४.४.उ२थी इट्→सोसुपि+**इ**स
तिव् वगेरे थतां→सो**षो**पयिषति।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સ્વપ્ ધાતુથી णि પર છતાં દ્વિત્વ થયું હોય તો થાય છે. જ્યારે અહીં यङ् પર છતાં દ્વિત્વ થયેલ છે. માટે આ સૂત્રથી उ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં णिगन्त स्वप् ધાતુનો નિર્દેશ કર્યો છે. તેથી स्वापयति इति क्विप् એ પ્રમાણે પ્રાપ્ત થયેલાં क्विबन्त स्वाप् નામને कर्तुः क्विप्०उ.४.२५थी पुनः क्विप् કરીને નામધાતુ બનાવીને यङन्त પ્રયોગ કરવામાં આવે તો પણ આ સૂત્રની પ્રવૃત્તિ થાય. તેથી सोष्वाप्यते એવો પ્રયોગ સિદ્ધ થાય છે.

(૨) આ સૂત્રમાં અન્ય કાર્યનું વિધાન હોવાથી સનિનો અધિકાર અટકી ગયો છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો णिगन्त स्वप् ધાતુથી પણ क्विप् પ્રત્યય પર છતાં જ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. તેથી તેઓનાં મતે स्वापकीयितुमिच्छतीति सिष्वापकीयिषति જેવા પ્રયોગોમાં પૂર્વનાં સ્વરનો उકાર થશે નહીં.

असमानलोपे सन्वल्लघुनि ङे ४.१.६३

અ.અ.સૂ. : असमानलोपे ङे णौ धातोः द्वित्वे लघुनि पूर्वस्य सन्वत्।

અર્થ : જે પ્રત્યય પર છતાં સમાન સ્વરનો લોપ થયો ન હોય તે અસમાન લોપવાળાં કહેવાય છે. ङ પ્રત્યય છે પરમાં જેને એવો અસમાન લોપવાળો णि પ્રત્યય પર છતાં ધાતુનું દ્વિત્વ થયે છતે લઘુધાત્વક્ષર પર છતાં પૂર્વનાં સ્વરનું સન્વત્ = सन् પ્રત્યયાન્તની જેમ કાર્ય થાય છે.

સ. : असमानलोपे = समानस्य लोप इति समानलोपः, न विद्यते समानलोपो यस्य स इति असमानलोपः, तस्मिन्निति।

ઉદા. (૧) अचीकरत् = તેણે કરાવ્યું. (डुकृंग् करणे-८८८)

प्रयोक्तृ०३.४.२०थी णिग्→कृ+**इ**

नामिनोऽ०४.३.५१थी वृद्धि→**कारि**

अद्यतनी ५.२.४ વગેરેથી दि→कारि+**त्**

णि-श्रि०३.४.५८थी ङ→कारि+**अ**+त्

णौ यत्कृतं कार्यं तत्सर्वं स्थानीवद् भवति २/३५ न्યાયાનુસારે,

द्विर्धातुः०४.१.१थी द्वित्व→**कृ**कारि+अ+त्

ऋतोऽत् ४.१.३८थी ऋने अ→**क**कारि+अ+त्

उपान्त्यस्याऽ०४.२.३५थी ह्रस्व→**कक**रि+अ+त्

આ સૂત્રથી **सन्वत्** કાર્ય થતાં,

सन्यस्य ४.१.५९थी अनो इ→**कि**करि+अ+त्

कङ्ङच् ४.१.४६थी क्नो च्→**चि**करि+अ+त्

लघोदीर्घो०४.१.६४थी इ दीर्घ→**ची**करि+अ+त्

णेरनिटि ४.३.८३थी णिग्नो लोप→चीकरत्
अड् धातो०४.४.२९थी अट् आगम→**अ**चीकरत्।

(२) **अजीजवत्** = તેણે ગમન કરાવ્યું. (जुं गतौ-१९९० (सौत्र))
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ अनो इ ओर्जान्तस्था०४.१.६० સૂત્રથી કરવો.

(૩) **अशिश्रवत्** = તેણે સંભળાવ્યું. (श्रुंट् श्रवणे-१२९६)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ उनो इ श्रु-द्रु०४.१.६१ સૂત્રથી કરવો.

પ્ર.ઉદા. (૧) **लघुनीति किम्? अततक्षत्** = તેણે છોલાવ્યું.
(तक्षौ तनूकरणे-५७१)
આ ઉદા.ની સાધનિકા અચીકરત્ પ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી સન્વત્કાર્ય વગેરે કાર્યો ન કરવાં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ લઘુ અક્ષર પર છતાં થાય છે. જ્યારે અહીં क्ष् સંયુક્ત વ્યંજન હોવાથી તેની પૂર્વનો अ ગુરૂ અક્ષર છે. માટે આ સૂત્રથી સન્વત્ કાર્ય થયું નહીં.

(૨) **णावित्येव→अचकमत** = તે દીપ્યો.(कमूङ् कान्तौ-७८९)
આ ઉદા.ની સાધનિકા અચીકરત્ પ્રમાણે જાણવી. પરંતુ અહીં આત્મનેપદ त પ્રત્યય લગાડવો. અને આ આ સૂત્રની પ્રવૃત્તિ કરવી નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ णि પર છતાં થાય છે. જ્યારે અહીં णि પ્રત્યય પરમાં નથી. માટે આ સૂત્રથી સન્વત્ભાવ થયો નહીં.

(૩) **असमानलोप इति किम् ? अचकथत्** = તેણે કહ્યું. આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ અહીં णिग् પ્રત્યયનાં સ્થાને चुरादिभ्यो०૩.૪.૧૭થી णिच् કરવો. અને આ સૂત્રની પ્રવૃત્તિ કરવી નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સમાન સ્વરનો લોપ ન થયો હોય તેવો णि પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં સમાન સ્વરનો લોપ થયો છે. માટે આ સૂત્રથી सन्वत् કાર્ય થયું નહીં.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, पटुमाख्यत् इति अपीपटत् જેવા પ્રયોગોમાં पटु શબ્દને णिज्बहुलं०૩.૪.૪૨ સૂત્રથી णिच् પ્રત્યય લાગ્યા બાદ વૃદ્ધિ થતાં સન્ધ્યક્ષર એવા औ નો લોપ થાય છે. અને औ સ્વર સમાન ન હોવાથી ત્યાં પણ અસમાનનો જ લોપ કહેવાય છે. આમ, ત્યાં પણ આ સૂત્રથી सन्वत् કાર્ય થતાં सन्यस्य ૪.૧.૫૯ વગેરે સૂત્રની પ્રવૃત્તિ થાય છે.

(૨) અહીં णौ એ પ્રમાણે જાતિનો આશ્રય કર્યો હોવાથી णि સામાન્યનું ગ્રહણ થાય છે. તેથી वादितवन्तं प्रयोजितवान् इति अवीवदत् वीणां परिवादकेन એ પ્રમાણે પ્રેરકનો પ્રેરક પ્રયોગ થયો હોય તો પણ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. યદ્યપિ અહીં णेरनिटि ૪.૩.૮૩ સૂત્રથી णि રૂપ સમાનનો લોપ થયો જ છે. પરંતુ તે સૂત્રગત णौ પદ દ્વારા જ જાતિ આશ્રિતતયા બાધક બનતો નથી. આ વાત આગામી સૂત્રમાં પણ જાણવી.

(૩) અહીં પણ શ્રુ-સ્નુ-દ્રુ૦૪.૧.૬૧ સૂત્રની જેમ વ્યવધાન સહિત જ કાર્ય થાય છે. તેથી સૂત્રમાં લઘુનિ એ પ્રમાણે સપ્તમ્યન્ત નિર્દેશ હોવાથી અનંતર પૂર્વનું વિધાન હોવા છતાં પણ અચિક્વણત્માં ચ્ વગેરે વર્ણો બાધક થતો નથી. યદ્યપિ શ્રુ-સ્નુ૦૪.૧.૬૧ સૂત્રમાં એક વ્યંજનનું વ્યવધાન જ સ્વીકાર્ય છે. પરંતુ અહીં અનેક વ્યંજનનાં વ્યવધાનમાં પણ કાર્ય થાય છે. જેમકે, અચિક્વણત્ વગેરે. કારણકે આગામી સ્મૃ-દૃ-ત્વર૦૪.૧.૬૫[1] સૂત્રમાં સ્મૃ વગેરે ધાતુમાં દ્વિત્વ થતાં પૂર્વનો અવયવ અકારાન્ત હોવા છતાં પુનઃ અત્ત્વનું વિધાન કર્યું છે. તે જ જણાવે છે કે, તે સ્મૃ આદિ ધાતુઓમાં અનેક વ્યંજનનું વ્યવધાન હોતે છતે પણ આ સૂત્રથી ઇત્વ થવાની પ્રાપ્તિ હતી. માટે અહીં અનેક વ્યંજનનું વ્યવધાન પણ ગ્રહણ કરાય છે. પણ જો સ્વર અને વ્યંજન બંનેનું વ્યવધાન હોય તો આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. જેમકે, અજજાગરત્।

(૪) યદ્યપિ અહીં ધ્યાનમાં લેવું કે, चुरादिभ्यो०३.४.१७ સૂત્રમાં જણાવ્યા મુજબ **अनित्यो णिच्चुरादीनाम् ૨/૪૦** ન્યાયાનુસારે ક્યારેક णिच् પ્રત્યય નથી પણ થતો. તે અવસ્થામાં **णिच्सन्नियोगे एव चुरादीनाम-दन्तता ૨/૪૨** ન્યાયાનુસારે कथ् ધાતુ અકારાન્ત રહેતો નથી. માટે આ સૂત્રની પ્રાપ્તિ થતાં अचीकथत् જેવાં પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

---

૧. અહીં બૃ.વૃ.માં स्थादीनाम्નાં સ્થાને स्म्रादीनां પાઠ જણાય છે.

लघोर्दीर्घोऽस्वरादेः ४.१.६४

अ.अ.सू. : असमानलोपे ङे णौ अस्वरादेः धातोः लघुनि पूर्वस्य लघोः दीर्घः।

અર્થ : ङ प्रत्यय छे પરમાં જેને એવો અસમાન લોપવાળો णि प्रत्यय પર છતાં स्वरादि धातु सिवायनां धातुनुं द्वित्व थये छते लघु धात्वक्षर પર છતાં धातुनी पूर्वनो लघुस्वर दीर्घ थाय छे.

स. : अस्वरादेः = स्वर आदिर्यस्य स इति स्वरादिः, न स्वरादिरिति अस्वरादिः, तस्येति।

ઉદા. अचीकरत् = तेणे કराव्युं. (डुकृंग् करणे-८८८)
આ ઉદા.नी साधनिका पूर्वसूत्रमां दर्शावेल छे.

प्र.ઉદા. (१) लघोरिति किम् ? अचिक्वणत् = तेणे शब्द કराव्यो. (क्वण शब्दे-२७१)
આ ઉદા.नी साधनिका अचीकरत् प्रमाणे जाणवी. પરંતુ આ सूत्रथी पूर्वनो स्वर दीर्घ કरवो नहीं.

★ આ सूत्रनी प्रवृत्ति लघु अक्षरने विशे थाय छे. જ્યારે અહીં इ પછી संयुक्त व्यंजन होवाथी इ लघ्वक्षर રૂપ नथी. माटे आ सूत्रथी तेनो दीर्घादेश थयो नहीं.

(२) **अस्वरादेरिति किम् ? और्ण्णुनवत्** = तेणे ढंकाव्युं. (ऊर्णुग्क् आच्छादने-११२३)
प्रयोक्तृ०३.४.२०थी णिग्→ऊर्नु+**इ**
अद्यतनी ५.२.४ वगेरेथी त्→ऊर्नु+इ+**त्**
णि-श्रि०३.४.५८थी ङ→ऊर्नु+इ+**अ**+त्

स्वरादेर्द्वि०४.१.४थी द्वित्व→ऊर्नुनु+इ+अ+त्
नामिनोऽ०४.३.५१थी वृद्धि→ऊर्नु**नौ**+इ+अ+त्
ओदौतोऽ०१.२.२४थी आव्→ऊर्नु**नावि**+अ+त्
णेरनिटि ४.३.८३थी णिग्नो लोप→ऊर्नुनावत्
स्वरादेस्तासु ४.४.३१थी वृद्धि→**औ**र्नुनावत्
उपान्त्यस्याऽ०४.२.३५थी ना नुं ह्रस्व→और्नु**न**वत्
र-षृवर्णान्नो०२.३.६३थी न्नो ण्→औ**र्ण्**नुनवत्
र्हादर्ह०१.३.३१थी ण्नुं द्वित्व→औ**र्ण्ण्**नवत्।

વિશેષતા :

જિ. : અહીં ઉદા.ગત अचीकरत् પ્રયોગમાં अचकरि+अ+त् અવસ્થામાં જ પરસૂત્રતયા અને નિત્ય સૂત્રતયા આ સૂત્ર લાગીને असमानलोपे०४.१.६३ સૂત્રનો બાધ થાય છે. તો પૂર્વે એ સૂત્રની પ્રવૃત્તિ અને પશ્ચાત્ આ સૂત્રની પ્રવૃત્તિ એવું શા માટે કરવામાં આવ્યું ?

સમા. : અહીં દ્વિત્વ પ્રકરણમાં **द्वित्वे सति पूर्वस्य विकारेषु बाधको न बाधकः २/२४** ન્યાયની પ્રવૃત્તિ થાય છે. તે ન્યાયાનુસારે દ્વિત્વ થયા બાદ પરત્વ અને નિત્યત્વ રૂપ બાધક વિધિ પ્રવર્તતી નથી. તેમ થવાથી આ સૂત્ર દ્વારા પૂર્વસૂત્રનો બાધ થતો નથી. માટે અહીં પૂર્વે એ સૂત્રથી सन्वत् કાર્ય થયું છે. અને પછી આ સૂત્રથી દીર્ઘત્વ રૂપ કાર્ય પણ થયું છે.

स्मृ-दृ-त्वर-प्रथ-म्रद-स्तृ-स्पशेरः ४.१.६५

અ.અ.સૂ. : असमानलोपे ङे णौ स्मृ-दृ-त्वर-प्रथ-म्रद-स्तृ-स्पशेः धातोः पूर्वस्य अः।

અર્થ : ङ प्रत्यय छे पर्मां छे जेने એवो असमान लोपवाળो णि प्रत्यय पर छतां स्मृ, दृ, त्वर्, प्रथ्, म्रद्, स्तृ अने स्पश् धातुनुं द्वित्व थये छते पूर्वनां स्वरनो अ थाय छे.

स. : स्मृ-दृ-त्वर-प्रथ-म्रद-स्तृ-स्पशेः = स्मृश्च दृश्च त्वरश्च प्रथश्च म्रदश्च स्तृश्च स्पशिश्चेति स्मृ-दृ-त्वर-प्रथ-म्रद-स्तृ-स्पशि, तस्येति।

उदा. (१) **असस्मरत्** = तेणे स्मरण कराव्युं. (स्मृं चिन्तायाम्-१८)
प्रयोक्तृ०३.४.२०थी णिग्→स्मृ+**इ**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→**स्मारि**
अद्यतनी ५.२.४ वगेरेथी त्→स्मारि+**त्**
णि-श्रि०३.४.५८थी ङ→स्मारि+**अ**+त्
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**स्मृ**स्मारि+अ+त्
ऋतोऽत् ४.१.३८थी ऋनो अ→**स्म**स्मारि+अ+त्
आ सूत्रथी अनो पुनः अ→**स्म**स्मारि+अ+त्
व्यञ्जनस्या०४.१.४४थी म्नो लोप→सस्मारि+अ+त्
घटादेर्ह्रस्वो०४.२.२४थी ह्रस्व→स**स्म**रि+अ+त्
णेरनिटि ४.३.८३थी णिग्नो लोप→सस्मरत्
अड् धातो०४.४.२९थी अट् आगम→**अ**सस्मरत्।

(२) **अददरत्** = तेणे आदर कराव्यो. (दृङ्त् आदरे-१४६६)

(३) **अतत्वरत्** = तेणे उतावळ करावी.
(त्रित्वरिष् सम्भ्रमे-१०१०)

(४) **अपप्रथत्** = तेणे प्रसिद्ध कराव्युं. (प्रथिष् प्रख्याने-१००३)

(५) **अमम्रदत्** = तेणे मर्दन कराव्युं. (म्रदिष् मर्दने-१००४)

(६) **अतस्तरत्** = तेणे ढंकावुं. (स्तृग्श् आच्छादने-१५२१)

(७) **अपस्पशत्** = तेणे ग्रहण करावुं. (स्पशिण् ग्रहण०-१८२४)
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

વિશેષતા :

અહીં स्मृ વગેરે ધાતુઓમાં असमानलोपे०४.१.६७થી सन्वत् કાર્ય થતાં इत्वની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરીને પુનઃ अत्त्व કરવા આ સૂત્રનો નિર્દેશ છે.

वा वेष्ट-चेष्टः ४.१.६६

અ.અ.સૂ. : असमानलोपे ङे णौ वेष्ट-चेष्टः धातोः पूर्वस्य अः वा।

અર્થ : ङ પ્રત્યય છે પરમાં છે જેને એવો અસમાન લોપવાળો णि પ્રત્યય પર છતાં वेष्ट् અને चेष्ट् ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વનાં વર્ણનો अ વિકલ્પે થાય છે.

સ. : वेष्ट-चेष्टः = वेष्टश्च चेष्ट् चेति वेष्टचेष्ट्, तस्येति।

ઉદા. (૧) अववेष्टत्/अविवेष्टत् = તેણે વીંટાળ્યું.

(वेष्टि वेष्टने-६७३)

प्रयोक्तृ०३.४.२०થી णिग्→वेष्ट्+**इ**

अद्यतनी ५.२.४ વગેરેથી त्→वेष्ट्+इ+**त्**

णि-श्रि-द्रु०३.४.५८થી ङ→वेष्ट्+इ+**अ**+त्

द्विर्धातुः०४.१.१થી દ્વિત્વ→**वेष्ट्**वेष्ट्+इ+अ+त्

व्यञ्जनस्या०४.१.४४થી ष्ट्નો લોપ→वेवेष्ट्+इ+अ+त्

णेरनिटि ४.३.८३થી णिग्નો લોપ→वेवेष्टत्

अड् धातो०४.४.२९થી अट् આગમ→**अ**वेवेष्टत्

આ સૂત્રથી વિકલ્પે अ→अ**व**वेष्टत्

વિકલ્પે : જ્યારે अ ન થાય ત્યારે,

ह्रस्वः ४.१.३९થી ह्रस्व→अ**वि**वेष्टत्।

(૨) **अचचेष्टत्/अचिचेष्टत्** = તેણે ચેષ્ટા કરાવી.
(चेष्टि चेष्टायाम्-६७०)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

ई च गणः ४.१.६७

અ.અ.સૂ. : ङे णौ गणः धातोः पूर्वस्य ई च(अः)।

અર્થ : ङ પ્રત્યય છે પરમાં જેને એવો णि પ્રત્યય પર છતાં गण् ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વનાં વર્ણનો ઈ અને અ થાય છે.

ઉદા. (૧) अजीगणत्/अजगणत् = તેણે ગણાવ્યું.
(गणण् सङ्ख्याने-१८७४)
चुरादिभ्यो०३.४.१७थी णिच्→गण्+**इ**
अद्यतनी ५.२.४ વગેરેથી त्→गण्+इ+**त्**
णि-श्रि-द्रु०३.४.५८थी ङ→गण्+इ+**अ**+त्
દ્વિત્વ વગેરે થતાં→**जग**ण्+इ+अ+त्
णेरनिटि ४.३.८३थी णिग्નો લોપ→जगणत्
આ સૂત્રથી પૂર્વનાં अનો ઈ અને अ→**जी**गणत्/**ज**गणत्।
अड् धातो०४.४.२९थी अट् આગમ→**अ**जीगणत्/**अ**जगणत्।

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, गण ધાતુ અકારાન્ત છે. તેથી णि પ્રત્યય પર છતાં अतः ४.३.८२થી તેનાં અન્ત્ય अનો લોપ થતાં તે સમાન લોપવાળો થાય છે. આમ, તેને असमानलोपे०४.१.६३ વગેરેથી सन्वत् કાર્ય અને દીર્ઘત્વની પ્રાપ્તિ ન હોવાથી આ સૂત્ર વડે ઈત્વનો નિર્દેશ કર્યો છે.

(૨) યદ્યપિ અહીં ઈનાં ગ્રહણથી અકારની અનુવૃત્તિ અટકી જાય છે. પણ સૂત્રમાં નિર્દિષ્ટ ચકાર દ્વારા **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति ૨/૬૧** ન્યાયાનુસારે ઈનાં સજાતીય અનું અનુકર્ષણ થાય છે. તેમજ, **चानुकृष्टं नानुवर्त्तते ૨/૬૨** ન્યાયાનુસારે અનો અધિકાર ઉત્તરસૂત્રમાં જશે નહીં.

અન્ય મત :

भूरिदाक्षिण्यसंपन्नं यत्नं सान्त्वमचीकथः ઇત્યાદિ પ્રયોગમાં કથ વગેરે ધાતુમાં પણ ઈત્વ વિધિ દેખાય છે. તેથી કેટલાંક વ્યાકરણકારો ગણ્ સિવાયનાં અન્ય અકારાન્ત ધાતુઓમાં પૂર્વપ્રયોગાનુસારે ઈત્વ ઇચ્છે છે.

अस्यादेराः परोक्षायाम् ૪.૧.૬૮

અ.અ.સૂ. : परोक्षायां धातोः आदेः पूर्वस्य अस्य आः।

અર્થ : પરોક્ષાનાં પ્રત્યયો પર છતાં ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વનાં આદિ અનો આ થાય છે.

ઉદા. (૧) **आदुः** = તેઓએ ખાધું. (अदंक् भक्षणे-૧૦૫૯)
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી उस्→अद्+**उस्**
द्विर्धातुः૦૪.૧.૧થી દ્વિત્વ→**अद्**अद्+उस्
व्यञ्जनस्या૦૪.૧.૪૪થી દ્નો લોપ→अअद्+उस्
આ સૂત્રથી પૂર્વનાં અનો આ→**आ**अद्+उस्
समानानां૦૧.૨.૧થી દીર્ઘ→**आ**दुस्
પદસંજ્ઞા વગેરે→आदुः।

(૨) **आरतुः** = તેઓ બે ગયા. (ऋं प्रापणे-૨૬)
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી अतुस्→ऋ+**अतुस्**

द्विर्धातुः०४.१.१थी द्वित्व→**ऋत**ऋ+अतुस्
ऋतोऽत् ४.१.३८थी ऋनो अ→**अत**ऋ+अतुस्
स्कृच्छृतो०४.३.८थी गुण→अ**अर्**+अतुस्
आ सूत्रथी अनो आ→**आ**रतुस्
पदसंज्ञा वगेरे→आरतुः।

प्र.उदा. (१) **अस्येति किम्? ईयुः** = तेओ गया. (इंण्क् गतौ-१०७५)
उस् वगेरे पूर्वप्रमाणे थतां→**इइ**+**उस्**
इणः २.१.५१थी इनो इय्→**इइय्**+उस्
समानानां०१.२.१थी दीर्घ→**ई**युस्
पदसंज्ञा वगेरे→ईयुः।

★ आ सूत्रथी अनो आ थाय छे. ज्यारे अहीं पूर्वनो स्वर इ छे. माटे आ सूत्रथी आ थयो नहीं.

(२) **आदेरिति किम्? पपाच** = तेणे रांध्युं.
(डुपचींष् पाके-८८८)
आ उदा.नी साधनिका ४.१.१मां दर्शावेल छे.

★ आ सूत्रथी आदिमां रहेल अनो आ थाय छे. ज्यारे अहीं आदिमां अ नथी. माटे आ सूत्रथी अनो आ थयो नहीं.

विशेषता :

जि. : अहीं द्वित्व थतां पूर्वनां आदि अकारनां आकारनो निर्देश छे. तथा परोक्षा सिवाय अन्यत्र स्वरादेर्द्वितीयः ४.१.३ आदि सूत्रोनी प्रवृत्ति थती होवाथी एनी संभावना रहेती नथी. तो अहीं परोक्षायाम् पदनुं ग्रहण शा माटे कर्युं ? तेनुं कार्य उपरथी जणाय ज छे ने ?

સમા. : તમારી વાત સાચી છે. પરંતુ તેનું વિશેષ પ્રયોજન તો ઉત્તરસૂત્રમાં જ છે. પરંતુ અહીં જિજ્ઞાસુને અન્ય પ્રયોગ વિચારવા ન પડે અને સ્પષ્ટ રીતે જ કાર્યનાં અર્થનો બોધ થઈ જાય તે માટે આ સૂત્રમાં परोक्षायाम् પદનું ગ્રહણ કર્યું હોય તેવું જણાય છે.

अनातो नश्चान्त ऋदाद्यशौ-संयोगस्य ४.१.६९

અ.અ.સૂ. : परोक्षायां ऋदाद्यशौ-संयोगस्य धातोः द्वित्वे पूर्वस्य आदेः अनातः अस्य आः।

અર્થ : પરોક્ષાનાં પ્રત્યય પર છતાં ઋકારાન્ત ધાતુઓ, अश् ધાતુ અને સંયોગાન્ત ધાતુનું દ્વિત્વ થયે છતે आ નાં સ્થાને ન થયેલાં अ સિવાયનાં ધાતુની પૂર્વનાં આદિ अ નો आ થાય છે. અને એ કરાયેલાં आ ને અન્તે न् આગમ થાય છે.

સ. : (૧) **अनातः** = न विद्यते आत् यस्य स इति अनात्, तस्येति।
(૨) **ऋदाद्यशौ-संयोगस्य** = ऋत् आदिर्यस्य स इति ऋदादिः, ऋदादिश्च अशौश्च संयोगश्चेति ऋदाद्यशौसंयोगम्, तस्येति।

ઉદા. (૧) **आनृधुः** = તેઓ વધ્યા. (ऋधूच् वृद्धौ-११८६)
परोक्षे ५.२.१२ વગેરેથી उस्→ऋध्+**उस्**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**ऋ**धऋध्+उस्
व्यञ्जनस्या०४.१.४४थी ध् નો લોપ→ऋऋध्+उस्
ऋतोऽत् ४.१.३८થી ऋ નો अ→**अ**ऋध्+उस्
આ સૂત્રથી પૂર્વનાં अ નો आ અને न् આગમ→**आनृ**धुस्
પદસંજ્ઞા વગેરે→आनृधुः।

(૨) **आनशे** = તે વ્યાપ્ત થયો. (अशौटि व्याप्तौ-१३१४)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૩) **आनञ्ज:** = તે બોલ્યો. (अञ्जौप् व्यक्ति०-१४८८)
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી णव्→अञ्ज्+**अ**
द्विर्धातु:०૪.૧.૧થી દ્વિત્વ→**अञ्ज्**अञ्ज्+अ
व्यञ्जनस्या०૪.૧.૪૪થી ञ्ज्નો લોપ→अअञ्ज्+अ
આ સૂત્રથી अનો आ અને न् આગમ→**आन**ञ्ज।

પ્ર.ઉદા. (૧) **ऋदादीति किम्? आर** = તે ગયો. (ऋंक् गतौ-११३५)
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી णव्→ऋ+**अ**
द्विर्धातु:०૪.૧.૧થી દ્વિત્વ→**ऋ**ऋ+अ
ऋतोऽत् ૪.૧.૩૮થી ऋનો अ→**अ**ऋ+अ
नामिनोऽ०૪.૩.૫૧થી વૃદ્ધિ→अ+**आर्**+अ
समानानां०૧.૨.૧થી દીર્ઘ→**आर**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ऋકારાદિ ધાતુથી થાય છે. જ્યારે અહીં ऋ પોતે ધાતુ સ્વરૂપે છે. માટે ऋકારાદિ જ ધાતુ ન મનાતાં (ऋકારાન્ત ધાતુ પણ મનાતાં) આ સૂત્રથી अનો आ થયો નહીં.

(૨) **अनात इति किम्? आञ्छ** = તેણે લાંબું કર્યું.
(आछु आयामे-१२३)
उदित: स्वरा०૪.૪.૯૮થી न् આગમ→आञ्छ्
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી णव्→आञ्छ्+**अ**
द्विर्धातु:०૪.૧.૧થી દ્વિત્વ→**आञ्छ्**आञ्छ्+अ
व्यञ्जनस्या०૪.૧.૪૪થી ञ्छ्નો લોપ→आआञ्छ्+अ
ह्रस्व: ૪.૧.૩૯થી ह्रस्व→**अ**आञ्छ्+अ
समानानां०૧.૨.૧થી દીર્ઘ→**आञ्छ**।

★ આ સૂત્રમાં આ કાર વાળાં ધાતુનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી પૂર્વનાં अનો आ થયો નહીં.

વિશેષતા :

જિ. : અહીં પ્ર.ઉદા.ગત આર પ્રયોગમાં ऋ ધાતુ માત્ર એક વર્ણનો જ હોવાથી **आद्यन्तवदेकस्मिन् १/५** ન્યાયાનુસારે ऋદાદિ પણ કહેવાય છે. તો આ સૂત્રની પ્રવૃત્તિ કેમ ન થઈ ?

સમા. : અહીં સૂત્રમાં જે ऋદાદિ પદ જણાવ્યું છે. તેમાં **व्याख्यातो विशेषार्थप्रतिपत्तिः २/६४** ન્યાયાનુસારે અવધારણની વિવક્ષા કરવી. તેથી આ સૂત્રનાં વિષય તરીકે માત્ર ऋદાદિનું ગ્રહણ થશે. પણ ऋદન્તનું નહીં. જ્યારે **आद्यन्तवदे०१/५** ન્યાયાનુસારે ऋ ધાતુ જેમ ऋદાદિ થાય છે. તેમ ऋદન્ત પણ થાય છે. ત્યારે અવધારણ સહિત ऋદાદિપણું પ્રાપ્ત થતું નથી. માટે આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં.

भू-स्वपोरदुतौ ४.१.७०

અ.અ.સૂ. : **परोक्षायां भू-स्वपोः धात्वोः पूर्वस्य आदेः अदुतौ ।**

અર્થ : પરોક્ષાનાં પ્રત્યયો પર છતાં भू અને स्वप् ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વનાં આદિ સ્વરનો અનુક્રમે अ અને उ થાય છે.

સ. : (૧) **भू-स्वपोः** = भूश्च स्वप् चेति भूस्वपौ, तयोरिति।
(૨) **अदुतौ** = अच्च उच्चेति।

ઉદા. (૧) **बभूव** = તે થયો. (भू सत्तायाम्-१)
परोक्षे ५.२.१२ વગેરેથી णव्→भू+**अ**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**भू**भू+अ
ह्रस्वः ४.१.३९थी ह्रस्व→**भु**भू+अ
द्वितीय-तुर्ययोः०४.१.४२थी भ्नो ब्→**बु**भू+अ
આ સૂત્રથી उનો अ→**ब**भू+अ
नामिनोऽ०४.३.५१थी वृद्धि→ब**भौ**+अ

ओदौतोऽ०१.२.२४थी आव्→ब**भाव**
भुवो वः ४.२.४૩थी आनो ऊ→**बभूव**।

(२) **सुष्वाप** = તે ઊંઘ્યો. (ञिष्वपंक् शये-१०८८)
परोक्षे ५.२.१२ વગેરેથી णव्→स्वप्+**अ**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**स्वप्**स्वप्+अ
व्यञ्जनस्या०४.१.४४थी व्, प्नो लोप→सस्वप्+अ
ञ्णिति ४.૩.५०थी वृद्धि→सस्**वाप**
आ सूत्रथी अनो उ→**सु**स्वाप
नाम्यन्तस्था०२.૩.१५थी स्नो ष्→सुष्वाप।

विशेषता :

(१) सूत्रगत भू-स्वपोः अने अदुतौ એ प्रमाणे निर्दिष्ट બંને પદની संख्या अने वचन समान होवाथी **यथासङ्ख्यमनुदेशः समानाम् १/१०** न्यायानुसारे ते બંને વચ્ચે अनुक्रमनी प्राप्ति थाय छे.

अन्य मत :

केटलांक व्याकरणकारो मात्र कर्त्तरि प्रयोगमां જ भू धातुमां अकार ઇચ્છે છે. પણ ભાવે अने कर्मणिमां नहीं. तेथी तेओनां मते बुभूवे चैत्रेण, अनुबुभूवे कम्बलः साधुना ઇत्यादि प्रयोगो प्राप्त थाय छे.

ज्या-व्ये-व्यधि-व्यचि-व्यथेरिः ४.१.७१

अ.अ.सू. : परोक्षायां ज्या-व्ये-व्यधि-व्यचि-व्यथेः धातोः पूर्वस्य आदेः इः।

अर्थ : परोक्षानां प्रत्ययो પર છતાં ज्या, व्ये, व्यध्, व्यच् अने व्यथ् धातुनुं द्वित्व थये छते पूर्वनां आदि स्वरनो इ थाय छे.

સ. : **ज्या-व्ये-व्यधि-व्यचि-व्यथेः** = ज्याश्च व्येश्च व्यधिश्च व्यचिश्च व्यथिश्चेति ज्या-व्ये-व्यधि-व्यचि-व्यथि, तस्येति।

ઉદા. (૧) **जिज्यौ** = તે ઘટ્યું. (ज्यांश् हानौ-૧૫૨૪)
परोक्षे ૫.૨.૧૨ વગેરેથી णव्→ज्या+**अ**
द्विर्धातुः०૪.૧.૧થી द्वित्व→**ज्या**ज्या+अ
व्यञ्जनस्या०૪.૧.૪૪થી य्નો લોપ→जाज्या+अ
ह्रस्वः ૪.૧.૩૯થી ह्रस्व→**ज**ज्या+अ
આ સૂત્રથી अનો इ→**जि**ज्या+अ
आतो णव०૪.૨.૧૨૦થી औ→जिज्**यौ**।

(૨) **संविव्याय** = તેણે ઢાંક્યું. (व्येंङ् संवरणे-૯૧૩)
परोक्षे ૫.૨.૧૨ વગેરેથી णव्→सम्+व्ये+**अ**
व्यवस्थ०૪.૨.૩થી आत्वનો **निषेध.**
द्विर्धातुः०૪.૧.૧થી द्वित्व→सम्+**व्ये**व्ये+अ
व्यञ्जनस्या०૪.૧.૪૪થી य्નો લોપ→सम्+वेव्ये+अ
ह्रस्वः ૪.૧.૩૯થી एનો इ→सम्+**वि**व्ये+अ
આ સૂત્રથી इનો પણ इ→सम्+**वि**व्ये+अ
नामिनोऽ०૪.૩.૫૧થી વૃદ્ધિ→सम्+वि**व्यै**+अ
एदैतोऽ०૧.૨.૨૩થી आय्→सम्+वि**व्याय**
तौ मु-मो०૧.૩.૧૪થી અનુસ્વાર→**सं**विव्याय।

(૩) **विव्याध** = તેણે વીંધ્યું. (व्यधंच् ताडने-૧૧૫૭)

(૪) **विव्याच** = તેણે કપટ કર્યું. (व्यचत् व्याजी०-૧૪૩૨)

★ આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ વૃદ્ધિ ञ्णिति ૪.૩.૫૦થી કરવી.

(૫) **विव्यथे** = તે ભય પામ્યો. (व्यथिष् भय०૧૦૦૨)

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ અહીં ए પ્રત્યય કરવો. અને વૃદ્ધિ ન કરવી.

यजादि-वश्-वचः सस्वरान्तस्था य्वृत् ४.१.७२

અ.અ.સૂ. : परोक्षायां यजादि-वश्-वचः धातोः पूर्वाः सस्वरान्तस्था य्वृत्।

અર્થ : પરોક્ષાનાં પ્રત્યયો પર છતાં यज् વગેરે ધાતુઓ તથા वश् અને वच् ધાતુનું દ્વિત્વ થયે છતે ધાતુની પૂર્વમાં રહેલ સ્વરસહિત અંતસ્થા પ્રત્યાસત્તિ ભાવથી इ, उ અને ऋ સ્વરૂપ य्वृत् થાય છે.

સ. : (૧) यजादि-वश्-वचः = यज् आदिर्येषां ते इति यजादयः, यजादयश्च वश् च वच् चेति यजादिवश्वच्, तस्येति।

(૨) **सस्वरान्तस्था** = सह स्वरेण वर्त्तत इति सस्वरा, सस्वरा चासौ अन्तस्था चेति।

(૩) **य्वृत्** = इश्च उश्च ऋच्चेति।

ઉદા. (૧) इयाज = તેણે યજ્ઞ કર્યો. (यजीं देवपूजा०९९१)
આ ઉદા.ની સાધનિકા ૪.૧.૩૭માં દર્શાવેલ છે.

(૨) **उवाय** = તેણે વણ્યું. (वेंग् तन्तुसन्ताने-९९२)
परोक्षे ५.२.१२ વગેરેથી णव्→वे+**अ**
वेर्वय् ४.४.१९થી वय् આદેશ→**वय्**+अ
द्विर्धातुः०४.१.१થી દ્વિત્વ→**वय्**वय्+अ
व्यञ्जनस्या०४.१.४४થી य्नो લોપ→ववय्+अ
આ સૂત્રથી वनो उ→**उ**वय्+अ
ञ्णिति ४.३.५०થી વૃદ્ધિ→उ**वाय**।

(૩) **उवाश** = તે દીપ્યો. (वशक् कान्तौ-११०१)
उवाच = તે બોલ્યો. (वचंक् भाषणे-१०९६)
આ ઉદા.ની સાધનિકા ઇયાજ પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) **यजादि गण :** ધાતુપાઠમાં નિર્દિષ્ઠ ૯૯૧ થી ૯૯૯ સુધીનાં ધાતુનો આ ગણમાં સમાવેશ થાય છે.

(૨) અહીં યજાદિ ગણ અંતર્ગત વ્યે ધાતુમાં પૂર્વસૂત્રથી इકાર થાય છે. તથા હ્વે અને શ્વિ ધાતુમાં દ્વિત્વ થતાં પૂર્વનાં અવયવમાં અન્તસ્થા જ સંભવતી નથી. માટે તે ધાતુઓમાં આ સૂત્રની પ્રવૃત્તિ ન થતાં તેઓનાં ઉદા. પણ અહીં દર્શાવ્યાં નથી.

(૩) અહીં વશ્-૧૧૦૧ ધાતુનાં સાહચર્યથી વચ્-૧૦૯૬ ધાતુ અને બ્રૂનાં આદેશભૂત વચ્ એ પ્રમાણે અદાદિ સંબંધી જ વચ્નું ગ્રહણ કરવું. પણ યુજાદિ સંબંધી વચણ્-૧૯૫૩ ધાતુનું નહીં. તેથી યુજાદિનાં વચ્ ધાતુનો ववाच પ્રયોગ જ થાય છે.

(૪) અહીં सस्वरान्तस्थानो અધિકાર આવવાથી પૂર્વસ્યનો અધિકાર અટકી ગયો.

न वयो य् ४.१.७३

અ.અ.સૂ. : परोक्षायां वयः धातोः य् न य्वृत्।

અર્થ : પરોક્ષાનાં પ્રત્યયો પર છતાં વે ધાતુનાં આદેશભૂત વયનો य् य्वृत् રૂપે થતો નથી.

ઉદા. (૧) **ऊयुः** = તેઓએ વણ્યું. (વેંગ્ તન્તુ૦૯૧૨)
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી उस्→वे+**उस्**
वेर्वय् ૪.૪.૧૯થી वय् આદેશ→**वय्**+उस्
यजादि-वचेः૦૪.૧.૭૯થી વનો उ→**उय्**+उस्
द्विर्धातुः૦૪.૧.૧થી દ્વિત્વ→**उय्**उय्+उस्
व्यञ्जनस्या૦૪.૧.૪૪થી य्નો લોપ→उउय्+उस्
यजादि-वश्૦૪.૧.૭૨થી પ્રાપ્ત य्નાં य्वृत्નો **નિષેધ**.
समानानां૦૧.૨.૧થી દીર્ઘ→**ऊ**युस्
પદસંજ્ઞા વગેરે થતાં→ऊयुः।

વિશેષતા :

જિ. : य्वृत् વિધિ સ્વરસહિત અંતસ્થાનાં વિષયમાં પ્રવર્તે છે. પરંતુ वय् ધાતુનો य् માત્ર વ્યંજન જ છે. તેથી य्वृत् થવાની પ્રાપ્તિ જ નથી. તો તેનો આ સૂત્ર દ્વારા નિષેધ શા માટે દર્શાવ્યો?

સમા. : वय् ધાતુનો य् માત્ર વ્યંજન જ છે. પરંતુ તેની પૂર્વે વમાં અ કાર રૂપ સ્વર છે. તેથી, સ્વરસહિત અંતસ્થા અ+य्નાં य्वृत्ની પ્રાપ્તિ હતી. તેનો નિષેધ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

वेरयः ૪.૧.૭૪

અ.અ.સૂ. : परोक्षायां अयः वेः धातोः य्वृत् न।

અર્થ : પરોક્ષાનાં પ્રત્યયો પર છતાં य् અન્ત સિવાયનાં વે ધાતુનું પૂર્વનાં કે પરનાં વર્ણો य्वृत् રૂપે થતાં નથી.

સ. : अयः = न य् इति अय्, तस्येति।

ઉદા. (૧) **ववौ** = તેણે વણ્યું. (વેંગ્ તન્તુ૦૯૯૨)
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી णव्→वे+**अ**
आत् सन्ध्य०૪.૨.૧થી आ→**वा**+अ
દ્વિત્વ વગેરે થતાં→**व**वा+अ
यजादि-वश्०૪.૧.૭૨થી પ્રાપ્ત વ્યૂત્નો આ સૂત્રથી **નિષેધ**.
आतो णव०૪.૨.૧૨૦ વગેરેથી औ→**ववौ**।

પ્ર.ઉદા. अय इति किम्? उवाय = તેણે વણ્યું.
આ ઉદા.ની સાધનિકા ૪.૧.૭૩માં દર્શાવેલ છે.

★ આ સૂત્રમાં य्કારાન્ત વે ધાતુનું વર્જન હોવાથી અહીં यजादि-वश्०૪.૧.૭૨ સૂત્રથી પ્રાપ્ત વ્યૂત્નો આ સૂત્ર દ્વારા નિષેધ થયો છે.

अवितिवा ૪.૧.૭૫

અ.અ.સૂ. : अवितिपरोक्षायाः अयः वेः धातोः सस्वरान्तस्था व्यूत् न वा।

અર્થ : અવિત્ પરોક્ષાનાં પ્રત્યયો પર છતાં य्કારાન્ત સિવાયનાં વે ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વ વર્ણ વ્યૂત્ સ્વરૂપે વિકલ્પે થાય છે.

સ. : अविति = व् इत् यस्य स इति वित्, न वित् इति अवित्, तस्मिन्निति।

ઉદા. (૧) **वव्युः/ऊव्युः** = તેઓએ વણ્યું. (વેંગ્ તન્તુ૦૯૯૨)
आत् सन्ध्य०૪.૨.૧થી आ→**वा**
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી उस्→वा+**उस्**
यजादि-वचेः०૪.૧.૭૯થી પ્રાપ્ત વ્યૂત્નો આ સૂત્રથી વિકલ્પે **નિષેધ**.

द्विर्धातुः०४.१.१थी द्वित्व→**वा**वा+उस्
ह्रस्वः ४.१.३९थी ह्रस्व→**व**वा+उस्
इडेत्पुसि०४.३.९४थी आ नो लोप→व**वु**स्
पदसंज्ञा वगेरे थतां→ववुः।
विकल्पे : જ્યારે નિષેધ ન થાય ત્યારે,
यजादि-वचेः०४.१.७९थी य्वृत्→**उ**+उस्
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**उउ**+उस्
धातोरिवर्णो०२.१.५१थी उव्→उ**उव्**+उस्
समानानां०१.२.१थी दीर्घ→**ऊ**वुस्
पदसंज्ञा वगेरे थतां→ऊवुः।

विशेषता :

(१) અહીં कित् प्रत्यय પર છતાં द्वित्वની પૂર્વે જ यजादि-वचेः०४.१.७९थी नित्य य्वृत्नी प्राप्ति हती. अने अकित् प्रत्यय પર છતાં वेरयः ४.१.७४ सूत्रथी निषेध थतो हतो. आम બંને प्राप्त-अप्राप्त विधिनो आ सूत्र द्वारा विकल्प કરવામાં આવે છે.

(२) અહીં ऊवतुः વગેરે प्रयोगोमां यजादि-वचेः० ४.१.७९थी द्वित्वની પૂર્વે य्वृत् કરવામાં આવ્યું છે. તેથી य्वृत् सकृत् ४.१.१०२ न्यायानुसारे ऊव्+अतुस् अवस्थामां व्नुं य्वृत् થતું નથી.

ज्यश्च यपि ४.१.७६

अ.अ.सू. : ज्यः च(वेः) धातोः सस्वरान्तस्था यपि य्वृत् न।

अर्थ : ज्या અને वे धातुनी स्वरसहित अंतस्था यप् प्रत्यय પર છતાં य्वृत् રૂપે થતી નથી.

ઉદા. (૧) **प्रज्याय** = ઘટીને. (ज्यांश् हानौ-૧૫૨૪)
क्त्वा०૫.૧.૧૩થી क्त्वा→प्र+ज्या+**त्वा**
अनञः क्त्वो०૩.૨.૧૫૪થી यप् આદેશ→प्र+ज्या+**य**
यजादि-वचेः ૪.૧.૭૯થી પ્રાપ્ત ય્વૃત્નો આ સૂત્રથી **નિષેધ**. प्रज्याय।

(૨) **प्रवाय** = વણીને. (वेंग् तन्तु०૯૯૨)
आत् सन्ध्य०૪.૨.૧થી आ→प्र+**वा**
क्त्वा વગેરે પૂર્વપ્રમાણે થતાં→प्रवाय।

વિશેષતા :

યદ્યપિ ज्या ધાતુનાં ગ્રહણથી વે ધાતુની અનુવૃત્તિ અટકી જાય છે. પણ સૂત્રમાં નિર્દિષ્ટ ચકાર દ્વારા **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति ૨/૬૧** ન્યાયાનુસારે ષષ્ઠ્યન્ત ज्या નાં સજાતીય વે નું અનુકર્ષણ થાય છે. તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते ૨/૬૨** ન્યાયાનુસારે વે નો અધિકાર ઉત્તરસૂત્રમાં જશે નહીં.

જિ. : અહીં સૂત્રનિર્દિષ્ટ यप् પ્રત્યય પિત્ છે. જ્યારે યજાદિ-वचेः०૪.૧.૭૯ વગેરે સૂત્ર દ્વારા થતી ય્વૃત્ વિધિ क्विप् પ્રત્યય પર છતાં જ થાય છે. તો यप् પ્રત્યય પર છતાં ય્વૃત્ની પ્રાપ્તિ જ નથી. તો તેનો નિષેધ કરવા આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : यप् તે क्त्वा નો આદેશ છે. અને स्थानीवाऽऽवर्णविधौ ૭.૪.૧૦૯ પરિભાષાનુસારે यप् પણ क्त्वा ની જેમ કિત્ મનાય છે. માટે યજાદિ-વચેઃ ૪.૧.૭૯ વગેરેથી ય્વૃત્ની પ્રાપ્તિ હતી. તેનો નિષેધ કરવા આ સૂત્રનો નિર્દેશ છે.

व्यः ४.१.७७

અ.અ.સૂ. : व्यः धातोः सस्वरान्तस्था यपि य्वृत् न।

અર્થ : વ્યે ધાતુની સ્વરસહિત અન્તસ્થા યપ્ પ્રત્યય પર છતાં य्वृत् રૂપે થતી નથી.

ઉદા. (૧) प्रव्याय = ઢાંકીને. (व्येंग् संवरणे-૯૯૩)
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ પ્રવાય પ્રમાણે જાણવી. પરંતુ य्वृत्નો નિષેધ આ સૂત્રથી કરવો.

વિશેષતા :

ઉત્તરસૂત્રમાં માત્ર व्यःનો અધિકાર લઈ જવો હોવાથી પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો છે. અન્યથા **सन्नियोगशिष्टानामेकापाये ऽन्यतरस्याप्यऽपायः १/३०** ન્યાયાનુસારે ज्यःનો અધિકાર પણ ઉત્તરસૂત્રમાં આવવાની આપત્તિ આવે.

संपरेर्वा ४.१.७८

અ.અ.સૂ. : संपरेः व्यः धातोः सस्वरान्तस्था यपि य्वृत् वा न।

અર્થ : सम् અને परि ઉપસર્ગથી પર રહેલ વ્યે ધાતુની સ્વરસહિત અંતસ્થા યપ્ પ્રત્યય પર છતાં વિકલ્પે य्वृत् રૂપે થતી નથી.

સ. : संपरेः = सम् च परिश्चेति संपरि, तस्मादिति।

ઉદા. (૧) संव्याय/संवीय = સારી રીતે ઢાંકીને. (व्येंग् संवरणे-૯૯૩)
आत् सन्ध्य०૪.૨.૧થી आ→सम्+**व्या**
क्त्वा०૫.૧.૧૩ વગેરેથી क्त्वा વગેરે→सम्+व्या+**त्वा**
अनञः क्त्वो०૩.૨.૧૫૪થી यप्→सम्+व्या+**य**

तौ मु-मो०१.३.१४थी अनुस्वार→**संव्याय**
आ सूत्रथी विकल्पे व्यृत्नो **निषेध.**
विकल्पे : જ્યારે નિષેધ ન થાય ત્યારે,
यजादि-वचेः०४.१.७९थी व्यृत्→सं+**वि**+य
दीर्घमवो०४.१.१०३थी दीर्घ→**संवीय**।

(२) **परिव्याय/परिवीय** = ચારે બાજુથી ઢાંકીને.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં સંવીય વગેરે પ્રયોગમાં આ સૂત્રથી થતું વ્યૃત્નું કાર્ય યપ્ નિમિત્તક હોવાથી બહિરંગ કાર્ય છે. અને दीर्घमवो० ४.१.१०३થી થતું દીર્ઘનું કાર્ય નિર્નિમિત્તક હોવાથી અંતરંગ કાર્ય છે. **अन्तरङ्गं बहिरङ्गात् १/२०** ન્યાયાનુસારે દીર્ઘ રૂપ અંતરંગ કાર્ય પહેલાં થાય છે. અને વ્યૃત્ રૂપી બહિરંગ કાર્ય પછી થાય છે. અને તેથી જ ह्रस्वस्य तः०४.४.११३થી त् આગમ પણ થતો નથી.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો सम् ઉપસર્ગથી પર આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છતાં નથી. તેથી તેઓનાં મતે संव्याय આવો નિત્ય પ્રયોગ થાય છે.

यजादि-वचेः किति ४.१.७९

અ.અ.સૂ. : यजादि-वचेः धातोः सस्वरान्तस्था किति व्यृत्।

અર્થ : यज् વગેરે અને वच् ધાતુની સ્વરસહિત અંતસ્થા કિત્ પ્રત્યય પર છતાં વ્યૃત્ રૂપે થાય છે.

સ. : **यजादि-वचेः** = यज् आदिर्यस्य स इति यजादिः, यजादिश्च वच् चेति यजादिवच्, तस्येति।

ઉદા. (૧) **ईजुः** = તેઓએ યજ્ઞ કર્યો. (યજીં દેવપૂજા०૯૯૧)
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી उस्→यज्+**उस्**
આ સૂત્રથી य નું ય્વૃત્→**इज्**+उस्
द्विर्धातुः०૪.૧.૧થી દ્વિત્વ→**इज्**इज्+उस्
व्यञ्जनस्या०૪.૧.૪૪થી ज् નો લોપ→इइज्+उस्
समानानां०૧.૧.૧થી દીર્ઘ→**ई**जुस्
પદસંજ્ઞા વગેરે→ईजुः।

(૨) **ऊयुः** = તેઓએ વણ્યું. (વેંગ્ તન્તુ०૯૯૨)

(૩) **ऊचुः** = તેઓ બોલ્યા. (વચંક્ ભાષણે-૧૦૯૬)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **कितीति किम् ? यक्षीष्ट** = તે યજ્ઞ કરે.
आशीः०૫.૪.૩૮ વગેરેથી सीष्ट→यज्+**सीष्ट**
च-जः०૨.૧.૮૬થી ज् નો ग्→य**ग्**+सीष्ट
अघोषे०૧.૩.૫૦થી ग् નો क्→य**क्**+सीष्ट
नाम्यन्तस्था०૨.૩.૧૫થી स् નો ष्→य**क्षी**ष्ट।

★ આ સૂત્રની પ્રવૃત્તિ કિત્ પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં કિત્ પ્રત્યય નથી. માટે આ સૂત્રથી ય્વૃત્ થયું નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રગત वचेः પદથી અદાદિ સંબંધી બ્રૂંક્-૧૧૨૫ ધાતુનાં આદેશભૂત वच् ધાતુનું જ ગ્રહણ કરવું. પણ

युजादि संबंधी वच् धातुनुं नहीं. तेथी युजादि वचण्-१९५३ धातुनुं રૂપ वच्यते એ પ્રમાણે થશે.

(२) અહીં પૂર્વસૂત્રોથી ष्वृत्‌નાં નિષેધનો અધિકાર ચાલી રહ્યો છે. તેથી ष्वृत्‌નો નિષેધ થવાની જ આ સૂત્ર દ્વારા પ્રાપ્તિ હતી. પરંતુ યજાદિ ધાતુઓને અન્ય કોઈ સૂત્રથી ष्वृत्‌ની પ્રાપ્તિ જ નથી. અને જ્યાં પ્રાપ્તિ જ ન હોય ત્યાં નિષેધનો પણ અભાવ થાય છે. માટે આ સૂત્રથી તેનો અધિકાર અટકી જતાં અહીં વિધિ કાર્યનો નિર્દેશ કર્યો છે.

स्वपेर्यङ्-ङे च ४.१.८०

અ.અ.સૂ. : स्वपेः धातोः सस्वरान्तस्था यङ्-ङे च(किति) ष्वृत्।

અર્થ : स्वप् ધાતુની સ્વરસહિત અંતસ્થા यङ्, ङ અને कित् પ્રત્યય પર છતાં ष्वृत् રૂપે થાય છે.

સ. : यङ्ङे = यङश्च ङश्चेति यङ्ङम्, तस्मिन्निति।

ઉદા. (१) सोषुप्यते = તે વારંવાર ઊંઘે છે. (ञिष्वपंक् स्वप्ने-१०८८)
व्यञ्जनादेरेक०३.४.९થી यङ्→स्वप्+**य**
આ સૂત્રથી ष्वृत्→**सु**प्+य
सन्यङ०४.१.३થી द्वित्व→**सु**सुप्य
आ-गुणा०४.१.४८થી ओ→**सो**सुप्य
नाम्यन्तस्था०२.३.१५થી स्‌નો ष्→सो**षु**प्य
તે વગેરે થતાં→सो**षु**प्यते।

(२) **असूषुपत्** = તેણે ઊંઘાડ્યો.
प्रयोक्तृ०३.४.२०થી णिग्→स्वप्+**इ**
ञ्णिति ४.३.५०થી वृद्धि→**स्वा**पि

अद्यतनी ५.२.४ वगेरेथी त्→स्वापि+**त्**
णि-श्रि-द्रु०३.४.५८थी ङ→स्वापि+**अ**+त्
आ सूत्रथी ष्वृत्→**सु**पि+अ+त्
आद्योंऽशः०४.१.२थी द्वित्व→**सुसु**पि+अ+**त्**
णेरनिटि ४.३.८३थी णिग्नो लोप→सुसुप्+अ+त्
लघोरुपा०४.३.४थी गुण→सु**सो**प्+अ+त्
उपान्त्यस्याऽ०४.२.३५थी ह्रस्व→सु**सु**प्+अ+ति
असमानलोपे०४.१.६३थी **सन्वत्भाव.**
लघोर्दीर्घो०४.१.६४थी उ दीर्घ→**सू**सुपत्
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→सू**षु**पत्
अड् धातो०४.४.२९थी अट् आगम→**अ**सूषुपत्।

(३) **सुषुप्सति** = તે ઊંઘવાને ઇચ્છે છે.
तुमर्हादि०३.४.२१थी सन्→स्वप्+**स**
रुद-विद०४.३.३२थी सन् **कित्वत्** थतां,
आ सूत्रथी ष्वृत्→**सु**प्+स
सन्यङ०४.१.३थी द्वित्व→**सुसु**प्+स
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→सू**षु**प्स
तिव् वगेरे थतां→सुषुप्स**ति**।

विशेषता :

અહીં સૂત્રમાં ङ પ્રત્યયનો નિર્દેશ કર્યો છે. જે णिग् પ્રત્યય સિવાય સંભવતો જ નથી. તેથી વિધાન સામર્થ્યથી જ ङ પ્રત્યયનાં વિષયમાં જ ण्यन्त એવો स्वप् ધાતુ ગ્રહણ કરવો.

અન્ય મત :

(१) કેટલાંક વ્યાકરણકારો यङ्लुबन्त માં આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છતાં નથી. તેથી તેઓનાં મતે सास्वप्ति પ્રયોગ થાય છે.

(૨) કેટલાંક વ્યાકરણકારો ઘञન્ત એવા स्वापः નામથી નામધાતુનો પ્રયોગ કરીને પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. તેથી તેઓનાં મતે स्वापमकरोत् इति असुषुपत् જેવા પ્રયોગો થાય છે.

ज्या-व्यधः क्ङिति ४.१.८१

અ.અ.સૂ. : ज्या-व्यधः धातोः सस्वरान्तस्था क्ङिति य्वृत्।

અર્થ : ज्या અને व्यध् ધાતુની સ્વરસહિત અંતસ્થા कित् અને ङित् પ્રત્યય પર છતાં य्वृत् રૂપે થાય છે.

સ. : (૧) **ज्या-व्यधः** = ज्याश्च व्यध् चेति ज्याव्यध्, तस्येति।

(૨) **क्ङिति** = क् च ङ् चेति क्ङौ, क्ङौ इतौ यस्य स इति क्ङित्, तस्मिन्निति।

ઉદા. (૧) **जीयात्** = તે ઘટે. (ज्यांश् हानौ-૧૫૨૪)
आशीःङ५.४.३८थी क्यात्→ज्या+**यात्**
આ સૂત્રથી य्वृत्→**जि**यात्
दीर्घमवोऽ०४.१.१०३थी दीर्घ→**जी**यात्।

(૨) **जिनाति** = તે ઘટે છે.
सति ५.२.१९ વગેરેથી तिव्→ज्या+**ति**
क्र्यादेः ३.४.७९थी श्ना→ज्या+**ना**+ति
शिदवित् ४.३.२०थी श्ना પ્રત્યય **ङित्वत्**
આ સૂત્રથી य्वृत्→**जि**नाति।

(૩) **विध्यात्** = તે વીંધે. (व्यधंच् ताडने-११५७)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ સ્વર દીર્ઘ કરવો નહીં.

(૪) **विध्यति** = તે વીંધે છે.

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ दिवादेः० ૩.૪.૭૨થી श्य પ્રત્યય કરવો.

व्यचोऽनसि ૪.૧.૮૨

અ.અ.સૂ. : व्यचः धातोः सस्वरान्तस्था अनसि क्ङिति य्वृत्।

અર્થ : વ્યચ્ ધાતુની સ્વરસહિત અંતસ્થા अस् સિવાયનાં कित्-ङित् પ્રત્યય પર છતાં य्वृत् રૂપે થાય છે.

સ. : अनसि = न अस् इति अनस्, तस्मिन्निति।

ઉદા. (૧) **विचति** = તે કપટ કરે છે. (व्यचत् व्याजी०१४३२)

सति ૫.૨.૧૯ વગેરેથી तिव्→व्यच्+**ति**

तुदादेः शः ૩.૪.૮૧થી श→व्यच्+**अ**+ति

આ સૂત્રથી यનું य्वृत्→**वि**चति।

પ્ર.ઉદા. अनसीति किम्? ऊरुव्यचाः = અત્યંત કપટી.

ઉણાદિ-૬૫૨થી अस्→ऊरुव्यच्+**अस्**

પ્રથમા સિ વગેરે→ऊरुव्यचाः।

★ આ સૂત્રમાં अस् પ્રત્યયનું વર્જન હોવાથી कुटादे० ૪.૩.૧૭થી अस् ङित्वत् થવા છતાં પણ આ સૂત્રથી य्वृत् થયું નહીં.

वशेरयङि ૪.૧.૮૩

અ.અ.સૂ. : वशेः धातोः सस्वरान्तस्था अयङि क्ङिति य्वृत्।

અર્થ : વશ્ ધાતુની સ્વરસહિત અંતસ્થા यङ् સિવાયનાં कित्-ङित् પ્રત્યય પર છતાં य्वृत् રૂપે થાય છે.

સ. : अयङि = न यङ् इति अयङ्, तस्मिन्निति।

ઉદા. (૧) **उष्टः**=તેઓ બે ઈચ્છે છે. (वशक् कान्तौ-૧૧૦૧)
सति ૫.૨.૧૯ વગેરેથી तस्→वश+**तस्**
આ સૂત્રથી व्નો उ→**उश्**+तस्
यज-सृज०૨.૧.૮૭થી श्નો ष्→**उष्**+तस्
तवर्गस्य०૧.૩.૬૦થી त्નો ट्→उष्**टस्**
પદસંજ્ઞા વગેરે→उष्टः ।

(૨) **उशन्ति**=તેઓ ઈચ્છે છે.
सति ૫.૨.૧૯ વગેરેથી अन्ति→वश्+**अन्ति**
આ સૂત્રથી व्નો उ→**उशन्ति** ।

પ્ર.ઉદા. **अयङीति किम् ? वावश्यते**=તે વારંવાર ઈચ્છે છે.
व्यञ्जनादेरेक०૩.૪.૯થી यङ्→वश्+**य**
सन्-यङ०૪.૧.૩થી દ્વિત્વ→**व**वश्+य
आ-गुणा०૪.૧.૪૮થી अनो आ→**वा**वश्य
ते વગેરે→वावश्य**ते** ।

★ આ સૂત્રમાં यङ् પ્રત્યયાન્તનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી व् ष्वृत् (उ)રૂપે થયો નહીં.

ग्रह-व्रस्च-भ्रस्ज-प्रच्छः ૪.૧.૮૪

અ.અ.સૂ. : ग्रह-व्रस्च-भ्रस्ज-प्रच्छः धातोः सस्वरान्तस्था क्ङिति ष्वृत् ।

અર્થ : ग्रह, व्रस्च्, भ्रस्ज् અને प्रच्छ् ધાતુની સ્વર સહિત અન્તસ્થા कित्-ङित् પ્રત્યય પર છતાં ष्वृत् રૂપે થાય છે.

સ. : ग्रह-व्रस्च-भ्रस्ज-प्रच्छः=ग्रहश्च व्रस्चश्च भ्रस्जश्च प्रच्छ् चेति ग्रहव्रस्चभ्रस्जप्रच्छ, तस्येति ।

ઉદા. (૧) **जगृहुः** = તેણે ગ્રહણ કર્યું. (ग्रहीश् उपादाने-૧૫૧૭)
परोक्षे ૫.૨.૧૨ વગેરેથી उस्→ग्रह्+**उस्**
इन्ध्यसंयोगात्०૪.૩.૨૧થી उस् **कित्वत्.**
આ સૂત્રથી ग्वृत्→**गृह्**+उस्
द्विर्धातुः०૪.૧.૧થી દ્વિત્વ→**गृह्**गृह्+उस्
व्यञ्जनस्या०૪.૧.૪૪થી ह्નો લોપ→गृगृह्+उस्
ऋतोऽत् ૪.૧.૩૮થી अ→गगृह्+उस्
गहोर्जः ૪.૧.૪૦થી ग्नो ज्→**ज**गृहुस्
પદસંજ્ઞા વગેરે થતાં→जगृहुः।

(૨) **गृह्णाति** = તે ગ્રહણ કરે છે.
सति ૫.૨.૧૯ વગેરેથી तिव्→गृह्+**ति**
क्र्यादेः ૩.૪.૭૯થી श्ना→गृह्+**ना**+ति
આ સૂત્રથી ग्वृत्→**गृह्**+ना+ति
र-षृवर्णान्नो०૨.૩.૬૩થી न्नो ण्→गृह्**ण**ाति।

(૩) **वृक्णः** = કપાઈ ગયેલો. (औव्रस्च्यौत् छेदने-૧૩૪૧)
क्त-क्तवतू ૫.૧.૧૭૪થી क्त→व्रस्च्+**त**
सस्य०૧.૩.૬૧થી स्नो श्→व्रश्च्+त
આ સૂત્રથી ग्वृत्→**वृश्च्**+त
सूयत्याद्यो०૪.૨.૭૦થી तनो न→वृश्च्+**न**
संयोगस्यादौ०૨.૧.૮૮થી श्नो લોપ→वृच्+न
क्ताऽदेशो०૨.૧.૬૧થી न असत् થતાં,
चजः०૨.૧.૮૬થી च्नो क्→वृ**क्न**
र-षृवर्णान्नो०૨.૩.૬૩થી न्नो ण्→वृक्**ण**
પ્રથમા सि વગેરે→वृक्णः।

(૪) **वृश्चति** = તે છેદે છે.
सति ૫.૨.૧૯ વગેરેથી तिव्→व्रश्च्+**ति**

तुदादेः०३.४.८१थी श→व्रश्च्+अ+ति
आ सूत्रथी व्यृत्→**वृश्च**ति।

(५) **भृष्टः** = તે પાકે છે. (भ्रस्जींत् पाके-१३१६)
क्त-क्तवतू ५.१.१७४थी क्त→भ्रस्ज्+**त**
संयोगस्यादौ०२.१.८८थी स्नो लोप→भ्रज्+त
आ सूत्रथी व्यृत्→**भृ**ज्+त
यज-सृज०२.१.८७थी ज्नो ष्→भृष्+**त**
तवर्गस्य०१.३.६०थी त्नो ट्→भृष्**ट**
प्रथमा सि वगेरे→भृष्टः।

(६) **भृज्जति** = તે પાકે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ तृतीयस्तृतीय०१.३.४९थी श्नो ज् કરવો.

(७) **पृष्टः** = પૂછેલો. (प्रच्छंत् ज्ञीप्सायाम्-१३४७)
આ ઉદા.ની સાધનિકા भ्रष्टः પ્રમાણે જાણવી.

(८) **पृच्छा** = પૂછવું.
भिदादयः ५.३.१०८थी अङ्→प्रच्छ्+**अ**
આ સૂત્રથી व्यृत्→**पृ**च्छ्+अ
आत् २.४.१८थी आप्→पृच्छ+**आ**
समानानां०१.२.१थी दीर्घ→पृच्**छा**
प्रथमा सि वगेरे→पृच्छा।

અન્ય મત :

(१) કેટલાંક વ્યાકરણકારો ગ્રહ્ વગેરે પાંચ ધાતુઓનાં यङ्लुबन्तमां આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છતાં નથી. તેથી તેમનાં મતે वाव्यक्तः જેવા પ્રયોગો થાય છે.

(૨) અન્ય કેટલાંક વ્યાકરણકારો **प्रकृतिग्रहणे यङ्लुबन्त-स्याऽपि ग्रहणम् १/१७** ન્યાયાનુસારે યङ્લુબન્તમાં પણ ય્વૃત્ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે वेविक्तः જેવાં પ્રયોગો થાય છે.

(૩) બીજા કેટલાંક વ્યાકરણકારો વ્યચ્, વ્રસ્ચ્, ભ્રસ્જ્, પ્રચ્છ્ ધાતુમાં નિત્ય ય્વૃત્ કરે છે. અને જ્યા વગેરેમાં અનિત્ય કરે છે. તેથી તેઓનાં મતે विव्यधुः જેવા પણ પ્રયોગો થાય છે.

व्येस्यमोर्यङि ४.१.८५

અ.અ.સૂ. : व्ये-स्यमोः धात्वोः सस्वरान्तस्था यङि य्वृत्।

અર્થ : વ્યે અને સ્યમ્ ધાતુની સ્વર સહિત અંતસ્થા યङ્ પ્રત્યય પર છતાં ય્વૃત્ રૂપે થાય છે.

સ. : व्ये-स्यमोः = व्येश्च स्यम् चेति व्येस्यम्, तस्येति।

ઉદા. (૧) **वेवीयते** = તે વારંવાર ઢાંકે છે. (વ્યેંગ્ સંવરણે-૯૧૩)
व्यञ्जनादेरेक०૩.૪.૯થી યङ्→व्ये+**य**
આ સૂત્રથી યેનું ય્વૃત્→**वि**+य
दीर्घमवो૩०४.१.१०૩થી દીર્ઘ→**वी**य
सन्यङ०४.१.૩થી દ્વિત્વ→**वी**वीय
ह्रस्वः ४.१.૩૯થી હ્રસ્વ→**वि**वीय
आ-गुणा०४.१.४८થી ગુણ→**वे**वीय
તે વગેરે થતાં→वेवीय**ते**।

(૨) **सेसिमीति** = તે વારંવાર અવાજ કરે છે.
(स्यमू शब्दे-૩८૭)

व्यञ्जनादेरेक०३.४.९थी यङ्→स्यम्+**य**
आ सूत्रथी यनुं य्वृत्→**सिम्**+य
सन्यङ०४.१.३थी द्वित्व→**सि**सिम्य
आ-गुणा०४.१.४८थी गुण→**से**सिम्य
बहुलं०३.४.१४ यङ्नो लोप→सेसिम्
यङ-तुरु०४.३.६४थी ईत्→सेसि**मी**
तिव् वगेरे थतां→सेसिमी**ति**।

अन्य मत :

કેટલાંક વ્યાકરણકારો આ સૂત્રની પ્રવૃત્તિ યङ्लुबन्तમાં ઇચ્છતાં નથી. તેથી તેઓનાં મતે वाव्याति, संस्यन्ति જેવા પ્રયોગો થાય છે.

चायः की ४.१.८६

અ.અ.સૂ. : चायः धातोः यङि की।

અર્થ : चाय् ધાતુનો यङ् પ્રત્યય પર છતાં की આદેશ થાય છે.

ઉદા. चेकीतः = તે વારંવાર પૂજા કરે છે. (चायृग् पूजा०९१७)
व्यञ्जनादेरेक०३.४.९थी यङ्→चाय्+**य**
આ સૂત્રથી की આદેશ→**की**+य
सन्यङ०४.१.३थी द्वित्व→**की**की+य
ह्रस्वः ४.१.३९थी ह्रस्व→**कि**कीय
कङश्चञ् ४.१.४६थी क्नो च्→**चि**कीय
आ-गुणा०४.१.४८थी गुण→**चि**कीय
बहुलं०३.४.१४थी यङ्नो लोप→चेकी
तस् वगेरे थतां→चेकीतः।

વિશેષતા :

અહીં यङ् પ્રત્યય પર છતાં दीर्घश्चिव्यय०४.१.१०८ સૂત્રથી દીર્ઘ થતાં હ્રસ્વ કિનો નિર્દેશ પણ યોગ્ય જ હોત. પરંતુ यङ्लुबन्तમાં की આદેશ કરવા માટે જ દીર્ઘ કીનો નિર્દેશ કરેલ છે.

द्वित्वे ह्वः ४.१.८७

અ.અ.સૂ. : ह्वः धातोः सस्वरान्तस्था द्वित्वे य्वृत्।

અર્થ : હ્વે ધાતુની સ્વર સહિત અંતસ્થા દ્વિત્વનાં વિષયમાં य्वृत् રૂપે થાય છે.

ઉદા. जुहूषति = તે સ્પર્ધા કરવાને ઇચ્છે છે. (ह्वेंग् स्पर्धा०९९३)

तुमर्हादि०३.४.२१થી सन्→ह्वे+**स**

આ સૂત્રથી वेનું य्वृत्→**हु**+स

दीर्घमवोऽ०४.१.१०३થી દીર્ઘ→**हू**+स

सन्यङ०४.१.३થી દ્વિત્વ→**हूहू**+स

ह्रस्वः ४.१.३९થી હ્રસ્વ→**हुहू**+स

गहोर्जः ४.१.४०થી હ નો જ્→**जुहूस**

नाम्यन्तस्था०२.३.१५થી સ્નો ષ્→जुहूष

तिव् વગેરે થતાં→जुहूषति।

વિશેષતા :

અહીં પૂર્વસૂત્રમાં य्वृत्નો નિર્દેશ કર્યો નથી. પરંતુ **मण्डुकप्लुतिः १/१२** ન્યાયાનુસારે પૂર્વથી પૂર્વનો व्येस्यमो०४.१.८५ સૂત્રથી य्वृत्નો અધિકાર ગ્રહણ કરવામાં આવે છે.

णौ ङसनि ४.१.८८

अ.अ.सू. : ङसनि णौ ह्वः धातोः सस्वरान्तस्था द्वित्वे य्वृत्।

અર્થ : ङ અને सन् છે પરમાં જેને એવો णि પ્રત્યય પર છતાં હ્વે ધાતુની સ્વર સહિત અંતસ્થા દ્વિત્વનાં વિષયમાં य्वृत् રૂપે થાય છે.

સ. : ङसनि = ङश्च सन् चेति ङसन्, तस्मिन्निति।

ઉદા. (૧) **अजूहवत्** = તેણે હોમ કરાવ્યો. (હ્વેંગ્ સ્પર્ધા०૯૯૪)
प्रयोक्तृ०૩.૪.૨૦થી णिग्→ह्वे+**इ**
आत् सन्ध्य०૪.૨.૧થી आ→**ह्वा**+इ
आ સૂત્રથી य्वृत्→**हु**+इ
दीर्घमवो०૪.૧.૧૦૩થી દીર્ઘ→**हू**+इ
नामिनोऽ०૪.૩.૫૧થી વૃદ્ધિ→**हौ**+इ
ओदौतोऽ०૧.૨.૨૪થી आव्→**हावि**
भ्राज-भ्रास०૪.૨.૩૬થી હ્રસ્વ→**हवि**
अद्यतनी ૫.૨.૪ વગેરેથી त्→हवि+**त्**
णि-श्रि०૩.૪.૫૮થી ङ→हवि+**अ**+त्
દ્વિત્વ વગેરે→**जु**हवि+अ+त्
लघोर्दीर्घो०૪.૧.૬૪થી દીર્ઘ→**जूह**वि+अ+त्
णेरनिटि ૪.૩.૮૩થી णिग्નો લોપ→जूहवत्
अड् धातो०૪.૪.૨૯થી अट् આગમ→**अ**जूहवत्।

(૨) **जुहावयिषति** = તે હોમ કરાવવાને ઇચ્છે છે.
આ ઉદા.ની સાધનિકા ૪.૧.૬૦માં દર્શાવેલ છે.

વિશેષતા :

સૂત્રમાં णौ એ પ્રમાણે વિષયસપ્તમીનો નિર્દેશ કર્યો છે. તેથી णि પ્રત્યયનાં વિષયમાં पा-शा०४.२.२०થી થતાં અંતરંગ એવા य આગમ રૂપ કાર્યનો બાધ કરીને આ સૂત્રથી ય્વૃત્ કાર્ય થાય છે.

જિ. : અહીં સન્ અને ङ પ્રત્યય પર છતાં દ્વિત્વની પ્રવૃત્તિ થવાની છે. તથા તમામ દ્વિત્વ કાર્યમાં પૂર્વસૂત્રથી ય્વૃત્ની પ્રાપ્તિ છે જ. તો આ સૂત્રની પ્રવૃત્તિ પૂર્વસૂત્રથી સિદ્ધ જ હતી. તો પણ આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : અહીં **सिद्धे सत्यारम्भो नियमार्थः १/२५** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી નિયમ થયો કે, ङ અને सन् પર વાળો णि સિવાયનો અન્ય પ્રત્યય જો પરમાં હશે તો દ્વિત્વ થયે છતે પૂર્વસૂત્રથી પણ ય્વૃત્ થશે નહીં. તેથી હ્વાયકમિચ્છતિ એ રૂપમાં सन् લાગીને जिह्वायकीयिषति એવો પ્રયોગ થતાં सन् પર વાળાં क्यन् પ્રત્યય પર છતાં પૂર્વસૂત્રથી પણ ય્વૃત્ થતું નથી.

શ્વેર્વા ૪.૧.૮૯

અ.અ.સૂ. : ङसनि णौ श्वेः धातोः सस्वरान्तस्था द्वित्वे य्वृत् वा।

અર્થ : ङ અને सन् પ્રત્યય છે પરમાં જેને એવો णि પ્રત્યય પર છતાં श्वि ધાતુની સ્વર સહિત અંતસ્થા દ્વિત્વનાં વિષયમાં ય્વૃત્ રૂપે વિકલ્પે થાય છે.

ઉદા. (૧) अशूशवत्/अशिश्वयत् = તેણે વધાર્યું. (ટ્વોશ્વિ गति०९९७) આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ अजूहवत् પ્રમાણે

જાણવી. પરંતુ ङ प्रत्यय ट्धे-श्वे०उ.४.५९ सूत्रथी अने ण्वृत् आ सूत्रथी करवुं.

(२) **शुशाववियिषति/शिश्वाययियिषति** = તે વધારવાને ઇચ્છે છે. આ ઉદા.ની સાધનિકા ४.१.६७માં દર્શાવેલ जुहावयिषति અને जिजावयिषति પ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં પણ પૂર્વસૂત્રની જેમ જ णौ એ પ્રમાણે વિષય સપ્તમીનો નિર્દેશ હોવાથી णि પ્રત્યયનાં વિષયમાં ञ्णिति ४.उ.५० વગેરે સૂત્રથી થતી અંતરંગ એવી વૃદ્ધિ આદિ કાર્યનો બાધ કરીને આ સૂત્રથી ण्वृत् કાર્ય જ થશે.

वा परोक्षा-यङि ४.१.९०

અ.અ.સૂ. : श्वेः धातोः सस्वरान्तस्था परोक्षा-यङि ण्वृत् वा।

અર્થ : શ્વિ ધાતુની સ્વર સહિત અંતસ્થા પરોક્ષાનાં પ્રત્યય તેમજ યઙ્ પ્રત્યય પર છતાં વિકલ્પે ण्वृत् રૂપે થાય છે.

સ. : परोक्षा-यङि = परोक्षा च यङ् चेति परोक्षायङ्, तस्मिन्निति।

ઉદા. (१) **शुशाव/शिश्वाय** = તે ગયો. (ट्वोश्वि गति-९९७) આ ઉદા.ની સાધનિકા ४.१.१માં દર્શાવેલ છે. અને शिश्वाय ની સાધનિકા પપાચ પ્રમાણે જાણવી.

(२) **शोशूयते/शेश्वीयते** = તે વારંવાર વધે છે.
व्यञ्जनादेरेक०उ.४.९થી यङ्→श्वि+**य**
આ સૂત્રથી ण्वृत्→**शु**+य
दीर्घमवो३०४.१.१०उથી દીર્ઘ→**शू**+य
सन्यङ०४.१.उથી દ્વિત્વ→**शूशू**+य

ह्रस्वः ४.१.३९थी ह्रस्व→**शुशू**+य
आ-गुणा०४.१.४८थी गुण→**शोशू**य
ते वगेरे थतां→शोशूय**ते**।
विकल्पे : आ सूत्रथी य्वृत् न थाय त्यारे, श्वी+य
द्वित्व वगेरे थतां→**शेश्वीयते**।

विशेषता :

अहीं श्वि धातु यजादि गण अंतर्गत छे. तेथी अवित् परोक्षानां प्रत्ययो कित् थतां यजादि-वचेः०४.१.७९थी य्वृत्नी प्राप्ति हती. तथा, वित् परोक्षा अने यङ् प्रत्यय पर छतां अप्राप्ति छे. ते प्राप्त-अप्राप्त कार्यनो विकल्प करवा माटे आ सूत्रनो निर्देश जाणवो.

प्यायः पी ४.१.९१

अ.अ.सू. : प्यायः धातोः परोक्षा-यङि पी।

अर्थ : प्याय् धातुनो परोक्षा अने यङ् प्रत्यय पर छतां पी आदेश थाय छे.

उदा. (१) **अपिप्ये** = ते वध्युं. (औप्यायैङ् वृद्धौ-८०५)
परोक्षे ५.२.१२ वगेरेथी ए→आ+प्याय्+**ए**
आ सूत्रथी पी आदेश→आ+**पी**+ए
द्वित्व वगेरे थतां→आ+**पिपी**+ए
इवर्णादे०१.२.२१थी ईनो य्→आपिप्**ये**।

(२) **आपेपीतः** = ते बे वारंवार वधे छे.
व्यञ्जनादेरेक०३.४.९थी यङ्→आ+प्याय्+**य**
आ सूत्रथी पी आदेश→आ+**पी**+य
द्वित्व वगेरे थतां→आ+**पिपी**+य

आ-गुणा०४.१.४८थी गुण→आ**पे**पी+य
बहुलं०३.४.१४थी यङ्नो लोप→आपेपी
तस् वगेरे थतां→आपेपी**तः**।

विशेषता :

अहीं यङ् प्रत्यय पर छतां दीर्घश्च्विययङ्०४.३.१०८ सूत्रथी दीर्घ थतां ह्रस्व पिनो निर्देश पण योग्य ज होत. परंतु यङ्लुबन्तमां पण पी आदेश करवा माटे दीर्घ पीनो निर्देश करेल छे.

क्तयोरनुपसर्गस्य ४.१.९२

अ.अ.सू. : अनुपसर्गस्य प्यायः धातोः क्तयोः पी।

अर्थ : उपसर्ग रहित प्याय् धातुनो क्त अने क्तवतु प्रत्यय पर छतां पी आदेश थाय छे.

स. : अनुपसर्गस्य = न विद्यते उपसर्गो यस्य स इति अनुपसर्गः, तस्येति।

उदा. (१) **पीनम्** = वधेलुं मुख. (औप्यायैङ् वृद्धौ-८०५)
क्त-क्तवतू १.१.१७४थी क्त→प्याय्+**त**
आ सूत्रथी पी आदेश→**पी**+त
सूयत्या०४.२.७०थी तनो न→पी**न**
प्रथमा सि वगेरे→पी**नम्**।

(२) **पीनवन्मुखम्** = वधेलुं मुख.
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी. परंतु अहीं क्तवतु प्रत्यय लगाडवो.

પ્ર.ઉદા. अनुपसर्गस्येति किम् ? प्रप्यानो मेघः = વધેલો મેઘ.

गत्यर्थाऽ०५.१.११थी क्त→प्र+प्याय्+**त**

य्वोः प्वय्०४.४.१२१थी य्नो लोप→प्रप्यात

सूयत्याद्यो०४.२.७०थी तनो न→प्रप्या**न**

प्रथमा सि वगेरे→प्रप्यानः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉપસર્ગરહિત ધાતુને વિશે થાય છે. જ્યારે અહીં ઉપસર્ગ સહિત ધાતુ હોવાથી આ સૂત્રથી पी આદેશ થયો નહીં.

आङोऽन्धूधसोः ४.१.९३

અ.અ.સૂ. : आङः प्यायः धातोः अन्धूधसोः क्तयोः पीः।

અર્થ : આङ્ ઉપસર્ગથી પર રહેલ પ્યાય્ ધાતુથી અન્ધુ અને ઊધસ્ અર્થનાં વિષયમાં क्त અને क्तवतु પ્રત્યય પર છતાં पी આદેશ થાય છે.

સ. : अन्धूधसोः = अन्धुश्च ऊधस् चेति अन्धूधसौ, तयोरिति।

ઉદા. (૧) आपीनः अन्धुः = મોટો કૂવો. (औप्यायैङ् वृद्धौ-८०५)

(૨) आपीनमूधः = મોટું આંચળ.

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. अन्धूधसोरिति किम् ? आप्यानश्चन्द्रः = પૂર્ણ (ખીલેલો) ચન્દ્ર.

આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ प्प्यानः પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અન્ધુ અને ઊધસ્ અર્થનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં અન્ધુ અને ઊધસ્ અર્થ નથી. માટે આ સૂત્રથી पी આદેશ થયો નહીં.

વિશેષતા :

आङ् एवेति नियमात् प्राप्यानमूधः = સૂત્રમાં આङ્નો નિર્દેશ કર્યો હોવાથી प्राप्यानमूधः જેવાં आङ् અન્તવાળાં ઉપસર્ગથી પર પણ આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો आङ् અન્તવાળાં ઉપસર્ગથી પર પણ આ સૂત્રથી पी આદેશ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે प्रापीनः જેવાં પ્રયોગો પણ થાય છે.

स्फायः स्फी वा ४.१.९४

અ.અ.સૂ. : स्फायः धातोः क्तयोः स्फी वा।

અર્થ : स्फाय् ધાતુનો क्त અને क्तवतु પ્રત્યય પર છતાં स्फी આદેશ વિકલ્પે થાય છે.

ઉદા. (૧) स्फातः/स्फीतः = વધેલો. (स्फायैङ् वृद्धौ-८०४)
क्त-क्तवतू ५.१.१७४થી क्त→स्फाय्+**त**
આ સૂત્રથી स्फी આદેશ→**स्फी**त
વિકલ્પે : આ સૂત્રથી स्फी ન થાય ત્યારે,
व्योःप्वय्०४.४.१२१થી य्નો લોપ→स्फात
प्रथमा सि વગેરે→स्फीतः/स्फातः।

(૨) **स्फीतवान्/स्फातवान्** = વધેલો.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો આ સૂત્રની પ્રવૃત્તિને વિકલ્પે ઇચ્છતાં નથી. તેથી તેઓનાં મતે स्फीतः પ્રયોગ જ થાય છે.

प्रसमः स्त्यः स्ती ४.१.९५

अ.अ.सू. : प्रसमः स्त्यः धातोः क्तयोः स्ती।

अर्थ : प्र+सम् उपसर्गथी पर रहेल स्त्यै धातुनो क्त अने क्तवतु प्रत्यय पर छतां स्ती आदेश थाय छे.

स. : प्रसमः = प्रात् सम् इति प्रसम्, तस्मादिति।

उदा. (१) प्रसंस्तीतः = भेगुं थई गयेल. (स्त्यैं सङ्घाते-४०)
आत् सन्ध्य०४.२.१थी आ→सम्+प्र+**स्त्या**+त
आ सूत्रथी स्ती आदेश→प्रसम्+**स्ती**त
तौ मु-मो०१.३.१४थी अनुस्वार→**प्रसं**स्तीत
प्रथमा सि वगेरे→प्रसंस्तीतः।

(२) **प्रसंस्तीतवान्** = भेगुं थई गयेल.
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

प्र.उदा. प्रसम इति किम्? संप्रस्त्यानः = तेणे अवाज कर्यो.
आत् सन्ध्य०४.२.१थी आ→सम्+प्र+**स्त्या**
क्त-क्तवतू ५.१.१७४थी क्त→सम्+प्र+स्त्या+**त**
व्यञ्जनान्तस्था०४.२.७१थी त्नो न→सम्+प्रस्त्या**न**
तौ मु-मो०१.३.१४थी अनुस्वार→**सं**प्रस्त्यान
प्रथमा सि वगेरे→संप्रस्त्यानः।

★ आ सूत्रनी प्रवृत्ति प्र+सम्थी पर रहेलां स्त्यै धातुने विशे थाय छे. ज्यारे अहीं सम्+प्र थी पर रहेल स्त्यै धातु छे. माटे आ सूत्रथी स्ती आदेश थयो नहीं.

अन्य मत :

केटलांक व्याकरणकारो प्रसम्थी पर रहेलां स्त्यै धातुनां विषयमां आ सूत्रनी प्रवृत्तिने ईच्छतां नथी. तेथी तेओनां मते प्रसंस्त्यानः जेवा प्रयोगो थाय छे.

प्रात् तश्च मो वा ४.१.९६

અ.અ.સૂ. : प्रात् स्त्यः धातोः क्तयोः स्ती, तः च मः वा।

અર્થ : પ્ર ઉપસર્ગથી પર રહેલાં स्त्यै ધાતુથી क्त અને क्तवतु પ્રત્યય પર છતાં स्ती આદેશ થાય છે. અને તેનાં યોગમાં क्त અને क्तवतुનાં त्નો म् વિકલ્પે થાય છે.

ઉદા. (૧) प्रस्तीमः/प्रस्तीतः = ભેગું કરેલું. (स्त्यैं सङ्घाते-४०)
क्त-क्तवतू ५.१.१७४થી क्त→प्र+स्त्यै+**त**
આ સૂત્રથી स्ती આદેશ અને त्નો म् વિકલ્પે→
प्र+**स्तीम**
પ્રથમા सि વગેરે→प्रस्तीमः/प्रस्तीतः।

(૨) **प्रस्तीतवान्/प्रस्तीमवान्** = ભેગું કર્યું.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

श्यः शी द्रवमूर्त्ति-स्पर्शे नश्चाऽस्पर्शे ४.१.९७

અ.અ.સૂ. : द्रवमूर्त्ति-स्पर्शे श्यः धातोः शी, अस्पर्शे च तः नः।

અર્થ : દ્રવમૂર્ત્તિ = પીગળેલાનું ઘટ્ટ થવું. તે અર્થમાં અને સ્પર્શ અર્થમાં વર્ત્તતાં श्यै ધાતુનો क्त અને क्तवतु પ્રત્યય પર છતાં शी આદેશ થાય છે. જો અસ્પર્શનો વિષય હોય તો તેનાં યોગમાં क्त અને क्तवतुનાં त्નો न् થાય છે.

સ. : (૧) द्रवमूर्त्तिस्पर्शे = द्रव्यस्य मूर्त्तिरिति द्रवमूर्त्तिः, द्रवमूर्त्तिश्च स्पर्शश्चेति द्रवमूर्त्तिस्पर्शम्, तस्मिन्निति।

(૨) **अस्पर्शे** = न स्पर्श इति अस्पर्शम्, तस्मिन्निति।

ઉદા. (૧) **દ્રવમૂર્ત્તિ (અસ્પર્શ) = शीनं घृतम्** = થીજી ગયેલું ઘી. (શ્યૈઙ્ ગતૌ-૬૦૬)

(૨) **शीनवद् घृतम्** = થીજી ગયેલું ઘી.

★ આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ પ્રસ્તીમઃ પ્રમાણે જાણવી. પરંતુ અહીં આ સૂત્રથી શી આદેશ અને તનો ન કરવો.

(૩) **સ્પર્શ = शीतं वर्त्तते** = ઠંડી છે.

शीतो वायुः = ઠંડો પવન.

★ આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ અહીં સ્પર્શનો વિષય હોવાથી તનો ન કરવો નહીં.

प्रतेः ४.१.९८

અ.અ.સૂ. : प्रतेः श्यः धातोः क्तयोः शी, तः च नः वा।

અર્થ : પ્રતિ ઉપસર્ગથી પર રહેલાં શ્યૈ ધાતુનો ક્ત અને ક્તવતુ પ્રત્યય પર છતાં શી આદેશ થાય છે. અને તેનાં યોગમાં ક્ત અને ક્તવતુનાં ત્નો ન્ થાય છે.

ઉદા. (૧) **प्रतिशीनः** = શરદીથી પીડા પામેલો. (શ્યૈઙ્ ગતૌ-૬૦૬)

(૨) **प्रतिशीनवान्** = શરદીથી પીડા પામ્યો.

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં પ્રતિ+શ્યૈ ધાતુ રોગ અર્થમાં વર્ત્તે છે. તેથી તેમાં કાઠિન્ય કે સ્પર્શ અર્થની વિવક્ષા સંભવતી જ નથી. માટે પૂર્વસૂત્રથી શી આદેશની પ્રાપ્તિ ન હતી. તેની પ્રાપ્તિ માટે આ સૂત્રનો નિર્દેશ જાણવો.

वाऽभ्यवाभ्याम् ४.१.९९

अ.अ.सू. : अभ्यवाभ्यां श्यः धातोः क्तयोः शी वा, अस्पर्शे तः च नः।

अर्थ : अभि अने अव उपसर्गथी पर रहेलां श्यै धातुनो क्त अने क्तवतु प्रत्यय पर छतां शी आदेश विकल्पे थाय छे. अने तेनां योगमां अस्पर्शनां विषयमां त्नो न् थाय छे.

स. : अभ्यवाभ्याम् = अभिश्च अवश्चेति अभ्यवौ, ताभ्यामिति।

उदा. (१) **अभिशीनः/अभिश्यानः** = चारे बाजुथी थीज गयेलो.
गत्यर्थाऽ०५.१.११थी क्त→अभि+श्यै+**त**
आ सूत्रथी शी नो आदेश अने त्नो न्→अभि**शीन**
विकल्पे : आ सूत्रथी शी न थाय त्यारे,
आत् सन्ध्य०४.२.१थी आ→अभि+**श्या**+त
व्यञ्जनान्तस्था०४.२.७१थी त्नो न्→अभिश्या**न**
प्रथमा सि वगेरे→अभिशीनः/अभिश्यानः।

(२) **अभिशीनवान्/अभिश्यानवान्** =
चारे बाजुथी थीज गयेलो.

(३) **अवशीनं/अवश्यानं हिमम्** = थीज गयेलो बरफ के हिम.

(४) **अवशीनवान्/अवश्यानवान् हिमम्** =
थीज गयेलो बरफ के हिम.
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

विशेषता :

(१) अहीं अभि अने अव उपसर्गथी पर श्यै धातुमां जो द्रव पदार्थनुं थीज जवुं अने स्पर्श अर्थ वर्त्ततो होय तो

પણ પરસૂત્રતયા આ સૂત્રથી વિકલ્પે જ પ્રવૃત્તિ થશે. પણ श्यः શી૦૪.૧.૯૭થી નિત્ય નહીં.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો અભિ અને અવથી પર સમ્‌નું વ્યવધાન હોતે છતે પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે अभिसंशीनः જેવા પ્રયોગો પણ થાય છે.

(૨) અન્ય કેટલાંક વ્યાકરણકારો સમસ્ત એવા અભિ અને અવ ઉપસર્ગથી પર આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છે છે. જેમકે, अभ्यवशीनः અને તેઓનાં મતે વિપર્યસ્તમાં સૂત્રનો પ્રયોગ થતો નથી.
તેઓનાં મતે વા શબ્દ વ્યવસ્થિત વિભાષાવાળો હોવાથી અભિ અને અવની પૂર્વે અન્ય ઉપસર્ગનો સમસ્ત પ્રયોગ હોય તો આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. જેમકે, समभिश्यानः વગેરે.

श्रः शृतं हविः-क्षीरे ૪.૧.૧૦૦

અ.અ.સૂ. : श्रः धातोः हविः-क्षीरे शृतं (निपात्यते)।

અર્થ : શ્રા અને શ્રૈ ધાતુનો क्त પ્રત્યય પર છતાં हविस् અને क्षीरનાં વિષયમાં शृ આદેશ નિપાતન પામે છે.

સ. : हविः-क्षीरे = हविश्च क्षीरं चेति हविः-क्षीरम्, तस्मिन्निति।

ઉદા. (૧) शृतं हविः स्वयमेव = ઘી સ્વયં ગરમ થયું.

(૨) **शृतं क्षीरं स्वयमेव** = દૂધ સ્વયં ગરમ થયું.
(श्रैं पाके-૪૬) (श्रांक् पाके-૧૦૬૫)

गत्यर्थाऽ०५.१.११थी क्त→श्रा+**त**
आ सूत्रथी शृ निपातन→**शृत**
प्रथमा सि वगेरे→**शृतम्**।

प्र.ઉદા. हविःक्षीर इति किम्? श्राणा यवागूः = રાબડી રંધાઈ.
गत्यर्थाऽ०५.१.११थी क्त→श्रा+**त**
व्यञ्जनान्तस्था०४.२.७१थी न→श्रा+**न**
र-षृवर्णान्नो०२.३.६३थी न्नो ण्→**श्राण**
आत् २.४.१८थी आप्→श्राण+**आ**
समानानां०१.२.१थी दीर्घ→**श्राणा**
प्रथमा सि वगेरे→श्राणा।

★ આ સૂત્રની પ્રવૃત્તિ हविस् અને क्षीरનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં हविस् અને क्षीरનો વિષય નથી. માટે આ સૂત્રથી शृ આદેશ થયો નહીં.

श्रपेः प्रयोक्त्रैक्ये ४.१.१०१

અ.અ.સૂ. : श्रपेः धातोः क्ते हविःक्षीरे प्रयोक्त्रैक्ये शृतं (निपात्यते)।

અર્થ : ण्यन्त એવા श्रा અને श्रै ધાતુનો क्त પ્રત્યય પર છતાં हविस् અને क्षीरનાં વિષયમાં એક જ પ્રેરકકર્ત્તા હોતે છતે शृ આદેશ નિપાતન થાય છે.

સ. : प्रयोक्त्रैक्ये = प्रयोक्तुरैक्यमिति प्रयोक्त्रैक्यम्, तस्मिन्निति।

ઉદા. (૧) **शृतं हविः चैत्रेण** = ચૈત્ર વડે ઘી ગરમ કરાયું.
शृतं क्षीरं चैत्रेण = ચૈત્ર વડે દૂધ ગરમ કરાયું.
प्रयोक्तृ०३.४.२०थी णिग्→श्रा+**इ**
अर्त्ति-री०४.२.२१थी पु आगम→**श्रापि**

ઘટાદે હ્રસ્વ૦૪.૨.૨૪થી હ્રસ્વ→**श्रपि**
क्त-क्तवतू ૫.૧.૧૭૪થી क्त→श्रपि+**त**
આ સૂત્રથી शृ આદેશ નિપાતન→**शृत**
પ્રથમા સિ વગેરે→शृत**म्**।

અહીં ઘી/દૂધ સ્વયં ગરમ થાય છે. અને તેમાં પ્રેરણા ચૈત્રની જાણવી. આ પ્રમાણે અહીં પ્રેરકકર્ત્તાની વિવક્ષા છે.

પ્ર.ઉદા. (૧) **हविःक्षीर इत्येव→श्रपिता यवागूः** =
ચૈત્ર વડે રાબડી રંધાઈ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ હવિસ્ અને ક્ષીરનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં હવિસ્ અને ક્ષીર વિષય તરીકે નથી. માટે આ સૂત્રથી शृ આદેશ થયો નહીં.

(૨) **प्रयोक्त्रैक्य इति किम्? श्रपितं हविश्चैत्रेण मैत्रेण** =
મૈત્ર દ્વારા ચૈત્ર પાસે સ્વયં ગરમ થતાં ઘીને પ્રેરણા કરાવાઈ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ એક જ પ્રયોજકકર્ત્તા હોતે છતે થાય છે. જ્યારે અહીં બે પ્રયોજકકર્ત્તા છે. માટે આ સૂત્રથી शृ આદેશ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં ઐક્ય પદ દ્વારા એક જ પ્રેરકકર્ત્તાનો નિર્દેશ કર્યો છે. તેથી જ્યારે જો પ્રેરકનો પ્રેરક પ્રયોગ કરીને બે પ્રેરકકર્ત્તા ઉપસ્થિત હશે ત્યારે આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. જેમકે, श्रपितं हविश्चैत्रेण मैत्रेण।

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો श्रप् ધાતુને चुरादि ગણ અંતર્ગત જણાવે છે. અને તેનું જ આ સૂત્રથી નિપાતન ઇચ્છે

છે. પણ ण्यन्त એવા श्रा અને श्रै ધાતુથી નહીં. તેથી તેઓનાં મતે श्रै અને श्रा ધાતુનાં णिगन्तમાં श्रपितं हविश्चैत्रेण मैत्रेण એ પ્રમાણે પ્રયોગ જ થાય છે.

(૨) અન્ય કેટલાંક વ્યાકરણકારો સકર્મક अण्यन्त એવા જ श्रा અને श्रै ધાતુનું નિપાતન ઈચ્છે છે. તેથી તેઓનાં મતે शृतं हविः चैत्रेण એવા પ્રયોગો થાય છે. પણ ण्यन्त ધાતુઓમાં નિપાતન ઈચ્છતાં નથી. જેમકે, श्रपितं हविश्चैत्रेण।

ष्वृत् सकृत् ४.१.१०२

અ.અ.સૂ. : धातोः ष्वृत् सकृत्।

અર્થ : પૂર્વનાં સૂત્રમાં જણાવેલ સ્વર સહિત અંતસ્થાનો ष्वृत् એક જ વાર થાય છે.

સ. : ष्वृत् = इश्च उश्च ऋच्चेति।

ઉદા. संवीयते = તે ઢંકાય છે. (व्येंङ् संवरणे-૯૧૩)

सति ५.२.१९ વગેરેથી તે→सम्+व्ये+**ते**

क्यः शिति ३.४.७०થી क्य→स्म्+व्ये+**य**+ते

यजादि-वचेः०४.१.७९થી येનો ई→सम्+**वी**+य+ते

तौ मु-मो०१.३.१४થી અનુસ્વાર→**सं**वीयते।

વિશેષતા :

આ વ્યાકરણશાસ્ત્રમાં **यावत्संभवस्तावद्विधिः २/५६** ન્યાયાનુસારે જે વિધિ જ્યાં સુધી જેટલી વાર સંભવતી હોય ત્યાં સુધી તેટલી વાર કરવામાં આવે છે. તેથી ष्वृत् વિધિ પણ એકવાર

થયા પછી યથાસંભવ બે-ત્રણ વાર પણ થઈ શકવાની હતી. તેનો આ સૂત્રથી નિષેધ કર્યો છે.

दीर्घमवोऽन्त्यम् ४.१.१०३

અ.અ.સૂ. : अवः धातोः अन्त्यं ग्वृत् दीर्घम्।

અર્થ : વે ધાતુ સિવાયનાં ધાતુઓનું અન્ત્ય ગ્વૃત્ દીર્ઘ થાય છે.

સ. : अवः = न व इति अव्, तस्येति।

ઉદા. जीनः = ઘટેલો. (જ્યાંશ્ હાનૌ-૧૫૨૪)
क्त-क्तवतू ५.१.१७४થી क्त→ज्या+**त**
व्यञ्जनान्तस्था०४.२.७१થી त નો न→ज्या+**न**
ज्या-व्ये०४.१.८१થી ग्वृत्→**जिन**
આ સૂત્રથી ગ્વૃત્ દીર્ઘ→**जीन**
પ્રથમા સિ વગેરે→जीनः।

પ્ર.ઉદા. (૧) अव इति किम्? उतः = વણેલું.
(વેંગ્ તન્તુસન્તાને-૯૯૨)
क्त-क्तवतू ५.१.१७४થી क्त→वे+**त**
यजादि-वचेः०४.१.७९થી उ→**उ**+त
પ્રથમા સિ વગેરે→उतः।

★ આ સૂત્રમાં વે ધાતુનું વર્જન હોવાથી આ સૂત્રથી ગ્વૃત્ उ દીર્ઘ થયો નહીં.

(૨) **अन्त्यमिति किम्? सुप्तः** = સૂતેલો.
(ઞિષ્વપંક્ શયે-૧૦૮૮)
ज्ञानेच्छाऽर्चा०५.२.९२થી क्त→स्वप्+**त**
स्वपेर्यङ०४.१.८०થી ग्वृत्→**सुप्त**
પ्રથમા સિ વગેરે→सुप्तः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ધાતુને અંતે રહેલાં ય્વૃત્ ને વિશે થાય છે. જ્યારે અહીં ધાતુને અંતે ય્વૃત્ નથી. માટે આ સૂત્રથી ઉ દીર્ઘ થયો નહીં.

स्वर-हन-गमोः सनि धुटि ४.१.१०४

અ.અ.સૂ. : स्वर-हन-गमोः धातोः धुटि सनि दीर्घम्।

અર્થ : સ્વરાન્ત ધાતુઓ તેમજ હન્ અને ગમુ ધાતુનો સ્વર ધુડાદિ સન્ પ્રત્યય પર છતાં દીર્ઘ થાય છે.

સ. : स्वर-हन-गमोः = स्वरश्च हन श्च गमुश्चेति स्वरहनगमु, तस्येति।

ઉદા. (૧) **चिचीषति** = તે એકઠું કરવાને ઇચ્છે છે.
(चिंग्ट् चयने-१२९०)
આ ઉદા.ની સાધનિકા ૪.૧.૩૫માં દર્શાવેલ जिगीषति પ્રમાણે જાણવી.

(૨) **जिघांसति** = તે હણવાને ઇચ્છે છે. (हनंक् हिंसा०-११००)
तुमर्हादि०३.४.२१थी सन्→हन्+**स**
सन्यङ०४.१.३थी द्वित्व→**हह**न्+स
गहोर्जः ४.१.४०थी ज्→**ज**हन्+स
अङे हि०४.१.३४थी घ्→ज**घ**न्+स
सन्यस्य ४.१.५९थी अनो इ→**जि**घन्स
આ સૂત્રથી ધાતુનો સ્વર દીર્ઘ→जि**घा**न्स
शिड्हे०१.३.४०थी अनुस्वार→जि**घां**स
तिव् વગેરે થતાં→जिघांस**ति**।

(૩) **संजिगांसते** = તે એકઠું કરવાને ઇચ્છે છે.
(इंण्क् गतौ-१०७५)

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. અને સનીડશ્ચ ૪.૪.૨૫થી इ ધાતુનો गमु આદેશ કરવો.

પ્ર.ઉદા. धुटीति किम् ? वियविषति = તે મિશ્રણ કરવાને ઇચ્છે છે. આ ઉદા.ની સાધનિકા ૪.૧.૬૦માં દર્શાવેલ છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ધુડાદિ सन् પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં इट् આગમ થવાથી सन् ધુડાદિ રહેતો નથી. માટે આ સૂત્રથી સ્વર દીર્ઘ થયો નહીં.

વિશેષતા :

સૂત્રગત ગમોઃ એ પ્રમાણે પદ દ્વારા इंक्-१०७४, इंण्क्-१०७५, इंङ्क्-११०४ એ ત્રણ ધાતુનાં સનીડશ્ચ ૪.૪.૨૫થી થતાં આદેશભૂત गमु ધાતુનું ગ્રહણ કર્યું છે. તેથી ભ્વાદિ गम्लृं-३९६ ધાતુ આ સૂત્રનાં વિષયભૂત બનતો નથી.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો ईङ्क्-११०४ ધાતુનાં જ गमु આદેશમાં સૂત્ર પ્રવૃત્તિ ઇચ્છે છે. પણ इंक्-१०७४ અને इंण्क्-१०७५ ધાતુમાં નહીં. તેથી તેઓનાં મતે इंण्क् અને इंक् ધાતુનાં વિષયમાં जिगिषते જેવા પ્રયોગો થાય છે.

तनो वा ४.१.१०५

અ.અ.સૂ. : तनः धातोः धुटि सनि दीर्घं वा।

અર્થ : तन् ધાતુનો સ્વર ધુડાદિ सन् પ્રત્યય પર છતાં વિકલ્પે દીર્ઘ થાય છે.

ઉદા. तितांसति/तितंसति = તે વિસ્તાર કરવાને ઇચ્છે છે. (तनूयी विस्तारे-१४९९)

तुमर्हादि०३.४.२१थी सन्→तन्+**स**
द्वित्व वगेरे थतां→**तितंस**
आ सूत्रथी विकल्पे दीर्घ→**तितांस**/तितंस
तिव् वगेरे थतां→तितांस**ति**/तितंस**ति**।

प्र.उदा. धुटीत्येव→तितनिषति = તે વિસ્તાર કરવાને ઇચ્છે છે.
तुमर्हादि०३.४.२१थी सन्→तन्+**स**
इ-वृध०४.४.४७थी विकल्पे इट्→तन्+**इस**
द्वित्व वगेरे→तितनि**षति**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ધુડાદિ સન્ પ્રત્યય પર છતાં જ થાય છે. જ્યારે અહીં इट् આગમ થવાથી सन् ધુડાદિ રહેતો નથી. માટે આ સૂત્રથી દીર્ઘ કાર્ય થયું નહીં.

क्रमः क्त्वि वा ४.१.१०६

અ.અ.સૂ. : क्रमः धातोः धुटि क्त्वि दीर्घं वा।

અર્થ : क्रम् ધાતુનો સ્વર ધુડાદિ क्त्वा પ્રત્યય પર છતાં દીર્ઘ વિકલ્પે થાય છે.

ઉદા. क्रान्त्वा/क्रन्त्वा = ચાલીને. (क्रमू पादविक्षेपे-३८५)
प्राक्काले ५.४.४७थी क्त्वा→क्रम्+**त्वा**
आ सूत्रथी दीर्घ→**क्रा**म्+त्वा/क्रम्+त्वा
म्नां धुड्वर्गे०१.३.३९थी म्नो न→क्रा**न्त्वा**/क्र**न्त्वा**।

વિશેષતા :

અહીં સૂત્રમાં क्रम् ધાતુનો નિર્દેશ છે તેનો ઉપપદ સહિત પણ પ્રયોગ થઈ શકે છે. પરંતુ ઉપપદ આદિ દ્વારા क्त्वा નો यप् આદેશ થાય છે. અને **अन्तरङ्गानपि विधीन् यबोदेशो बाधते २/१२** ન્યાયાનુસારે આ સૂત્રથી થતી અંતરંગ એવી દીર્ઘ

વિધિનો બાધ થાય છે. જેમકે, પ્રક્રમ્ય એ પ્રમાણે આગામી સૂત્રમાં પણ જાણવું.

अहन्-पञ्चमस्य क्वि-क्ङिति ४.१.१०७

અ.અ.સૂ. : अहन्-पञ्चमस्य धातोः धुटि क्वि-क्ङिति दीर्घम्।

અર્થ : પાંચમો અક્ષર અંતવાળાં हन् સિવાયનાં ધાતુનો સ્વર क्वि પ્રત્યય અને ધુડાદિ कित्-ङित् પ્રત્યય પર છતાં દીર્ઘ થાય છે.

સ. : (૧) **अहन्-पञ्चमस्य** = न हा इति अहा, अहा चासौ पञ्चमश्चेति अहन्पञ्चमः, तस्येति।

(૨) **क्वि-क्ङिति** = क् च ङ् चेति क्ङौ, क्ङौ इतौ यस्य स इति क्ङित्, क्विश्च क्ङिच्चेति क्विक्ङित्, तस्मिन्निति।

ઉદા. (૧) **प्रशान्** = શાંત થનાર. (शमू उपशमे-१२३०)
क्विप् ५.१.१४८થી क्विप्→प्र+शम्+**०**
આ સૂત્રથી ધાતુનો સ્વર દીર્ઘ→**प्रशाम्**
मो नो म्वो०२.१.६७થી म्નો न्→प्रशान्
પ્રથમા सि વગેરે→प्रशान्।

(૨) **शान्तः** = શાંતિ પામેલો.
क्त-क्तवतू ५.१.१७४થી क्त→शम्+**त**
આ સૂત્રથી દીર્ઘ→**शाम्**+त
म्नां धुड्वर्गे०१.३.३९થી म्નો न्→शान्त
પ્રથમા सि વગેરે→शान्तः।

(૩) **शंशान्तः** = તે બે વારંવાર શાંત થાય છે.
व्यञ्जनादेरेक०३.४.९થી यङ्→शम्+**य**

सन्यङ०४.१.३थी द्वित्व→**श**शम्+य
मुरतोऽनु०४.१.५१थी मु आगम→श**म्**शम्+य
सति ५.२.१९ वगेरेथी तस्→शंशम्+य+**तस्**
बहुलं०३.४.१४थी यङ्नो लोप→**शं**शम्+तस्
आ सूत्रथी शम्नो स्वर दीर्घ→शं**शा**म्+तस्
म्नां धुड्वर्गे०१.३.३९थी म्नो न्→शंशा**न्त**स्
पदसंज्ञा वगेरे थतां→शंशान्तः।

प्र.उदा. (१) **पञ्चमस्येति किम्? पक्त्वा** = रांधीने.
(डुपचींष् पाके-८९२)
प्राक्काले ५.४.४७थी क्त्वा→पच्+**त्वा**
चजः०२.१.८६थी च्नो क्→प**क्त्वा**।

★ आ सूत्रनी प्रवृत्ति वर्गनो पांचमो अक्षर अंतवाळां धातुथी थाय छे. ज्यारे अहीं पांचमो अक्षर अंतवाळो धातु नथी. माटे आ सूत्रथी धातुनो स्वर दीर्घ थयो नहीं.

(२) **अहन्निति किम्? वृत्रहणि** = ईन्द्रने विशे.
ब्रह्म-वृत्र०५.१.१६१थी क्विप्→वृत्र+हन्+**०**
सप्तमी ङि वगेरे→वृत्रहन्+इ
पूर्वपदस्थाना०२.३.६४थी न्नो ण्→वृत्रह**णि**।

★ आ सूत्रनी प्रवृत्ति वर्गनो पांचमो अक्षर अंतवाळां धातुथी थाय छे. ज्यारे आ सूत्रमां हन् धातुनुं वर्जन होवाथी अहीं आ सूत्रथी धातुनो स्वर दीर्घ थयो नहीं.

(३) **धुटीत्येव→यम्यते** = ते अटकाय छे.
सति ५.२.१९ वगेरेथी ते→यम्+**ते**
क्यः शिति ३.४.७०थी क्य→यम्+**य**+ते = यम्यते।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ધુડાદિ કિત્-ઙિત્ પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં ય કિત્ ધુડાદિ નથી. માટે આ સૂત્રથી સ્વર દીર્ઘ થયો નહીં.

વિશેષતા :

અહીં સૂત્રમાં ક્વિ પદ દ્વારા જેમ ક્વિપ્ ૫.૧.૧૪૮ સૂત્રથી થતાં ક્વિપ્નું ગ્રહણ થાય છે. તેમ કર્તુઃ૦ ૩.૪.૨૫ સૂત્રથી થતાં કર્તૃવાચી ઉપમાન નામથી આચાર અર્થમાં થતાં ક્વિપ્ પ્રત્યયનું પણ ગ્રહણ થઈ શકે છે. પરંતુ તે ક્વિપ્ પ્રત્યય પર છતાં પૂર્વનામનો ધાતુપાઠમાં જ અભાવ હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. જેમકે, કમિવ આચરતીતિ કમતિ।

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો કર્તુઃ૦૩.૪.૨૫ સૂત્રથી થતાં કર્ત્તાવાચી ઉપમાન નામથી આચાર અર્થમાં ક્વિપ્ પ્રત્યય પર છતાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે કમિવ આચરતીતિ કામતિ જેવા પ્રયોગો થાય છે.

अनुनासिके च च्छ्-वः शूट् ૪.૧.૧૦૮

અ.અ.સૂ. : अनुनासिके च (धुटि क्विक्ङिति) धातोः च्छ्-वः शूट्।

અર્થ : અનુનાસિક આદિમાં છે જેને એવો પ્રત્યય તથા ક્વિ પ્રત્યય અને ધુડાદિ કિત્-ઙિત્ પ્રત્યય પર છતાં ધાતુનાં ચ્છ્ અને વ્નો અનુક્રમે શ્ અને ઊટ્ થાય છે.

સ. : (૧) **च्छ्वः** = च्छ् च व् चेति च्छ्व्, तस्येति।
(૨) **शूट्** = श् च ऊट् चेति।

ઉદા. (૧) **प्रश्नः** = પૂછવું તે. (प्रच्छंत् ज्ञीप्सायाम्-૧૩૪૭)
क्त-क्तवतू ५.१.१७४थी क्त→प्रच्छ्+**त**
स्वरेभ्यः १.३.३०थी द्वित्व वगेरे थतां→प्रच्च्छ्+**त**
यजि-स्वपि०५.३.८५थी त्नो न्→प्रच्च्छ्+**न**
आ सूत्रथी च्छ्नो श्→**प्रश्न**
प्रथमा सि वगेरे→**प्रश्नः**।

(૨) **शब्दप्राशौ** = शબ્દ પૂછનારાં બે. शब्दं पृच्छतीति क्विप्।
दिद्युद्-ददृद्०५.२.८३थी क्विप्→शब्द+प्रच्छ्+**०**
आ सूत्रथी च्छ्नो श्→शब्दप्रा**श्**
प्रथमा औ वगेरे→शब्दप्रा**शौ**।

(૩) **पृष्टः** = પૂછેલો.
क्त-क्तवतू ५.१.१७४थी क्त→प्रच्छ्+**त**
ग्रह-व्रस्च०४.१.८४थी व्यृत्→**प्र**च्छ्+त
आ सूत्रथी च्छ्नो श्→**प्रश्**+त
यज-सृज०२.१.८७थी श्नो ष्→**पृष्**+त
तवर्गस्य०१.३.६०थी त्नो ट्→**पृष्ट**
प्रथमा सि वगेरे→पृष्टः।

(૪) **स्योमा** = ६२જી. (षिवूच् उतौ-११६४)
मन्-वन्०५.१.१४७थी मन्→सिव्+**मन्**
आ सूत्रथी वनो ऊ→सि**ऊ**+मन्
इवर्णादे०१.२.२१थी य्→**स्यू**मन्
नानिो गुणो०४.३.१थी गुण→**स्यो**मन्
प्रथमा सि वगेरे→स्यो**मा**।

(૫) **अक्षद्यूः** = પાસાથી રમનાર. (दिवूच् क्रीडा०११४४)
क्विप् ५.१.१४८थी क्विप्→अक्ष+दिव्+**०**

આ સૂત્રથી ઊટ્→અક્ષ+દિ**ऊ**
इवर्णादे०१.२.२१થી इ નો य्→અક્ષ**द्यू**
પ્રથમા સિ વગેરે થતાં→અક્ષद्यूः।

(૬) **द्यूतः** = જુગાર.
क्त-क्तवतू ५.१.१७४થી क्त→दिव्+**त**
આ સૂત્રથી व् નો ऊ→दि**ऊ**+त
इवर्णादे०१.२.२१થી इ નો य्→**द्यूत**
પ્રથમા સિ વગેરે→द्यूतः।

વિશેષતા :

(૧) આ સૂત્રમાં च्छ्वः અને शूट् એ પ્રમાણે નિર્દિષ્ટ બંને પદની સંખ્યા અને વચન સમાન હોવાથી **यथासङ्ख्यमनुदेशः समानाम् ૧/૧૦** ન્યાયાનુસારે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

(૨) ઊટ્માં ટ્કાર ઊટા ૧.૨.૧૩ સૂત્રનાં વિશેષ પ્રયોજન માટે છે.

(૩) અહીં સિવ્ ધાતુનાં વિષયમાં मन् પ્રત્યય પર છતાં આ સૂત્રથી ઊટ્ થવાની પણ પ્રાપ્તિ છે. અને નામિનો गुणो० ૪.૩.૧થી ગુણ થવાની પણ પ્રાપ્તિ છે. પરંતુ ગુણ થયા પછી પણ ઊટ્ થઈ શકવાનો છે. માટે ઊટ્ કાર્ય નિત્ય મનાય છે. માટે **परान्नित्यम् ૧/૫૨** ન્યાયાનુસારે ઊટ્ આગમ પહેલાં થાય છે. ત્યારે સિ+ઊટ્+मन् આ અવસ્થામાં પણ બે કાર્ય પ્રાપ્ત થાય છે. ગુણ અને यत्वમાં यत्व અલ્પાશ્રિત હોવાનાં કારણે અંતરંગ કાર્ય છે. અને ગુણ બાહ્ય પ્રત્યયાદિ નિમિત્તની અપેક્ષા રાખતો હોવાથી બહિરંગ કાર્ય છે. તેથી **अन्तरङ्गं**

बहिरङ्गात् १/२० ન્યાયાનુસારે યત્વ પહેલાં થશે. અને ગુણ કાર્ય પછી થશે. અને આ ક્રમને અનુસરતાં જ સ્યોમા પ્રયોગ સિદ્ધ થાય છે. અન્યથા નહીં.

યદ્યપિ सि+उ+मन् અવસ્થામાં **असिद्धं बहिरङ्गमन्तरङ्गे १/२०** ન્યાયાનુસારે અંતરંગ એવી યત્વ વિધિમાં બહિરંગ એવો ઊટ્ આગમ અસત્ થતાં યત્વ વિધિની પ્રાપ્તિ નથી. પરંતુ બે સ્વરો અનંતર આવતાં **न स्वराऽऽन्तर्ये १/२१** ન્યાયાનુસારે એ ન્યાયની પ્રવૃત્તિ થતી નથી.

(૪) અહીં ધ્યાનમાં લેવું કે, અનુનાસિક આદિવાળાં પ્રત્યયને નિમિત્ત તરીકે ગ્રહણ કરવામાં આવ્યો છે. તેથી જ્યારે વ્ આદિવાળાં वन् અને क्वनिप् પ્રત્યયનાં પણ વ્નો વિકલ્પે અનુનાસિક થશે ત્યારે વિકલ્પે આ સૂત્રની પ્રાપ્તિ થશે. તેથી वन् સુસોવા, સુસેવા અને क्वनिप्- सूस्यूवा, सुसित्वा જેવા પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

(૫) અહીં યઙ્લુબન્ત પ્રયોગમાં યઙ્ પ્રત્યયનો લોપ થતાં તિ વગેરે ધુડાદિ પ્રત્યય પર છતાં આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. જેમકે, देद्योति।

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારોનાં મતે યઙ્લુબન્તમાં तिव् વગેરે પ્રત્યય પર છતાં આ સૂત્રની પ્રવૃત્તિ જાણવી. જેમકે, देदेति । તેઓનાં મતનો સંગ્રહ કરવા માટે તે પક્ષે પૂર્વોક્ત સૂત્રથી क्ङिति નો અધિકાર જાણવો.

યદ્યપિ તે મતે तृच् વગેરે પ્રત્યય પર છતાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. તેથી, प्रच्छ् વગેરે ધાતુમાં છ્નો શ્ થતાં યજ-

सृज०२.१.८७ सूत्र पण नहीं लागवानी आपत्ति आवे छे. परंतु એના निवारण माटे ते सूत्रमां पण छ्नुं ग्रहण करवुं.

मव्यवि-श्रिवि-ज्वरि-त्वरेरुपान्त्येन ४.१.१०९

अ.अ.सू. : मव्यवि-श्रिवि-ज्वरि-त्वरेः धातोः अनुनासिके च (धुटि क्वि-क्ङिति) उपान्त्येन शूट्।

अर्थ : मव्, अव्, श्रिव्, ज्वर् अने त्वर् धातुनां व्नो उपान्त्य वर्णनी साथे मळीने अनुनासिक आदिवाळां प्रत्यय तथा क्विप् प्रत्यय अने धुडादि कित्-ङित् प्रत्यय पर छतां ऊट् थाय छे.

स. : मव्यवि-श्रिवि-ज्वरि-त्वरेः = मविश्च अविश्च श्रिविश्च ज्वरिश्च त्वरिश्चेति मव्यविश्रिविज्वरित्वरि, तस्येति।

उदा. (१) मोमा = बांधनार. (मव बन्धने-४८०)
मन्-वन्०५.१.१४७थी मन्→मव्+**मन्**
आ सूत्रथी व्नो ऊट्→**मू**+मन्
नामिनो०४.३.१थी गुण→**मो**मन्
प्रथमा सि वगेरे→मो**मा**।

(२) **मूः** = बांधनार.
क्विप् ५.१.१४८थी क्विप्→मव्+**०**
आ सूत्रथी ऊट्→**मू**
प्रथमा सि वगेरे→मूः।

(३) **मूतिः** = बांधवुं ते.
स्त्रियां क्तिः ५.३.९१थी क्ति→मव्+**ति**

આ સૂત્રથી ઊટ્→**मूति**
પ્રથમા સિ વગેરે→मूतिः।

(૪) **ओम्** = રક્ષણ કરનાર. (અવ રક્ષણ-ગતિ૦૪૮૯)
अवेर्मः ઉણાદિ-૯૩૩થી મ્→અવ+**म्**
આ સૂત્રથી ઊ→**ऊ**+મ્
નામિનો૦૪.૩.૧થી ગુણ→**ओम्**।

(૫) **ऊः** = રક્ષણ કરનાર.

(૬) **ऊतिः** = રક્ષણ કરવું તે.

(૭) **श्रोमा** = જનાર. (શ્રિવૂચ્ ગતિ-૧૧૬૫)

(૮) **श्रूः** = જનાર.

(૯) **श्रूतिः** = જવું તે.

(૧૦) **जूर्मा** = પીડા પામનાર. (જ્વર રોગે-૧૦૫૪)

(૧૧) **जूः** = પીડા પામનાર.

(૧૨) **जूर्तिः** = પીડવું તે.

(૧૩) **तूर्मा** = ઉતાવળ કરનાર. (ઞિત્વરિષ્ સમ્ભ્રમે-૧૦૧૦)

(૧૪) **तूः** = ઉતાવળ કરનાર.

(૧૫) **तूर्णः** = ઉતાવળ કરવી તે.

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) યદ્યપિ પૂર્વસૂત્રથી 'च्छ् અને व्નો અનુક્રમે श् અને ऊट् થાય છે.' એ પ્રમાણે અધિકાર આવે છે. પરંતુ સૂત્રનિર્દિષ્ટ मव् વગેરે ધાતુમાં च्छ्નો સંભવ ન હોવાથી **संभवे**

व्यभिचारे च विशेषणमर्थवत् २/५७ ન્યાયાનુસારે માત્ર વ્નો ઊટ્ થાય છે. એટલો જ કાર્ય નિર્દેશ છે.

(૨) અહીં પૂર્વસૂત્રથી વ્નો જ ઊટ્ થવાની પ્રાપ્તિ હતી. જ્યારે અહીં ઉપાન્ત્ય સ્વર સહિત વ્નો ઊટ્ કરવો છે. માટે આ સૂત્રનો નિર્દેશ કરેલ છે.

रात्लुक् ४.१.११०

અ.અ.સૂ. : रात् धातोः च्छ्वः अनुनासिके च (धुटि क्वि-क्ङिति) लुक्।

અર્થ : ધાતુનાં ર્કારથી પર રહેલાં च्छ् અને વ્નો અનુનાસિક આદિવાળાં પ્રત્યય તથા क्विप् પ્રત્યય અને ધુડાદિ कित्-ङित् પ્રત્યય પર છતાં લોપ થાય છે.

ઉદા. (૧) **मोर्मा** = મુચ્છા પામનાર. (मुर्छा मोह०१२६)

(૨) **मूः** = મૂચ્છા પામનાર.

(૩) **मूर्त्तिः** = મૂચ્છા.

(૪) **तोर्मा** = હિંસા કરનાર. (तुर्वै हिंसायाम्-४७१)

(૫) **तूः** = હિંસા કરનાર.

(૬) **तूर्णः** = હિંસા કરાવીને.

આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ મોમા પ્રમાણે જાણવી. પરંતુ ધાતુનાં च्छ् અને વ્નો અનુક્રમે આ સૂત્રથી શ્ અને ઊટ્ કરવો.

વિશેષતા :

આ સૂત્ર अनुनासिके०४.१.१०८નું અપવાદ સૂત્ર છે.

क्तेऽनिटश्चजोः कगौ घिति ४.१.१११

અ.અ.સૂ. : क्तेऽनिटः धातोः घिति चजोः कगौ।

અર્થ : ક્ત પ્રત્યય પર છતાં જે ધાતુ અનિટ્ છે તેવા ધાતુ સંબંધી ચ્ અને જ્નો અનુક્રમે ઘ્ ઈત્વાળાં પ્રત્યયો પર છતાં ક્ અને ગ્ થાય છે.

સ. : (૧) **अनिटः** = न विद्यते इट् यस्मात् स इति अनिट्, तस्येति।
(૨) **चजोः** = चश्च ज् चेति चजौ, तयोरिति।
(૩) **कगौ** = कश्च ग् चेति।

ઉદા. (૧) **पाकः** = રાંધવું તે. (डुपचींष् पाके-८८४)
भावाऽकर्त्रोः ५.३.१८थी घञ्→पच्+**अ**
ञ्णिति ४.३.५०थी वृद्धि→**पा**च्+अ
આ સૂત્રથી च्नो क्→पा**क**
प्रथमा सि वगेरे→पाकः।

(૨) **भोग्यम्** = ભોગવવાં યોગ્ય. (भुजंप् पालना-ऽभ्य०१४८७)
ऋवर्ण-व्यञ्जनाद्०५.१.१७थी घ्यण्→भुज्+**य**
આ સૂત્રથી ज्नो ग्→भु**ग्**+य
लघोरुपा०४.३.४थी गुण→**भो**ग्य
प्रथमा सि वगेरे→भोग्य**म्**।

પ્ર.ઉદા.(૧) क्तेऽनिट इति किम्? सङ्कोचः = સંકોચ પામવું તે. (कुच शब्दे०१००)
भावाऽकर्त्रोः ५.३.१८थी घञ्→सम्+कुच्+**अ**
लघोरुपा०४.३.४थी गुण→सम्+**को**च
म्नां धुड्वर्गे०१.३.३९थी ङ→स**ङ्**कोच
प्रथमा सि वगेरे→सङ्कोचः।

(૨) **कूजः** = અવ્યક્ત અવાજ. (कूज अव्यक्ते शब्दे-१५१)
भावाऽकर्त्रोः ૫.૩.૧૮થી घञ्→कूज्+**अ**
प्रथमा सि વગેરે→कूजः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ क्त પ્રત્યય પર છતાં જે ધાતુ અનિટ્ હોય તેને વિશે થાય છે. જ્યારે અહીં क्त પ્રત્યય પર છતાં कूज् ધાતુ સેટ્ છે. માટે આ સૂત્રથી च्નો क् થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રનિર્દિષ્ટ चजोः અને कगौ એ પ્રમાણે પદમાં વચન અને સંખ્યાનું સામ્ય હોવાથી **यथासङ्ख्यमनुदेशः समानाम् ૧/૧૦** ન્યાયાનુસારે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

(૨) અહીં સૂત્રમાં क्तेऽनिट०૪.૪.૧૧૧ પદ દ્વારા જે ધાતુ क्त પ્રત્યય પર છતાં इट्નું ગ્રહણ ન કરતો હોય તેવા ધાતુનું ગ્રહણ કરવું, અનિટ્ સામાન્યનું નહીં. તેથી અન્ય કોઈ નિયમથી क्तની પૂર્વે इट् લેનાર અથવા અન્ય કોઈ આદેશ રૂપ થઈ જનાર એવા પણ અનિટ્ ધાતુ આ સૂત્રમાં ગ્રહણ થશે નહીં. જેમકે, अघञक्य० ૪.૪.૨ સૂત્રથી अज् ધાતુનો वी આદેશ થતાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. જેમકે, प्रवीतः।

न्यङ्कूद्ग-मेघादयः ૪.૧.૧૧૨

અ.અ.સૂ. : न्यङ्कूद्ग्-मेघादयः (निपात्यते)।

અર્થ : न्यङ्कु વગેરે શબ્દોમાં કરાયેલો च्નો क्, उद्ग વગેરે શબ્દમાં કરાયેલો ज्નો ग् અને मेघ વગેરે શબ્દોમાં કરાયેલો ह्નો घ् નિપાતન પામે છે.

સ. : **न्यङ्कूदग्-मेघादयः** = न्यङ्कुश्च उद्गश्च मेघश्चेति न्यङ्-कूद्गमेघाः, न्यङ्कूद्ग-मेघा आदिर्येषां ते इति।

ઉદા. (૧) **न्यङ्कुः** = હરણ વિશેષ. (अञ्चू गतौ-૧૦૫)
नेरञ्चेः (ઉણાદ-૭૨૪)થી उ→नि+अञ्च्+**उ**
આ સૂત્રથી च्નો क् નિપાતન→नि+अ**ङ्क्**+उ
इवर्णादे०૧.૨.૨૧થી इअ य्→**न्य**ङ्कु
પ્રથમા સિ વગેરે→न्यङ्कुः।

(૨) **शोकः** = શોક. (शुच शोके-૯૯)
भावा-ऽकर्त्रोः ૫.૩.૧૮થી घञ्→शुच्+**अ**
लघोरुपा०૪.૩.૪થી ગુણ→**शोच्**+अ
આ સૂત્રથી क् નિપાતન→**शोक**
પ્રથમા સિ વગેરે→शोकः।

(૩) **उद्गः** = સરળ. (उब्जत् आर्जवे-૧૩૪૮)
भावाऽकर्त्रोः ૫.૩.૧૮થી घञ्→उब्ज्+**अ**
આ સૂત્રથી બ્નો द् અને જ્નો ग्→**उद्ग**
પ્રથમા સિ વગેરે→उद्गः।

(૪) **न्युद्गः** = સંજ્ઞા વિશેષ.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૫) **मेघः** = મેઘ. (मिहं सेचने-૫૫૧)
लिहादिभ्यः ૫.૧.૫૦થી अच्→मिह्+**अ**
लघोरुपा०૪.૩.૪થી ગુણ→**मे**ह
આ સૂત્રથી હ્નો घ् નિપાતન→**मेघ**
પ્રથમા સિ વગેરે→मेघः।

(૬) **ओघः** = સમૂહ. (वहीं प्रापणे-૧૧૬)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. અને આ સૂત્ર દ્વારા વ્નો ઓ તથા હ્નો घ् નિપાતન કરવો.

વિશેષતા :

(૧) **न्यङ्कु ગણ દ્વારા સિદ્ધ થતાં પ્રયોગો :** न्यङ्कुः, तक्रम्, वक्रम्, शुक्रः, शोकः, रोकः, नीचेपाकुः, फलेपाकुः, दूरेपाकुः, क्षणेपाकुः, अनुवाकः, सोमप्रवाकः, न्योकः વગેરે.

(૨) **उद्ग ગણ દ્વારા સિદ્ધ થતાં પ્રયોગો :** उद्गः, समुद्गः, न्युद्गः, अभ्युद्गः, सर्गः, विसर्गः, अवसर्गः, उपसर्गः, व्यतिषङ्गः, अनुषङ्गः, मस्ज्येरुः, मद्गुः, भृगुः વગેરે.

(૩) **मेघ ગણ દ્વારા સિદ્ધ થતાં પ્રયોગો :** मेघः, ओघः, निदाघः, अवदाघः, अर्घः વગેરે.

(૪) સૂત્રગત આદિ શબ્દનો **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते ૩/૧૫** ન્યાયાનુસારે સૂત્રગત સમાસનાં **न्यङ्कु** વગેરે દરેક પદ સાથે અન્વય કરવો.

न वञ्चेर्गतौ ૪.૧.૧૧૩

અ.અ.સૂ. : **गतौ वञ्चेः धातोः चजोः कगौ न।**

અર્થ : ગતિ અર્થમાં વર્ત્તતાં वञ्च् ધાતુનાં च्નો અનુક્રમે क् થતો નથી.

ઉદા. **वञ्चं वञ्चन्ति** = તેઓ જવા યોગ્ય સ્થાને જાય છે.
(वञ्चू गतौ-૧૦૬)
भावा-ऽकर्त्रोः ૫.૩.૧૮થી घञ्→वञ्च्+**अ**

क्तेऽनिटः०४.१.१११थी प्राप्त च्नां क्नो आ सूत्रथी **निषेध.**

प्रथमा सि वगेरे→वञ्चम्।

प्र.उदा. गताविति किम्? वङ्कं काष्ठम् = वांकुं लाकडुं.

भावाऽकर्त्रोः ५.३.१८थी घञ्→वञ्च्+**अ**

क्तेऽनिटः०४.१.११२थी च्नो क्→वञ्**क्**+अ

म्नां धुड्वर्गे०१.३.३९थी ञ्नो ङ्→वङ्**क**

प्रथमा सि वगेरे→वङ्**कम्**।

★ आ सूत्रनी प्रवृत्ति गति अर्थमां वर्त्ततां वञ्च् धातुथी थाय छे. ज्यारे अहीं वञ्च् धातु गत्यर्थक नथी. माटे आ सूत्रथी च्नो क् थयो नहीं.

यजेर्यज्ञाऽङ्गे ४.१.११४

अ.अ.सू. : यज्ञाऽङ्गे यजेः धातोः जः गः न।

अर्थ : यज्ञनां अंगरूप अर्थमां वर्त्ततां यज् धातुनां ज्नो ग् थतो नथी.

स. : यज्ञाऽङ्गे = यज्ञस्य अङ्गमिति यज्ञाऽङ्गम्, तस्मिन्निति।

उदा. पञ्च प्रयाजाः = यज्ञनां पांच साधन विशेष. (यजीं देवपूजा०९९१)

व्यञ्जनाद्०५.३.१३२थी घञ्→प्र+यज्+**अ**

ञ्णिति ४.३.५०थी वृद्धि→प्र**या**ज

क्तेऽनिटः०४.१.११२थी प्राप्त ज्नां ग्नो आ सूत्रथी **निषेध.**

प्रथमा जस् वगेरे→प्रयाजाः।

प्र.उदा. यज्ञाऽङ्ग इति किम्? प्रयागः = त्रण नदीनुं संगम स्थान.

★ आ सूत्रनी प्रवृत्ति यज्ञनां अंग अर्थमां वर्त्ततां यज् धातुथी थाय छे. ज्यारे अहीं यज् धातु यज्ञनां अंग अर्थमां वर्त्ततो नथी. माटे आ सूत्रथी ज्नां ग्नो निषेध थयो नहीं.

વિશેષતા :

કેટલાંક વ્યાકરણકારો घञ् પ્રત્યયાન્ત याजः પ્રયોગ પણ ઇચ્છે છે.

घ्यण्यावश्यके ४.१.११५

અ.અ.સૂ. : धातोः आवश्यके घ्यणि चजोः कगौ न।

અર્થ : ધાતુનાં च् અને ज्નો અનુક્રમે આવશ્યક અર્થમાં વર્ત્તતો घ्यण् પ્રત્યય પર છતાં क् અને ग् થતો નથી.

ઉદા. (૧) अवश्यपाच्यम् = અવશ્ય રાંધવા યોગ્ય.
(डुपचींष् पाके-८९२)
णिन् चाऽ०५.४.३६થી **कृत्य**ની પ્રાપ્તિ થતાં,
ऋवर्ण०५.१.१७થી घ्यण्→पच्+**य**
ञ्णिति ४.३.५०થી વૃદ્ધિ→**पा**च्य
क्तेऽनिटः०४.१.११२થી પ્રાપ્ત च्નાં क्નો આ સૂત્રથી **નિષેધ.**
પ્રથમા સિ વગેરે→अवश्यपाच्**यम्**।

(૨) **अवश्यरञ्ज्यम्** = અવશ્ય રંગવા યોગ્ય. (रञ्जीं रागे०८९६)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. आवश्यक इति किम्? पाक्यम् = રાંધવા યોગ્ય.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અવશ્ય અર્થમાં વર્ત્તતાં घ्यण् પ્રત્યયથી થાય છે. જ્યારે અહીં घ्यण् પ્રત્યય અવશ્ય અર્થમાં વર્ત્તતો નથી. માટે આ સૂત્રથી च्નાં क्નો નિષેધ થયો નહીં.

नि-प्राद् युजः शक्ये ४.१.११६

અ.અ.સૂ. : नि-प्राद् युजः धातोः चजोः शक्ये घ्यणि कगौ न।

અર્થ : नि અને प्र ઉપસર્ગથી પર રહેલ युज् ધાતુનાં च् અને ज्નો અનુક્રમે શક્ય અર્થ જણાતે છતે घ्यण् પ્રત્યય પર છતાં क् અને ग् થતો નથી.

સ. : **नि-प्राद्** = निश्च प्रश्नेति निप्रम्, तस्मादिति।

ઉદા. (૧) **नियोज्यः** = જોડવાને યોગ્ય. (युजृंपी योगे-૧૪૭૬)
शक्ताऽर्हे०५.४.૩૫થી **कृत्य** પ્રત્યયની પ્રાપ્તિ.
ऋवर्ण०५.१.१७થી घ्यण्→नि+युज्+**य**
लघोरुपा०४.૩.४થી ગુણ→**नियो**ज्य
क्तेऽनिटः०४.१.११२થી પ્રાપ્ત જ્નાં ગ્નો આ સૂત્રથી **નિષેધ.**
પ્રથમા સિ વગેરે→नियोज्यः।

(૨) **प्रयोज्यः** = પ્રયોગ કરી શકાય તે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **शक्य इति किम्? नियोग्यः** = આજ્ઞા કરવા યોગ્ય.

★ આ સૂત્રની પ્રવૃત્તિ શક્ય અર્થ જણાતે છતે થાય છે. જ્યારે અહીં શક્ય અર્થ ન જણાતો હોવાથી આ સૂત્રથી જ્નાં ગ્નો નિષેધ થયો નહીં.

भुजो भक्ष्ये ४.१.११७

અ.અ.સૂ. : **भुजः धातोः चजोः भक्ष्ये घ्यणि कगौ न।**

અર્થ : भुज् ધાતુનાં च् અને જ્નો અનુક્રમે ભક્ષ્ય અર્થ જણાતે છતે घ्यण् પ્રત્યય પર છતાં क् અને ग् થતો નથી.

ઉદા. **भोज्यं पयः** = ભક્ષ્ય એવું દૂધ.
(भुजंप् पालना-૬०१४८૭)
ऋवर्ण०५.१.१७થી घ्यण्→भुज्+**य**
लघोरुपा०४.૩.४થી ગુણ→**भो**ज्य
क्तेऽनिटः०४.१.११२થી જ્નાં ગ્નો આ સૂત્રથી **નિષેધ.**
પ્રથમા સિ વગેરે→भोज्य**म्**।

પ્ર.ઉદા. **भक्ष्य इति किम्? भोग्या भूः** = ભોગવવાં યોગ્ય પૃથ્વી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ભક્ષ્ય અર્થ જણાતે છતે થાય છે. જ્યારે અહીં ભક્ષ્ય અર્થ નહીં, પણ પાલન અર્થ જણાય છે. માટે આ સૂત્રથી જ્‌નાં ગ્‌નો નિષેધ થયો નહીં.

વિશેષતા :

અહીં સૂત્રમાં જે भक्ष्ये નો નિર્દેશ છે તે अभ्यवहार्य અર્થાત્ ભક્ષણ કરી શકાય તેવાં કઠિન અને પ્રત્યક્ષ દ્રવ્યને જ સૂચવતો નથી. પરંતુ માત્ર કઠિન અને માત્ર પ્રત્યક્ષ દ્રવ્ય પણ ભક્ષ્ય હોઈ શકે છે. જેમકે, अब्भक्ष्यः અહીં अप् અર્થાત્ પાણીમાં પ્રત્યક્ષતા છે, પણ દ્રવરૂપ હોવાથી કઠિનતા નથી. અને वायुभक्ष्यः અહીં વાયુમાં કઠિનતા છે પણ અનુમાન ગમ્ય હોવાથી પ્રત્યક્ષતા નથી. તેથી भोज्य पयः, भोज्यः वायुः વગેરે પ્રયોગો સિદ્ધ થાય છે.

त्यज-यज-प्रवचः ४.१.११८

અ.અ.સૂ. : त्यज-यज-प्रवचः धातोः चजोः घ्यणि कगौ न।

અર્થ : ત્યજ્, યજ્ અને પ્ર+વચ્ ધાતુનાં ચ્ અને જ્‌નો અનુક્રમે ઘ્યણ્ પ્રત્યય પર છતાં ક્ અને ગ્ થતો નથી.

સ. : त्यज-यज-प्रवचः = त्यजश्च यजश्च प्रवच्चेति त्यजयज-प्रवच्, तस्येति।

ઉદા. (૧) **त्याज्यः** = ત્યાગ કરવા યોગ્ય. (त्यजं हानौ-૧૭૨)

(૨) **याज्यः** = યજ્ઞ કરવા યોગ્ય. (यजीं देवपूजा०९९१)

(૩) **प्रवाच्यः** = ગ્રંથ. (वचंक् भाषणे-१०९६)

આ ઉદા.ની સાધનિકા ૪.૧.૧૧૬ નિર્દિષ્ટ पाच्यम् પ્રમાણે જાણવી. પરંતુ ચ્ અને જ્‌નાં ક્ અને ગ્‌નો નિષેધ આ સૂત્રથી કરવો.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, यज् ધાતુથી शकि-तकि०૫.૧.૨૯ સૂત્ર દ્વારા य પ્રત્યય થાય છે. તેથી असरुपोऽपवादे० ૫.૧.૧૬ સૂત્રાનુસારે घ्यण્ની પ્રાપ્તિ નથી. પરંતુ આ સૂત્રમાં घ्यण્ને નિમિત્ત તરીકે ગ્રહણ કર્યો છે. તેનાં દ્વારા ગ્રંથકારશ્રી यज् ધાતુથી घ्यण્ની પણ પ્રાપ્તિ સિદ્ધ કરે છે.

(૨) અહીં ઉદા.ગત પ્રવાચ્યનો અર્થ પાઠ વિશેષ પણ છે. અને તે દ્વારા ઓળખાયેલો ગ્રંથ પણ પ્રવાચ્ય કહેવાય છે.
અથવા તો ઉત્તરસૂત્ર દ્વારા સામાન્યતયા वच् ધાતુથી क्નો નિષેધ કરવામાં આવે છે. પરંતુ ઉપસર્ગનો નિયમ કરવા માટે આ સૂત્રમાં પ્ર+वच्નું ગ્રહણ છે તેમ જાણવું. તેથી, પ્ર પૂર્વક જ वच् ધાતુથી શબ્દસંજ્ઞા અર્થ ન જણાતો હોય ત્યારે પ્રતિષેધ થાય છે. પણ અન્ય ઉપસર્ગપૂર્વક वच् ધાતુથી નહીં.
જો કે ઉપસર્ગ રહિત वच् ધાતુથી તો ઉત્તરસૂત્રથી જ क्નો નિષેધ થશે.

वचोऽशब्दनाम्नि ૪.૧.૧૧૯

અ.અ.સૂ. : वचः धातोः चजोः अशब्दनाम्नि घ्यणि कगौ न।

અર્થ : वच् ધાતુનાં च् અને ज्નો અનુક્રમે અશબ્દસંજ્ઞા અર્થ જણાતે છતે घ्यण् પ્રત્યય પર છતાં क् અને ग् થતો નથી.

સ. : अशब्दनाम्नि = शब्दस्य नाम इति शब्दनाम, न शब्दनाम इति अशब्दनाम, तस्मिन्निति।

ઉદા. वाच्यम् = કહેવાં યોગ્ય. (વચંક્ ભાષણે-૧૦૯૬)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **अशब्दनाम्नीति किम् ? वाक्यम्** = વાક્ય.

★ આ સૂત્રમાં શબ્દની સંજ્ઞા અર્થમાં વર્ત્તતાં પ્રયોગોનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી च्‌નાં क्‌નો નિષેધ થયો નહીં.

भुज-न्युब्जं पाणि-रोगे ४.१.१२०

અ.અ.સૂ. : **पाणि-रोगे भुज-न्युब्जं निपात्यते।**

અર્થ : પાણિ અને રોગ અર્થમાં અનુક્રમે घञ् પ્રત્યયાન્ત भुज् અને नि+उब्ज् ધાતુનો भुज અને न्युब्ज પ્રયોગ નિપાતન પામે છે.

સ. : (૧) **भुज-न्युब्जम्** = भुजश्च न्युब्जश्चेति।

(૨) **पाणि-रोगे** = पाणिश्च रोगश्चेति पाणिरोगम्, तस्मिन्निति।

ઉદા. (૧) **भुजः पाणिः** = હાથ. (भुजंप् पालनाऽ०१४८७)
व्यञ्जनाद्०५.३.१३२थी घञ्→भुज्+**अ**
આ સૂત્રથી નિપાતન દ્વારા लघोरुपा०४.३.४थी પ્રાપ્ત ગુણનો તથા જ્‌નાં ગ્‌નો **નિષેધ** થાય છે.

(૨) **न्युब्जो रोगः** = રોગ.
व्यञ्जनाद्०५.३.१३२थी घञ्→नि+उब्ज्+**अ**
આ સૂત્રથી નિપાતન દ્વારા न्यङ्कूद्ग०४.१.११२થી પ્રાપ્ત જ્‌નાં દ્‌નો આ સૂત્રથી **નિષેધ** થાય છે.

वीरुन्-न्यग्रोधौ ४.१.१२१

અ.અ.સૂ. : **वीरुन्-न्यग्रोधौ निपात्यते।**

અર્થ : क्विप् પ્રત્યય પર છતાં वि+रुह् ધાતુનો અને अच् પ્રત્યય પર છતાં न्यक्+रुह् ધાતુનો वीरुध् અને न्यग्रोध એ પ્રમાણે નિપાતન કરેલ છે.

સ. : **वीरुन्न्यग्रोधौ** = वीरुध् च न्यग्रोधश्चेति।

ઉદા. (૧) **वीरुत्** = વૃક્ષ. (रुहं जन्मनि-૧૮૮)
क्विप् ૫.૧.૧૪૮થી क्विप्→वि+रुह्+**०**
गति-कारकस्य०૩.૨.૮૫થી वी→**वी**रुह्
આ સૂત્રથી હ્નો ધ્→वीरु**ध्**
પ્રથમા સિ વગેરે→वीरु**त्**।

(૨) **न्यग्रोधः** = વૃક્ષવિશેષ. (रुहं जन्मनि-૧૮૮)
लिहादिभ्यः ૫.૧.૫૦થી अच्→न्यच्+रुह्+**अ**
આ સૂત્રથી હ્નો ધ્ નિપાતન→न्यच्+रु**ध**
लघोरुपा०૪.૩.૪થી ગુણ→न्यच्+**रो**ध
चजः०૨.૧.૮૬થી च्नो क् વગેરે થતાં→न्य**ग्रो**ध
પ્રથમા સિ વગેરે→न्यग्रोधः।

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો अव+रुह् ધાતુનું अवरोध એ પ્રમાણે પણ નિપાતન પામે છે.

॥ इति श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे चतुर्थेऽध्याये प्रथमः पादः समाप्तः ॥

શ્લોક : कुर्वन्[1] कुन्तलशैथिल्यं मध्यदेशं निपीडयन्।
अङ्गेषु विलसन् भूमेर्भर्ताऽभूद् भीमपार्थिवः ॥

---

૧. આ શ્લોકોને સ્વતંત્ર કાવ્ય તરીકે સં.સૌ. (પરિશિષ્ટ પુસ્તિકામાં) સંપાદિત કરેલ છે. તેનો અર્થ, અન્વય, સમાસ વગેરે ત્યાંથી જ જાણી લેવા.

અભ્યાસ-૧

૫૦ માર્ક્સ

પ્ર.૧. નીચે દર્શાવેલ સૂત્રોનાં અર્થ લખો. ૧૦

(૧) ૪.૧.૬૩ (૨) ૪.૧.૮૭ (૩) ૪.૧.૯૨
(૪) ૪.૧.૧૧૨ (૫) ૪.૧.૨

પ્ર.૨. નીચેનાં ન્યાયોની સમજૂતી ઉદા. સહિત જણાવો. ૧૫

(૧) णौ यत्कृतं० (૨) असिद्धं० (૩) तिवाशवानुबन्धेन०
(૪) सन्नियोग० (૫) निरनुबन्धग्रहणे०

પ્ર.૩. નીચેનાં સૂત્રોમાં દર્શાવેલ બ.વ.નું ફળ જણાવો. ૧૦

(૧) ૪.૧.૨૦ (૨) ૪.૧.૫૩ (૩) ૪.૧.૫૫
(૪) ૪.૧.૫૮ (૫) ૪.૧.૨૫

પ્ર.૪. નીચેનાં પ્રયોગોની સાધનિકા લખો. ૧૫

(૧) तितवनीयिषति (૨) सुसोषुपिषते (૩) चञ्चार्यते
(૪) सिष्वापकीयिषति (૫) और्ण्णुनवत्

• • •

॥ ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः ॥
॥ श्री पंचासरा पार्श्वनाथाय नमः ॥

चतुर्थेऽध्याये द्वितीयः पादः

आत् सन्ध्यक्षरस्य ४.२.१

अ.अ.सू. : धातोः सन्ध्यक्षरस्य आत्।

अर्थ : ધાતુનાં અન્ત્ય સંધ્યક્ષરનો આ થાય છે.

ઉદા. (૧) संव्याता=તે ઢાંકશે. (व्येंङ् संवरणे-९९३)
આ સૂત્રથી સન્ધ્યક્ષર એનો આ→सम्+**व्या**
અનદ્યતને૦૫.૩.૫ વગેરેથી ता→सम्+व्या+**ता**
तौ मु-मो०१.३.१४થી અનુસ્વાર→**सं**व्याता।

(૨) **सुग्लः**=અત્યંત ખિન્ન થનાર. (ग्लैं हर्षक्षये-३१)
આ સૂત્રથી સન્ધ્યક્ષર ઐનો આ→सु+**ग्ला**
उपसर्गादातोऽ०५.१.५६થી ड→सुग्ला+**अ**
डित्यन्त्य०२.१.११४થી આનો લોપ→सुग्ल
પ્રથમા सि વગેરે→सुग्लः।

પ્ર.ઉદા. धातोरिति किम् ? गोभ्याम्=બે ગાયો વડે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ધાતુને વિશે થાય છે. જ્યારે અહીં गो નામ છે. માટે આ સૂત્રથી ओ નો आ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં ઉત્તરસૂત્રનો વિષય પણ આ સૂત્ર સમાન જ છે. તો પણ પૃથક્ નિર્દેશ કર્યો છે. તેવું કરવા દ્વારા ગ્રંથકારશ્રી જણાવે છે કે, આ સૂત્રથી થતી પ્રવૃત્તિ નિર્નિમિત્તક અર્થાત્ કોઈપણ જાતનાં નિમિત્ત વિના થનારી છે. તેથી સર્વપ્રથમ આ સૂત્ર લાગે છે. અને તે પ્રમાણે સન્ધ્યક્ષરાન્ત ધાતુ આકારાન્ત બનતાં તેઓને આકારાન્ત ધાતુ અનુસારે પ્રત્યયાદિ કાર્યો પણ થાય છે. જેમકે, सुग्लः, सुम्लः વગેરે.

(૨) અહીં સૂત્રમાં જે સન્ધ્યક્ષરનો ઉલ્લેખ કર્યો છે તે **लक्षण-प्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम् ૧/૧૫** ન્યાયાનુસારે પ્રતિપદોક્ત જ ગ્રહણ કરવા, પરંતુ લાક્ષણિક નહીં. તેથી ગુણ વગેરેનાં કારણે જે સન્ધ્યક્ષરની પ્રાપ્તિ થઈ હોય તે આ સૂત્રનાં વિષયભૂત બનશે નહીં. જેમકે, चेता, स्तोता।

न शिति ૪.૨.૨

અ.અ.સૂ. : धातोः सन्ध्यक्षरस्य शिति आत् न।

અર્થ : ધાતુનાં અન્ત્ય સન્ધ્યક્ષરનો शित् પ્રત્યયનાં વિષયમાં આ થતો નથી.

સ. : शिति=श् इत् यस्य स इति शित्, तस्मिन्निति।

ઉદા. (૧) संव्ययति=તે ઢાંકે છે. (व्येंङ् संवरणे-૧૯૩)
सति ૫.૨.૧૯ વગેરેથી तिव्→सम्+व्ये+**ति**
एताः शितः ૩.૩.૧૦થી तिव्ને **शित्** સંજ્ઞા થવાથી,

આ સૂત્રથી એનાં આનો **નિષેધ.**
કર્તર્યનદ્૦૩.૪.૭૧થી શવ્→સમ્+વ્યે+**અ**+તિ
એદૈતોઽ૦૧.૨.૨૩થી અય્→સમ્+**વ્યય**તિ
તૌ મુ-મો૦૧.૩.૧૪થી અનુસ્વા૨→**સં**વ્યયતિ।

વ્યસ્થવ્-ણવિ ૪.૨.૩

અ.અ.સૂ. : વ્યઃ ધાતોઃ સન્ધ્યક્ષરસ્ય થવ્-ણવિ આત્ ન।

અર્થ : વ્યે ધાતુનાં અન્ત્ય સન્ધ્યક્ષ૨નો પરોક્ષાનાં થવ્ અને ણવ્ પ્રત્યય પ૨ છતાં આ થતો નથી.

સ. : થવ્-ણવિ=થવ્ ચ ણવ્ ચેતિ થવ્-ણવ્, તસ્મિન્નિતિ।

ઉદા. (૧) સંવિવ્યાય=તેણે ઢાંક્યું. (વ્યેંગ્ સંવરણે-૯૧૩)
પરોક્ષે ૫.૨.૧૧ વગેરેથી ણવ્→સમ્+વ્યે+**અ**
આત્ સન્ધ્ય૦૪.૨.૧થી પ્રાપ્ત આનો આ સૂત્રથી **નિષેધ.**
દ્વિર્ધાતુઃ૦૪.૧.૧થી દ્વિત્વ→સમ્+**વ્યે**વ્યે+અ
વ્યઞ્જનસ્યા૦૪.૧.૪૪થી ય્નો લોપ→સમ્+**વે**વ્યે+અ
હ્રસ્વઃ ૪.૧.૩૯થી હ્રસ્વ→સમ્+**વિ**વ્યે+અ
જ્યા-વ્યે૦૪.૧.૭૧થી ઇનો ઇ→સમ્+**વિ**વ્યે+અ
નામિનોઽ૦૪.૩.૫૧થી વૃદ્ધિ→સમ્+વિ**વ્યૈ**+અ
એદૈતોઽ૦૧.૨.૨૩થી આય્→સમ્+વિ**વ્યાય**
તૌ મુ-મો૦૧.૩.૧૪થી અનુસ્વા૨→**સં**વિવ્યાય।

(૨) **સંવિવ્યયિથ**=તેં ઢાંક્યું.
પરોક્ષે ૫.૨.૧૧ વગેરેથી થવ્→સમ્+વ્યે+**થ**
દ્વિત્વ વગેરે થતાં→સમ્+**વિ**વ્યે+થ
ઋ-વૃ-વ્યે૦૪.૪.૮૧થી ઇટ્→સમ્+વિવ્યે+**ઇથ**

एदैतोऽ०१.२.२३थी अय्→सम्+वि**व्ययिथ**
तौ मु-मो०१.३.१४थी अनुस्वार→**सं**विव्ययिथ।

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો પરોક્ષાનાં તમામ પ્રત્યય પર છતાં વ્યે ધાતુનાં આત્ત્વનો નિષેધ કરે છે. અને વ્યૃત્ વિધિ પણ વિકલ્પે ઈચ્છે છે. તેથી તેઓનાં મતે संविव्युः, संविव्ययुः એમ બે પ્રયોગ થાય છે.

(૨) અન્ય કેટલાંક વ્યાકરણકારો સાહિત્યમાં મળતાં संविव्ययुः પ્રયોગને પાઠભ્રમ જ માને છે. તેઓ ઉપરોક્ત મતનો અસ્વીકાર કરતાં संविव्युः પ્રયોગને જ સમ્યક્ માને છે.

स्फुर-स्फुलोर्घञि ४.२.४

અ.અ.સૂ. : स्फुर-स्फुलोः धातोः सन्ध्यक्षरस्य घञि आत्।

અર્થ : સ્ફુર્ અને સ્ફુલ્ ધાતુનાં સન્ધ્યક્ષરનો ઘઞ્ પ્રત્યય પર છતાં આ થાય છે.

સ. : स्फुर-स्फुलोः=स्फुरश्च स्फुल् चेति स्फुरस्फुलौ, तयोरिति।

ઉદા. (૧) विस्फारः=સ્ફૂરવું. (स्फुरत् स्फुरणे-१४६०)
भावाऽकर्त्रोः ५.३.१८थी घञ्→वि+स्फुर+**अ**
लघोरुपा०४.३.४थी गुण→वि+**स्फोर्**+अ
आ सूत्रथी ओनो आ→वि**स्फा**र
प्रथमा सि विगेरे→विस्फारः।

(૨) **विस्फालः**=સ્ફૂરવું. (स्फुलत् स्फुरणे-१४६१)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

वाऽपगुरो णमि ४.२.५

अ.अ.सू. : अपगुरः सन्ध्यक्षरस्य णमि आत् वा।

अर्थ : अप ઉપસર્ગથી પર રહેલાં गुर् ધાતુનાં સન્ધ્યક્ષરનો णम् પ્રત્યય પર છતાં આ વિકલ્પે થાય છે.

स. : अपगुरः=अपपूर्वो गुर् इति अपगुर्, तस्येति।

ઉદા. (૧) अपगारमपगारम्/अपगोरमपगोरम्=તે વારંવાર ઉદ્યમ કરે છે. (गुरैति उद्यमे-१४६४)
खगम् चाऽ०५.४.४८थी अम्→अप+गुर्+**अम्**
लघोरुपा०४.३.४थी गुण→अप**गोर**म्
भृशा-ऽऽभीक्ष्ण्ये०७.४.७३थी द्वित्व→**अपगोरम**पगोरम्
આ સૂત્રથી ओનો વિકલ્પે आ→अप**गार**मप**गार**म्/अप**गोर**म-प**गोर**म्।

दीङः सनि वा ४.२.६

अ.अ.सू. : दीङः धातोः सनि आत् वा।

अर्थ : दी ધાતુનાં અન્ત્યવર્ણનો सन् પ્રત્યય પર છતાં આ વિકલ્પે થાય છે.

ઉદા. दिदासते/दिदीषते=તે નષ્ટ થવાને ઈચ્છે છે. (दीङ्च् क्षये-१२४४)
तुमर्हादि०३.४.२१थी सन्→दी+**स**
આ સૂત્રથી ईનો आ→**दास**
सन्यङ०४.१.३थी द्वित्व→**दा**दा+स
ह्रस्वः ४.१.३९थी ह्रस्व→**द**दा+स
सन्यस्य ४.१.५९थी अનો इ→**दिदास**

विकल्पे : આ સૂત્રથી આ ન થાય ત્યારે, **दि**दी+स
नाम्यन्तस्था०२.૩.૧૫થી स्નો ष्→दिदी**ष**
તે વગેરે થતાં→दिदास**ते**/दिदीष**ते**।

વિશેષતા :

સૂત્રમાં दीङः એ પ્રમાણે ધાતુનો નિર્દેશ કર્યો છે. તેથી સન્ધ્યક્ષરસ્ય પદની આવશ્યકતા રહેતી નથી. માટે **संभवे व्यभिचारे च विशेषणमर्थवत् ૨/૫૮** ન્યાયાનુસારે સન્ધ્યક્ષરસ્યનો અધિકાર લીધેલ નથી.

यबक्ङिति ૪.૨.૭

અ.અ.સૂ. : दीङः धातोः यबक्ङिति आत्।

અર્થ : દી ધાતુનાં અન્ત્ય વર્ણનો यप् પ્રત્યય અને ङित्-ञित् સિવાયનાં પ્રત્યય પર છતાં આ થાય છે.

સ. : यबक्ङिति=क् च ङ् चेति क्ङौ, क्ङौ इतौ यस्य स इति क्ङित्, न क्ङित् इति अक्ङित्, यप् च अक्ङिच्चेति यबक्ङित्, तस्मिन्निति।

ઉદા. (૧) **उपदाय**=નષ્ટ થઈને. (दीङ्च् क्षये-૧૨૪૪)
प्राक्काले ૫.૪.૪૭થી क्त्वा→उप+दी+**त्वा**
अनञः क्त्वो०૩.૨.૧૫૪થી त्वानो यप्→उप+दी+**य**
આ સૂત્રથી ईનો आ→उप**दाय**।

(૨) **उपदाता**=તે નષ્ટ થશે.
अनद्यतने०૫.૩.૫ વગેરેથી ता→उप+दी+**ता**
આ સૂત્રથી ईનો आ→उप**दाता**।

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં વિષય સપ્તમીનો નિર્દેશ હોવાથી यप् અને कित्-ङित् સિવાયનાં પ્રત્યય નિમિત્ત ન બનતાં વિષય બને છે. તેથી આ સૂત્રની પ્રવૃત્તિ પણ आत् सन्ध्य० ૪.૨.૧ની જેમ નિર્નિમિત્તક બનતાં સર્વપ્રથમ થાય છે. તેથી આકારાન્ત ધાતુ સમાન કાર્ય થતાં उपादातः, उपादायः વગેરે પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

(૨) અહીં दीङः એ પ્રમાણે સાનુબંધ નિર્દેશ હોવાથી **तिवाशवानुबन्धेन० ૧/૧૮** ન્યાયાનુસારે यङ्लुबन्तમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. ઉદા. उपदेदेति।

मिग्-मीगोऽखलचलि ૪.૨.૮

અ.અ.સૂ. : मिग्-मीगः धातोः अखलचलि यबक्ङिति आत्।

અર્થ : મિ અને મી ધાતુનાં અન્ત્યવર્ણનો यप् પ્રત્યય અને कित्-ङित् સિવાયનાં, खल्, अच् અને अल् વર્જીને અન્ય પ્રત્યય વિષયમાં આ થાય છે.

સ. : (૧) **मिग्-मीगः**=मिग् च मीग् चेति मिग्मीग्, तस्येति।

(૨) **अखलचलि**=खल् च अच् च अल् चेति खलचल्, न खलचलमिति अखलचल्, तस्मिन्निति।

ઉદા. (૧) **निमाय**=ફેંકીને. (डुमिग्ट् प्रक्षेपणे-૧૨૮૯)

(૨) **प्रमाय**=તે ફેંકશે.

(૩) **प्रमाय**=હણીને (डुमिग्श् हिंसायाम्-૧૫૫૨)

(૪) **प्रमाता**=તે હણશે.

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ आत्त्व રૂપ કાર્ય આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા. **अखलचलीति किम् ?**

(૧) **ईषन्निमयः**=વિના પ્રયત્ને ફેંકનાર.
દુ:સ્વીષત:૦૫.૩.૧૩૯થી ખલ્→ઈષદ્+નિ+મિ+**અ**
નામિનો ગુણો૦૪.૩.૧થી ગુણ→ઈષદ્+નિ+**મે**+અ
એદૈતોઽ૦૧.૨.૨૩થી અય્→ઈષદ્-નિ+**મય**
તૃતીયસ્ય૦૧.૩.૧થી દ્નો ન્→ઈષ**ન્નિ**મય
પ્રથમા સિ વગેરે→ઈષન્નિમયઃ।

(૨) **दुष्प्रमयः**=મુશ્કેલીપૂર્વક હિંસા કરવી.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૩) **मयः**=ફેંકનાર.
અચ્ ૫.૧.૪૯થી અચ્→મિ+**અ**
નામિનો ગુણો૦૪.૩.૧થી ગુણ→**મે**+અ
એદૈતોઽ૦૧.૨.૨૩થી અય્→**મય**
પ્રથમ સિ વગેરે→મયઃ।

(૪) **आमयः**=રોગ.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૫) **निमयः**=ફેંકવું.
યુવર્ણ૦૫.૩.૨૮થી અલ્→નિ+મિ+**અ**
ગુણ વગેરે થતાં→નિમયઃ।

(૬) **प्रमयः**=હિંસા કરવી.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં ખલ્ વગેરે પ્રત્યયનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી મિ-મી ધાતુનાં ઇ વર્ણનો આ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં મિગ્-મીગ્ એ પ્રમાણે અનુબંધ સહિત ધાતુ વિશેષનો નિર્દેશ કર્યો હોવાથી દિવાદિ ગણનાં મીङ्च्-૧૨૪૬ ધાતુનું ગ્રહણ થશે નહીં. જેમકે, મેતા, મેતુમ્ તેમજ, **तिवाशवानुबन्धेन० ૧/૧૮** ન્યાયાનુસારે यङ्लुबन्तમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. જેમકે, નિમેમેતિ, પ્રમેમેતિ.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો દિવાદિ ગણનાં મીङ्च्-૧૨૪૬ ધાતુમાં પણ આ ઈચ્છે છે. તેથી તેઓનાં મતે माता, मातुम् જેવા પ્રયોગો થાય છે.

लीङ्-लिनोर्वा ૪.૨.૯

અ.અ.સૂ. : लीङ्-लिनः धातोः अखलचलि यबक्ङिति आत्।

અર્થ : લી અને લી ધાતુનાં અન્ત્યવર્ણનો यप् પ્રત્યય અને कित्-ङित् સિવાયનાં, खल्, अच् અને अल् પ્રત્યયને વર્જીને અન્ય પ્રત્યયનાં વિષયમાં આ થાય છે.

સ. : लीङ्-लिनोः=लीङ् च लिनाश्चेति लीङ्लिनौ, तयोरिति।

ઉદા. (૧) विलाय/विलीय=ભેટીને.
(लीङ्च् श्लेषणे-૧૨૪૮) (लींश् श्लेषणे-૧૫૨૬)

(૨) **विलाता/विलेता**=તે ભેટશે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ आत्त्व રૂપ કાર્ય આ સૂત્રથી વિકલ્પે કરવું.

પ્ર.ઉદા. अखलचलीत्येव→

(૧) **ईषद्विलयः**=વિના પ્રયત્ને ફેંકનાર.
(૨) **विलयः**=ભેટનાર.
(૩) **विलयोऽस्ति**=ભેટવું.

આ ઉદા.ની સાધનિકા પૂર્વ સૂત્રનિર્દિષ્ટ ईषन्निमयः વગેરે પ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં खल् વગેરે પ્રત્યયોનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી ली ધાતુનાં ईનો आ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં लीङ् लिनः એ પ્રમાણે અનુબંધ સહિત ધાતુ વિશેષનું ગ્રહણ કર્યું હોવાથી युजादि ગણનાં लीण् द्रवीकरणे-૧૯૪૨ ધાતુનું ગ્રહણ થશે નહીં જેમકે, विलयति।

તેમજ, **तिवाशवानुबन्धेन० ૧/૧૮** ન્યાયાનુસારે यङ्लुबन्तમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. જેમકે, लेलेति।

णौ क्री-जीङः ४.२.१०

અ.અ.સૂ. : क्री-जीङः धातोः णौ आत्।

અર્થ : ક્રી, જિ અને ઈ ધાતુનાં અન્ત્ય વર્ણનો णि પ્રત્યય પર છતાં આ થાય છે.

સ. : क्रीजीङः=क्रीश्च जिश्च इङ् चेति क्रीजीङ्, तस्येति।

ઉદા. (૧) **क्रापयति**=તે ખરીદાવે છે. (डुक्रींग्श् द्रव्य० ૧૫૦૮)
પ્રયોક્તૃ०૩.૪.૨૦થી णिग्→क्री+**इ**
આ સૂત્રથી ईનો आ→**क्रा**+इ
अर्त्ति-री०૪.૨.૨૧થી पु આગમ→**क्रापि**
तिव् વગેરે→क्राप**यति**।

(૨) **जापयति**=તે જીતાડે છે. (जिं अभिभवे-૮)

(૩) **अध्यापयति**=તે ભણાવે છે. (इंङ्क् अध्ययने-૧૧૦૪)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

સૂત્રમાં इङः એ પ્રમાણે નિર્દેશ હોવાથી इंक्-१०७४, इंण्क्-१०७५માં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં.

सिध्यतेरज्ञाने ४.२.११

અ.અ.સૂ. : अज्ञाने सिध्यतेः धातोः स्वरस्य (सन्ध्यक्षरस्य) णौ आत्।

અર્થ : જ્ઞાન સિવાયનાં અર્થમાં વર્ત્તતાં सिध् ધાતુનાં સ્વરનો णि પ્રત્યય પર છતાં આ થાય છે.

સ. : अज्ञाने=न ज्ञानमिति अज्ञानम्, तस्मिन्निति।

ઉદા. मन्त्रं साधयति=તે મંત્રને સિદ્ધ કરે છે. (षिधूंच् संराद्धौ-११८५)
प्रयोक्तृ०३.४.२०थी णिग्→सिध्+**इ**
આ સૂત્રથી इનો आ→**सा**ध्+इ
तिव् વગેરે→साध**यति**।

પ્ર.ઉદા. अज्ञान इति किम् ? तपः तापसं सेधयति=તપ તપસ્વીને જ્ઞાન પ્રાપ્ત કરાવે છે.
प्रयोक्तृ ३.४.२०थी णिग्→सिध्+**इ**
लघोरुपा०४.३.४थी गुण→**से**धि
तिव् વગેરે→सेधय**ति**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ જ્ઞાન સિવાયનાં અર્થમાં વર્ત્તતાં सिध् ધાતુથી થાય છે. જ્યારે અહીં જ્ઞાન અર્થ હોવાથી આ સૂત્રથી આ થયો નહીં.

જિ. : અહીં ધાતુપાઠ નિર્દિષ્ટ साध् ધાતુથી જ આ સૂત્રનાં કાર્યભૂત मन्त्रं साधयति જેવા પ્રયોગો સિદ્ધ જ હતા. તો सिध्यते એ પ્રમાણે ગૌરવભૂત નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : તમારી વાત સાચી છે. પરંતુ અજ્ઞાન અર્થમાં સેધયતિ પ્રયોગનો નિષેધ કરવા માટે જ આ સૂત્રનો નિર્દેશ છે.

चि-स्फुरोर्नवा ४.२.१२

અ.અ.સૂ. : चि-स्फुरोः धात्वोः स्वरस्य (सन्ध्यक्षरस्य) णौ आत् नवा।

અર્થ : चि અને स्फुर् ધાતુના સ્વરનો णि પ્રત્યય પર છતાં આ વિકલ્પે થાય છે.

સ. : चि-स्फुरोः=चिश्च स्फुर् चेति चिस्फुरौ, तयोरिति।

ઉદા. (૧) चापयति/चाययति=તે સંગ્રહ કરાવે છે. (चिंग्ट् चयने-१२९०)

આ ઉદા.ની સાધનિકા ४.२.१० નિર્દિષ્ટ क्रापयति પ્રમાણે જાણવી. પરંતુ આ રૂપ કાર્ય આ સૂત્રથી વિકલ્પે કરવું.

વિકલ્પે : આ સૂત્રથી આ ન થાય ત્યારે, चि+**इ**

नामिनोऽ०४.३.५१थी વૃદ્ધિ→**चै**+इ

एदैतोऽ०१.२.२३थी आय्→**चायि**

तिव् વગેરે→चाय**यति**।

(૨) **स्फारयति/स्फोरयति**=તે સ્ફુરાવે છે.

प्रयोक्तृ०३.४.२०थी णिग्→स्फुर्+**इ**

આ સૂત્રથી ઉંનો આ→**स्फा**रि

વિકલ્પે : આ સૂત્રથી આ ન થાય ત્યારે, स्फुर्+इ

लघोरुपा०४.३.४थी ગુણ→**स्फो**रि

तिव् વગેરે→स्फार**यति**/स्फोर**यति**।

વિશેષતા :

(૧) યદ્યપિ ધાતુપાઠમાં સ્ફરત્-૧૩૯૮, સ્ફલત્-૧૩૯૯ એ પ્રમાણે ધાતુ પણ છે. તેથી ઉદા. નિર્દિષ્ટ સ્ફારયતિ પ્રયોગ સિદ્ધ જ હતો. પરંતુ ણ્યન્ત એવા સ્ફુર્ ધાતુનાં સન્નત પ્રયોગમાં પુસ્ફારયિષતિ જેવા પ્રયોગો કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

वियः प्रजने ४.२.१३

અ.અ.સૂ. : प्रजने वियः धातोः स्वरस्य (सन्ध्यक्षरस्य) णौ आत्।

અર્થ : ગર્ભાધાન અર્થવાળાં વી ધાતુનાં સ્વરનો णि પ્રત્યય પર છતાં આ થાય છે.

ઉદા. पुरो वातो गाः प्रवापयति/प्रवाययति=પૂર્વદિશાનો વાયુ ગાયોને ગર્ભધારણ કરાવે છે. (વીંક્ પ્રજને-૧૦૭૬) આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ चापयति/चाययति પ્રમાણે જાણવી. પરંતુ આ રૂપ કાર્ય આ સૂત્રથી વિકલ્પે કરવું.

વિશેષતા :

યદ્યપિ અહીં અદાદિ ગણનાં વાંક્-૧૦૬૩ ધાતુથી પણ वातः प्रवापयति વગેરે પ્રયોગો સિદ્ધ થઈ શકે છે. પરંતુ એ ધાતુ પ્રજનન અર્થમાં નથી. માટે આ સૂત્રનો નિર્દેશ કરેલ છે.

रुहः पः ४.२.१४

અ.અ.સૂ. : रुहः धातोः णौ पः नवा।

અર્થ : રુહ્ ધાતુનાં અન્ત્ય વર્ણનો णि પ્રત્યય પર છતાં પ્ વિકલ્પે થાય છે.

ઉદા. **रोपयति/रोहयति**=તે વૃક્ષોને રોપાવે છે. (रुहं जन्मनि-૯૮૮)
प्रयोक्तृ०૩.૪.૨૦થી णिग्→रुह्+**इ**
लघोरुपा०૪.૩.૪થી गुण→**रोहि**
આ સૂત્રથી વિકલ્પે प→**रोपि/रोहि**
तिव् વગેરે→रोप**यति**/रोह**यति**।

વિશેષતા :

(૧) અહીં रुपच्-૧૧૯૪ ધાતુ દ્વારા रोपयति પ્રયોગ સિદ્ધ જ હતો. પરંતુ તે ધાતુ આરોહણ કરવું, રોપવું વગેરે रुह् ધાતુનાં અર્થમાં વિદ્યમાન નથી. તેથી તેવા અર્થમાં પણ रोपयति પ્રયોગ સિદ્ધ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

लियो नोऽन्तः स्नेहद्रवे ૪.૨.૧૫

અ.અ.સૂ. : लियः धातोः स्नेहद्रवे णौ अन्तः नः नवा।

અર્થ : ली ધાતુનાં અન્તે, ચીકણાં પદાર્થનું પીગળવું અર્થ જણાતે છતે णि પ્રત્યય પર છતાં न् આગમ વિકલ્પે થાય છે.

સ. : स्नेहद्रवे=स्नेहस्य द्रव इति स्नेहद्रवः, तस्मिन्निति।

ઉદા. (૧) **घृतं विलीनयति/विलाययति**=ઘીને પીગળાવે છે.
(लीङ्च् श्लेषणे-૧૨૪૮) (लींश् श्लेषणे-૧૫૨૬)
प्रयोक्तृ०૩.૪.૨૦થી णिग्→वि+ली+**इ**
આ સૂત્રથી વિકલ્પે न આગમ→विली**नि**
વિકલ્પે : આ સૂત્રથી न् આગમ ન થાય ત્યારે, ली+**इ**
વૃદ્ધિ વગેરે થતાં→विला**यि**
तिव् વગેરે→विलीन**यति**/विला**यय**ति

પ્ર.ઉદા. **स्नेहद्रव इति किम् ? अयो विलाययति**=લોખંડને પીગળાવે છે. આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સ્નેહદ્રવ અર્થ જણાતે છતે થાય છે. જ્યારે અહીં સ્નેહનું દ્રવ ન હોવાથી આ સૂત્રથી વિકલ્પે ન્ આગમ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં ली એ પ્રમાણે નિરનુબંધ ધાતુનો નિર્દેશ હોવાથી **निरनुबन्धग्रहणे सामान्येन २/५** ન્યાયાનુસારે लीङ्च्-१२४८ અને लींग्श्-१५२६ ધાતુનું ગ્રહણ થાય છે. તથા ઉપલક્ષણથી लीण्-१९४२ ધાતુનું પણ ગ્રહણ થાય છે.

(૨) સૂત્રમાં लियः એ પ્રમાણે ઈકારાન્ત ली ધાતુનો નિર્દેશ કર્યો છે. તેથી लिङ्लीनो०४.२.९ સૂત્રથી વિકલ્પે આકારાન્ત થતાં लीङ् અને लींश् ધાતુમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. તેઓને તો આગળ કહેવાતાં ल् અને प् આગમ જ થશે. જેમકે, घृतं विलालयति, विलापयति।

लो लः ४.२.१६

અ.અ.સૂ. : लः धातोः स्नेहद्रवे णौ लः अन्तः नवा।

અર્થ : લા સ્વરૂપવાળાં ધાતુને અન્તે, ચીકણાં પદાર્થોનું પીગળવું અર્થ જણાતે છતે णि પ્રત્યય પર છતાં ल् આગમ વિકલ્પે થાય છે.

ઉદા. घृतं विलालयति/विलापयति=ઘીને પીગળાવે છે. (लीङ्च् श्लेषणे-१२४८)

प्रयोक्तृ०उ.४.२०थी णिग्→वि+ली+**इ**
लिङ्-लि०४.२.९थी ईनो आ→वि+**ला**+इ
आ सूत्रथी ल् आगम→विला**लि**
विकल्पे : अर्त्ति-री०४.२.२१थी पु आगम→विला**पि**
तिव् वगेरे→विलाल**यति**/विलाप**यति**।

प्र.उदा. स्नेहद्रव इत्येव→जटाभिरालापयते=જટાઓ વડે પૂજાય છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સ્નેહદ્રવ અર્થમાં થાય છે. જ્યારે અહીં સ્નેહદ્રવ અર્થ નથી. માટે આ સૂત્રથી ल् આગમ થયો નહીં.

पातेः ४.२.१७

अ.अ.सू. : पातेः धातोः णौ लः अन्तः।

અર્થ : પા ધાતુને અન્તે णि પ્રત્યય પર છતાં ल् આગમ થાય છે.

ઉદા. पालयति=તે રક્ષણ કરે છે. (પાંક્ રક્ષણે-૧૦૬૭)
પ્રયોક્તૃ०उ.४.२०थी णिग्→पा+**इ**
આ સૂત્રથી ल् આગમ→**पालि**
તિવ્ વગેરે→पाल**यति**।

વિશેષતા :

(૧) આ સૂત્રનો પૂર્વ સૂત્રથી પૃથક્ નિર્દેશ કર્યો. તેથી અહીં નવાનો અધિકાર અટકી ગયો.

(૨) અહીં સૂત્રમાં પાતિ એ પ્રમાણે તિવ્ સહિતનો નિર્દેશ કર્યો છે. તેથી આ સૂત્રનાં વિષય તરીકે પાં-૩, પૈં-૪૭ જેવા અન્ય ધાતુઓનો વ્યવચ્છેદ થાય છે.

તેમજ, **तिवाशवानुबन्धेन० ૧/૧૮** ન્યાયાનુસારે યઙ્લુબન્તમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. જેમકે, पापाययति।

धूग्-प्रीगोर्नः ૪.૨.૧૮

અ.અ.સૂ. : धूग्-प्रीगोः धातोः णौ नः अन्तः।

અર્થ : ધૂ અને પ્રી ધાતુને અન્તે णि પ્રત્યય પર છતાં ન્ આગમ થાય છે.

સ. : धूग्-प्रीगोः=धूग् च प्रीग् चेति धूग्प्रीगौ, तयोरिति।

ઉદા. (૧) **धूनयति**=તે કંપાવે છે. (धूगट् कम्पने-૧૨૯૧)
પ્રયોક્તૃ૦૩.૪.૨૦થી णिग्→+धू+**इ**
આ સૂત્રથી ન્ આગમ→**धूनि**
तिव् વગેરે→धूनय**ति**।

(૨) **प्रीणयति**= તે તૃપ્ત કરે છે. (प्रींग्श् तृप्ति०-૧૫૧૦)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં धूग्-प्रीगोः એ પ્રમાણે અનુબંધનો નિર્દેશ હોવાથી **तिवाशवानुबन्धेन० ૧/૧૮** ન્યાયાનુસારે યઙ્લુબન્તમાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. જેમકે, दोधावयति, पेप्रायति અને તુદાદિ ગણનાં धून्-૧૪૩૦ અને દિવાદિ ગણનાં प्रीङ्च्-૧૨૫૩ ધાતુમાં આ સૂત્રની પ્રવૃત્તિનો નિષેધ થાય છે.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો યુજાદિ ગણમાં રહેલાં धूग्ण्-૧૯૪૫ અને प्रीग्ण्-૧૯૪૪ ધાતુમાં આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છતાં

નથી. તેથી તેઓનાં મતે धावयति, प्रायયति જેવા પ્રયોગો થાય છે.

वो विधूनने जः ४.२.१९

અ.અ.સૂ. : विधूनने वः धातोः णौ जः अन्तः।

અર્થ : કંપવું અર્થમાં વર્ત્તતાં વા ધાતુને અન્તે णि પ્રત્યય પર છતાં જ આગમ થાય છે.

ઉદા. पक्षेण उपवाजयति=પંખા વડે વીંઝે છે. (वांक् गति० १०६३)
પ્રયોક્તૃ०૩.૪.૨૦થી णिग्→उप+वा+**इ**
આ સૂત્રથી ज् આગમ→उपवा**जि**
तिव् વગેરે→उपवाज**यति**।

પ્ર.ઉદા. विधूनन इति किम् ? उच्चैः केशानावापयति=વાળને ઊંચા કરીને સૂકાવે છે. (ओवैं शोषणे-४८)
પ્રયોક્તૃ०૩.૪.૨૦થી णिग्→आ+वा+**इ**
पु આગમ વગેરે→आवा**पयति**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ વિધૂનન અર્થમાં થાય છે. જ્યારે અહીં વિધૂનન અર્થ નથી. માટે આ સૂત્રથી ज् આગમ થયો નહીં.

વિશેષતા :

(૧) यद्यपि ધાતુપાઠ નિર્દિષ્ટ वज्-૧૩૬ ધાતુથી જ આ સૂત્રનાં કાર્યભૂત उपवाजयति પ્રયોગો સિદ્ધ હતાં. પરંતુ કંપવું અર્થમાં वापयति પ્રયોગનો નિષેધ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

पा-शा-छा-सा-वे-व्या-ह्वो यः ४.२.२०

અ.અ.સૂ. : पा-शा-छा-सा-वे-व्या-ह्वः धातोः णौ यः अन्तः।

અર્થ : પા, શો, છો, સો, વે, વ્યે અને હ્વે ધાતુને અન્તે णि પ્રત્યય પર છતાં य् આગમ થાય છે.

સ. : पा-शा-छासावेव्याह्वः=पाश्च शाश्च छाश्च साश्च वेश्च व्याश्च ह्वश्चेति पा-शाछासावेव्याह्व्, तस्येति।

ઉદા. (૧) **पाययति**=તે પીવડાવે છે. (पां पाने-૩)
પ્રયોક્તૃ૦૩.૪.૨૦થી णिग्→पा+**इ**
આ સૂત્રથી य् આગમ→**पायि**
तिव् વગેરે→पाय**यति**।

(૨) **शाययति**=તે છોલાવે છે. (शोंच् तक्षणे-૧૧૪૭)

(૩) **अवच्छाययति**=તે છેદાવે છે. (छोंच् छेदने-૧૧૪૯)

(૪) **अवसाययति**=તે ક્ષય પમાડે છે. (सैं क्षये-૪૪)

(૫) **वाययति**=તે વણાવે છે. (वेंग् तन्तु० ૩૯૨)

(૬) **व्याययति**=તે ઢંકાવે છે. (व्येंग् संवरणे-૯૯૩)

(૭) **ह्वाययति**=તે સ્પર્ધા કરાવે છે. (ह्वेंग् स्पर्धा० ૯૯૪)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં પા એ પ્રમાણે નિરનુબંધ નિર્દેશ હોવાથી **तिरनुबन्धग्रहणे सामान्येन ૨/૫** ન્યાયાનુસારે પાં-૨, પૈં-૪૭ આ બંને ધાતુનું ગ્રહણ થાય છે.

(૨) આ સૂત્ર पु આગમ કરનાર अर्त्ति-री०૪.૨.૨૧નું અપવાદ સૂત્ર છે.

જિ. : આ સૂત્રમાં પા, શા, છા...એ પ્રમાણે આકારાન્ત ધાતુનો નિર્દેશ કર્યો છે. તેથી, **लक्षण-प्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम् ૧/૧૫** ન્યાયાનુસારે પ્રતિપદોક્ત એવાં મૂળથી જ આકારાન્ત ધાતુનું ગ્રહણ થાય છે. પણ આત્ સન્ધ્ય૦૪.૨.૧ આદિ સૂત્રોથી થયેલ લાક્ષણિક આકારાન્ત ધાતુનું નહીં. તો ઉદા.માં શાયયતિ વગેરે લાક્ષણિક આકારાન્ત ધાતુનાં પ્રયોગો કેમ દર્શાવ્યાં ?

સમા. : અહીં ધ્યાનમાં લેવું કે, શા-છા૦ ઈત્યાદિ મૂળ આકારાન્ત ધાતુઓ ધાતુપાઠમાં વિદ્યમાન જ નથી. તેથી અહીં સહજતયા જ લાક્ષણિક આકારાન્ત શોંચ્, છોંચ્ ઈત્યાદિ ધાતુઓનું જ ગ્રહણ થાય છે. તથા, અહીં તેવા લાક્ષણિક ધાતુઓનો સીધો નિર્દેશ ન કરતાં આકારાન્તપણે નિર્દેશ કર્યો છે, તેથી ગ્રંથકારશ્રી આ પ્રકરણમાં **लक्षण-प्रति० ૧/૧૫** ન્યાયની પણ અનિત્યતા જણાવે છે. માટે ક્રાપયતિ જેવા પ્રયોગો સિદ્ધ થાય છે.

યદ્યપિ વે એ પ્રમાણે મૂળ વે ધાતુનો નિર્દેશ પણ કર્યો છે. પરંતુ તેના દ્વારા અન્ય વાંક્-૧૦૬૨, ઓવૈં-૪૮ એ બે ધાતુનો વ્યવચ્છેદ કરવામાં આવે છે.

अर्त्ति-री-व्ली-ह्री-क्नूयि-क्ष्माय्यातां पुः ૪.૨.૨૧

અ.અ.સૂ. : **अर्त्ति-री-व्ली-ह्री-क्नूयि-क्ष्माय्यातां धातूनां अन्तः णौ पुः।**

અર્થ : ऋ, री, व्ली, ह्री, क्नूय्, क्ष्माय् તેમજ આકારાન્ત ધાતુઓને અન્તે णि પ્રત્યય પર છતાં पु આગમ થાય છે.

સ. : **अर्त्ति-री-व्ली-ह्री-क्नूयि-क्ष्माय्याताम्**=अर्त्तिश्च रीश्च व्लीश्च ह्रीश्च क्नूयिश्च क्ष्मायिश्च आच्चेति अर्त्ति-री-व्ली-ह्री-क्नूयि-क्ष्माय्यातः, तेषामिति।

ઉદા. (૧) **अर्पयति**=તે પ્રાપ્ત કરાવે છે. (ऋं प्रापणे-२६)
प्रयोक्तृ०૩.૪.૨૦થી णिग्→ऋ+**इ**
આ સૂત્રથી पु આગમ→ऋ+**प्**+इ
पुस्पौ ૪.૩.૩થી ગુણ→**अर्पि**
तिव् વગેરે→अर्प**यति**।

(૨) **रेपयति**=તે ટપકાવે છે. (रीङ्च् स्रवणे-१२४७)

(૩) **व्लेपयति**=તે પસંદ કરાવે છે. (व्लींश् वरणे-१५२७)

(૪) **ह्रेपयति**=તે શરમાવે છે. (ह्रींक् लज्जा०११३३)

(૫) **क्नोपयति**=તે શબ્દ કરાવે છે.
(क्नूयैङ् शब्दोन्दनयोः-८०२)

(૬) **क्ष्मापयति**=તે કંપાવે છે. (क्ष्मायैङ् विधूनने०८०३)

(૭) **दापयति**=તે અપાવે છે. (दां दाने-७)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ ઉદા. ૫, ૬માં ધાતુનાં य्नो ख्वोः प्वय्०૪.૪.૧૨૧થી લોપ કરવો. અને નામિનો गुणो०૪.૩.૧થી ગુણ કરવો.

(૮) **सत्यापयति**=તે સત્ય કહે છે. सत्यमाचष्टे इति।
णिज्बहुलं०૩.૪.૪૨થી णिच्→सत्य+**इ**
सत्या-ऽर्थ०૩.૪.૪૪થી अनो आ→**सत्या**+इ
આ સૂત્રથી पु આગમ→सत्या**पि**
तिव् વગેરે→सत्याप**यति**।

વિશેષતા :

(૧) સૂત્રમાં અર્त્તि અને રી એ પ્રમાણે અનુબંધ રહિત ऋ અને री ધાતુનો નિર્દેશ હોવાથી **निरनुबन्धग्रहणे सामान्येन २/५** ન્યાયાનુસારે ऋ પદથી ऋंक्-૧૧૩૫, ऋं-૨૬ અને री પદથી रींङ्च्-૧૨૪૭, रींश्-૧૫૨૫ આમ, બંને ધાતુનું ગ્રહણ થાય છે.

(૨) સૂત્રમાં અર્त્તि એ પ્રમાણે तिव् પ્રત્યય સહિત ऋ ધાતુનો નિર્દેશ હોવાથી **तिवाशवानुबन्धेन० १/१८** ન્યાયાનુસારે યङ્લુબન્ત ऋ ધાતુમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. જેમકે, अरारयति।

(૩) યદ્યપિ અર્त્તि વગેરે ધાતુનો નિર્દેશ હોવાથી સાહચર્ય દ્વારા आत् પદથી આકારાન્ત ધાતુનું જ ગ્રહણ થવું જોઈએ. નામધાતુનું નહીં. પરંતુ સૂત્રમાં आताम् એ પ્રમાણે જે બ.વ.નો નિર્દેશ કર્યો છે, તેનાથી ગ્રહણ થતી વ્યાપ્તિ દ્વારા આકારાન્ત નામધાતુનું પણ ગ્રહણ થશે. જેમકે, सत्यापयति।

स्फाय् स्फाव् ४.२.२२

અ.અ.સૂ. : स्फाय् धातुः णौ स्फाव्।

અર્થ : સ્ફાય્ ધાતુ णि પ્રત્યય પર છતાં स्फाव् રૂપે થાય છે.

ઉદા. **स्फावयति**=તે વૃદ્ધિ પામે છે. (स्फायैङ् वृद्धौ-८०४)
પ્રયોક્તૃ૦૩.૪.૨૦થી णिग्→स्फाय्+**इ**
આ સૂત્રથી स्फाव्→**स्फावि**
तिव् વગેરે થતાં→**स्फावयति**।

વિશેષતા :

(૧) અહીં 'अन्त्यनो व् થાય છે.' એ પ્રમાણે ષષ્ઠ્યન્ત નિર્દેશ ન કરતાં 'स्फाय् ધાતુ स्फाव् રૂપે થાય છે.' એ પ્રમાણે અભેદ નિર્દેશ કર્યો છે, તેથી लियोऽनोन्त०૪.૨.૧૫ સૂત્રથી આવતો अन्त પદનો અધિકાર અટકે છે.

शदिरगतौ शात् ૪.૨.૨૩

અ.અ.સૂ. : अगतौ शदिः धातुः णौ शात्।

અર્થ : ગતિ સિવાયનાં અર્થમાં વર્તતો शद् ધાતુ णि પ્રત્યય પર છતાં शात् રૂપે થાય છે.

સ. : अगतौ=न गति इति अगतिः; तस्मादिति।

ઉદા. पुष्पाणि शातयति=ફૂલોને નાશ કરાવે છે. (शद्लृं शातने-૧૬૭)
प्रयोक्तृ०૩.૪.૨૦થી णिग्→शद्+**इ**
આ સૂત્રથી शात् આદેશ→**शाति**
तिव् વગેરે→शात**यति**।

પ્ર.ઉદા. अगताविति किम् ? शादयति=ગાયોને લઈ જાય છે.

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી शात् આદેશ ન કરતાં ञ्णिति ૪.૩.૫૦થી વૃદ્ધિ કરવી.

★ આ સૂત્રમાં ગતિ અર્થનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી शात् આદેશ થયો નહીં.

घटादेर्ह्रस्वो दीर्घस्तु वा ञि-णम्परे ४.२.२४

अ.अ.सू. : घटादेः धातोः णौ ह्रस्वः, ञिणम्परे तु णौ दीर्घः वा।

અર્થ : ઘટ્ વગેરે ધાતુઓનો સ્વર णि પ્રત્યય પર છતાં હ્રસ્વ થાય છે. પરંતુ ञि અને णम् પરમાં છે જેને એવો णि પ્રત્યય પર છતાં વિકલ્પે દીર્ઘ થાય છે.

स. : (१) **घटादेः**=घट् आदिर्यस्य स इति घटादिः, तस्येति।
(२) **ञ्णिम्परे**=ञिश्च णम् चेति ञिणमौ, ञिणमौ परौ यस्मादिति ञिणम्परः, तस्मिन्निति।

ઉદા. (१) **घटयति**=તે ચેષ્ટા કરાવે છે. (घटिष् चेष्टायाम्-१०००)
प्रयोक्तृ०३.४.२०थी णिग्→घट्+**इ**
ञ्णिति ४.३.५०थी वृद्धि→**घा**टि
तिव् વગેરે→घट**यति**।

(२) **अघाटि/अघटि**=તેના વડે ચેષ્ટા કરાવાઈ.
प्रयोक्तृ०३.४.२०थी णिग्→घट्+**इ**
ञ्णिति ४.३.५०थी वृद्धि→**घा**टि
अद्यतनी ५.२.४ વગેરેથી त→घाटि+**त**
भाव-कर्मणोः ३.४.६८थी ञिच् અને तनो લોપ→घाटि+**इ**
णेरनिटि ४.३.८३थी णिનો લોપ→घाटि
अड् धातो०४.४.२९थी अट्→**अ**घाटि
આ સૂત્રથી હ્રસ્વ→**अघ**टि
વિકલ્પે : ञि પર છતાં દીર્ઘ→**अघा**टि/**अघ**टि

(३) **घाटंघाटम्/घटंघटम्**=વારંવાર ચેષ્ટા કરાવીને.
વૃદ્ધિ વગેરે થતાં→**घाटि**
ख्णम्०५.४.४८थी णम्→घाटि+**अम्**

णेरनिटि ४.३.८३थी णिग्नो लोप→घाटम्
आ सूत्रथी दीर्घ अने णम् पर छतां विकल्पे दीर्घ→ **घाटं/घटम्**
भृशा०७.४.७३थी द्वित्व→**घाटं**घाटम्/**घटं**घटम्।

(४) **व्यथयति**=ते पीडा करावे छे. (व्यथिष् भय-चलनयोः-१००२)

(५) **अव्याथि/अव्यथि**=तेनां वडे पीडा करावाई.

(६) **व्याथंव्याथम्/व्यथंव्यथम्**=वारंवार पीडा करावीने.
आ उदा.नी साधनिका पूर्व प्रमाणे जाणवी.

विशेषता :

(१) अहीं धातुपाठमां १००० थी १०५८ सुधीनां धातुओ घटादि गण अंतर्गत जाणवा.

(२) अहीं ध्यानमां लेवुं के, आ सूत्रनी पछी, आ सूत्रनी समान ज कार्यवाळुं कगे-वनू-जनै०४.२.२५ सूत्रनो निर्देश कर्यो छे. आवो पृथक् निर्देश करवा द्वारा आ सूत्र निर्दिष्ट घटादि तमाम धातुओमां गणपाठ निर्दिष्ट अर्थमां ज आ सूत्रनी प्रवृत्ति थशे. पण **धातवोऽनेकार्थाः** २/४३ न्यायानुसारे थतां अन्य अर्थमां नहीं. जेमके, उद्घाटयति, श्रापयति वगेरे.

(३) क्षञ्ज् अने दक्ष् धातुमां उपान्त्यमां अनी प्राप्ति थती नथी. तेथी ञ्णिति ४.३.५० सूत्रथी वृद्धि थवानी न हती. परंतु अहीं घटादि पाठमां निर्देश कर्यो होवाथी आ सूत्रनां बळथी अनुपान्त्य एवा पण अनो विकल्पे दीर्घ थाय छे. जेमके, अक्षञ्जि/अक्षाञ्जि, अदक्षि/अदाक्षि।

જિ. : અહીં સૂત્રમાં હ્રસ્વ અને વિકલ્પે દીર્ઘ એમ બે કાર્યનો નિર્દેશ કર્યો છે. પરંતુ દીર્ઘનાં વિકલ્પમાં પણ હ્રસ્વ જ થવાનો હતો તો હ્રસ્વનું જ વિકલ્પે વિધાન ન કરતાં બે કાર્યો શા માટે દર્શાવ્યા ?

સમા. : તમારી વાત સાચી છે. પરંતુ તે રીતે જણાવવામાં આવે તો હેડ્ ધાતુનાં હ્રસ્વનાં વિકલ્પમાં એકારની જ પ્રાપ્તિ થાત જે ઈષ્ટ નથી. તેથી એકારનો બાધ થઈને પણ વિકલ્પે દીર્ઘ ઈ જ થાય તે માટે અહીં દીર્ઘ પદનો નિર્દેશ છે. જેમકે, અહીડિ, અહિડિ તેમજ, જ્યારે ણિગ્ અને યઙ્નું વ્યવધાન હોય તો ણિ પ્રત્યયનો અને યઙ્નાં અનો લોપ થતાં હ્રસ્વવિધિમાં તેનો લુપ્યય્વૃદ્૦૭.૪.૧૧૧ પરિભાષાથી સ્થાનીવદ્ભાવ મનાય છે. તેથી ઞિ અને ણમ્ વાળાં ણિ પ્રત્યયની અનંતર પૂર્વે સ્વરની પ્રાપ્તિ ન થતાં આ સૂત્રની પ્રવૃત્તિ થાય નહીં. પરંતુ ન સન્ધિ-ઙી૦૭.૪.૧૧૦ પરિભાષા અંતર્ગત દીર્ઘ પદ દ્વારા દીર્ઘ વિધિમાં તેઓનો સ્થાનીવદ્ભાવ મનાતો નથી. તેમ કરવાથી આ સૂત્રની પ્રવૃત્તિ થાય.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો ફણિ ધાતુનું ઘટાદિ ગણ અંતર્ગત ન ગણતાં ગતિ અર્થમાં પણ ફાણયતિ એવો દીર્ઘ સ્વરવાળો પ્રયોગ ઈચ્છે છે.

कगे-वनू-जनै-जॄष-क्नस्-रञ्जः ४.२.२५

અ.અ.સૂ. : कगे-वनू-जनै-जॄष-क्नस्-रञ्जः धातोः णौ ह्रस्वः, ञ्णिम्परे तु णौ वा दीर्घः।

અર્થ : कग्, वन्, जन्, जॄ, क्नस् અને रञ्ज् ધાતુનો સ્વર णि પ્રત્યય પર છતાં હ્રસ્વ થાય છે. પરંતુ ञि અને णम् પરમાં છે જેને એવો णि પ્રત્યય પર છતાં વિકલ્પે દીર્ઘ થાય છે.

સ. : कगे-वनू-जनै-जॄष-क्नस्-रञ्जः=कगेश्च वनूश्च जनैश्च जॄष् च क्नस् च रञ्ज् चेति कगे-वनू-जनै-जॄष-क्नस्-रञ्ज्, तस्येति।

ઉદા. (૧) **कगयति**=તે ક્રિયા કરાવે છે. (कगे क्रिया सामान्य० १९८९ (सौत्र))

(૨) **अकागि/अकगि**=તેનાં વડે ક્રિયા કરાવાઈ.

(૩) **कागंकागम्/कगंकगम्**=વારંવાર ક્રિયા કરાવીને.

(૪) **उपवनयति**=તે મંગાવે છે. (वनूयि याचने-१५०६)

(૫) **उपावानि/उपावनि**=તેના વડે મંગાવાયું.

(૬) **उपवानमुपवानम्/उपवनमुपवनम्**=વારંવાર મંગાવીને.

(૭) **जनयति**=તે ઉત્પન્ન કરાવે છે. (जनैचि प्रादुर्भावे-१२६५)

(૮) **अजानि/अजनि**=તેના વડે ઉત્પન્ન કરાવાયું.

(૯) **जानंजानम्/जनंजनम्**=વારંવાર ઉત્પન્ન કરાવીને.

(૧૦) **जरयति**=તે જીર્ણ બનાવે છે. (जॄष् जरसि-११४५)

(૧૧) **अजारि/अजरि**=તેનાં વડે જીર્ણ બનાવાયું.

(૧૨) **जारंजारम्/जरंजरम्**=વારંવાર જીર્ણ બનાવીને.

(૧૩) **क्नसयति**=તે કુટિલ કરાવે છે. (क्नसूच् ह्वृति०११७०)

(૧૪) **अक्नासि/अक्नसि**=તેનાં વડે કુટિલ કરાવાયું.

(૧૫) **क्नासंक्नासम्/क्नसंक्नसम्**=વારંવાર કુટિલ કરાવીને.

(૧૬) **रजयति**=તે મૃગને રમાડે છે. (रञ्जीं रागे-८९६) (रञ्जींच् रागे-१२८२)

अराजि/अरजि=તેનાં વડે મૃગને રમાડાયું.

राजंराजम्/रजंरजम्=મૃગને વારંવાર રમાડીને.

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ रञ्ज् ધાતુમાં णौ મૃગરમણે ४.२.५१થી न्નો લોપ કરવો અને હ્રસ્વ વગેરે કાર્યો આ સૂત્રથી કરવા.

વિશેષતા :

(૧) અહીં સૂત્રગત कगे એ પ્રમાણે कग् ધાતુ સૌત્ર ધાતુ જાણવો. તથા ए ઈત્નાં કાર્યરૂપ व्यञ्जनादेरेकस्वरा० ४.२.४७થી પ્રાપ્ત વૃદ્ધિનો ન શ્વિ०४.३.४९ સૂત્ર દ્વારા નિષેધ કરવા માટે આ સૂત્રમાં ए ઈત્ સહિત कग् ધાતુનો નિર્દેશ છે. જેમકે, अकगीत्।

(૨) સૂત્રમાં वनू એ પ્રમાણે ઊકારનો નિર્દેશ હોવાથી वन-भक्तौ-३२९ ધાતુમાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. તેથી તે ધાતુનાં वानयति જેવા પ્રયોગો થાય છે.

(૩) પૂર્વસૂત્ર કરતાં આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો છે. તેથી આ સૂત્ર નિર્દિષ્ટ ધાતુઓનાં વિષયમાં પૂર્વસૂત્રની જેમ માત્ર ધાતુપાઠમાં બતાવેલાં અર્થમાં આ સૂત્રની પ્રવૃત્તિ ન કરતાં અન્ય પણ તમામ અર્થમાં કાર્ય કરવું.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો ष्णसूच्-११६९ ધાતુમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. તેથી તેઓનાં મતે स्नसयति જેવા પ્રયોગો થાય છે.

अमोऽकम्यमि-चमः ४.२.२६

અ.અ.સૂ. : अकम्यमि-चमः अमः धातोः णौ ह्रस्वः, ञिणम्परे तु णौ वा दीर्घः।

અર્થ : णिगन्त कम्, अम् અને चम् ધાતુ સિવાયનાં अम् અન્તવાળાં ધાતુનો સ્વર णि પ્રત્યય પર છતાં હ્રસ્વ થાય છે. પરંતુ ञि અને णम् છે પરમાં જેને એવો णि પ્રત્યય પર છતાં વિકલ્પે દીર્ઘ થાય છે.

સ. : अकम्यमि-चमः=कमिश्च अमिश्च चम् चेति कम्यमिचम्, न कम्यमिचम् इति अकम्यमिचम्, तस्येति।

ઉદા. (૧) **रमयति**=તે રમાડે છે. (रमिं क्रीडायाम्-९८९)
अरामि/अरमि=તેનાં વડે રમાડાયું.
रामंरामम्/रमंरमम्=વારંવાર રમાડીને.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ હ્રસ્વ વગેરે કાર્યો આ સૂત્રથી કરવા.

પ્ર.ઉદા. अकम्यमिचम इति किम् ?

(૧) **कामयते**=તે ઈચ્છા કરાવે છે. (कमूङ् कान्तौ-७८९)

(૨) **अकामि**=તેના વડે ઈચ્છા કરાવાઈ.

(૩) **कामंकामम्**=વારંવાર ઈચ્છા કરાવીને.

(૪) **आमयति**=તે મોકલે છે. (अम गतौ-३९२)

(૫) **आचामयति**=તે ખવડાવે છે. (चमू अदने-३८०)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી હ્રસ્વ કાર્ય કરવું નહીં.

★ આ સૂત્રમાં कम् વગેરે ધાતુઓનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી ધાતુનો સ્વર હ્રસ્વ અને વિકલ્પે દીર્ઘ થયો નહીં.

पर्यपात् स्खदः ४.२.२७

અ.અ.સૂ. : पर्यपात् स्खदः धातोः णौ ह्रस्वः, ञ्णिम्परे तु वा दीर्घः।

અર્થ : પરિ અને उप ઉપસર્ગથી પર રહેલાં स्खद् ધાતુનો સ્વર णि પ્રત્યય પર છતાં હ્રસ્વ થાય છે. પરંતુ ञि અને णम् છે પરમાં જેને એવો णि પ્રત્યય પર છતાં વિકલ્પે દીર્ઘ થાય છે.

સ. : पर्यपात्=परिश्च अपश्चेति पर्यपम्, तस्मादिति।

ઉદા. (૧) **परिस्खदयति**=તે નરમ કરાવે છે. (स्खदिष् खदने-१००५)

(૨) **पर्यस्खादि/पर्यस्खदि**=તેના વડે નરમ કરાવાયું.

(૩) **परिस्खादंपरिस्खादम्/परिस्खदंपरिस्खदम्**=વારંવાર નરમ કરાવીને.

(૪) **अपस्खदयति**=તે નરમ કરાવે છે.

(૫) **अपास्खादि/अपास्खदि**=તેના વડે નરમ કરાવાયું.

(૬) **अपस्खादमपस्खादम्/अपस्खदमपस्खदम्**=વારંવાર નરમ કરાવીને.

★ આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ હ્રસ્વ વગેરે કાર્યો આ સૂત્રથી કરવા.

પ્ર.ઉદા. **पर्यपादिति किम् ? प्रस्खादयति**=તે નરમ કરાવે છે.

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રની પ્રવૃત્તિ કરવી નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પરિ અને અપ ઉપસર્ગથી પર રહેલ સ્ખદ્ ધાતુથી થાય છે. જ્યારે અહીં પ્ર ઉપસર્ગ છે. માટે આ સૂત્રથી હ્રસ્વાદિ કાર્યો થયાં નહીં.

વિશેષતા :

(૧) યદ્યપિ સ્ખદ્ ધાતુ ઘટાદિ ગણ અંતર્ગત હોવાથી ઘટાદેર્હ્રસ્વો૦૪.૨.૨૪ સૂત્રથી જ આ સૂત્રનું કાર્ય સિદ્ધ હતું. પરંતુ આ સૂત્રનો નિર્દેશ કર્યો. તેથી **सिद्धे सत्यारम्भो नियमार्थः ૧/૨૫** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી નિયમ થયો કે, પરિ અને અપ પૂર્વકનાં જ સ્ખદ્ ધાતુનો સ્વર હ્રસ્વ થાય છે. અન્ય ઉપસર્ગથી પર રહેલ અથવા ઉપસર્ગ રહિત સ્ખદ્ ધાતુનાં સ્વરમાં ઘટાદે૦-૪.૨.૨૪ સૂત્રની પ્રવૃત્તિ પણ થશે નહીં.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો અવથી પર રહેલાં સ્ખદ્ ધાતુથી પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. તેથી તેઓનાં મતે અવસ્ખદયતિ જેવા પ્રયોગો પણ થાય છે.

(૨) અન્ય કેટલાંક વ્યાકરણકારો પરિ અને અપથી પર સ્ખદ્ ધાતુથી આ સૂત્રની પ્રવૃત્તિનો નિષેધ ઈચ્છે છે. જેમકે, परिस्खादयति। તદન્ય ઉપસર્ગથી નહીં. જેમકે, प्रास्खादि/प्रास्खदि।

शमोऽदर्शने ४.२.२८

अ.अ.सू. : अदर्शने शमः धातोः णौ ह्रस्वः, ञ्णिम्परे तु णौ वा दीर्घः।

अर्थ : દર્શન સિવાયનાં અર્થમાં વર્ત્તતાં शम् ધાતુનો સ્વર णि પ્રત્યય પર છતાં હ્રસ્વ થાય છે. પરંતુ ञि અને णम् છે પરમાં જેને એવો णि પ્રત્યય પર છતાં વિકલ્પે દીર્ઘ થાય છે.

स. : अदर्शने=न दर्शनमिति अदर्शनम्, तस्मिन्निति।

ઉદા. (૧) शमयति रोगम्=રોગને શાંત કરાવે છે. (शमूच् उपशमे-१२३०)

(૨) **अशामि/अशमि**=તેનાં વડે શાંત કરાયો.

(૩) **शामंशामम्/शमंशमम्**=વારંવાર શાંત કરાવીને.

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ હ્રસ્વ વગેરે કાર્યો આ સૂત્રથી કરવા.

પ્ર.ઉદા. अदर्शन इति किम् ? निशामयति रुपम्=રુપ દેખાડે છે.

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ હ્રસ્વ વગેરે કાર્યો કરવા નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ દર્શન સિવાયનાં અર્થમાં વર્ત્તતાં शम् ધાતુથી થાય છે. જ્યારે અહીં દર્શન અર્થમાં વર્ત્તતો शम् ધાતુ હોવાથી અહીં આ સૂત્રથી હ્રસ્વાદિ કાર્યો થયાં નહીં.

વિશેષતા :

યદ્યપિ शम् ધાતુ अम् અન્તવાળો હોવાથી अमोऽकम्य० ૪.૨.૨૬થી જ આ સૂત્રનું કાર્ય સિદ્ધ હતું. પરંતુ આ સૂત્રનો

નિર્દેશ કર્યો તેથી **सिद्धे सत्यारम्भो नियमार्थः ૧/૨૫** ન્યાયની પ્રવૃત્તિ થાય છે. તેથી નિયમ થયો કે, દર્શન સિવાયનાં અર્થમાં વર્ત્તતાં જ शम् ધાતુનો સ્વર હ્રસ્વ થાય છે. પણ દર્શન અર્થમાં તો निशामयति પ્રયોગ જ થશે.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો દર્શન અર્થમાં જ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. તેથી તેઓનાં મતે ઉદા. અને પ્ર.ઉદા.નો વિપર્યય થશે. અર્થાત્ ઉદા., પ્ર.ઉદા. રૂપે અને પ્ર.ઉદા. ઉદા. રૂપે થશે. આ વાત આગામી સૂત્રમાં પણ જાણવી.

यमोऽपरिवेषणे णिचि च ૪.૨.૨૯

અ.અ.સૂ. : अपरिवेषणे यमः धातोः णिचि च (अणिचि) णौ ह्रस्वः, ञिणम्परे तु णौ वा दीर्घः।

અર્થ : પરિવેષણ સિવાયનાં અર્થમાં વર્ત્તતાં यम् ધાતુનો સ્વર णिच् અને अणिच् રૂપ णि પ્રત્યય પર છતાં હ્રસ્વ થાય છે. પરંતુ ञि અને णम् છે પરમાં જેને એવો णि પ્રત્યય પર છતાં વિકલ્પે દીર્ઘ થાય છે.

સ. : अपरिवेषणे=न परिवेषणमिति अपरिवेषणम्, तस्मिन्निति।

ઉદા. (૧) **यमयति**=તે અટકાવે છે. (यमूं उपरमे-૧૬૮૧)

(૨) **अयामि/अयमि**=તેનાં વડે અટકાવાયું.

(૩) **यामंयामम्/यमंयमम्**=વારંવાર અટકાવીને.

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ હ્રસ્વ વગેરે કાર્યો આ સૂત્રથી કરવા.

પ્ર.ઉદા. अपरिवेषण इति किम् ? यामयति अतिथीन्=અતિથિને જમાડે છે.

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી હ્રસ્વાદિ કાર્યો કરવા નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પરિવેષણ સિવાયનાં અર્થમાં વર્ત્તતાં यम् ધાતુથી થાય છે. જ્યારે અહીં यम् ધાતુ પરિવેષણ અર્થવાળો હોવાથી અહીં આ સૂત્રથી હ્રસ્વાદિ કાર્યો થયાં નહીં.

વિશેષતા :

(૧) અહીં ચકારથી अणिचि એ પ્રમાણે અનુક્ત પદનો સમુચ્ચય કરેલ છે.

જિ. : અહીં પૂર્વ સૂત્રથી णौ પદની અનુવૃત્તિ આવી રહી છે. તે णौ પદ દ્વારા જ णिच्-अणिच् તમામ પ્રત્યયનું ગ્રહણ થઈ શકે છે. તો અહીં णिचि च પદનું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : તમારી વાત સાચી છે, પરંતુ આવો નિર્દેશ કરવા દ્વારા અહીં ગ્રંથકારશ્રી જણાવે છે કે, અપરિવેષણ અર્થમાં રહેલાં यम् ધાતુનાં વિષયમાં જ णिच् પ્રત્યય પર છતાં આ સૂત્રનાં કાર્યભૂત હ્રસ્વ અને વિકલ્પે દીર્ઘ કાર્ય કરવું. પણ અન્ય अम् અન્તવાળાં ધાતુનાં વિષયમાં નહીં. જેમકે, स्यमिण्-स्यामयति, अस्यामि, शमिण्-शामयति, शामंशामम्।

मारण-तोषण-निशाने ज्ञश्च ४.२.३०

અ.અ.સૂ. : मारण-तोषण-निशाने ज्ञः धातोः णौ च (णिचि च) ह्रस्वः, ञ्णिण्म्परे तु वा दीर्घः।

અર્થ : મારવું, સંતોષ આપવો અને તીક્ષ્ણ કરવું અર્થમાં વર્ત્તતાં જ્ઞા ધાતુનો સ્વર णिच् અને अणिच् રૂપ णि પ્રત્યય પર છતાં હ્રસ્વ થાય છે. પરંતુ ञि અને णम् છે પરમાં જેને એવો णि પ્રત્યય પર છતાં વિકલ્પે દીર્ઘ થાય છે.

સ. : मारण-तोषण-निशाने=मारणं च तोषणं च निशानं चेति मारणतोषणनिशानम्, तस्मिन्निति।

ઉદા. (૧) **संज्ञपयति पशुम्**=પશુને મારે છે./મરાવે છે.
(ज्ञाण् मारणादि० १७२०) (ज्ञांश् अवबोधने-१५४०)
प्रयोक्तृ०૩.૪.૨૦થી णिग् **अथवा**
चुरादिभ्यो०૩.૪.૧૭થી णिच्→सम्+ज्ञा+**इ**
अर्त्ति-री०૪.૨.૨૧થી पु આગમ→**ज्ञापि**
આ સૂત્રથી હ્રસ્વ→सम+**ज्ञपि**
तिव् વગેરે→**संज्ञपयति**

(૨) **विज्ञपयति राजानम्**=રાજાને ખુશ કરે છે/કરાવે છે.

(૩) **प्रज्ञपयति शस्त्रम्**=શસ્ત્રને તીક્ષ્ણ કરે છે/કરાવે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૪) **अज्ञापि/अज्ञपि**=તેનાં વડે મરાયું/મરાવાયું.

(૫) **ज्ञापंज्ञापम्/ज्ञपंज्ञपम्**=વારંવાર મારીને/મરાવીને.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

સૂત્રગત ચકાર દ્વારા णिचि च પદનું અનુકર્ષણ કરેલ છે. જેથી **चानुकृष्टं नाऽनुवर्त्तते ૨/૬૨** ન્યાયાનુસારે णिचि चનો અધિકાર ઉત્તર સૂત્રમાં જશે નહીં.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો નિશામન, આલોચન અને પ્રણિધાન અર્થમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. જેમકે, ज्ञपयति गुरुम्= ગુરુનું પ્રણિધાન કરે છે.

चहणः शाठ्ये ४.२.३१

અ.અ.સૂ. : शाठ्ये चहणः धातोः णौ ह्रस्वः, ञ्णिम्परे तु वा दीर्घः।

અર્થ : છેતરવું અર્થમાં વર્ત્તતાં चह् ધાતુનો સ્વર णि પ્રત્યય પર છતાં હ્રસ્વ થાય છે. પરંતુ ञ्णि અને णम् છે પરમાં જેને એવો णि પ્રત્યય પર છતાં વિકલ્પે દીર્ઘ થાય છે.

ઉદા. (૧) चहयति=તે છેતરે છે. (चहण् कल्कने-૧૯૨૪)
अचाहि/अचहि=તેના વડે છેતરાયું.
चाहंचाहम्/चहंचहम्=વારંવાર છેતરીને.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ હ્રસ્વ વગેરે કાર્યો આ સૂત્રથી કરવા.

પ્ર.ઉદા. शाठ्य इति किम् ? अचहि=તેનાં વડે ઈચ્છા કરાઈ.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રની પ્રવૃત્તિ કરવી નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ शाठ्य અર્થમાં વર્ત્તતાં ધાતુથી થાય છે. જ્યારે અહીં शाठ्य અર્થ નથી. માટે આ સૂત્રથી ધાતુનો સ્વર હ્રસ્વ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં चहण्-૧૯૨૪ એ પ્રમાણે ण् ઈત્નો નિર્દેશ કર્યો છે. તેથી ભ્વાદિ સંબંધી चह् ધાતુમાં આ સૂત્રની

પ્રવૃત્તિ થશે નહીં. તથા, ચુરાદિ સંબંધી चह्-૫૫૩ ધાતુમાં પહેલાં णिच् લાગ્યા બાદ જ અન્ય કાર્ય થવાનું છે. માટે સૂત્રાર્થમાં પણ णिचि પદનું ગ્રહણ કરેલ છે.

(૨) चह् ધાતુ અકારાન્ત હોવાથી અ સ્વરની વૃદ્ધિ પ્રાપ્ત ન થતાં चहयति એ પ્રમાણે હ્રસ્વ સિદ્ધ જ હતું. પરંતુ દીર્ઘ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

ज्वल-ह्वल-ह्मल-ग्ला-स्ना-वनू-वम-नमोऽनुपसर्गस्य वा ४.२.३२

અ.અ.સૂ. : अनुपसर्गस्य ज्वल-ह्वल-ह्मल-ग्ला-स्ना-वनू-वम-नमः धातोः स्वरः णौ ह्रस्वः वा।

અર્થ : ઉપસર્ગ રહિત ज्वल्, ह्वल्, ह्मल्, ग्ला, स्ना, वन्, वम् અને नम् ધાતુનો સ્વર णि પ્રત્યય પર છતાં હ્રસ્વ વિકલ્પે થાય છે.

સ. : ज्वल-ह्वल-ह्मल-ग्ला-स्ना-वनू-वम-नमः=ज्वलश्च ह्वलश्च ह्मलश्च ग्लाश्च स्नाश्च वनूश्च वमश्च नमश्चेति ज्वल-ह्वल-ह्मल-ग्ला-स्ना-वनू-वम-नम्, तस्येति।

ઉદા. (૧) ज्वलयति/ज्वालयति=તે બાળે છે. (ज्वल दीप्तौ-૧૦૫૮)
પ્રયોક્તૃ૦૩.૪.૨૦થી णिग्→ज्वल+**इ**
ञ्णिति ૪.૩.૫૦થી વૃદ્ધિ→**ज्वा**लि
घटादेर्ह्रस्वो૦૪.૨.૨૪થી પ્રાપ્ત હ્રસ્વત્વનો વિકલ્પ→ **ज्व**लि/**ज्वा**लि
तिव् વગેરે→ज्वल**यति**/ज्वाल**यति**।

(૨) **ह्वलयति/ह्वालयति**=તે ચલાવે છે. (ह्वल चलने-૧૦૫૬)

(૩) **હ્મલયતિ/હ્માલયતિ**=તે ચલાવે છે. (હ્મલ चलने-૧૦૫૭)

(૪) **ગ્લપયતિ/ગ્લાપયતિ**=તે ગ્લાનિ પમાડે છે. (ગ્લૈં हर्षक्षये-૩૧)

(૫) **સ્નપયતિ/સ્નાપયતિ**=તે સ્નાન કરાવે છે. (ष्णांक् शौचे-૧૦૬૪)

(૬) **વનયતિ/વાનયતિ**=તે યાચના કરાવે છે. (वनूयि याचने-૧૫૦૬)

(૭) **વમયતિ/વામયતિ**=તે વમન કરાવે છે. (टुवमू उद्गिरणे-૯૬૯)

(૮) **નમયતિ/નામયતિ**=તે નમાવે છે. (णमं प्रह्वत्वे-૩૮૪)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ હ્રસ્વ કાર્ય આ સૂત્રથી વિકલ્પે કરવું.

પ્ર.ઉદા. अनुपसर्गस्येति किम् ?

(૧) **પ્રજ્વલયતિ**=તે બળે છે.

(૨) **પ્રહ્વલયતિ**=તે ચલાવે છે.

(૩) **પ્રહ્મલયતિ**=તે પલાવે છે.

(૪) **પ્રગ્લાપયતિ**=તે ગ્લાનિ પમાડે છે.

(૫) **પ્રસ્નાપયતિ**=તે સ્નાન કરાવે છે.

(૬) **પ્રવનયતિ**=તે યાચના કરાવે છે.

(૭) **પ્રવમયતિ**=તે વમન કરાવે છે.

(૮) **પ્રણમયતિ**=તે નમન કરાવે છે.
આ ઉદા.ની સાધનિકા ૪.૨.૨૪ નિર્દિષ્ટ ઘટયતિ પ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં ઉપસર્ગનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી વિકલ્પે હ્રસ્વ કાર્ય થયું નહીં.

વિશેષતા :

અહીં સૂત્રનિર્દિષ્ટ ज्वल् થી ह्मल् સુધીનાં ધાતુમાં घटादेर्ह्रस्वो० ૪.૨.૨૪થી નિત્ય હ્રસ્વત્વની પ્રાપ્તિ હતી. ग्ला, स्ना ધાતુમાં હ્રસ્વની પ્રાપ્તિ ન હતી. તથા, वन् ધાતુમાં कगे-वनू०૪.૨.૨૫થી હ્રસ્વની અને वम् અને नम् ધાતુમાં अमोऽकम्यमि०૪.૨.૨૬થી નિત્ય હ્રસ્વની પ્રાપ્તિ હતી. આમ, પ્રાપ્ત-અપ્રાપ્ત પ્રયોગને વિકલ્પે કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

छदेरिस्-मन्-त्रट्-क्वौ ૪.૨.૩૩

અ.અ.સૂ. : छदेः धातोः इस्-मन्-त्रट्-क्वौ णौ ह्रस्वः।

અર્થ : છદ્ ધાતુનો સ્વર इस्, मन्, त्रट् અને क्विप् છે પરમાં જેને એવો णि પ્રત્યય પર છતાં હ્રસ્વ થાય છે.

સ. : इस्-मन्-त्रट्-क्वौ=इस् च मन् च त्रट् च क्विश्चेति इस्-मन्-त्रट्-क्वि, तस्मिन्निति।

ઉદા. (૧) **छदिः**=હોઠ (छदण् संवरणे-૧૬૫૫)
चुरादिभ्यो०૩.૪.૧૭થી णिच्→छद+**इ**
ञ्णिति ૪.૩.૫૦થી वृद्धि→**छा**दि
रुच्यर्चि (ઉણાદિ-૯૮૯)થી इस्→छादि+**इस्**
णेरनिटि ૪.૩.૮૩થી णिच्નો લોપ→छादिस्
प्रथमा सि વગેરે→छादिः।

(૨) **छद्म**=કપટ.
પૂર્વ પ્રમાણે णिच् વગેરે→छादि

मन्-वन्०५.१.१४७थी मन्→छादि+**मन्**
णेरनिटि ४.३.८३थी णिच्नो लोप→छाद्मन्
आ सूत्रथी ह्रस्व→**छद्म**न्
प्रथमा सि वगेरे→छद्म।

(३) **छत्त्री**=छत्री.
आ उदा.नी साधनिका पूर्व प्रमाणे जाणवी. परंतु अहीं त्रट् (उणादि-४४६)थी त्रट् प्रत्यय करवो.

(४) **उपच्छत्**=ढांकणुं.
आ उदा.नी साधनिका पूर्व प्रमाणे जाणवी. परंतु क्विप् ५.१.१४८थी क्विप् करवो.

एकोपसर्गस्य च घे ४.२.३४

अ.अ.सू. : एकोपसर्गस्य च (अनुपसर्गस्य) छदेः धातोः घे णौ ह्रस्वः।

अर्थ : એક ઉપસર્ગવાળાં પણ (એક ઉપસર્ગવાળાં અને ઉપસર્ગ રહિત) छद् धातुनो स्वर घ प्रत्यय परमां छे जेने एवो णि प्रत्यय पर छतां ह्रस्व थाय छे.

स. : एकोपसर्गस्य=एक उपसर्गो यस्य स इति एकोपसर्गः, तस्येति।

उदा. (१) प्रच्छदः=छापरुं.
पूर्व प्रमाणे णिच् वगेरे→प्र+**छादि**
पुन्नाम्नि०५.३.१३०थी घ→प्रच्छादि+**अ**
णेरनिटि ४.३.८३थी णिग्नो लोप→प्रच्छाद
आ सूत्रथी ह्रस्व→प्रच्**छद**
प्रथमा सि वगेरे→प्रच्छदः।

પ્ર.ઉદા. **एकोपसर्गस्येति किम् ? समुपच्छादः**=ઢાંકવું.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી હ્રસ્વ કરવું નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ એક ઉપસર્ગવાળાં ધાતુથી થાય છે. જ્યારે અહીં બે ઉપસર્ગથી પર છદ્ ધાતુ હોવાથી આ સૂત્રથી હ્રસ્વ થશે નહીં.

વિશેષતા :

અહીં સૂત્રમાં એકોપસર્ગસ્યનો અધિકાર લીધેલ છે. પરંતુ ચકાર દ્વારા અનુક્ત સમુચ્ચય કરીને ઉપસર્ગરહિત છદ્ ધાતુથી પણ આ સૂત્રની પ્રવૃત્તિ દર્શાવેલ છે.

उपान्त्यस्याऽसमानलोपि-शास्वृदितो ङे ४.२.३५

અ.અ.સૂ. : असमानलोपि-शास्वृदितः धातोः उपान्त्यस्य ङे णौ ह्रस्वः।

અર્થ : સમાન સ્વરનાં લોપવાળાં શાસ્ તથા ઋ ઈત્વાળાં ધાતુઓ સિવાયનાં ધાતુનો ઉપાન્ત્ય સ્વર, ङ છે પરમાં જેને એવો णि પ્રત્યય પર છતાં હ્રસ્વ થાય છે.

સ. : (૧) असमानलोपि-शास्वृदितः=समानस्य लोप इति समानलोपः, समानलोपो यस्य स इति समानलोपी, ऋ इत् यस्य स ऋदित्, समानलोपी च शास् च ऋदिच्चेत्ति समानलोपि-शास्वृदित्, न समानलोपि शास्वृदित् इति असमानलोपि-शास्वृदित्, तस्येति।

ઉદા. (૧) अपीपचत्=તેણે રંધાવ્યું. (डुपचींष् पाके-८९२)
प्रयोक्तृ०૩.૪.૨૦થી णिग्→पच्-**इ**

ञ्णिति ४.३.५०थी वृद्धि→**पाचि**
अद्यतनी ५.२.४ वगेरेथी त्→पाचि+**त्**
णि-श्रि०३.४.५८थी ङ→पाचि+**अ**+त्
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**पच्**पाचि+अ+त्
व्यञ्जनस्या०४.१.४४थी च्नो लोप→**पपा**चि+अ+त्
आ सूत्रथी धातुनो स्वर ह्रस्व→**पप**चि+अ+त्
णेरनिटि ४.३.८३थी णिग्नो लोप→पपचत्
असमानलोपे०४.१.६३थी **सन्वत्**भाव थतां,
सन्यस्य ४.१.५९थी अनो इ→**पि**पचत्
लघोर्दीर्घो०४.१.६३थी दीर्घ→**पी**पचत्
अड्धातो०४.४.२९थी अट् आगम→**अ**पीपचत्।

(२) **मा भवान् अटिटत्**=आप रखडावो नहीं. (अट गतौ-१९४)
प्रयोक्तृ०३.४.२०थी णिग्→अट्+**इ**
ञ्णिति ४.३.५०थी वृद्धि→**आ**टि
अद्यतनी ५.२.४ वगेरेथी दि→आटि+**त्**
णि-श्रि०३.४.५८थी ङ्→आटि+**अ**+त्
स्वरादे०४.१.४थी द्वित्व→**आटिटि**+अ+त्
आ सूत्रथी उपान्त्य स्वर ह्रस्व→**अ**टिटि+अ+त्
णेरनिटि ४.३.८३थी णिग्नो लोप→अटिटत्।
अहीं माङ्नो योग होवाथी अड् धातोः०४.४.२९थी अट् आगम अथवा स्वरादेस्तासु ४.४.३१थी आदि स्वरनी वृद्धि थई नहीं.

प्र.उदा. असमानलोपि-शास्वृदित इति किम् ?

(१) **अत्यरराजत्**=राजाने ओळंगी गयेलाने कहेवायुं.
अतिराजमाख्यत् अर्थमां,

णिज्बहुलं०४.३.४२थी णिच्→अतिराज+**इ**
त्रन्त्यस्वरादेः ७.४.४३थी अनो लोप→अतिराजि
अद्यतनी ३.४.५८थी दि→अतिराजि+**त्**
णि-श्रि०३.४.५८थी ङ→अतिराजि+**अ**+त्
अन्यस्य ४.१.८थी रानुं द्वित्व→अति**रा**राजि+अ+त्
ह्रस्वः ४.१.३९थी ह्रस्व→**अतिर**राजि+अ+त्
णेरनिटि ४.३.८३थी णिच्नो लोप→अतिरराज**त्**
अड् धातो०४.४.२९थी अट् आगम→**अत्य**रराजत्।

(२) **अशशासत्**=तेणे शासन कराव्युं. (शासूक् अनुशिष्टौ-१०९५)
प्रयोक्तृ०३.४.२०थी वगेरे णिग्→**शासि**+**अ**+**त्**
आद्योंऽशः०४.१.२थी द्वित्व→**शा**शासि+अ+त्
ह्रस्वः ४.१.३९थी ह्रस्व→**श**शासि+अ+त्
णेरनिटि ४.३.८३थी णिग्नो लोप→शशा**सत्**
अड् धातो०४.४.२९थी अट् आगम→**अ**शशासत्।

(३) **मा भवान् ओणिणत्**=आपे चोराव्युं नहीं. (ओणृ अपनयने-२७३)
आ उदा.नी साधनिका मा भवान् अटिटत् प्रमाणे जाणवी. परंतु आ सूत्रथी ह्रस्व कार्य करवुं नहीं.

★ आ सूत्रमां समान स्वरनां लोपवाळां, शास् अने ऋ ईत्वाळां धातुओनुं वर्जन होवाथी अहीं आ सूत्रथी ह्रस्व थयो नथी.

विशेषता :

(१) सूत्रमां शासू अे प्रमाणे ऊ अनुबंध सहित शास् धातुनो निर्देश होवाथी **तिवाशवानुबन्धेन०१/१८** न्यायानुसारे

यङ्लुबन्तमां आ सूत्रनी प्रवृत्ति थशे नहीं. जेमके, अशाशसत्।

(२) सूत्रमां ङे એ प्रमाणे पद धातुनां विशेषण तरीके दर्शावेल छे. आथी 'ङ पर वाळो णि परमां छे जेने એवो धातु' એम अर्थ न करतां मात्र 'ङ पर वाळो णि प्रत्यय पर छतां' એटलो ज अर्थ करे छे. तेथी णि प्रत्ययनी पूर्वे जो धातु सिवाय अन्य प्रकृति हशे तो पण आ सूत्र द्वारा उपान्त्य स्वर ह्रस्व थाय छे. उदा. गोनावमाख्यत् इति अजूगुनत् अहीं णिञ्बहुलं०३.४.४२ सूत्रथी णिच् प्रत्यय लाग्यो छे. ते कि प्रत्यय लागती वखते गोनावमाख्यत् એ प्रमाणे विग्रह वाक्यमां गो नाम प्रकृति छे. पण धातु प्रकृति नहीं-तो पण आ सूत्र द्वारा ह्रस्व थई अजूगुनत् प्रयोग सिद्ध थाय छे.

(३) अहीं गो એ प्रमाणे जातिनो आश्रय कर्यो होवाथी णि सामान्यनुं ग्रहण थाय छे. तेथी वादितवन्तं प्रयोजितवान् इति अवीवदत् वीणां परिवादकेन એ प्रमाणे प्रेरकनो प्रेरक प्रयोग थयो होय तो पण आ सूत्रनी प्रवृत्ति थाय छे. यद्यपि अहीं णेरनिटि ४.३.८३ सूत्रथी णि રૂप समाननो लोप थयो ज छे. परंतु ते सूत्रगत णौ पद द्वारा ज जाति आश्रिततया बाधक बनतो नथी.

जि. : अहीं सूत्रमां अद्यतन भूतकाळमां ङ प्रत्ययनो निर्देश कर्यो छे. ते प्रत्यय द्रु, स्रु, कम् अने ण्यन्त धातुओने ज लागे छे. अने तेमां पण मात्र ण्यन्त धातुओ आ सूत्रनां विषयभूत बनी शके छे. तो मात्र 'ङ प्रत्यय पर छतां ज' जो आटलो ज निर्देश कर्यो होत तो पण णि नी प्राप्ति तो

થવાની જ હતી. તો ङ्परे णौ એ પ્રમાણે 'ङ પર વાળો णि પર છતાં' આવો ગૌરવભૂત નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : અહીં સૂત્રમાં ઉપાન્ત્ય સ્વરનાં હ્રસ્વનું વિધાન કર્યું છે. હવે જો માત્ર 'ङ प्रत्यय પર છતાં જ' એ પ્રમાણે નિર્દેશ કરવામાં આવે તો अलीलवत् અને अदीदपत् જેવા પ્રયોગમાં अ+लावि+ङ+त्, अ+दापि+ङ+त् આવી અવસ્થામાં ङનાં ઉપાન્ત્યમાં સ્વર ન આવતાં યથાયોગ્ય વૃદ્ધિ અને अव् આદેશ તથા पु આગમનો બાધ થઈને અર્થાત્ તે-તે કાર્ય કર્યા વિના જ अ+लू+इ+अ+त् તથા अ+दा+इ+अत् આવી અવસ્થામાં ઉપાન્ત્ય સ્વરનો હ્રસ્વ થવાની આપત્તિ આવે. તેમજ, अपीपचत् પ્રયોગમાં अ+पाचि+अ+त् અવસ્થામાં ઉપાન્ત્ય સ્વરનો અભાવ જ હોવાથી આ સૂત્રની અપ્રવૃત્તિની આપત્તિ આવે. તે આપત્તિઓનું વારણ કરવા માટે 'ङ છે પરમાં જેને એવો णि પ્રત્યય પર છતાં' એ પ્રમાણે નિર્દેશ કર્યો છે.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો अजुगोनत् જેવા પ્રયોગમાં त्रन्त्यस्व०७.४.७० સૂત્રથી થયેલાં औનાં લોપનો સ્થાનીવત્ભાવ માની હ્રસ્વ કાર્ય કરતાં નથી.

(૨) કેટલાંક વ્યાકરણકારો शास्નાં यङ्लुबन्तમાં આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છતાં નથી. તેથી તેઓનો મતે अशाशासत् જેવાં પ્રયોગો થાય છે.

भ्राज-भ्रास-भाष-दीप-पीड-जीव-मील-कण-रण-बण-भण-श्रण-ह्वे-हेठ-लुट-लुप-लपां नवा ४.२.३६

અ.અ.સૂ. : भ्राज-भ्रास-भाष-दीप-पीड-जीव-मील-कण-रण-बण-भण-श्रण-ह्वे-हेठ-लुट-लुप-लपां धातूनां उपान्त्यस्य ङे णौ ह्रस्वः नवा।

અર્થ : भ्राज्, भ्रास्, भाष्, दीप्, पीड्, जीव्, मील्, कण्, रण्, बण्, भण्, श्रण्, ह्वे, हेठ्, लुट्, लुप् અને लप् ધાતુનાં ઉપાન્ત્ય સ્વરનો, ङ છે પરમાં જેને એવો णि પ્રત્યય પર છતાં હ્રસ્વ વિકલ્પે થાય છે.

સ. : भ्राज-भ्रास-भाष-दीप-पीड-जीव-मील-कण-रण-बण-भण-श्रण-ह्वे-हेठ-लुट-लुप-लपाम्=भ्राजश्च भ्रासश्च भाषश्च दीपश्च पीडश्च जीवश्च मीलश्च कणश्च रणश्च बणश्च भणश्च श्रणश्च ह्वेश्च हेठश्च लुटश्च लुपश्च लपश्चेति भ्राजभासभाषदीपपीडजीवमीलकण-रणबणभणश्रणह्वेहेठलुटलपः तेषामिति।

ઉદા. (૧) **अबिभ्रजत्/अबभ्राजत्**=તેણે શોભાવ્યું.
(भ्राजि दीप्तौ-६६१) (टुभ्राजि दीप्तौ-८९४)
प्रयोक्तृ०३.४.२०थी णिग्→भ्राज्+**इ**
अद्यतनी ५.२.४ वगेरेथी त्→भ्राजि+**त्**
णि-श्रि०३.४.५८थी ङ→भ्राजि+**अ**+त्
आद्योंऽशः०४.१.२थी द्वित्व→**भ्रा**भ्राजि+अ+त्
व्यञ्जनस्या०४.१.४४थी र्नो लोप→भाभ्राजि+अ+त्
ह्रस्वः ४.१.३९थी ह्रस्व→**भ**भ्राजि+अ+त्
द्वितीय-तुर्ययोः०४.१.४२थी भ्नो ब्→**ब**भ्राजि+अ+त्
णेरनिटि ४.३.८३थी णिग्नो लोप→बभ्राजत्

આ સૂત્રથી ધાતુનો સ્વર હ્રસ્વ→**बभ्रजत्**
असमानलोपे०४.१.६३थी **सन्वत्**ભાવ થતાં,
सन्यस्य ४.१.५९थी અનો इ→**बि**भ्रजत्
अड् धातो०४.४.२९थी अट् આગમ→**अ**बिभ्रजत्।
विकल्पे : આ સૂત્રથી હ્રસ્વ ન થાય ત્યારે, अबभ्राजत्।

(२) **अबीभसत्/अबभासत्**=તેણે શોભાવ્યું. (भासि दीप्तौ-८४६)

(૩) **अबीभषत्/अबभाषत्**=તેણે બોલાવ્યું. (भाषि व्यक्तायां-८३२)

(४) **अदीदिपत्/अदिदीपत्**=તેણે દીપાવ્યું. (दीपैचि दीप्तौ-१२६६)

(५) **अपीपिडत्/अपिपीडत्**=તેણે પીડા કરી. (पीडण् सहने-१६२५)

(६) **अजीजिवत्/अजिजीवत्**=તેણે જીવાડ્યું. (जीव प्राणधारणे-४६५)

(७) **अमीमिलत्/अमिमीलत्**=તેણે આંખ મીંચાવી. (मील निमेषणे-४१५)

(८) **अचीकणत्/अचकाणत्**=તેણે અવાજ કરાવ્યો. (कण शब्दे-२६३)

(९) **अरीरणत्/अरराणत्**=તેણે અવાજ કરાવ્યો. (रण शब्दे-२६२)

(१०) **अबीबणत्/अबबाणत्**=તેણે અવાજ કરાવ્યો. (बण शब्दे-२६१)

(૧૧) **अबीभणत्/अबभाणत्**=તેણે અવાજ કરાવ્યો. (भण शब्दे-२६४)

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ પૂર્વનો इ लघोदीर्घो०४.१.६४थी दीर्घ કરવો.

(૧૨) **अशिश्रणत्/अशश्राणत्**=તેણે અપાવ્યું. (श्रण दाने-१०४२)

આ ઉદા.ની સાધનિકા ઉદા.(૧) પ્રમાણે જાણવી.

(૧૩) **अजूहवत्/अजुहावत्**=તેણે હોમ કરાવ્યો. (ह्वेंग् स्पर्धा० ९९३)

આ ઉદા.ની સાધનિકા ૪.૧.૮૮માં દર્શાવેલ છે.

(૧૪) **अजीहिठत्/अजिहेठत्**=તેણે સંઘર્ષ કરાવ્યો. (हेठि विबाधा०६७६)

(૧૫) **अलूलुटत्/अलुलोटत्**=તેણે લુંટાવ્યું. (लुटच् विलोटने-११७७)

(૧૬) **अलूलुपत्/अलुलोपत्**=તેણે છેદાવ્યું. (लुप्लृंती छेदने-१३२३)

(૧૭) **अलीलपत्/अललापत्**=તેણે લપલપાટ કરાવ્યો. (लप व्यक्ते शब्दे-३३६)

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં સૂત્રમાં भ्राज०० लुप-लपां એ પ્રમાણે બ.વ.નો નિર્દેશ અન્ય પણ શિષ્ટ પ્રયોગનાં પરિગ્રહ માટે છે. જેમકે, अबिभ्रसत्/अबभ्रासत् વગેરે.

ऋदृवर्णस्य ४.२.३७

અ.અ.સૂ. : धातोः उपान्त्यस्य ऋवर्णस्य ङे णौ ऋः नवा।

અર્થ : ધાતુનાં ઉપાન્ત્ય ऋ વર્ણનો, ङ પ્રત્યય છે પરમાં છે જેને એવો णि પ્રત્યય પર છતાં ऋ વિકલ્પે થાય છે.

ઉદા. (૧) **अवीवृतत्/अववर्त्तत्**=તેણે વર્ત્તાવ્યું. (वृतूङ् वर्त्तने-૧૫૫)
પ્રયોક્તૃ૦૩.૪.૨૦થી णिग्→वृत्+**इ**
લઘોરુપા૦૪.૩.૪થી ગુણ→**वर्त्ति**
આ સૂત્રથી પુનઃ ऋ→**वृ**त्+इ
અદ્યતની ૫.૨.૪ વગેરેથી દિ→वृत्+इ+**त्**
णि-श्रि૦૩.૪.૫૮થી ङ→वृत्+इ+**अ**+त्
आद्योंऽशः૦૪.૧.૨થી દ્વિત્વ→**वृ**वृत्+इ+अ+त्
ऋतोऽत् ૪.૧.૩૮થી ऋનો अ→**व**वृति+अ+त्
णेरनिटि ૪.૩.૮૩થી णिग्નો લોપ→ववृत्+अ+त्
असमानलोपे૦૪.૧.૬૩થી **सन्वत्**ભાવ થતાં,
सन्यस्य ૪.૧.૫૯થી અનો इ→**वि**वृतत्
लघोर्दीर्घो૦૪.૧.૬૪થી દીર્ઘ→**वी**वृतत्
अड् धातो૦૪.૪.૨૯થી अट् આગમ→**अ**वीवृतत्।
વિકલ્પે : આ સૂત્રથી ऋ ન થાય ત્યારે, वृत्+इ
લઘોરુપા૦૪.૩.૪થી ગુણ→**वर्त्ति**
પૂર્વ પ્રમાણે દિ વગેરે→अववर्त्तत्।

(૨) **अचीकृतत्/अचिकीर्त्तत्**=તેણે પ્રશંસા કરાવી.
(कृतण् संशब्दने-૧૬૪૯)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ વિકલ્પે कृतः૦૪.૪.૧૨૨થી कृत्નો कीर्त् આદેશ કરવો.

વિશેષતા :

અહીં સૂત્રમાં ઉપાન્ત્ય ऋ વર્ણનો નિર્દેશ કર્યો છે. પરંતુ कृत्નો कीर्त् આદેશ તથા અન્ય ધાતુમાં ગુણ દ્વારા अर् થતાં ઉપાન્ત્યમાં ऋ વર્ણ રહેતો નથી. પરંતુ આ સૂત્રનાં વચન સામર્થ્યથી જ તે બંનેનો બાધ થઈને વિકલ્પે આ સૂત્રની પણ પ્રવૃત્તિ થાય છે.

जिघ्रतेरिः ४.२.३८

અ.અ.સૂ. : जिघ्रतेः धातोः उपान्त्यस्य ङे णौ इः नवा।

અર્થ : घ्रा ધાતુનાં ઉપાન્ત્ય વર્ણનો ङ છે પરમાં જેને એવો णि પ્રત્યય પર છતાં इ વિકલ્પે થાય છે.

ઉદા. अजिघ्रिपत्/अजिघ्रपत्=તેણે સુંઘાડ્યું. (घ्रां गन्धोपादाने-३)

प्रयोक्तृ०३.४.२०थी णिग्→घ्रा+**इ**

अर्त्ति-री-व्ली०४.२.२१थी पु આગમ→**घ्रापि**

અદ્યતની ५.२.४ વગેરેથી दि→घ्रापि+**त्**

णि-श्रि०३.४.५८थी ङ→घ्रापि+**अ**+त्

આ સૂત્રથી આનો इ→**घ्रि**पि+अ+त्

आद्योंऽशः०४.१.२थी द्वित्व→**घ्रिघ्रि**पि+अ+त्

व्यञ्जनस्या०४.१.४४थी र्નો લોપ→घिघ्रिपि+अ+त्

द्वितीय-तुर्ययोः०४.१.४२थी घ्નો ग्→**गि**घ्रिपि+अ+त्

गहोर्जः ४.१.४०थी ग्નો ज्→**जि**घ्रिपि+अ+त्

णेरनिटि ४.३.८३थी णिग्નો લોપ→जिघ्रिपत्

अड् धातो०४.४.२९थी अट् આગમ→**अ**जिघ्रिपत्

વિકલ્પે : આ સૂત્રથી अनो इन થાય ત્યારે, घ्रापि+अ+त्

દ્વિત્વ વગેરે થતાં→जघ्राप्+अ+त्

उपान्त्यस्या०४.२.३५थी ह्रस्व→जघ्रपत्

सन्यस्य ४.१.५९थी अनो इ→**जि**घ्रपत्

अड् धातो०४.४.२९थी अट् आगम→**अ**जिघ्रपत्।

विशेषता :

सूत्रमां जिघ्रतेः એ પ્રમાણે घ्रा ધાતુનો નિર્દેશ હોવાથી **तिवाशवानुबन्धेन० १/१८** ન્યાયાનુસારે यङ्लुबन्तमां આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. જેમકે, अजाघ्रपत्।

तिष्ठतेः ४.२.३९

अ.अ.सू. : तिष्ठतेः धातोः उपान्त्यस्य ङे णौ इः।

અર્થ : स्था ધાતુનાં ઉપાન્ત્ય સ્વરનો ङ પ્રત્યય છે પરમાં જેને એવો णि પ્રત્યય પર છતાં इ થાય છે.

ઉદા. अतिष्ठिपत्=તેણે ઊભો કર્યો. (ष्ठां गतिनिवृत्तौ-५)

આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ अजिघ्रिपत् પ્રમાણે જાણવી. પરંતુ આનો इ આ સૂત્રથી નિત્ય કરવો.

વિશેષતા :

(१) સૂત્રમાં तिष्ठतेः એ પ્રમાણે तिव् સહિત स्था ધાતુનો નિર્દેશ હોવાથી **तिवाशवानुबन्धेन० १/१८** ન્યાયાનુસારે આ સૂત્રની પ્રવૃત્તિ यङ्लुबन्तमां કરવી નહીં. જેમકે, अतास्थपत्।

(२) પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો તેથી નવાનો અધિકાર અટકી ગયો.

ऊद् दुषो णौ ४.२.४०

अ.अ.सू. : दुषः धातोः उपान्त्यस्य णौ ऊत्।

अर्थ : दुष् धातुनां उपान्त्य स्वरनो णि प्रत्यय पर छतां ऊ थाय छे.

उदा. दूषयति=ते दूषित करे छे. (दुषंच् वैकृत्ये-१२०९)
प्रयोक्तृ०३.४.२०थी णिग्→दुष्+इ
आ सूत्रथी दीर्घ ऊ→**दूषि**
तिव् वगेरे→**दूषयति**।

विशेषता :

(१) अहीं दुष् ए प्रमाणे धातुनां स्वरूपनुं ग्रहण कर्युं छे. तेथी **धातोः स्वरुपग्रहणे तत्प्रत्यये कार्यविज्ञानम् १/२६** न्यायनी प्रवृत्ति थाय छे. आ न्याय द्वारा धातुनां स्वरूपनां उच्चारण पूर्वक जे कार्य जे प्रत्यय पर छतां कह्युं होय ते कार्य ते धातुथी ज प्रत्यय पर छतां थाय छे. पण अन्य प्रकृतिथी नहीं. तेथी णि प्रत्यय पर छतां दूष् धातुथी कार्य दर्शाव्युं छे. तो क्विप् प्रत्ययान्त दुष् धातुथी णिज्बहुलं०३.४.४२थी जे दुषयति प्रयोग थाय छे, तेमां थशे नहीं.

(२) अहीं पूर्वसूत्रथी णौनो अधिकार आवतो ज हतो. परंतु आ सूत्रमां जे णौनुं ग्रहण कर्युं छे. ते ङ पदमां छे जेने एवा विशेषणनो बाध करे छे. तेथी ङ प्रत्यय पर छतां आ सूत्रथी दीर्घादेश थशे नहीं अने सामान्य णिनुं ग्रहण थाय छे.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો ङ પ્રત્યય પર છતાં ण्यन्त એવા दूष् ધાતુમાં હ્રસ્વ સ્વર માનતાં નથી. તેથી તેઓનાં મતે अदुदूषत् જેવાં પ્રયોગો થાય છે. અને તેઓનાં મતનો સંગ્રહ કરવા માટે સૂત્રમાં ઊદ્ પદમાં ઉ+ઊ એ પ્રમાણે પ્રશ્લેષ જાણવો.

चित्ते वा ४.२.४१

અ.અ.સૂ. : चित्ते दुषः धातोः उपान्त्यस्य णौ ऊत् वा।

અર્થ : ચિત્ત અર્થક કર્તાવાળાં दुष् ધાતુનાં ઉપાન્ત્ય સ્વરનો णि પ્રત્યય પર છતાં ઊ વિકલ્પે થાય છે.

ઉદા. चैत्रो मनो दूषयति/दोषयति=ચૈત્ર મનને દૂષિત કરાવે છે.
(दुषंच् वैकृत्ये-१२०९)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી વિકલ્પે દીર્ઘ ઊ કરવો. તેથી વિકલ્પે જ્યારે ઊ ન થાય ત્યારે लघोरुपा०४.३.४थी गुण કરવો.

વિશેષતા :

સૂત્રમાં ચિત્તનો નિર્દેશ કર્યો છે. પરંતુ તેનાં દ્વારા તેનાં સમાનાર્થી જેવાં લાગતાં પ્રજ્ઞા વગેરે શબ્દનું પણ ગ્રહણ થાય છે. તેથી પ્રજ્ઞાં दूषयति/दोषयति જેવા પ્રયોગો પણ થાય છે.

गोहः स्वरे ४.२.४२

અ.અ.સૂ. : गोहः धातोः उपान्त्यस्य स्वरे ऊत्।

અર્થ : કરાએલાં ગુણવાળાં गुह् ધાતુનાં ઉપાન્ત્ય વર્ણનો સ્વરાદિ પ્રત્યય પર છતાં ઊ થાય છે.

ઉદા. **निगूहति**=તે છૂપાવે છે. (गुहौग् संवरणे-૧૩૫)
सति ५.२.१९ વગેરેથી तिव्→नि+गुह्+**ति**
कर्त्तर्यनद्०३.४.७१थी शव्→नि+गुह्+**अ**+ति
लघोरुपा०४.३.४थी गुण→नि**गो**हति
આ સૂત્રથી ओનો ऊ→नि**गू**हति।

પ્ર.ઉદા. **गोह इति किम् ? निजुगुहुः**=તેઓએ છૂપાવ્યું.
परोक्षे ५.२.१२ વગેરેથી उस्→नि+गुह्+**उस्**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→नि+**गु**गुह्+उस्
व्यञ्जनस्या०४.१.४४थी ह्नो लोप→नि+गुगुह्+उस्
गहोर्जः ४.१.४०थी ग्नो ज्→नि+**जु**गुहुस्
पदसंज्ञा વગેરે→निजुगुहुः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ગુણ કરાએલાં गुह् ધાતુને વિશે થાય છે. જ્યારે અહીં ગુણ થયેલ નથી. માટે આ સૂત્રથી ऊ થયો નહીં.

भुवो वः परोक्षा-ऽद्यतन्योः ४.२.४३

અ.અ.સૂ. : वः भुवः धातोः उपान्त्यस्य परोक्षा-ऽद्यतन्योः ऊः।

અર્થ : વ્ અન્તવાળાં भू ધાતુનાં ઉપાન્ત્યવર્ણનો પરોક્ષા અને અદ્યતની પ્રત્યય પર છતાં ऊ થાય છે.

સ. : परोक्षा-ऽद्यतन्योः=परोक्षा च अद्यतनी चेति परोक्षा-ऽद्यतन्यौ, तयोरिति।

ઉદા. (૧) **बभूव**=તે થયો. (भू सत्तायाम्-१)
परोक्षे ५.२.१२ વગેરેથી णव्→भू+**अ**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**भू**भू+अ

भू-स्वपो०४.१.७०थी ऊनो ओ→**भ**भू+अ
द्वितीय-तुर्ययोः०४.१.४२थी भ्नो ब्→**ब**भू+अ
नामिनोऽ०४.३.५१थी वृद्धि→**बभौ**+अ
ओदौतोऽ०१.२.२४थी आव्→**बभाव**
आ सूत्रथी आनो ऊ→**बभूव**।

(२) **अभूवन्**=तेओ थया.
अद्यतनी ५.२.४ वगेरेथी अन्→भू+**अन्**
सिजद्यत०३.४.५३थी सिच्→भू+**स्**+अन्
पिबैति-दा०४.३.६६थी सिच्नो लोप→भू+अन्
धातोरिवर्णो०२.१.५१थी ऊनो उव्→**भुव**न्
आ सूत्रथी उनो ऊ→**भूव**न्
अड् धातो०४.४.२९थी अट् आगम→**अ**भूवन्।

प्र.उदा. व इति किम् ?

(१) **बभूवान्**=ते थयो.
तत्र क्वसु०५.२.२थी क्वसु→भू+**वस्**
द्वित्व वगेरे→**ब**भू+वस्
प्रथमा सि वगेरे→बभू**वान्**।

(२) **अभूत्**=ते थयो.
अद्यतनी ५.२.४ वगेरेथी दि→भू+**त्**
सिजद्यत०३.४.५३थी सिच्→भू+**स्**+त्
पिबैति-दा०४.३.६६थी सिच्नो लोप→भूत्
अड् धातो०४.४.२९थी अट् आगम→**अ**भूत्।

★ આ સૂત્રની પ્રવૃત્તિ व् અંતવાળાં भू ધાતુને વિશે થાય છે. જ્યારે અહીં व् અંતવાળો भू ધાતુ નથી. માટે આ સૂત્રથી ऊ થયો નહીં.

વિશેષતા :

સૂત્રમાં વ્કારાન્ત ભૂનો નિર્દેશ કર્યો છે. પરંતુ ધાતુપાઠમાં વ્કારાન્ત ભૂવ્ ધાતુ વિદ્યમાન જ નથી. તેથી ગુણ-વૃદ્ધિ અને उव् આદેશ વગેરે કાર્યો કરાતે છતે પ્રાપ્ત થનારાં વ્કારાન્ત ભૂનો નિર્દેશ જાણવો.

જિ. : અહીં બભૂવ વગેરે ઉદા.માં સ્વરાદિ પ્રત્યય પર છતાં જ ગુણ-વૃદ્ધિ આદિ કાર્ય થતાં વ્કારાન્તપણાનું ગ્રહણ થાય છે. તો સૂત્રમાં વ્કારાન્ત ધાતુનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : વસ્તુતઃ આ સૂત્રથી થતું કાર્ય ગુણ-વૃદ્ધિ આદિ કાર્યની પછી પણ પ્રવર્તી શકે છે. એમ હોવાથી નિત્ય સૂત્ર છે. અને વિશેષ વિધાન કરનાર હોવાથી અપવાદ સૂત્ર પણ છે. તેથી જો સૂત્રમાં માત્ર भू ધાતુનો જ નિર્દેશ કરવામાં આવે તો ગુણ-વૃદ્ધિ આદિનો બાધ થતાં भू ધાતુનાં ઉપાન્ત્ય ઋનો જ દીર્ઘ ऊ થવાનો અનિષ્ટ પ્રસંગ આવે. તેથી તેનો બાધ કરવા માટે વ્કારાન્ત નિર્દેશ કરેલ છે.

गम-हन-जन-खन-घसः स्वरेऽनङि क्ङिति लुक् ४.२.४४

અ.અ.સૂ. : गम-हन-जन-खन-घसः धातोः उपान्त्यस्य अनङि स्वरे क्ङिति लुक्।

અર્થ : गम्, हन्, जन्, खन् અને घस् ધાતુનાં ઉપાન્ત્યવર્ણનો अङ् સિવાયનાં સ્વરાદિ कित्-ङित् પ્રત્યય પર છતાં લોપ થાય છે.

સ. : (૧) **गम-हन-जन-खन-घसः**=गमश्च हनश्च जनश्च खनश्च घस् चेति गमहनजनखनघस्, तस्येति।

(૨) **अनङि**=न अङ् इति अनङ्, तस्मिन्निति।

(૩) **क्ङिति**=क् च ङ् चेति क्ङौ, क्ङौ इतौ यस्य स इति क्ङित्, तस्मिन्निति।

ઉદા. (૧) **जग्मुः**=તેઓ ગયા. (गम्लृं गतौ-૩૧૬)
परोक्षे ५.२.१२ વગેરેથી उस्→गम्+**उस्**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**गम्**गम्+उस्
व्यञ्जनस्या०४.१.४४थी म्નો લોપ→गगम्+उस्
गहोर्जः ४.१.४०थी ग्નો ज्→**ज**गम्+उस्
આ સૂત્રથી गનાં अનો લોપ→**ज**ग्मुस्
પદસંજ્ઞા વગેરે→जग्मुः।

(૨) **जघ्नुः**=તેઓએ માર્યું. (हनंक् हिंसा०११००)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. અને ધાતુનું દ્વિત્વ થયા બાદ ધાતુનાં હ્નો અડે हि०४.१.३४थी घ् કરવો.

(૩) **जज्ञे**=તે ઉત્પન્ન થયો. (जनैचि प्रादुर्भावे०१२६५)
परोक्षे ५.२.१२ વગેરેથી ए→जन्+**ए**
પૂર્વ પ્રમાણે દ્વિત્વ વગેરે થતાં→**ज**जन्+ए
इन्ध्यसंयोगात्०४.३.२१थी એનો **कित्वत्**ભાવ.
આ સૂત્રથી ઉપાન્ત્ય અનો લોપ→**ज**ज्न्+ए
म्નાં धुड्वर्गे०१.३.३९थी નોનો ञ्→**ज्ञे**।

(૪) **चख्नुः**=તેઓએ ખોદ્યું. (खनूग् अवदारणे-९१३)

(૫) **जक्षुः**=તેઓએ ખાધું. (घस्लृं अदने-५४४)
આ ઉદા.ની સાધનિકા जग्मुः પ્રમાણે જાણવી.

(૬) **घ्नन्ति**=તેઓ હણે છે. (हनंक् हिसा०११००)
सति ५.२.१९ વગેરેથી अन्ति→हन्+**अन्ति**
शिदवित् ४.३.२०થી अन्तिનો **ङित्वत्**ભાવ.
આ સૂત્રથી ઉપાન્ત્ય અનો લોપ→**ह्न्**+अन्ति
हनो ह्नो०२.१.११२થી घ्न्→**घ्नन्ति**।

પ્ર.ઉદા. (૧) **स्वर इति किम् ? गम्यते**=જવાય છે.
सति ५.२.१९ વગેરેથી ते→गम्+**ते**
क्यः शिति ३.४.७०થી क्य→**गम्यते**।
આ સૂત્રની પ્રવૃત્તિ સ્વરાદિ પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં સ્વરાદિ પ્રત્યય નથી. માટે આ સૂત્રથી અનો લોપ થયો નહીં.

(૨) **अनङीति किम् ? अगमत्**=તે ગયો.
અદ્યતની ५.२.४ વગેરેથી दि→गम्+**त्**
लृदिद्-द्युतादेः०३.४.६२થી अङ्→गम्+**अ**+त्
अङ् धातो०४.४.२९થી अट् આગમ→**अ**गमत्।

★ આ સૂત્રમાં अङ् પ્રત્યયનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી ઉપાન્ત્ય અનો લોપ થયો નહીં.

(૩) **क्ङन्तीति किम् ? गमनम्**=જવું.
अनट् ५.३.००થી अनट्→गम्+**अन**
પ્રથમા सि વગેરે→गमन**म्**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ कित्-ङित् પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં कित्-ङित् સિવાયનાં પ્રત્યય હોવાથી આ સૂત્રથી ઉપાન્ત્ય અનો લોપ થયો નહીં.

नो व्यञ्जनस्याऽनुदितः ४.२.४५

અ.અ.સૂ. : अनुदितः व्यञ्जनस्य धातोः उपान्त्यस्य नः क्ङिति लुक्।

અર્થ : उ ईत् વિનાનાં વ્યંજનાન્ત ધાતુનાં ઉપાન્ત્ય ન્નો કિત્-ઙિત્ પ્રત્યય પર છતાં લોપ થાય છે.

સ. : अनुदितः=उ इत् यस्य स इति उदित्, न उदिदिति अनुदित्, तस्येति।

ઉદા. (૧) स्रस्तः=ઢીલું કરાએલ. (स्रंसूङ् अवस्रंसने-૯૫૩)
क्त-क्तवतू ५.१.१७४थी क्त→स्रंस्+**त**
આ સૂત્રથી ન્નો લોપ→**स्रस्त**
પ્રથમા સિ વગેરે→स्रस्तः।

(૨) **सनीस्रस्यते**=તે વારંવાર ઢીલું કરે છે.
व्यञ्जनादेरेक०३.४.૯થી यङ्→स्रंस्+**य**
सन्यङ०४.१.३थी द्वित्व→**स्रंस्**स्रंस्+य
व्यञ्जनस्या०४.१.४४थी अनुस्वारનો લોપ→**स**स्रंस्+य
वञ्च-स्रंस०४.१.५०थी नी આગમ→**सनी**स्रंस्+य
આ સૂત્રથી ધાતુનાં ન્નો લોપ→सनी**स्र**स्य
તે વગેરે→सनीस्रस्य**ते**।

પ્ર.ઉદા. (૧) व्यञ्जनस्येति किम् ? नीयते=તેનાં વડે લઈ જવાય છે.
(णींग् प्रापणे-८८४)
सति ५.२.१९ વગેરેથી ते→नी+**ते**
क्यः शिति ३.४.७०थी क्य→**नीय**ते।

★ આ સૂત્રની પ્રવૃત્તિ વ્યંજનાન્ત ધાતુથી થાય છે. જ્યારે અહીં સ્વરાન્ત ધાતુ છે. માટે આ સૂત્રથી ન્નો લોપ થયો નહીં.

(२) **अनुदित इति किम् ? नानन्द्यते**=તે ઘણો સમૃદ્ધ થાય છે. (टुनदौ समृद्धौ-३१२)
व्यञ्जनादेरेक०३.४.९थी यङ्→नद्+**य**
उदितः स्वरा०४.४.९८थी न् आगम→**नन्द्**+य
सन्यङ०४.१.३थी द्वित्व→**न**नन्द्+य
आगुणा०४.१.४८थी अनो आ→**ना**नन्द्य
ते वगेरे→नानन्द्यते।

★ આ સૂત્રમાં उ ईत् વાળાં ધાતુનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી न्નો લોપ થયો નહીં.

अञ्चोऽनर्चायाम् ४.२.४६

અ.અ.સૂ. : अनर्चायाम् अञ्चः धातोः उपान्त्यस्य नः क्ङिति लुक्।

અર્થ : અર્ચા સિવાયનાં અર્થમાં अञ्च् ધાતુનાં ઉપાન્ત્ય न्નો ङित्-ङित् પ્રત્યય પર છતાં લોપ થાય છે.

સ. : अनर्चायाम्=न अर्चा इति अनर्चा, तस्यामिति।

ઉદા. (१) उदक्तमुदकं कूपात्=કૂવામાંથી પાણી કાઢ્યું. (अञ्चूग् गतौ-८९०)
क्त-क्तवतू ५.१.१७४थी क्त→उद्+अञ्च्+**त**
આ સૂત્રથી न्નો લોપ→उदच्+त
चजः०२.१.८६थी च्નો क्→उदक्त
પ્રથમા સિ વગેરે→उदक्तम्

પ્ર.ઉદા. अनर्चायामिति किम् ? अञ्चिता गुरवः=ગુરુઓ પૂજાયા.
ज्ञानेच्छाऽर्चा०५.२.९२थी क्त→अञ्च्+**त**

लुभ्यञ्चे०४.४.४४थी इट्→अञ्चित
प्रथमा जस् वगेरे→**अञ्चिताः**।

★ આ સૂત્રમાં અર્ચા અર્થનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી न्નो લોપ થયો નહીં.

વિશેષતા :

જિ. : પૂર્વે વ્યञ્જન०૪.૨.૪૫ સૂત્રથી अञ्च् ધાતુનાં न्નાં લોપની પ્રાપ્તિ હતી જ. તો આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : આ સૂત્રનાં નિર્દેશ દ્વારા **सिद्धे सत्यारम्भो०१/२५** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી નિયમ થયો કે, अञ्च् ધાતુથી અનર્ચા અર્થમાં જ न्નો લોપ થશે. પરંતુ અર્ચા અર્થમાં નો વ્યञ્જન० ૪.૨.૪૫થી પણ न्નો લોપ થશે નહીં.

लङ्गि-कम्प्योरुपतापा-ऽङ्गविकृत्योः ४.२.४७

અ.અ.સૂ. : **उपतापा-ऽङ्गविकृत्योः लङ्गि-कम्प्योः धात्वोः उपान्त्यस्य नः क्ङिति लुक्।**

અર્થ : ઉપતાપ અને અંગવિકાર અર્થમાં વર્ત્તતાં लङ्ग् અને कम्प् ધાતુનાં ઉપાન્ત્ય न्નો कित्-ङित् પ્રત્યય પર છતાં લોપ થાય છે.

સ. : (૧) **लङ्गि-कम्प्योः**=लङ्गिश्च कम्पिश्चेति लङ्गिकम्पी, तयोरिति।
(૨) **उपतापा-ऽङ्गविकृत्योः**=अङ्गस्य विकृतिरिति अङ्गविकृतिः, उपतापश्च अङ्गविकृतिश्चेति उपतापा-ऽङ्गविकृती, तयोरिति।

ઉદા. (૧) **विलगितः**=રોગ વડે સંતાપ પામ્યો. (लगु गतौ-७९)
क्त-क्तवतू ५.१.१७४थी क्त→वि+लग्+**त**
उदितः स्वरा०४.४.९८थी न् आगम→वि+लन्ग्+त

म्नां धुड्वर्गे०१.३.३९थी न्नो ङ्→वि+**लङ्ग्**+त
आ सूत्रथी न्नो लोप→वि+लग्+त
स्ताद्यशितो०४.४.३२थी इट्→विल**गित**
प्रथमा सि वगेरे→विलगितः।

(२) **विकपितः**=अंगो कंप युक्त थया. (कपुङ् चलने-७५७)
आ उदा.नी साधनिका पूर्व प्रमाणे जाणवी.

प्र.उदा. उपतापाऽङ्गविकृत्योरिति किम् ?

(१) **विलङ्गितः**=गयेलो.

(२) **विकम्पितः**=चलित थयेलो.
आ उदा.नी साधनिका पूर्व प्रमाणे जाणवी. परंतु न्नो लोप करवो नहीं.

★ आ सूत्रनी प्रवृत्ति उपताप अने अंगनी विकृति अर्थमां वर्त्ततां धातुथी थाय छे. ज्यारे अहीं उपताप अने अंग विकृति अर्थ नथी. माटे आ सूत्रथी न्नो लोप थयो नहीं.

विशेषता :

(१) सूत्रमां स्थानीने बतावतां लङ्गि-कम्प्योः अने निमित्तने बतावतां उपतापा-ऽङ्गविकृत्योः पदनां वचन अने संख्या समान होवाथी **यथासङ्ख्य०१/१०** न्यायानुसारे ते बंने वच्चे अनुक्रमनी प्राप्ति थाय छे.

(२) सामान्यतः सूत्रगत पदो **सूत्रत्वात् समाहारः** नियमानुसारे ए.व. करीने पण समान वचन द्वारा अनुक्रमनी प्राप्ति करी शकाय छे. परंतु अहीं लङ्गि-कम्पि धातुने उपताप अने अंगविकार अर्थनी साथे-साथे पूर्वसूत्रथी

આવતાં કિત્-ઙિત્ પ્રત્યયની સાથે પણ અનુક્રમનું ગ્રહણ ન થઈ જાય તે માટે દ્વિવચનનો નિર્દેશ કર્યો છે.

(૩) અહીં लङ्ग् અને कम्प् ધાતુ ઉ ઈત્વાળો હોવાથી નો વ્યઞ્જન૦૪.૨.૪૫થી न् નાં લોપની પ્રાપ્તિ ન હતી. તેની પ્રાપ્તિ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ કર્યો છે.

भञ्जेर्ञौ वा ૪.૨.૪૮

અ.અ.સૂ. : भञ्जेः धातोः उपान्त्यस्य नः ञौ लुक् वा।

અર્થ : भञ्ज् ધાતુનાં ઉપાન્ત્ય न्નો ञि પ્રત્યય પર છતાં લોપ વિકલ્પે થાય છે.

ઉદા. अभाजि/अभञ्जि=ભાંગી નંખાયું. (भञ्जौप् आमर्दने-૧૪૮૬)
અદ્યતની ૫.૨.૪ વગેરેથી दि→भञ्ज्+**त्**
भाव-कर्मणोः ૩.૪.૬૮થી ञिच् અને त्નો લોપ→भञ्ज्+**इ**
આ સૂત્રથી न्નો લોપ→भज्+इ
ञ्णिति ૪.૩.૫૦ वृद्धि→**भा**जि
अड् धातो૦૪.૪.૨૯થી अट् आगम→**अ**भाजि।
વિકલ્પે : આ સૂત્રથી न्નો લોપ ન થાય ત્યારે, अभञ्जि।

दंश-सञ्जः शवि ૪.૨.૪૯

અ.અ.સૂ. : दंश-सञ्जः धातोः उपान्त्यस्य नः शवि लुक्।

અર્થ : दंश् અને सञ्ज् ધાતુનાં ઉપાન્ત્ય न्નો शव् પ્રત્યય પર છતાં લોપ થાય છે.

સ. : दंश-सञ्जः=दंशश्च सञ्ज् चेति दंशसञ्ज्, तस्येति।

ઉદા. (૧) **दशति**=તે ડંખે છે. (दंशं दशने-૪૯૬)
सति ૫.૨.૧૯ વગેરેથી तिव्→दंश्+**ति**
कर्त्तर्यनद्०૩.૪.૭૧થી शव्→दंश्+**अ**+ति
આ સૂત્રથી ન્નો લોપ→दशति।

(૨) **सजति**=તે સંગ કરે છે. (षञ्जं सङ्गे-૧૭૩)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે કરવી.

વિશેષતા :

અન્યત્ર જે रजः, रजनिः, रजनम् જેવા પ્રયોગો દેખાય છે. તે ઉણાદિ સંબંધી कित् પ્રત્યયાન્ત જાણવાં. તેથી તેવાં પ્રયોગોમાં નો व्यञ्जन०૪.૨.૪૫થી જ ન્નો લોપ થયો છે.

જિ. : પૂર્વે નો व्यञ्जन०૪.૨.૪૫ સૂત્રથી कित्-ङित् પ્રત્યય પર છતાં ઉપાન્ત્ય ન્ નાં લોપનું વિધાન કર્યું છે. તો दंश् અને सञ्ज् ધાતુને પણ ધાતુપાઠમાં તુદાદિ ગણ સંબંધી દર્શાવી ङित् એવો श પ્રત્યય પર છતાં નો व्यञ्जन०૪.૨.૪૫ સૂત્રથી ન્નો લોપ થઈ શકે, તો આ રીતે ભ્વાદિમાં નિર્દેશ કરીને આ સૂત્રની પ્રવૃત્તિ રૂપ ગૌરવ શા માટે કર્યું ?

સમા. : અહીં તુદાદિ ગણનો નિર્દેશ કરીને श પ્રત્યય પર છતાં ન્નો લોપ તો થઈ જાય પરંતુ श्य-शवः ૨.૧.૧૧૫ સૂત્રથી अत् પ્રત્યયનાં નિત્ય अन्त् આદેશની પ્રાપ્તિ થશે નહીં. તેની પણ પ્રાપ્તિ કરવા માટે આ પ્રમાણે ભ્વાદિ ગણમાં નિર્દેશ કરીને આ સૂત્રની પ્રવૃત્તિ કરવામાં આવે છે. જે યથાયોગ્ય જ છે. તેથી दशन्ती, सजन्ती જેવા પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

अकट्-घिनोश्च रञ्जेः ४.२.५०

અ.અ.સૂ. : रञ्जेः धातोः उपान्त्यस्य नः अकट्-घिनोः च(शवि) लुक्।

અર્થ : રञ્જ્ ધાતુનાં ઉપાન્ત્ય ન્નો અકટ્, ઘિનણ્ અને શવ્ પ્રત્યય પર છતાં લોપ થાય છે.

સ. : अकट्-घिनोः=अकट् च घिन् चेति अकट्-घिनौ, तयोरिति।

ઉદા. (૧) **रजकः**=ધોબી. (रञ्जीं रागे-८९६)
નૃત્૦૫.૧.૬૫થી અકટ્→રञ્જ્+**अक**
આ સૂત્રથી ન્નો લોપ→રજક
પ્રથમા સિ વગેરે→रजकः।

(૨) **रागी**=રાગવાળો.
યુજ-ભુજ૦૫.૨.૫૦થી ઘિનણ્→રञ્જ્+**इन्**
આ સૂત્રથી ન્નો લોપ→રજ્+ઇન્
ञ્ણિતિ ૪.૩.૫૦થી વૃદ્ધિ→**राजिन्**
ક્તેઽનિટ૦૪.૧.૧૧૧થી જ્નો ગ્→**रागिन्**
પ્રથમા સિ વગેરે→**रागी**।

(૩) **रजति**=તે રંગે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ દશતિ પ્રમાણે જાણવી.

વિશેષતા :

યદ્યપિ અકટ્-ઘિનોઃનાં ગ્રહણથી પૂર્વસૂત્રથી આવતો શવિનો અધિકાર અટકી જાય છે. પરંતુ **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति ૨/૬૧** ન્યાયાનુસારે સપ્તમ્યન્ત નિર્દિષ્ટ અકટ્-ઘિનોઃને

સજાતીય શવિનો અધિકાર ગ્રહણ કરાય છે. પરંતુ **चानुकृष्टं नाऽनुवर्त्तते** ૨/૬૨ ન્યાયાનુસારે શવિનો અધિકાર ઉત્તર સૂત્રમાં જશે નહીં.

णौ मृगरमणे ४.२.५१

અ.અ.સૂ. : रञ्जेः धातोः उपान्त्यस्य नः णौ मृगरमणे लुक्।

અર્થ : રઞ્જ્ ધાતુનાં ઉપાન્ત્ય ન્નો णि પ્રત્યય પર છતાં મૃગનું રમવું અર્થમાં લોપ થાય છે.

સ. : मृगरमणे=मृगाणां रमणमिति मृगरमणम्, तस्मिन्निति।

ઉદા. (૧) रजयति मृगं व्याधः=શિકારી મૃગને રમાડે છે.
આ ઉદા.ની સાધનિકા ૪.૨.૨૫ સૂત્રમાં દર્શાવેલ છે.

પ્ર.ઉદા. मृगरमण इति किम् ? रञ्जयति रजको वस्त्रम्=ધોબી વસ્ત્રને રંગે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી ન્નો લોપ કરવો નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ મૃગરમણ અર્થમાં થાય છે. જ્યારે અહીં મૃગરમણ અર્થ નથી. માટે આ સૂત્રથી ન્નો લોપ થયો નહીં.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો મૃગરમણથી અન્ય અર્થમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. તેથી તેઓનાં મતે रजयति मनुष्यान् ઈત્યાદિ પ્રયોગો પણ થાય છે.

घञि भाव-करणे ४.२.५२

अ.अ.सू. : रञ्जेः धातोः उपान्त्यस्य नः भावकरणे घञि लुक्।

अर्थ : रञ्ज् धातुनां उपान्त्य न्नो, भाव अने करणमां विहित घञ् प्रत्यय पर छतां लोप थाय छे.

स. : भावकरणे=भावश्च करणं चेति भावकरणम्, तस्मिन्निति।

उदा. रागः=रंगवुं/जेना वडे राग कराय ते साधन.

भावाऽकर्त्रोः ५.३.१८थी भाव-करणमां घञ्→रञ्ज्+**अ**

आ सूत्रथी न्नो लोप→रज्+अ

ञ्णिति ४.३.५०थी वृद्धि→**राज**

क्तेऽनिट०४.१.१११थी ज्नो ग्→**राग**

प्रथमा सि वगेरे→रागः।

प्र.उदा. भावकरण इति किम् ? रङ्गः=रंगवानुं पात्र.

आ उदा.नी साधनिका पूर्व प्रमाणे जाणवी. परंतु आ सूत्रथी न्नो लोप करवो नहीं.

★ आ सूत्रनी प्रवृत्ति भाव-करणमां विहित घञ् प्रत्यय पर छतां थाय छे. ज्यारे अहीं आधारमां विहित घञ् छे. माटे आ सूत्रथी न्नो लोप थयो नहीं.

स्यदो जवे ४.२.५३

अ.अ.सू. : जवे स्यदः निपात्यते।

अर्थ : वेग अर्थ जणाते छते घञ् प्रत्यय पर छतां स्यन्द् धातुनां उपान्त्य न्नो लोप वृद्धिनो अभाव निपातन थई स्यदः प्रयोग थाय छे.

ઉદા. **गोस्यदः**=બળદનો વેગ. (स्यन्दौङ् स्रवणे-૧૫૬)
ભાવા-ઽકર્ત્રોઃ ૫.૩.૧૮થી घञ्→गो+स्यन्द्+**अ**
આ સૂત્રથી न्નો લોપ અને વૃદ્ધિનો અભાવ→**गोस्य**द
પ્રથમા સિ વગેરે→गोस्यदः।

પ્ર.ઉદા. **जव इति किम् ? घृतस्यन्दः**=ઘીનું ટપકવું.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી न्નો લોપ કરવો નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ વેગ અર્થમાં થાય છે. જ્યારે અહીં વેગ અર્થ નથી. માટે આ સૂત્રથી न्નો લોપ વગેરે નિપાતનથી થતાં કાર્યો થયાં નહીં.

दशना-ऽवोदैधौद्म-प्रश्रथ-हिमश्रथम् ૪.૨.૫૪

અ.અ.સૂ. : दशना-ऽवोदै-धोद्म-प्रश्रथ-हिमश्रथं निपात्यन्ते।

અર્થ : દશન, અવોદ, એધ, ઓદ્મ, અને હિમશ્રથ પ્રયોગો કરાએલાં न्નાં લોપ વગેરે વાળાં નિપાતન પામે છે.

સ. : दशना-ऽवोदैधोद्म-प्रश्रथ-हिमश्रथम्=दशनश्च अवोदश्च एधश्च ओद्मश्च प्रश्रथश्च हिमश्रथश्चेति।

ઉદા. (૧) **दशनम्**=ડંખવું, કરડવું. (दंशं दंशने-૪૯૬)
करणा-ऽऽधारे ૫.૩.૧૨૯થી अनट्→दंश+**अन**
આ સૂત્રથી न्નો લોપ→दशन
પ્રથમા સિ વગેરે→दश**नम्**।

(૨) **अवोदः**=ભીનું થવું. (उन्दैप् क्लेदने-૧૪૯૧)
ભાવા-ઽકર્ત્રોઃ ૫.૩.૧૮થી घञ्→अव+उन्द्+**अ**
આ સૂત્રથી न्નો લોપ અને વૃદ્ધિનો અભાવ→**अवो**द
પ્રથમા સિ વગેરે→अवोदः।

(૩) **एधः**=લાકડું (ञिइन्धैपि दीप्तौ-१४९८)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૪) **ओद्म**=ભીંજવનાર. (उन्दैप् क्लेदने-१४९१)
(ઉણાદિ-९११)થી मन→उन्द्+**मन्**
આ સૂત્રથી न्નો લોપ→उद्+मन्
लघोरुपा०४.३.४થી ગુણ→**ओ**द्मन्
પ્રથમા સિ વગેરે→ओद्म।

(૫) **प्रश्रथः**=ઢીલું થવું. (श्रथुङ् शैथिल्ये-७१८)
भावा-ऽकर्त्रोः ५.३.१८થી घञ्→प्र+श्रन्थ्+**अ**
આ સૂત્રથી न्નો લોપ→प्रश्रथ
પ્રથમા સિ વગેરે→प्रश्रथः।

(૬) **हिमश्रथः**=બરફનું ઓગળવું.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

यमि-रमि-नमि-गमि-हनि-मनि-वनति-तनादेर्धुटि क्ङिति ४.२.५५

અ.અ.સૂ. : यमि-रमि-नमि-गमि-हनि-मनि-वनति-तनादेः धातोः धुटि क्ङिति लुक्।

અર્થ : यम्, रम्, नम्, गम्, हन्, मन्, वन् અને तन् વગેરે ધાતુનાં અન્ત્યવર્ણનો ધુડાદિ ક્ઙિત્-ઙિત્ પ્રત્યય પર છતાં લોપ થાય છે.

સ. : (૧) यमि-रमि-नमि-गमि-हनि-मनि-वनति-तनादेः=तन् आदि येषां ते इति तनादयः यमिश्च रमिश्च नमिश्च गमिश्च हनिश्च मनिश्च वनतिश्च तनादयश्चेति यमि-रमिनमिगमिहनिमनि-वनतितनादिः, तस्येति।

(२) **क्ङिति**=क् च ङ् चेति क्ङौ, क्ङौ इतौ यस्य स क्ङित्, तस्मिन्निति।

ઉદા. (१) **यतः**=અટકેલો. (यमूं उपरमे-३८६)
क्त-क्तवतू ५.१.१७४थी क्त→यम्+**त**
આ સૂત્રથી म्नो लोप→यत
प्रथमा सि वगेरे→यतः।

(२) **रत्वा**=રમીને. (रमिं क्रीडायाम्-९८९)
प्राक्काले ५.४.४७थी क्त्वा→रम+**त्वा**
આ સૂત્રથી म्नो लोप→रत्वा
प्रथमा सि वगेरे→रत्वा।

(३) **नतिः**=નમસ્કાર. (णमं प्रह्वत्वे-३८८)
स्त्रियां क्तिः ५.३.९१थी क्ति→नम्+**ति**
આ સૂત્રથી म्नो लोप→नति
प्रथमा सि वगेरे→नतिः।

(४) **गतः**=ગયો. (गम्लृं गतौ-३९६)

(५) **हतः**=હણાયો. (हनंक् हिंसा०११००)

(६) **मतः**=જણાયો. (मनिंच् ज्ञाने-१२६३)

(७) **वतिः**=ખોલવું. (वन भक्तौ-३२९)

(८) **ततः**=વિસ્તારેલું. (तनूयि विस्तारे-१४९९)

(९) **क्षतः**=ઘવાએલું (क्षणूग् हिंसायाम्-१५०१)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **धुटीति किम् ? यम्यते**=તેનાં વડે અટકાવાય છે.
सति ५.२.१९ वगेरेथी ते→यम्+**ते**
क्यः शिति ३.४.७०थी क्य→यम्**यते**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ધુડાદિ પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં ધુડાદિ પ્રત્યય નથી. માટે આ સૂત્રથી મ્નો લોપ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં તનાદિ ગણનો પૃથક્ નિર્દેશ કર્યો છે તેથી મનિં च्-૧૨૬૩ એ પ્રમાણે દિવાદિ ગણ સંબંધી मन् ધાતુનું જ ગ્રહણ કરવું.

(૨) સૂત્રનિર્દિષ્ટ વનતિ અને તનાદિ પદમાં ધાતુનો તિવ્ પ્રત્યય સહિત અને ગણ સ્વરૂપે નિર્દેશ હોવાથી **तिवाशवानु बन्धेन० ૧/૧૮** ન્યાયાનુસારે યઙ્લુબન્તમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. જેમકે, वंवान्तः, तंतान्तः।

यपि ૪.૨.૫૬

અ.અ.સૂ. : यमि-रमि-नमि-गमि-हनि-मनि-वनति-तनादेः धातोः यपि लुक्।

અર્થ : हन्, मन्, वन् અને तन् વગેરે ધાતુનાં અન્ત્યવર્ણનો यप् પ્રત્યય પર છતાં લોપ થાય છે.

ઉદા. (૧) **प्रहत्य**=હણીને. (हनंक् हिंसा०૧૧००)
પ્રાક્કાલે ૫.૪.૪૭થી क्त्वा→प्र+हन्+**त्वा**
अनञः क्त्वो०૩.૨.૧૫૪થી यप्→प्रह+हन्+**य**
આ સૂત્રથી न्નો લોપ→प्र+ह+य
ह्रस्वस्य तः०૪.૪.૧૧૩થી त् આગળ→प्रहत्य।

(૨) **प्रमत्य**=સમજીને. (मनिंच् ज्ञाने-૧૨૬૩) (मनूयि बोधने-૧૫०૭)

(૩) **प्रवत्य**=બોલીને. (वन शब्दे-૩૨૮) (वन भक्तौ-૩૨૯)

(૪) **प्रतत्य**=વિસ્તાર કરીને. (तनूयि विस्तारे-૧૪૮૯)

(૫) **प्रसत्य**=દાન આપીને. (षणूयि दाने-૧૫૦૦)

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, આ સૂત્રથી પૂર્વસૂત્ર નિર્દિષ્ટ ધાતુનાં અન્ત્ય લોપનું વિધાન છે. અને તે ધાતુઓ માત્ર ન્કારાન્ત અને મ્કારાન્ત જ છે. પરંતુ वा मः ૪.૨.૫૭ એ પ્રમાણે ૫૨ સૂત્ર દ્વારા મ્કારાન્ત ધાતુની પ્રવૃત્તિ દર્શાવી હોવાથી આ સૂત્ર માત્ર ન્કારાન્ત ધાતુનાં વિષયમાં જ પ્રવર્તે છે.

वा मः ૪.૨.૫૭

અ.અ.સૂ. : यमि-रमि-नमि-गमि-हनि-मनि-वनति-तनादेः धातोः मः यपि लुक् वा।

અર્થ : यम्, रम्, नम् અને गम् ધાતુનાં મ્નો यप् પ્રત્યય ૫૨ છતાં લોપ વિકલ્પે થાય છે.

ઉદા. (૧) **प्रयत्य/प्रयम्य**=નિગ્રહ કરીને. (यमूं उपरमे-૩૮૬)

(૨) **विरत्य/विरम्य**=વિરામ કરીને. (रमिं क्रीडायाम्-૯૮૯)

(૩) **प्रणत्य/प्रणम्य**=નમસ્કાર કરીને. (णमं प्रह्वत्वे-૩૮૮)

(૪) **आगत्य/आगम्य**=આવીને. (गम्लृं गतौ-૩૯૬)

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ મ્નો લોપ આ સૂત્રથી વિકલ્પે કરવો.

गमां क्वौ ४.२.५८

अ.अ.सू. : गमां धातोः क्ङिति क्वौ लुक्।

अर्थ : गम् वगेरे धातुनां अन्त्यवर्णनो कित् એवो क्विप् प्रत्यय પર છતાં લોપ થાય છે.

ઉદા. (१) **जनङ्गत्**=લોકની સાથે મળતાવડો. (गम्लृं गतौ-३९६)
क्विप् ५.१.१४८थी क्विप्→जन+गम्+०
पृषोदरादयः ७.२.१५५थी म् આગમ→**जनम्**+गम्+०
આ સૂત્રથી म्નો લોપ→जनम्+ग
ह्रस्वस्य०४.४.११७थी त् આગમ→जनम्+**गत्**
तौ मु-मो०१.७.१४थी म्નો ङ्→**जनङ्गत्**।

(२) **संयत्**=સંયમી. (यमूं उपरमे-३८६)

(३) **सुमत्**=સારો વિચાર કરનાર. (मनूयि बोधने-१५०७)

(४) **सुवत्**=વક્તા. (वनूयि याचने-१५०६)

(५) **परितत्**=ચારે બાજુ ફેલાયેલ. (तनूयि विस्तारे-१४९९)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

(१) અહીં સૂત્રમાં गमाम् એ પ્રમાણે બ.વ.નો નિર્દેશ શિષ્ટ પ્રયોગનાં અનુસરણ માટે છે.

(२) અન્યત્ર જે अग्रेगूः જેવો પ્રયોગ દેખાય છે. તે ઉણાદિ સંબંધી डू પ્રત્યયાન્ત પ્રયોગ જાણવો. ત્યાં डित्यन्त्य०२.१.११४थी અન્ત્ય સ્વરાદિનો લોપ થાય છે.

न तिकि दीर्घश्च ४.२.५९

अ.अ.सू. : यमि-रमि-नमि-गमि-हनि-मनि-वनति-तनादेः धातोः तिकि दीर्घः च(लुक्) न।

अर्थ : यम्, रम्, नम्, गम्, हन्, मन्, वन् अने तन् वगेरे धातुनां अन्त्यवर्णनो दीर्घ अने लोप थतो नथी.

उदा. (१) यन्तिः=अटकवुं. (यमूं उपरमे-३८६)
तिक्कृतौ०५.१.७१थी तिक्→यम्+**ति**
म्नां धुड्वर्गे०१.३.३९थी म्नो न्→**यन्ति**
आ सूत्रथी दीर्घत्व अने लोपनो **निषेध.**
प्रथमा सि वगेरे→यन्तिः।

(२) **रन्तिः**=रमवुं. (रमिं क्रीडायाम्-९८९)

(३) **नन्तिः**=नमवुं. (णमं प्रह्वत्वे-३८८)

(४) **गन्तिः**=जवुं. (गम्लृं गतौ-३९६)

(५) **हन्तिः**=हणवुं. (हनंक् हिंसा०११००)

(६) **मन्तिः**=मानवुं. (मनूयि बोधने-१५०७)

(७) **वन्तिः**=मांगवुं. (वनूयि याचने-१५०६)

(८) **तन्तिः**=विस्तारवुं. (तनूयि विस्तारे-१४९९)
आ उदा.नी साधनिका पूर्व प्रमाणे जाणवी.

विशेषता :

(१) अहीं तनादि गण अंतर्गत क्षण्-१५०१ धातुथी पण आ सूत्रनी प्रवृत्ति थाय छे. परंतु त्यां ण् ए लाक्षणिक होवाथी म्नां धुड्वर्गे० १.३.३९ सूत्र द्वारां न्नो ण् थतां क्षन्तिः ए प्रमाणे प्रयोग थाय छे.

(૨) જો અહીં માત્ર લોપનો જ નિષેધ કર્યો હોત તો અન્ત્ય મ્ અને ન્નો લોપ ન થતાં પંચમ્યન્ત યમ્ વગેરે ધાતુથી અહન્-પઞ્ચમ૦૪.૧.૧૦૭થી દીર્ઘ થવાની પણ પ્રાપ્તિ હતી. તેથી સૂત્રમાં તેનો પણ નિષેધ કરવામાં આવ્યો છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો ક્ષન્તિને ઔપદેશિક પ્રયોગ જ માને છે. તેથી તેઓનાં મતે આ સૂત્રની પ્રવૃત્તિથી ક્ષણ્ટિ એવો પ્રયોગ સિદ્ધ થાય છે.

आः खनि-सनि-जनः ४.२.६०

અ.અ.સૂ. : खनि-सनि-जनः धातोः धुटि क्ङिति आः।

અર્થ : ખન્, સન્ અને જન્ ધાતુનાં અન્ત્યવર્ણનો ધુડાદિ કિત્-ઙિત્ પ્રત્યય પર છતાં આ થાય છે.

સ. : खनि-सनि-जनः=खनिश्च सनिश्च जन् चेति खनिसनिजन्, तस्येति।

ઉદા. (૧) **खातः**=ખોદેલો. (खनूग् अवदारणे-૯૧૩)
क्त-क्तवतू ૫.૧.૧૭૪થી क्त→खन्+**त**
આ સૂત્રથી ન્નો આ→ख+**आ**+त
समानानां૦૧.૨.૧થી દીર્ઘ→**खा**त
પ્રથમા સિ વગેરે→खातः।

(૨) **सातः**=આપેલો. (षणूयि दाने-૧૫૦૦) (षन भक्तौ-૩૩૦)

(૩) **जातः**=ઉત્પન્ન થયેલ. (जनैचि प्रादुर्भावे-૧૨૬૫)

(૪) **जातिः**=ઉત્પન્ન થવું.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. (૧) **क्ङित्तीत्येव→चङ्खन्ति**=તે વારંવાર ખોદે છે.
व्यञ्जनादेरेक०૩.૪.૯થી यङ्→खन्+**य**
सन्यङ०૪.૧.૩થી द्वित्व→खखन्+**य**
द्वितीय-तुर्यर्यो०૪.૧.૪૨થી ख्नो क्→**क**खन्+य
कङश्चञ् ૪.૧.૪૬થી क्नो च्→**च**खन्+य
बहुलं०૩.૪.૧૪થી यङ्नो लोप→चखन्
मुरतोऽनुना०૪.૧.૫૧થી म्→चम्खन्
तौ मु-मो०૧.૩.૧૪થી म्नो ङ्→चङ्खन्
तिव् वगेरे→चङ्खन्ति।

★ આ સૂત્રની પ્રવૃત્તિ કિત્-ઙિત્ પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં કિત્-ઙિત્ પ્રત્યય નથી. માટે આ સૂત્રથી અન્ત્યનો આ થયો નહીં.

(૨) **धुटीत्येव→जनित्वा**=ઉત્પન્ન કરીને.
प्राक्काले ૫.૪.૪૭થી क्त्वा→जन्+**त्वा**
स्ताधशितो०૪.૪.૩૨થી इट्→**जनि**त्वा।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ધુડાદિ પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં इट् આગમ થયો હોવાથી क्त्वा ધુડાદિ રહેતો નથી. માટે આ સૂત્રથી न्नो આ થયો નહીં.

सनि ૪.૨.૬૧

અ.અ.સૂ. : खनि-सनि-जनः धातो धुटि सनि आः।

અર્થ : खन्, सन् અને जन् ધાતુનાં અન્ત્યવર્ણનો ધુડાદિ सन् પ્રત્યય પર છતાં આ થાય છે.

ઉદા. सिषासति=તે આપવાને ઈચ્છે છે. (षण संभक्तौ-૩૩૦) (षणूयि दाने-૧૫૦૦)

तुमर्हादि०३.४.२१थी सन्→सन्+**स**
सन्यङ०४.१.३थी द्वित्व→**स**सन्+स
सन्यस्य ४.१.५९थी अनो इ→**सि**सन्+स
आ सूत्रथी न्नो आ→सिस+**आ**+स
समानानां०१.२.१थी दीर्घ→सि**सा**स
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→सिसा**ष**
तिव् वगेरे→सिसाष**ति**।

प्र.ઉદા. धुटीत्येव→सिसनिषति=તે આપવાને ઈચ્છે છે.

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ इवृध० ४.४.४७થી इट् આગમ કરવો. અને આ સૂત્રથી न्नो आ કરવો નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ધુડાદિ સન્ પર છતાં થાય છે. જ્યારે અહીં ધુડાદિ સન્ પ્રત્યય નથી. માટે આ સૂત્રથી न्नो आ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં પૂર્વસૂત્રથી खन्, सन् અને जन् એમ ત્રણેય ધાતુનું ગ્રહણ થાય છે. પરંતુ खन् અને जन् ધાતુથી इट् થવાનાં કારણે ધુડાદિ સન્ પરમાં આવતો નથી. માટે આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. તેમજ સન્ ધાતુથી પણ इवृध० ४.४.४९થી વિકલ્પે इट् થતી હોવાથી सिसनिषति પ્રયોગ પણ થાય છે.

(૨) અહીં પૂર્વસૂત્રથી कित्-ङित् પ્રત્યયનો અધિકાર આવી રહ્યો છે. પરંતુ ધુડાદિ સન્ પ્રત્યય कित्-ङित् ન હોવાથી અહીં તેનું પ્રયોજન રહેતું નથી. તેથી **संभवे व्यभिचारे च विशेषणमर्थवत् ૨/૫૭** ન્યાયાનુસારે અહીં તેનું

ગ્રહણ કર્યું નથી. અને પરસૂત્રમાં જ તેની અનુવૃત્તિ દર્શાવી છે.

ये नवा ४.२.६२

અ.અ.સૂ. : खनि-सनि-जनः धातोः ये क्ङिति आः नवा।

અર્થ : खन्, सन् અને जन् ધાતુનાં અન્ત્યવર્ણનો यकारादि कित्-ङित् प्रत्यय પર છતાં आ વિકલ્પે થાય છે.

ઉદા. (૧) खायते/खन्यते=તેનાં વડે ખોદાય છે. (खनूग् अवदारणे-९१३)

सति ५.२.१९ વગેરેથી ते→खन्+**ते**

क्यः शिति ३.४.७०થી क्य→खन्+**य**+ते

આ સૂત્રથી न्નો आ→ख+**आ**+य+ते

समानानां०१.२.१થી દીર્ઘ→**खा**यते।

વિકલ્પે : આ સૂત્રથી न्નો आ ન થાય ત્યારે, खन्यते।

(૨) चाखायते/चङ्खन्यते=તે વારંવાર ખોદે છે.

व्यञ्जनादेरेक०३.४.९થી यङ्→खन्+**य**

આ સૂત્રથી न्નો आ→ख+**आ**+य

समानानां०१.२.१થી દીર્ઘ→**खा**य

सन्यङ०४.१.३થી દ્વિત્વ→**खा**खा+य

ह्रस्वः ४.१.३९થી ह्रस्व→**ख**खा+य

द्वितीय तुर्ययोः०४.१.४२થી ख्નો क्→**क**खाय

आ-गुणा०४.१.४८થી अનો आ→**का**खाय

कङश्चञ् ४.१.४६થી क्નો च्→**चा**खाय

વિકલ્પે : આ સૂત્રથી न्નો आ ન થાય ત્યારે,

પૂર્વ પ્રમાણે દ્વિત્વ વગેરે→**च**+खन्+य

मुरतोऽनुना०४.३.५१थी मु आगम→**चमु**खन्+य
तौ मु-मो०१.३.५४थी अनुस्वार→**चङ्**खन्य
ते वगेरे→चाखाय**ते**/चङ्खन्य**ते**।

(૩) **सायते/सन्यते**=તેનાં વડે અપાય છે. (षण संभक्तौ-३३०)
આ ઉદા.ની સાધનિકા खायते પ્રમાણે જાણવી.

(૪) **प्रजाय/प्रजन्य**=ઉત્પન્ન થઈને. (जनैचि प्रादुर्भावे-१२६५)
प्राक्काले ५.४.४७ क्त्वा→प्र+जन्+**त्वा**
अनञः क्त्वो०३.२.१५४थी त्वानो यप्→प्र+जन्+**य**
આ સૂત્રથી न्नो आ विकल्पे→**प्रजा**य/प्रजन्य।

प्र.ઉદા. क्ङितीत्येव→सान्यम्=આપવાં યોગ્ય.
ऋवर्ण०५.१.१७थी घ्यण्→सन्+**य**
ञ्णिति ४.३.५०थी वृद्धि→**सा**न्य
प्रथमा सि वगेरे→सान्य**म्**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ कित्-ङित् પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં घञ् પ્રત્યય છે. માટે આ સૂત્રથી न्नो आ વિકલ્પે થયો નહીં.

વિશેષતા :

અહીં સૂત્રમાં ये એ પ્રમાણે અકારાન્ત यનો સપ્તમ્યન્ત નિર્દેશ કર્યો છે. તેથી, खन्यात्, सन्यात् વગેરે આકારાન્ત या વાળાં પ્રત્યય પર છતાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. જો ગ્રંથકારશ્રીને એવા પ્રત્યયો પણ નિમિત્તતયા અભિપ્રેત હોત તો यि એ પ્રમાણે માત્ર વ્યંજનાન્ત यनો જ સપ્તમ્યન્ત નિર્દેશ કર્યો હોત.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો આકારાન્ત યાવાળાં પ્રત્યય પર છતાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. જેમકે, खायात्, सायात् વગેરે.

तनः क्ये ४.२.६३

અ.અ.સૂ. : तनः धातोः क्ये आः नवा।

અર્થ : तन् ધાતુનાં અન્ત્યવર્ણનો क्य પ્રત્યય પર છતાં આ વિકલ્પે થાય છે.

ઉદા. **तायते/तन्यते**=તેનાં વડે વિસ્તાર કરાય છે. (तनूयि विस्तारे-१४९९)

આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ खायते પ્રમાણે જાણવી. પરંતુ વિકલ્પે न्નો આ આ સૂત્રથી કરવો.

પ્ર.ઉદા. **क्य इति किम् ? तन्तन्यते**=તે ખૂબ વિસ્તારે છે.

આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ चङ्खन्यते પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ क्य પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં क्य પ્રત્યય નથી. માટે આ સૂત્રથી न्નો आ થયો નહીં.

तौ सनस्तिकि ४.२.६४

અ.અ.સૂ. : सनः धातोः तिकि तौ नवा।

અર્થ : सन् ધાતુનાં અન્ત્યવર્ણનો तिक् પ્રત્યય પર છતાં લોપ અને આ વિકલ્પે થાય છે.

ઉદા. **सतिः/सातिः/सन्तिः**=દાની. (षणूयि दाने-१५००)

तिक्कृतौ०५.१.७१થી तिक्→सन्+**ति**

આ સૂત્રથી न्નો લોપ/आ→सति/**साति**

વિકલ્પે : આ સૂત્રની પ્રવૃત્તિ ન થાય ત્યારે, सन्ति પ્રથમ સિ વગેરે→सतिः/सातिः/सन्तिः।

वन्याङ् पञ्चमस्य ४.२.६५

अ.अ.सू. : धातोः पञ्चमस्य वनि आ-आङ् नवा।

अर्थ : ધાતુનાં વર્ગનાં પાંચમા અક્ષરનો वन् પ્રત્યય પર છતાં आङ् આદેશ વિકલ્પે થાય છે.

ઉદા. (૧) विजावाः=ઉત્પન્ન થનાર. (जनैचि प्रादुर्भावे-१२६५)
मन्-वन्०५.१.१४७થી वन्→वि+जन्+**वन्**
આ સૂત્રથી न्નો आ→**विजा**वन्
પ્રથમા સિ વગેરે→विजा**वा**।

(૨) **घ्वावाः**=ભટકનાર. (घुणि भ्रमणे-७०८),(घुण भ्रमणे-१३६७)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં आङ् એ પ્રમાણે પદ દ્વારા आ+आङ् એમ બંને આકારનો પ્રશ્લેષ કરવાથી અનુનાસિક અને નિરનુનાસિક એમ બંને આદેશ થાય છે. અન્યથા જો તેવો નિર્દેશ ન કરવામાં આવે તો लि लौ १.३.६५ સૂત્રમાં દર્શાવ્યાનુસારે અનુનાસિક એવા પાંચમા અક્ષરનાં સ્થાને આ સૂત્રથી પણ અનુનાસિક આદેશ જ થાય, જે ઈષ્ટ નથી.

(૨) અહીં आङ् આદેશમાં જે ङ् ઈત્ કર્યો છે. તેનાંથી घुण् વગેરે ધાતુઓમાં આ સૂત્રથી आङ् થયા બાદ लघोरुपा० ४.३.४થી થતાં ગુણનો નિષેધ થાય છે. તેથી घ्वावा પ્રયોગમાં इवर्णादे०१.२.२१થી સંધિ આદિ કાર્ય થાય છે.

જિ. : પૂર્વ સૂત્રમાં કાર્યતયા આકારનો પણ નિર્દેશ કર્યો જ છે. તો આ સૂત્રમાં તેની જ અનુવૃત્તિ ગ્રહણ ન કરતાં પુનઃ નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : પૂર્વસૂત્રમાં तौ પદ દ્વારા આકારની સાથે કાર્યતયા લુકૂનો પણ નિર્દેશ કર્યો છે. અને વિકલ્પનો પણ અધિકાર પૂર્વગૃહીત છે. તેથી **सन्नियोग-शिष्टानामेकापायेऽन्यतरस्याऽप्यपायः १/३०** ન્યાયાનુસારે લોપ અને વિકલ્પનો અધિકાર પણ સાથે આવતો હતો. તેને અટકાવવાં માટે અહીં પુનઃ આનું ગ્રહણ કર્યું છે.

अपाच्चायश्चिः क्तौ ४.२.६६

અ.અ.સૂ. : अपात् चायः धातोः क्तौ चिः।

અર્થ : અપ ઉપસર્ગથી પર રહેલાં चाय् ધાતુનો क्ति પ્રત્યય પર છતાં चि આદેશ થાય છે.

ઉદા. **अपचितिः**=પૂજા. (चायृग् पूजायाम्-९१७)
स्त्रियां क्तिः ५.३.९१थી क्ति→अप+चाय्+**ति**
આ સૂત્રથી चि આદેશ→अप**चि**ति
પ્રથમા सि વગેરે→अपचितिः।

हलादो हलद् क्तयोश्च ४.२.६७

અ.અ.સૂ. : हलादः धातोः क्तयोः च(क्तौ) हलद्।

અર્થ : હલાદ્ ધાતુનો क्त, क्तवतु અને क्ति પ્રત્યય પર છતાં हलद् આદેશ થાય છે.

ઉદા. (૧) **हलन्नः**=તે સુખી થયો. (हलादैङ् सुखे-७३८)
क्त-क्तवतू ५.१.१७४थी क्त→हलाद्+**त**
આ સૂત્રથી **हलद्**→हलद्+त
रदादमूर्च्छ०४.२.६९थी त અને द्નો न्→**हलन्नः**।

(૨) **हलन्नवान्**=તે સુખી થયો.

(૩) **हलत्तिः**=સુખી થવું.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

યદ્યપિ સૂત્રમાં क्तयोः નું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વ સૂત્રથી આવતો क्तौનો અધિકાર અટકી જાય છે. પરંતુ **चकारो यस्मात्० २/६१** ન્યાયાનુસારે સૂત્રગત ચકાર દ્વારા સપ્તમ્યન્ત क्तयोः ને સજાતીય પૂર્વસૂત્રથી क्तौનું અનુકર્ષણ કરાય છે.

તેમજ, **चानुकृष्टं ना०२/६२** ન્યાયાનુસારે તે અધિકાર ઉત્તર સૂત્રમાં જશે નહીં. માટે જ ઉત્તરસૂત્રમાં તે ત્રણેય પ્રત્યયનાં ગ્રહણ માટે एषाम् પદનું ગ્રહણ છે.

ऋल्वादेरेषां तो नोऽप्रः ४.२.६८

અ.અ.સૂ. : अप्रः ऋल्वादेः धातोः एषां तः नः।

અર્થ : પૃ સિવાયનાં દીર્ઘ ઋકારાન્ત અને લૂ વગેરે ધાતુઓથી પર રહેલાં क्त, क्तवतु અને क्ति પ્રત્યયનાં त्નો न् થાય છે.

સ. : (૧) ऋल्वादेः=लू आदिर्यस्य स इति ल्वादिः, ऋश्च ल्वादिश्चेति ऋल्वादि, तस्मादिति।

(૨) **अप्रः**=न पृ इति अपृ, तस्मादिति।

ઉદા. (૧) तीर्णिः=તરવું. (तॄ-प्लवन-तरणयोः-२७)
स्त्रियां क्तिः ५.३.९१थी क्ति→तॄ+**ति**
ऋतां क्ङिः०४.४.११६थी इर्→**तिर्**+ति
भ्वादेर्नामिनो०२.१.६३थी दीर्घ→**तीर्**+ति
આ સૂત્રથી तनो न→**तीर्नि**
र-षृवर्णान्नो०२.३.६३थी न्નો ण्→**तीर्णि**
प्रथमा सि વગેરે→तीर्णिः।

(૨) **तीर्णः**=તરેલો.

(૩) **तीर्णवान्**=તરેલો.

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૪) **लूनिः**=કાપવું. (लूग्श् छेदने-૧૫૧૯)

(૫) **लूनः**=કાપેલું.

(૬) **लूनवान्**=કાપ્યું.

(૭) **धूनिः**=કંપવું. (धूग्श् कम्पने-૧૫૨૦)

(૮) **धूनः**=કંપેલો.

(૯) **धूनवान्**=કંપવું.

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **अप्र इति किम् ? पूर्त्तिः**=પૂરવું. (पॄश् पालना-ऽ० ૧૫૩૨)

पूर्त्तः=પૂરેલું.

पूर्तवान्=પૂર્યો.

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ઓષ્ઠ્યા૦ ૪.૪.૧૧૭થી ऋનો उर् કરવો. તેમજ આ સૂત્રથી તનો ન કરવો નહીં.

★ આ સૂત્રમાં पॄ ધાતુનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી क्ति વગેરેનાં તનો ન થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં ऋકારાન્ત ધાતુનું ગ્રહણ કર્યું છે. પરંતુ इर् આદેશ થવાથી તેઓ र्કારાન્ત થાય છે. અને ૫૨ સૂત્રમાં र्કારાન્ત ધાતુનું ગ્રહણ કર્યું હોવાથી ૫૨ સૂત્ર દ્વારા જ આ સૂત્રની પ્રવૃત્તિ થઈ શકતી હતી. પરંતુ ૫૨ સૂત્રમાં માત્ર क्त-क्तवतु ૫૨ છતાં જ કાર્ય કરવું છે. જ્યારે આ સૂત્રનું કાર્ય क्ति, क्त અને क्तवतु આમ, ત્રણે પ્રત્યય

પર છતાં થાય છે. તેથી ક્તિ પ્રત્યય પર છતાં તનો ન કરવા માટે અહીં ઋકારાન્ત ધાતુનું ગ્રહણ કરેલ છે.

(૨) **ત્વાદિ ગણ :** ધાતુપાઠમાં દર્શાવેલ ૧૫૧૯ થી ૧૫૩૯ સુધીનાં ધાતુઓનો ત્વાદિ ગણમાં સમાવેશ થાય છે.

જિ. : અહીં સૂત્રમાં ઋકારાન્ત ધાતુનો નિર્દેશ કર્યો છે. તેથી ત્વાદિ ગણ નિર્દિષ્ટ તૃ-દૃ વગેરે ધાતુઓનું પણ ગ્રહણ થઈ જ જવાનું હતું. તો ત્વાદિ ગણમાં તેઓનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : તમારી વાત સાચી છે, પરંતુ આગામી પ્વાદેર્હ્રસ્વઃ ૪.૨.૧૦૩ સૂત્રમાં દર્શાવેલ પ્વાદિ ગણમાં ત્વાદિ ગણ નિર્દિષ્ટ ધાતુનું પણ ગ્રહણ થાય છે. તેથી તે સૂત્રનું કાર્ય પણ ત્વાદિ ગણીય ધાતુમાં થાય છે. અને ત્યાં તૃ વગેરે ધાતુનું પૃથક્ ગ્રહણ કર્યું નથી. તેથી પ્વાદિ ગણમાં ગ્રહણ કરવા માટે ત્વાદિ ગણમાં તૃ વગેરે ધાતુનો નિર્દેશ કર્યો છે.

રદાદમૂર્ચ્છ-મદઃ ક્તયોર્દસ્ય ચ ૪.૨.૬૯

અ.અ.સૂ. : અમૂર્ચ્છ-મદઃ રદાત્ ધાતોઃ ક્તયોઃ તઃ નઃ, દસ્ય ચ નઃ।

અર્થ : મૂર્ચ્છ્ અને મદ્ ધાતુ સિવાયનાં ર્ અને દ્ અન્તવાળાં ધાતુથી પર રહેલાં ક્ત અને ક્તવતુનાં તનો ન થાય છે. અને તેનાં યોગમાં ધાતુનાં દ્નો ન્ થાય છે.

સ. : (૧) **રદાત્**=રશ્ચ દશ્ચ ઇતિ રદઃ, તસ્માદિતિ।

(૨) **અમૂર્ચ્છ-મદઃ**=મૂર્ચ્છશ્ચ મદ્ ચેતિ મૂર્ચ્છમદ્, ન મૂર્ચ્છમદ્ ઇતિ અમૂર્ચ્છમદ્, તસ્માદિતિ।

ઉદા. (૧) **પૂર્ણઃ**=પૂર્ણ કરેલ. (પૂરૈચિ આપ્યાયને-૧૨૬૮)
ક્ત-ક્તવતૂ ૫.૧.૧૭૪થી ક્ત→પૂર્+**ત**
આ સૂત્રથી તનો ન→**પૂર્ન**

र-वृवर्णान्नो०२.३.६३थी न्नो ण्→**पूर्ण**
प्रथमा सि वगेरे→पूर्णः।

(२) **पूर्णवान्**=पूर्ण कर्युं.
आ उदा.नी साधनिका पूर्व प्रमाणे जाणवी.

(३) **भिन्नः**=भेदाएल (भिदृंपी विदारणे-१४७७)
क्त-क्तवतू ५.१.१७४थी क्त→भिद्+**त**
आ सूत्रथी त् अने द्नो न→**भिन्न**
प्रथमा सि वगेरे→भिन्नः।

(४) **भिन्नवान्**=भेद्युं.
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

प्र.उदा. (१) **अमूर्च्छमद इति किम् ?**

(a) **मूर्त्तः**=मूर्छा पामेलो. (मुर्छा मोह० १२६)
क्त-क्तवतू ५.१.१७४थी क्त→मुर्छ्+**त**
राल्लुक् ४.१.११०थी च्छ्नो लोप→मुर्त
भ्वादेर्नामिनो०२.१.६३थी दीर्घ→**मूर्त**
प्रथमा सि वगेरे→मूर्त्तः।

(b) **मत्तः**=मदवाळो. (मदिण तृप्ति०१८०७)
(मदै हर्ष०१०४८) (मदैच् हर्ष०-१२३६)
क्त-क्तवतू ५.१.१७४थी क्त→मद्+**त**
प्रथमा सि वगेरे→मत्तः।

★ आ सूत्रमां मूर्च्छ अने मद् धातुनुं वर्जन होवाथी अहीं आ सूत्रथी तनो न थयो नहीं.

(२) **रदातस्येति किम् ?**

(a) **चरितम्**=आचरण. (चर भक्षणे-४१०)
क्त-क्तवतू ५.१.१७४थी क्त→चर्+**त**

स्ताधशितो०४.४.३२थी इट्→**चरित**
प्रथमा सि वगेरे→**चरितम्**।

(b) **मुदितम्**=आनंद (मुदि हर्षे-७२६)
आ उदा.नी साधनिका पूर्व प्रमाणे जाणवी.

★ आ सूत्रनी प्रवृत्ति र् अने द्थी अनंतर पर्मां त्कार होय तो थाय छे. ज्यारे अहीं र् अने द्थी पर्मां इट् छे. माटे आ सूत्रथी तनो न थयो नहीं.

सूयत्याद्योदितः ४.२.७०

अ.अ.सू. : सूयत्याद्योदितः धातोः क्तयोः तः नः।

अर्थ : सू वगेरे (सू, दू, दी, धी, मी, री, ली, डी अने वी) धातु अने ओ ईत्वाळां धातुओथी पर रहेलां क्त अने क्तवतुनां तनो न थाय छे.

स. : सूयत्याद्योदितः=सूयतिरादिर्येषां ते इति सूयत्यादयः, ओत् इत् येषां ते इति ओदितः, सूयत्यादयश्च ओदितश्चेति सूयत्याद्योदित्, तस्मादिति।

उदा. (१) **सूनः**=जन्मेलो. (षूङौच् प्राणि०१२४२)

(२) **सूनवान्**=जन्म आप्यो.

(३) **दीनः**=नाश पामेलो. (दीङ्च् क्षेये-१२४४)

(४) **दीनवान्**=नाश पाम्यो.
आ उदा.नी साधनिका पूर्वसूत्र निर्दिष्ट लूनः प्रमाणे जाणवी. परंतु तनो न आ सूत्रथी करवो.

(५) **लग्नः**=लज्जा पामेलो.
(औलजैङ्-व्रीडे-१४६९) (ओलस्जैङ् व्रीडे-१४७०)

क्त-क्तवतू ५.१.१७४थी क्त→लज्+**त**
चजः कगम् २.१.८६थी ज्नो ग्→लग्+त
आ सूत्रथी त्नो न्→लग्न
प्रथमा सि वगेरे→लग्नः।

(६) **लग्नवान्**=ते लज्जा पाम्यो.
आ उदा.नी साधनिका पूर्व प्रमाणे जाणवी.

विशेषता :

अहीं सूत्रमां सूयति એ प्रमाणे જે श्य प्रत्यय सहित निर्देश કર્યો છે. तेनां द्वारा सूति, सुवति ३५ अदादि षूङौक्-११०७ अने तुदादि षूत्-१३३२ गण संबंधी धातुओनो निषेध दर्शाव्यो छे.

व्यञ्जनान्तस्थाऽऽतोऽख्या-ध्यः ४.२.७१

अ.अ.सू. : अख्या-ध्यः व्यञ्जनान्तस्थाऽऽतः धातोः क्तयोः तः नः।

अर्थ : ख्या अने ध्या सिवायनां व्यंजनथी ५२ अंतस्थाथी ५२ જો આ હોય તો તે धातुथी ५२ २हेलां क्त अने क्तवतुनां तनो न थाय छे.

स. : (१) **अख्याध्यः**=ख्याश्च ध्याश्चेति ख्याध्य, न ख्याध्य् इति अख्याध्य्, तस्मादिति।

(२) **व्यञ्जनान्तस्थाऽतः**=व्यञ्जनात् अन्तस्था इति व्यञ्जनान्तस्थाः, व्यञ्जनान्तस्थाया आदिति। व्यञ्जनान्तस्थाऽऽत्, तस्मादिति।

उदा. स्त्यानः=भेगो करेलो. (स्त्यैं संघाते शब्दे च-४०)
आत् सन्ध्य०४.२.१थी ऐनो आ→**स्त्या** धातु.
आ उदा.नी साधनिका पूर्व प्रमाणे जाणवी. परंतु अहीं तनो न आ सूत्रथी करवो.

પ્ર.ઉદા. (૧) **व्यञ्जन इति किम् ? यातः**=ગયેલો. (यांक् प्रापणे-१०६२)

क्त-क्तवतू ५.१.१७४थी क्त→या+**त**

प्रथमा सि वगेरे→यातः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ વ્યંજનથી પર અંતસ્થા હોય તો થાય છે. જ્યારે અહીં અન્તસ્થાની પૂર્વે વ્યંજન નથી માટે આ સૂત્રથી તનો ન થયો નહીં.

(૨) **अन्तस्था इति किम् ? स्नातः**=સ્નાન કરેલો.

(ष्णांक् शौचे-१०६४)

આ અને આગામી ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ વ્યંજનથી પર અંતસ્થા હોય તો થાય છે. જ્યારે અહીં વ્યંજનથી પર અંતસ્થા નથી. માટે આ સૂત્રથી તનો ન થયો નહીં.

(૩) **आत इति किम् ? च्युतः**=સીંચેલો.

(च्युतॄङ् आसेचने-२८०)

★ આ સૂત્રની પ્રવૃત્તિ આકારાન્ત ધાતુથી થાય છે. જ્યારે અહીં આકારાન્ત ધાતુ નથી. માટે આ સૂત્રથી તનો ન થયો નહીં.

(૪) **धातोर्व्यञ्जनेति किम् ? निर्यातः**=નીકળેલો.

(यांक् प्रापणे-१०६२)

★ આ સૂત્રની પ્રવૃત્તિ ધાતુનાં વ્યંજનથી પર અંતસ્થા હોય તો થાય છે. જ્યારે અહીં ઉપસર્ગ સંબંધી વ્યંજનથી પર અંતસ્થા છે. માટે આ સૂત્રથી તનો ન થયો નહીં.

(૫) **अख्याध्य इति किम् ?**

(a) **ख्यातः**=કહેલો. (ख्यांक् प्रकथने-१०७१)

(b) **ध्यातः**=ધ્યાન કરેલો. (ध्यैं चिन्ता०३०)

આ ધાતુઓનું સૂત્રમાં વર્જન છે માટે આ સૂત્રથી તનો ન થયો નહીં.

(૬) **आतः परस्येति किम् ? दरिद्रितः**=દરિદ્ર થયેલો. (दरिद्रांक् दुर्गतौ-१०९२)

★ આ સૂત્રની પ્રવૃત્તિ આકારથી અનંતર પર ક્ત હોય તો થાય છે. જ્યારે અહીં આકારથી પર स्ताद्यशितो०४.४.७२થી इट् આગમ થયેલ છે. માટે આ સૂત્રથી તનો ન થયો નહીં.

વિશેષતા :

અહીં સૂત્રમાં વ્યંજનથી પર અંતસ્થાનો નિર્દેશ કર્યો છે. તે ધાતુનાં વિશેષણ તરીકે જાણવું. તેથી निर्यातः, निर्यातवान् ઈત્યાદિ પ્રયોગોમાં र्थी પર અન્તસ્થા હોવા છતાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં.

पू-दिव्यञ्चेर्नाशा-ऽद्यूता-ऽनपादाने ४.२.७२

અ.અ.સૂ. : नाशा-ऽद्यूता-ऽनपादाने पू-दिव्यञ्चेः धातोः क्तयोः तः नः।

અર્થ : નાશ, જુગાર ભિન્ન અને અપાદાન સિવાયની ક્રિયાનાં અર્થમાં વર્ત્તતાં અનુક્રમે पू, दिव् અને अञ्च् ધાતુથી પર રહેલાં क्त અને क्तवतुનાં તનો ન થાય છે.

સ. : (૧) पू-दिव्यञ्चेः=पूश्च दिविश्च अञ्चिश्चेति पूदिव्यञ्चि, तस्मादिति।

(૨) **नाशा-ऽद्यूता-ऽनपादाने**=न द्यूतमिति अद्यूतम्, न अपादानमिति अनपादानम्, नाशश्च अद्यूतं च अनपादानं चेति नाशा-ऽद्यूत-ऽनपादानम्, तस्मिन्निति।

ઉદા. (૧) **पूनाः यवाः**=નાશ પામેલાં જવ. (पूङ् पवने-૬૦૦) (पूग्श् पवने-૧૫૧૮)

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ તનો ન આ સૂત્રથી કરવો.

(૨) **आद्यूनः**=રોગી. (दीवूच् क्रीडा०११४४)

क्त-क्तवतू ५.१.१७४થી क्त→आ+दिव्+**त**

अनुनासिके०४.१.१०८થી ऊट्→आ+दिऊ+त

इवर्णादे०१.२.२१થી य→आ+**द्यू**+त

આ સૂત્રથી તનો न→आद्यून

પ્રથમા સિ વિગેરે→आद्यूनः।

(૩) **समक्नौ पक्षौ**=સમેટેલી બે પાંખો. (अञ्चू गतौ-१०५)

क्त-क्तवतू ५.१.१७४થી क्त→सम्+अञ्च्+**त**

अञ्चोऽनर्चा०४.२.४६થી न्નો લોપ→सम्+**अच्**+त

આ સૂત્રથી તનો न→समच्+**न**

चजः०२.१.८६થી च्નો क्→समक्न

પ્રથમા औ વગેરે→समक्नौ।

પ્ર.ઉદા. नाशा-ऽद्युता-ऽनपादान इति किम् ?

(a) **पूतं धान्यम्**=સ્વચ્છ કરેલું ધાન્ય.

(b) **द्यूतम्**=જુગાર.

(c) **उदक्तं जलम्**=પાણી કાઢ્યું.

★ આ સૂત્રની પ્રવૃત્તિ નાશ વગેરે અર્થમાં વર્ત્તતાં અનુક્રમે પૂ વગેરે ધાતુથી થાય છે. જ્યારે અહીં નાશ વગેરે અર્થ જણાતો નથી. માટે આ સૂત્રથી તનો ન થયો નહીં.

વિશેષતા :

(૧) અન્યત્ર જે વ્યક્તમ્ જેવાં પ્રયોગો જોવા મળે છે. તે અञ્જ્ ધાતુનો જાણવો. ત્યાં આ સૂત્રની પ્રવૃત્તિ ન થતાં ત્નો ન્ થયો નથી.

(૨) સૂત્રમાં નાશા-ऽद्यूता-ऽनपादाने નિમિત્ત અને पूदिव्यञ्चेः એ પ્રમાણે કાર્યોને દર્શાવનારાં બંને પદની સંખ્યા અને વચન સમાન હોવાથી **यथासङ्ख्यमनुदेशः समानाम्** ૧/૧૦ ન્યાયથી તે બન્ને વચ્ચે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

सेर्ग्रासे कर्म्मकर्त्तरि ૪.૨.૭૩

અ.અ.સૂ. : सेः धातोः क्तयोः तः ग्रासे कर्मकर्तरि नः।

અર્થ : સિ ધાતુથી પર રહેલાં ક્ત અને ક્તવતુનાં તનો ગ્રાસ સ્વરૂપ કર્મ જ કર્તા હોતે છતે ન થાય છે.

સ. : कर्म्मकर्त्तरि=कर्म चासौ कर्त्ताचेति कर्मकर्त्ता, तस्मिन्निति।

ઉદા. (૧) सिनः ग्रासः स्वयमेव=કોળિયો સ્વયં બંધાઈ ગયો.
(षिंगट्-बन्धने-૧૨૮૭) (षिंगश् बन्धने-૧૫૦૯)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ તનો ન આ સૂત્રથી કરવો.

પ્ર.ઉદા. कर्मकर्त्तरीति किम् ? सितो ग्रासो मैत्रेण=મૈત્ર વડે કોળિયો બંધાયો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ કર્મકર્ત્તરિ પ્રયોગમાં થાય છે. જ્યારે અહીં કર્મકર્તરિ પ્રયોગ નથી. માટે આ સૂત્રથી તનો ન થયો નહીં.

क्षेः क्षी चाऽघ्यार्थे ४.२.७४

अ.अ.सू. : अघ्यार्थे क्षेः धातोः क्तयोः, तः नः, क्षेः च क्षी।

અર્થ : ભાવ અને કર્મ રૂપ ઘ્યણ્ સિવાયનાં અર્થમાં વર્ત્તતાં ક્ષિ ધાતુથી પર રહેલ ક્ત અને ક્તવતુનાં તનો ન થાય છે. અને તેનાં યોગમાં ક્ષિ ધાતુનો ક્ષી આદેશ થાય છે.

स. : अघ्यार्थे=घ्यस्याऽर्थ इति घ्यार्थः, न घ्यार्थो इति अघ्यार्थः, तस्मिन्निति।

ઉદા. (૧) **क्षीणः**=ક્ષય થયેલો મૈત્ર. (क्षिं क्षये-१०)
गत्यर्था०५.१.११थी क्त→क्षि+**त**
આ સૂત્રથી તનો ન અને ક્ષિનો ક્ષી→**क्षीन**
र-षृवर्णान्नो०२.३.६३થી નનો ણ્→**क्षीण**
પ્રથમા સિ વિગેરે→क्षीणः।

(૨) **क्षीणवान्**=મૈત્ર ક્ષીણ થયો.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ અહીં ક્તવતુ પ્રત્યય લગાડ્યો.

પ્ર.ઉદા. अघ्यार्थ इति किम् ? क्षितमस्य=આનું ક્ષય થવું.
क्लीबे ५.३.१२३થી क्त→क्षि+**त**
પ્રથમા સિ વગેરે→क्षितम्।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ભાવ અને કર્મ સિવાયનાં અર્થમાં વર્ત્તતાં ક્ષિ ધાતુને વિશે થાય છે. જ્યારે અહીં ભાવ અર્થમાં વર્ત્તતો ધાતુ હોવાથી અહીં આ સૂત્રથી તનો ન અને ક્ષિનો ક્ષી આદેશ થયો નહીં.

વિશેષતા :

અહીં સૂત્રમાં નિરનુબંધ ક્ષિ ધાતુનું ગ્રહણ કર્યું છે. તેથી **निरनुबन्धग्रहणे न सानुबन्धकस्य** ૧/૩૨ ન્યાયાનુસારે ક્ષિષંશ્-૧૫૪૧ સાનુબંધ વાળાં ધાતુનું ગ્રહણ થશે નહીં જેમકે, क्षितः, क्षितवान् मैत्रः।

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો સાનુબંધક ક્ષિષ્ંશ્-૧૫૪૧ ધાતુથી પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. તેથી તેઓનાં મતે તે ધાતુનાં વિષયમાં પણ क्षीणः, क्षीणवान् मैत्रः જેવા પ્રયોગો થાય છે.

वाऽऽक्रोश-दैन्ये ૪.૨.૭૫

અ.અ.સૂ. : आक्रोश-दैन्ये अघ्यार्थे क्षेः धातोः क्तयोः तः नः वा क्षेः च क्षी।

અર્થ : આક્રોશ અને દીનતા અર્થ જણાતે છતે ભાવ અને કર્મ રૂપ ઘ્યણ્ સિવાયનાં અર્થમાં વર્ત્તતાં ક્ષિ ધાતુથી પર રહેલાં क्त અને क्तवतुનાં તનો ન વિકલ્પે થાય છે. અને તેનાં યોગમાં ક્ષિનો क्षी આદેશ થાય છે.

સ. : आक्रोश-ऽदैन्ये=आक्रोशश्च दैन्यं चेति आक्रोश-दैन्यम्, तस्मिन्निति।

ઉદા. (૧) क्षीणायुः/क्षितायुः जाल्मः=આ લુચ્ચો માણસ ક્ષીણ થયો. (ક્ષિ क्षये-૧૦)

(૨) क्षीणकः/क्षितकः तपस्वी=તપસ્વી ક્ષીણ થયો.

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ તનો ન અને ધાતુનો क्षी આદેશ આ સૂત્રથી કરવો.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો ભાવે પ્રયોગમાં વિકલ્પે આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. તેથી તેઓનાં મતે क्षीणमनेन અને क्षितमनेन જેવાં પ્રયોગો થાય છે.

(૨) અન્ય કેટલાંક વ્યાકરણકારો क्षि ધાતુથી ભાવ અને કર્મમાં क्त પ્રત્યય ઈચ્છતાં નથી. તેથી તેઓનાં મતે આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર कर्त्तरि પ્રયોગમાં જ થશે.

ऋ-ह्री-घ्रा-ध्रा-त्रोन्द-नुद-विन्तेर्वा ४.२.७६

અ.અ.સૂ. : ऋ-ह्री-घ्रा-ध्रा-त्रोन्द-नुद-विन्तेः धातोः क्तयोः तः नः वा।

અર્થ : ऋ, ह्री, घ्रा, ध्रा, त्रै, उन्द्, नुद् અને विद् ધાતુથી પર રહેલ क्त અને क्तवतुનાં तनो न વિકલ્પે થાય છે.

સ. : ऋ-ह्री-घ्रा-ध्रा-त्रोन्द-नुद-विन्तेः=ऋश्च ह्रीश्च घ्राश्च ध्राश्च त्राश्च उन्द् च नुद् च विन्तिश्चेति ऋ-ह्री-घ्रा-ध्रा-त्रोन्द-नुद्-विन्तिः, तस्मादिति।

ઉદા. (૧) **ऋणम्/ऋतम्**=ऋण/ફરજ. (ऋं प्रापणे-૨૬)
क्त-क्तवतू ५.१.१७४થી क्त→ऋ+**त**
આ સૂત્રથી तनो વિકલ્પે न→ऋ**न**
र-षृवर्णान्नो०२.३.६३થી ननो ण्→ऋ**ण**
પ્રથમા सि વગેરે→ऋणम्।
વિકલ્પે : આ સૂત્રની પ્રવૃત્તિ ન થાય ત્યારે, ऋतम्।

(૨) **ह्रीणः/ह्रीतः**=શરમાએલો (ह्रींक् लज्जायाम्-११३३)

(૩) **ह्रीणवान्/ह्रीतवान्**=શરમાયો.

(૪) **घ्राणः/घ्रातः**=સુંઘેલો. (घ्रां गन्धो०३)

(૫) **ध्राणः/ध्रातः**=તૃપ્ત થયેલો. (ધ્રૈં તૃપ્તૌ ૩૫)

(૬) **त्राणः/त्रातः**=રક્ષેલો. (ત્રૈङ્ પાલને-૬૦૫)

(૭) **समुन्नः/समुत्तः**=ભીંજાવેલો (ઉન્દૈપ્ ક્લેદને-૧૪૯૧)

(૮) **नुन्नः/नुत्तः**=પ્રેરણા કરાએલો. (णुदंत् प्रेरणे-૧૩૭૦)

(૯) **विन्नः/वित्तः**=વિચારેલો. (विदिंप् विचारणे-૧૪૯૭)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં **विन्तेः** એ પ્રમાણે श्न પ્રત્યય સહિત विद् ધાતુનો નિર્દેશ કર્યો છે. તેથી विद्यते, विन्दते ઈત્યાદિ પ્રયોગ સંબંધી દિવાદિ, તુદાદિ ગણીય અનુક્રમે विदिंच्-૧૨૫૮ અને विदलृंती-૧૩૨૨ ધાતુનો વ્યવચ્છેદ કરવામાં આવે છે. માટે તેઓમાં આ સૂત્રથી વિકલ્પે તનો ન ન થતાં રદાદમૂર્ચ્છ૦ ૪.૨.૬૯થી નિત્ય થાય છે. **ઉદા.** विन्नः, विन्नवान्।

(૨) અહીં સૂત્રગત ऋ અને ह्री ધાતુમાં અપ્રાપ્તિ હોવાથી અને घ्रा વગેરે ધાતુમાં નિત્ય પ્રાપ્તિ હોવાથી આ સૂત્ર દ્વારા પ્રાપ્ત-અપ્રાપ્ત વિભાષારૂપ વિકલ્પ જાણવો.

(૩) સૂત્રનિર્દિષ્ટ उन्द् વગેરે દ્કારાન્ત ધાતુનાં વિષયમાં રદાદમૂર્ચ્છ૦૪.૨.૬૯ સૂત્રથી ધાતુનાં દ્નો પણ ન્ થવાની પ્રાપ્તિ છે. પરંતુ અહીં ધ્યાનમાં લેવું કે, એ સૂત્રમાં ધાતુનાં દ્નો ન્ અને પ્રત્યયનાં ત્નો ન્ એમ બે કાર્યો દર્શાવ્યાં છે. અને તેઓમાં સંનિયોગશિષ્ટતા હોવાથી જ્યારે ત્નો ન્ થશે, ત્યારે જ ધાતુનાં દ્નો ન્ થશે. અન્યથા નહીં. તેથી આ સૂત્રથી પણ ત્નો ન્ થતાં જ

द्नो न् थशे. विकल्पे જ્યારે त्नो न् नहीं थाय त्यारे रदादमूर्च्छ०४.२.६९ પણ ધાતુનાં द्नो न् થશે નહીં.

(૪) આ સૂત્ર વ્યવસ્થિતવિભાષા રૂપ પણ જાણવું. તેથી ऋणम् પ્રયોગ પણ માત્ર उत्तमर्णः, अधमर्णः જેવા સ્થાને જ થશે. અન્યત્ર નહીં. જેમકે ऋतं सत्यम्।

(૫) त्रा ધાતુનાં વિષયમાં જ્યારે સંજ્ઞા હોય ત્યારે આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. પણ અન્યત્ર જ થાય છે. જેમકે, देवत्रातः।

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો त्रा ધાતુનાં વિષયમાં સંજ્ઞા-અસંજ્ઞા બંનેમાં तनो न ઈચ્છે છે. તેથી તેઓનાં મતે देवत्राणः પ્રયોગ થાય છે.

दुगोरू च ४.२.७७

અ.અ.સૂ. : दुगोः धातोः क्तयोः तः नः, दुगोः च ऊ।

અર્થ : दु અને गु ધાતુથી પર રહેલાં क्त અને क्तवतुનાં तनो न થાય છે. અને તેનાં યોગમાં दु અને गु ધાતુના उनो दीर्घ ऊ થાય છે.

સ. : दुगोः=दुश्च गुश्चेति दुगु, तस्मादिति।

ઉદા. (૧) **दूनः**=દૂષિત થયેલો. (टुदुंट् उपतापे-१२९७)

(૨) **दूनवान्**=દૂષિત થયો.

(૩) **गूनः**=શબ્દ કરાએલ. (गुङ् शब्दे-५३१)

(૪) **गूनवान्**=શબ્દ કર્યો.

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ तनो न અને ધાતુનાં उनो ऊ આ સૂત્રથી કરવો.

क्षै-शुषि-पचो-म-क-व-म् ४.२.७८

अ.अ.सू. : क्षै-शुषि-पचः धातोः क्तयोः मकवम्।

અર્થ : क्षै, शुष् અને पच् ધાતુથી પર રહેલાં क्त અને क्तवतुનાં तનો અનુક્રમે म, क અને व આદેશ થાય છે.

स. : (१) **क्षै-शुचि-पचः**=क्षैश्च शुषिश्च पच् चेति क्षैशुषिपच्, तस्मादिति।

(२) **मकवम्**=मश्च कश्च वश्चेति।

ઉદા. (१) **क्षामः**=क्षय પામેલો. (क्षैं क्षये-४२)
आत् सन्ध्य०४.२.१थी आ→**क्षा**
क्त-क्तवतू ५.१.१७४थी क्त→क्षा+**त**
આ સૂત્રથી तનો म→**क्षाम**
प्रथमा सि વગેરે→क्षामः।

(२) **क्षामवान्**=क्षय પામ્યો.
આ ઉદા.ની साधनिका પૂર્વ પ્રમાણે જાણવી.

(३) **शुष्कः**=સુકાએલો. (शुषंच् शोषणे-१२०८)

(४) **शुष्कवान्**=સુકાઈ ગયો.
આ ઉદા.ની साधनिका પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ क्तનાં तનો क કરવો.

(५) **पक्वः**=પકાયેલો. (डुपचींष् पाके-८८८)

(६) **पक्ववान्**=પકાવ્યું.
આ ઉદા.ની साधनिका પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ क्तનાં तનો व કરવો.

निर्वाणमवाते ४.२.७९

अ.अ.सू. : अवाते निर्वाणं (निपात्यते)।

अर्थ : वायु सिवायनो कर्त्ता होते छते निर्+वा धातुथी पर रहेल क्त अने क्तवतुनां तनो न निपातन पामे छे.

स. : अवाते=न वात इति अवातः, तस्मिन्निति।

उदा. निर्वाणः मुनिः=मुनि शांत थया. (वांक् गति-बन्धयोः-१०६३)

क्त-क्तवतू ५.१.१०४थी क्त→निर्+वा+**त**

आ सूत्रथी तनो न→निर्+वा+**न**

स्वरात् २.३.८५थी न्नो ण्→**निर्वाण**

प्रथमा सि वगेरे→निर्वाणः।

प्र.उदा. अवात इति किम् ? निर्वातं वातः=वायु वायो.

★ आ सूत्रमां वात कर्त्तानुं वर्जन होवाथी अहीं आ सूत्रथी तनो न थयो नहीं.

विशेषता :

अहीं सूत्रार्थमां अवाते कर्त्तरि पद द्वारा वात रूप कर्त्तानो प्रतिषेध करवामां आव्यो छे. परंतु जो हेतु के करण रूप वात पद वाक्यमां हशे तो आ सूत्रनी प्रवृत्ति थशे. जेमके, निर्वाणः प्रदीपो वातेन अहीं प्रदीप कर्त्ता छे. अने वात करण छे.

अन्य मत :

केटलांक व्याकरणकारो निर्वाणं वातेन ईत्यादि रूप वात कर्तावाळां कर्मणि प्रयोगमां पण आ सूत्रनी प्रवृत्ति ईच्छे छे. तेओनां मते ज्यारे कर्त्तामां क्त प्रत्यय थयो होय त्यारे ज प्रतिषेध जाणवो.

अनुपसर्गाः क्षीबोल्लाघ-कृश-परिकृश-फुल्लोत्फुल्ल-संफुल्लाः ४.२.८०

અ.અ.સૂ. : अनुपसर्गाः क्षीबोल्लाघ-कृश-परिकृश-फुल्लोत्फुल्ल-संफुल्लाः (निपात्यन्ते)।

અર્થ : ઉપસર્ગ રહિત क्त પ્રત્યયાન્ત क्षीब, उल्लाघ, कृश, परिकृश, फुल्ल, उत्फुल्ल અને संफुल्ल પ્રયોગો નિપાતન પામે છે.

સ. : (૧) **अनुपसर्गाः**=न विद्यते उपसर्गो येषां ते इति।

(૨) **क्षीबोल्लाघ-कृश-परिकृश-फुल्लोत्फुल्ल-संफुल्लाः**= क्षीबश्च उल्लाघश्च कृशश्च परिकृशश्च फुल्लश्च उत्फुल्लश्च संफुल्लश्चेति।

ઉદા. (૧) **क्षीबः**=અહંકારી. (क्षीबृङ् मदे-७६९)
क्त-क्तवतू ५.१.१७४થી क्त→क्षीब्+**त**
આ સૂત્રથી નિપાતન દ્વારા स्ताद्यशितो०४.४.७२થી પ્રાપ્ત इट्નો **निषेध**. અને તનો લોપ→क्षीब
પ્રથમા સિ વગેરે→क्षीबः।

(૨) **उल्लाघः**=સમર્થ (लाघृङ् सामर्थ्ये-६४३)

(૩) **कृशः**=દુર્બળ. (कृशच् तनुत्वे-१२०७)

(૪) **परिकृशः**=દુર્બળ.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૫) **फुल्लः**=विकसित (ञिफला विशरणे-४१४)

(૬) **उत्फुल्लः**=विकसित

(૭) **संफुल्लः**=વિશરણ પામેલો.
આ ઉદા.માં त्નો ल् અને ધાતુનાં અનો उ નિપાતન પામે છે.

પ્ર.ઉદા. अनुपसर्गादिति किम् ? प्रक्षीबितः=અતિશય અહંકારી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉપસર્ગ રહિત ક્ષીબ્ ધાતુથી થાય છે. જ્યારે અહીં ઉપસર્ગ રહિત ક્ષીબ્ ધાતુ નથી. માટે આ સૂત્રથી નિપાતન થયું નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં उत्फुल्लः, संफुल्लः પ્રયોગો દર્શાવ્યા છે, ત્યાં ઝિફલા-૪૧૪ ધાતુથી માત્ર उद् અને सम् ઉપસર્ગપૂર્વક ભાવારંભની વિવક્ષામાં इट्નો અભાવ પણ નિપાતન જાણવો.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્ર નિર્દિષ્ટ क्षीबः વગેરે પ્રયોગો अच् પ્રત્યયથી પણ સિદ્ધ થઈ શકે છે. તેથી આ સૂત્રનો નિર્દેશ क्षीबितः વગેરે અનિષ્ટ પ્રયોગોની નિવૃત્તિ માટે છે.

(૩) અન્યત્ર જે प्रक्षीबः વગેરે પ્રયોગ દેખાય છે તે પ્રગતા क्षीबः વગેરે રૂપ પ્રાદિ સમાસ જાણવાં.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકાર क्षीबवान्, उल्लाघवान् ઈત્યાદિ क्तवतु પ્રત્યયાન્ત પ્રયોગો પણ ઈચ્છે છે. તેઓનાં મતે આ સૂત્રમાં क्त, क्तवतु એમ બે પ્રત્યયોનું ગ્રહણ કરવું. આ જ વાતનો નિર્દેશ કરવા સૂત્રમાં બ.વ. પણ જણાવેલ છે.

भित्तं शकलम् ૪.૨.૮૧

અ.અ.સૂ. : शकलं भित्तं (निपात्यते)।

અર્થ : ભિદ્ ધાતુથી પર રહેલ क्त પ્રત્યયનાં तનાં નનો અભાવ નિપાતન થાય છે. જો તે શકલનો પર્યાયવાચી શબ્દ હોય તો.

ઉદા. **भित्तं शकलमित्यर्थः**=ભીંત. (भिदृंपी विदारणे-१४७७)
क्त-क्तवतू ५.१.१७४थी क्त→भिद्+**त**
रदादमूर्च्छ०४.२.६९थी પ્રાપ્ત તનાં નનો આ સૂત્રથી **નિષેધ.**
अघोषे प्रथमो०१.३.५०थी द्नो त्→**भित्त**
પ્રથમા सि વગેરે→भित्तम् ।

પ્ર.ઉદા. **शकलमिति किम् ? भिन्नं भित्तम्**=ટુકડો ભેદાયો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ શકલનો પર્યાયવાચી શબ્દ હોય તો થાય છે. જ્યારે અહીં શકલનો પર્યાયવાચી શબ્દ નથી. માટે આ સૂત્રની તનાં નનો અભાવ નિપાતન પામ્યો નહીં.

वित्तं धन-प्रतीतम् ४.२.८२

અ.અ.સૂ. : **धन-प्रतीतं वित्तं (निपात्यते)।**

અર્થ : क्त પ્રત્યયાન્ત विद् ધાતુનાં તનાં નનો અભાવ થઈ वित्तं પ્રયોગ નિપાતન પામે છે. જો તે ધન અને પ્રતીતનો પર્યાયવાચી શબ્દ હોય તો.

સ. : **धन-प्रतीतम्**=धनं च प्रतीतं चेति।

ઉદા. (૧) **वित्तं धनम्**=ધન. (विद्लृंती लाभे-१३२२)
(૨) **वित्तः प्रतीतः**=જાણેલો.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ નનો અભાવ આ સૂત્રથી કરવો.

પ્ર.ઉદા. **धन-प्रतीतमिति किम् ? विन्नः**=મેળવેલો.

આ સૂત્રની પ્રવૃત્તિ ધન કે પ્રતીતનો પર્યાયવાચી શબ્દ હોય તો થાય છે. જ્યારે અહીં ધન કે પ્રતીતનો પર્યાયવાચી શબ્દ નથી. માટે આ સૂત્રથી રદાદ૦૪.૨.૬૯થી પ્રાપ્ત તનાં નનો નિષેધ થયો નહીં.

વિશેષતા :

અહીં સૂત્રમાં ધન અર્થની પ્રસિદ્ધિમાં નિપાતન દર્શાવ્યું છે. જે માત્ર તુદાદિ ગણનાં જ વિદલૃંતી-૧૩૨૨ ધાતુમાં જ સંભવે છે. તેથી વિદિંચ્-૧૨૫૮ દિવાદિ ધાતુથી રદાદમૂર્ચ્છ૦૪.૨.૬૯ સૂત્ર દ્વારા નિત્ય ન થતાં વિન્નઃ અને રુધાદિ ગણીય વિદિંપ્-૧૪૯૭ ધાતુથી ઋહ્રી૦૪.૨.૭૬ સૂત્રથી વિકલ્પે ન થતાં વિન્તં, વિન્નં એ પ્રમાણે પ્રયોગો પ્રાપ્ત થાય છે.

હુ-ધુટો હેર્ધિઃ ૪.૨.૮૩

અ.અ.સૂ. : હુ-ધુટઃ ધાતોઃ હેઃ ધિઃ।

અર્થ : હુ ધાતુ તેમજ ધુટ્ વર્ણાન્ત ધાતુથી પર રહેલ હિ પ્રત્યયનો ધિ આદેશ થાય છે.

સ. : હુ-ધુટઃ=હુશ્ચ ધુટ્ચેતિ હુધુટ્, તસ્માદિતિ।

ઉદા. (૧) **જુહુધિ**=હોમ કર. (હુંક્ દાના-ઽઽદાન૦૧૧૩૦)
પ્રૈષાનુજ્ઞા૦૫.૪.૨૯થી હિ→હુ+**હિ**
આ સૂત્રથી હિનો ધિ વગેરે→હુ+**ધિ**
હવઃ૪.૧.૧૨થી દ્વિત્વ→**હુહુ**+ધિ
ગહોર્જઃ૪.૧.૪૦થી હ્નો જ્→**જુહુધિ**।

(૨) **વિદ્ધિ**=તું જાણ. (વિદંક્ જ્ઞાને-૧૦૯૯)
પ્રૈષા-ઽનુજ્ઞા૦૫.૪.૨૯ વગેરેથી હિ→વિદ્+**હિ**
આ સૂત્રથી હિનો હિ→**વિદ્ધિ**।

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં હુધુટઃ એ પ્રમાણે પંચમીનો નિર્દેશ હોવાથી પઞ્ચમ્યા નિર્દિષ્ટે૦૭.૪.૧૦૫ પરિભાષાનુસારે અનન્તર પર હિ પ્રત્યયનું જ ગ્રહણ કરવું. તેથી રુદિહિ,

સ્વપિહિ જેવા ઇ-ના વ્યવધાનવાળા પ્રયોગોમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, આગામી આશિષિ તુ૦૪.૨.૧૧૯થી હિ પ્રત્યયનો વિકલ્પે તાત્ આદેશ પણ થાય છે. તે આદેશ પ્રકૃતિ નિરપેક્ષ હોવાથી અર્થાત્ તમામ ધાતુઓથી થતો હોવાથી અંતરંગ કાર્ય રૂપ છે. તથા પરસૂત્રતયા બળવાન હોવાથી વિકલ્પે જુહુતાત્, ભિત્તાત્ વગેરે પ્રયોગો પણ થાય છે. તથા સૂત્રમાં હેઃ એ પ્રમાણે હિ શબ્દનો આશ્રય કર્યો હોવાથી તાતઙ્ આદેશનો પણ ધિ આદેશ થશે નહીં.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો હિંસેર્હેરત્, ભુજિભઞ્જિભ્યાં તુ વા વગેરે સૂત્રો દ્વારા હિંસ્, ભુઞ્જ્, ભઞ્જ્, ભઞ્જિ જેવા ધાતુઓથી નિત્ય અને વિકલ્પ પ્રયોગો પણ ઈચ્છે છે. પરંતુ તેવા પ્રયોગો વૈયાકરણ સંમત નથી. ત્યાં તો હિન્ધિ વગેરે પ્રયોગો જ થાય.

शासस्-हनः शाध्येधि-जहि ૪.૨.૮૪

અ.અ.સૂ. : हेः शासस-हनः धातोः शाध्येधिजहि।

અર્થ : હિ પ્રત્યયાન્ત શાસ્, અસ્ અને હન્ ધાતુનો અનુક્રમે શાધિ, એધિ અને જહિ આદેશ થાય છે.

સ. : (૧) **शासस्-हनः**=शास् च अस् च हन् चेति शासस्-हन्, तस्येति।

(૨) **शाध्येधिजहि**=शाधिश्च एधिश्च जहिश्चेति।

ઉદા. (૧) **शाधि**=તું અનુશાસન કર. (शासूक् अनुशिष्टौ-૧૦૯૫)
પ્રૈષાऽનુજ્ઞા૦૫.૪.૨૮થી હિ→शास्+**हि**
આ સૂત્રથી શાધિ આદેશ→**शाधि**।

(૨) **एधि**=તું થા. (असक् भुवि૦૧૧૦૨)

(૩) **जहि**=તું હિંસા કર. (हनंक् हिंसा૦૧૧૦૦)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં શાસ્ વગેરે ધાતુઓનું ગ્રહણ કર્યું છે. તેથી **प्रकृतिग्रहणे यङ्लुबन्तस्याऽपि ग्रहणम् ૧/૧૭** ન્યાયાનુસારે યङ્લુબન્તમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થશે. પરંતુ અસ્ ધાતુ સ્વરાદિ હોવાથી તેને यङ્ પ્રત્યય થતો નથી. માટે માત્ર શાસ્ અને હન્ ધાતુથી જ યङ્લુબન્તમાં શાધિ અને જહિ પ્રયોગ જાણવો.

(૨) સૂત્રમાં शासस्-हनः એ પ્રમાણે સ્થાની અને शाध्येधिजहि એ પ્રમાણે કાર્ય દર્શાવનાર પદની સંખ્યા અને વચન સમાન હોવાથી **यथासङ्ख्यमनुदेशः समानाम् ૧/૧૦** ન્યાયાનુસારે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો હન્ ધાતુથી યङ્લુબન્તમાં આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છતાં નથી. તેથી તેઓનાં મતે जङ्घहि એ પ્રમાણે પ્રયોગ થશે.

अतः प्रत्ययाल्लुक् ૪.૨.૮૫

અ.અ.સૂ. : धातोः अतः प्रत्ययात् हेः लुक्।

અર્થ : ધાતુથી પરમાં અકારાન્ત પ્રત્યયથી પર રહેલાં હિ પ્રત્યયનો લોપ થાય છે.

ઉદા. **दीव्य**=तुं २म. (दिवूच् क्रीडाजये०११४४)
प्रैषाऽनुज्ञा०५.४.२९ वगेरेथी हि→दिव्+**हि**
दिवादेः श्यः ३.४.७२थी श्य→दिव्**य**+हि
आ सूत्रथी हिनो लोप→दिव्य।
ध्वादेर्नामिनो०२.१.९३थी दीर्घ→**दीव्य**।

प्र.ઉદા. (१) **अत इति किम् ? राध्नुहि**=तुं सिद्ध ४२. (राधंट् संराद्धौ-१३०४)
प्रैषाऽनुज्ञा०५.४.२९ वगेरेथी हि→राध्+**हि**
स्वादेः श्नुः३.४.७५थी श्नु→राध्**नु**हि

★ आ सूत्रथी अकारान्त प्रत्ययथी ५२ रहेल हिनो लोप थाय छे. ज्यारे अहीं उकारान्त प्रत्ययथी ५२ हि छे. माटे आ सूत्रथी हिनो लोप थयो नहीं.

(२) **प्रत्ययादिति किम् ? पापहि**=तुं ४ रीते जा.
(पयि गतौ०७९२)
गत्यर्थात्०३.४.११थी यङ्→पय्+**य**
सन्यङ्०४.१.३थी द्वित्व→**प**पय्य
आ-गुणा०४.१.४८थी आ→**पा**पय्य
बहुलं०३.४.१४थी यनो लोप→पापय्
य्वोःप्वय्०४.४.१२१थी य्नो लोप→पाप
प्रैषा-ऽनुज्ञा०५.४.२९ वगेरेथी हि→पाप**हि**।

★ आ सूत्रनी प्रवृत्ति प्रत्यय संबंधी अकारथी ५२ थाय छे. ज्यारे अहीं आ सूत्रथी हिनो लोप थयो नहीं.

असंयोगादोः ४.२.८६

अ.अ.सू. : असंयोगात् ओः प्रत्ययात् हेः लुक्।

अर्थ : असंयुक्त व्यंजनथी पर रहेल उकारान्त प्रत्ययथी पर हि प्रत्ययनो लोप थाय छे.

स. : असंयोगात्→न संयोग इति असंयोगः, तस्मादिति।

उदा. सुनु=तुं स्नान कर. (षुंग्ट् अभिषवे-१२८६)
प्रैषाऽनुज्ञा०५.४.२९ वगेरेथी हि→सु+**हि**
स्वादेः श्नुः ३.४.७५थी श्नु→सु+**नु**+हि
आ सूत्रथी हिनो लोप→सुनु

प्र.उदा. (१) असंयोगादिति किम् ? अक्ष्णुहि=तुं संबंध कर.
(अक्षौ व्याप्तौ संघाते च-५७०)
प्रैषा-ऽनुज्ञा०५.४.२९ वगेरेथी हि→अक्ष्+**हि**
स्वादेः श्नुः३.४.७५थी श्नु→अक्ष्**नु**हि
र-षृवर्णान्नो०२.३.६३थी न्नो ण्→अक्ष्**णु**हि

★ आ सूत्रनी प्रवृत्तिनो संयोगान्तथी पर निषेध दर्शाव्यो होवाथी अहीं आ सूत्रथी हिनो लोप थयो नहीं.

(२) ओरिति किम् ? क्रीणीहि=तुं खरीद कर.
(डुक्रींग्श् द्रव्यविनिमये-१५०८)
प्रैषाऽनुज्ञा०५.४.२९ वगेरेथी हि→क्री+**हि**
क्र्यादेः ३.४.७९थी श्ना→क्री+**ना**+हि
एषामी०४.२.९७थी आनो ई→क्री+**नी**+हि
र-षृवर्णान्नो०२.३.६३थी न्नो ण्→क्री**णी**हि।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉકારાન્ત પ્રત્યયથી પર થાય છે. જ્યારે અહીં ઈકારાન્ત પ્રત્યય છે માટે આ સૂત્રથી હ્નિનો લોપ થયો નહીં.

વિશેષતા :

અહીં સૂત્રમાં 'असंयोगाद्' પદ ઉકારનું વિશેષણ દર્શાવ્યું છે. પણ ધાતુનું નહીં. તેથી आप्नुहि, राध्नुहि વગેરે પ્રયોગોમાં श्नु પ્રત્યય લાગવા છતાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

वम्यविति वा ४.२.८७

અ.અ.સૂ. : असंयोगात् प्रत्ययस्य ओः वमि अविति लुक् वा।

અર્થ : અસંયુક્ત વ્યંજનથી પર રહેલ પ્રત્યય સંબંધી ઉનો વ્કારાદિ અને મ્કારાદિ અવિત્ પ્રત્યય પર છતાં વિકલ્પે લોપ થાય છે.

સ. : (૧) **वमि**=वश्च म् चेति वम्, तस्मिन्निति।

(૨) **अविति**=व् इत् यस्य स इति वित्, न विदिति अवित्, तस्मिन्निति।

ઉદા. (૧) **सुन्वः/सुनुवः**=અમે બે સ્નાન કરીએ છીએ. (षुंग्ट् अभिषवे-१२८६)

सति ५.२.१९ વગેરેથી वस्→सु+**वस्**

स्वादेः श्नुः ३.४.७५થી श्नु→सु+**नु**+वस्

આ સૂત્રથી ઉનો વિકલ્પે લોપ→सुन्वस्/सु**नु**वस्

પદસંજ્ઞા વગેરે થતાં→सुन्वः/सुनुवः।

(૨) **सुन्मः/सुनुमः**=અમે સ્નાન કરીએ છીએ.

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. (૧) **अवितीति किम् ? सुनोमि**=હું સ્નાન કરું છું.
सति ૫.૨.૧૯ વગેરેથી મિવ્→સુ+**मि**
स्वादेः श्नुः ૩.૪.૭૫થી શ્નુ→સુ+**नु**+મિ
ऽश्नोः ૪.૧.૪થી ગુણ→**सुनो**મિ।

★ આ સૂત્રમાં વિત્ પ્રત્યયનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી ઉનો લોપ થયો નહીં.

(૨) **असंयोगादित्येव→तक्ष्णुवः**=અમે બે પતલું કરીએ છીએ.
(तक्षौ तनूकरणे-૫૭૧)
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ अक्ष्णुहि પ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં સંયોગથી પર ઉ હોય તેવી પ્રકૃતિનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી ઉનો લોપ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, પૂર્વસૂત્રથી પ્રત્યયાત્, ओः વગેરે રૂપે પંચમ્યન્ત પદોની જ અનુવૃત્તિ આવી રહી હતી. પરંતુ **अर्थवशाद्विभक्तिपरिणामः ૧/૧૩** ન્યાયાનુસારે આ સૂત્રમાં ષષ્ઠ્યન્તતયા ગ્રહણ કરવામાં આવ્યા છે.

(૨) અહીં પણ પૂર્વસૂત્રની જેમ જ असंयोगाद् પદ ઉકારનું વિશેષણ હોવાથી आप्नुवः, आप्नुमः વગેરે પ્રયોગોમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં.

कृगो यि च ४.२.८८

અ.અ.સૂ. : कृगः धातोः प्रत्ययस्य ओः यि च(वमि) अविति लुक्।

અર્થ : કૃ ધાતુથી પર રહેલાં પ્રત્યય સંબંધી ઉનો, ય્, વ્ અને મ્થી શરૂ થતાં અવિત્ પ્રત્યય પર છતાં લોપ થાય છે.

ઉદા. (૧) कुर्युः=તેઓ કરે. (डुकृंग् करणे-८८८)
विधिऽनिमन्त्रणा०५.४.२८ વગેરેથી યુસ્→कृ+**युस्**
कृग्-तनादे०३.४.८३થી उ પ્રત્યય→कृ+**उ**+युस्
नामिनो गुणो०४.३.१થી ગુણ→**कर्**+उ+युस्
अतः शित्युत् ४.२.८९થી અનો उ→**कुर्**+उ+युस्
પદસંજ્ઞા વગેરે→**कुर्युः**।

(૨) **कुर्वः**=અમે બે કરીએ છીએ.

(૩) **कुर्मः**=અમે કરીએ છીએ.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, સ્વાદિ સંબંધી कृंगट्-१२९३ ધાતુમાં ઉકારની વચ્ચે નનું વ્યવધાન આવતું હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ સંભવતી નથી. જેમકે, कृणुयात्।

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો करोमि પ્રયોગમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ કરી ઉકારનો લોપ ઈચ્છે છે. અર્થાત્ कुर्मि, એવો પ્રયોગ ઈચ્છે છે. પરંતુ એ પ્રયોગ વૈયાકરણ સંમત નથી.

अतः शित्युत् ४.२.८९

અ.અ.સૂ. : कृगः धातोः अतः अविति शिति उत्।

અર્થ : उ પ્રત્યયનિમિત્તક થયેલ कृ ધાતુનાં અકારનો અવિત્-શિત્ પ્રત્યય પર છતાં उ થાય છે.

ઉદા. कुरु=તું કર. (डुकृंग् करणे-८८८)
પ્રૈષાऽનુજ્ઞા०૫.૪.૨૯ વગેરેથી हि→कृ+**हि**
कृग्-तनादे०૩.૪.૮૩થી उ→कृ+**उ**+हि
नामिनो०૪.૩.૧થી ગુણ→**कर्**+उ+हि
આ સૂત્રથી અનો उ→**कु**रु+हि
असंयोगादोः०૪.૨.૮૬થી હિનો લોપ→कुरु।

પ્ર.ઉદા. अवितीत्येव→करोति=તે કરે છે.
तिव् વગેરે પૂર્વ પ્રમાણે થતાં→कृ+**उ**+**ति**
नामिनो०૪.૩.૧થી ગુણ→**कर्**+उ+ति
उ-श्नोः ૪.૩.૩થી उનો ગુણ→**करो**ति।

★ આ સૂત્રમાં वित् પ્રત્યયનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી અનો उ થયો નહીં.

વિશેષતા :

અહીં સૂત્રમાં उકાર નિમિત્તક અકારનો નિર્દેશ કર્યો છે. પણ उકાર પર છતાં નહીં. તેથી कुर्यात् વગેરે પ્રયોગમાં उકારનો લોપ થયે છતે પણ આ સૂત્રની પ્રવૃત્તિ થઈ છે. તથા अट् આગમનાં અનો उ થશે નહીં. જેમકે, अकुरुत।

જિ. : અહીં कुरुतः વગેરે પ્રયોગમાં तस् વગેરે પ્રત્યય कित्-ङित् સિવાયનાં છે. તો આ સૂત્રથી અકારનો उ કર્યા બાદ નામિનો

गुणो०४.३.१थी गुणनी पण प्राप्ति छे. तो गुण शा माटे नथी कर्यो ?

समा. : आ सूत्रमां अकारनो उ आदेश कर्यो छे. એ विधान सामर्थ्यथी ज त्यां गुणनी प्रवृत्ति थशे नहीं. अन्यथा जो ग्रंथकारश्रीने ओकार રૂપ गुण ईष्ट ज होत तो आ सूत्रमां ओकारनो ज कार्यतया निर्देश कर्यो होत.

श्नाऽ-स्त्योर्लुक् ४.२.९०

अ.अ.सू. : श्ना-ऽस्त्योः अतः अविति शिति लुक्।

अर्थ : श्ना प्रत्यय अने अस् धातुनां अनो अवित् शित् प्रत्यय પર છતां लोप थाय छे.

स. : श्ना-ऽस्त्योः=श्नश्च अस्तिश्चेति श्नाऽस्ती, तयोरिति।

उदा. (१) रुन्धः=तेओ બे रोके छे. (रुधृंपी आवरणे-१४७३)
